કુમાર



સવારી (પૃષ્ઠ ૩૬૮) કાન્તિ રાણા

અંક ૪૩૯

વર્ષ સાડત્રીસમું · અંક સાતમો · માહે જુલાઈ · ઈ. ૧૯૬૦

સંસ્થાપક રવિશંકર રાવળ · તંત્રી બચુભાઈ રાવત

કુમાર

જુલાઈ ૧૯૬૦ • અંક • ૪૩૯

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન, સંસ્કાર અને ચારિત્ર્યઘડતર પ્રબોધતું માસિક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત

મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે.....

કોઈ પોષ્ટિક ખોરાકથી બાળકોનાં શરીરમાં નોંધપાત્ર ફેરફાર દેખાય તેવી જ રીતે યુવકોના સંસ્કાર, રીતભાત, આગળ વધવાનો થનગનાટ વિગેરે જોઈ મેં અટકળ કરી તેઓને પૂછેલું કે તમો 'કુમાર' વાંચો છો? અને ૯૯ ટકા હકારમાં જ જવાબ મળેલો છે. આ કારણે જ મારી ઑફિસના માણસોને આળસુ બેસવું નહિ ને હલકું વાચન કદી વાંચવું નહિ તેવી સૂચના મેં કરેલી, ને ઑફિસમાં પણ 'કુમાર'ની નકલ મંગાવતો. વળી ઑફિસ-ટાઈમમાં પણ કોઈ 'કુમાર', વાંચતું હોય તો તે કામ કરે છે તેમ ગણી તેને પ્રોત્સાહન આપ્યું છે. તેનું નોંધપાત્ર પરિણામ મારા સ્ટાફના માણસોમાં જોઈ શક્યો છું. મને પોતાને પણ 'કુમાર'થી સીધા-આડકતરા ઘણા લાભ થયા છે, જેમાંનો હમણાં જ મળેલો લાભ લખું:

મને લાંબા સમયથી ડીસેન્ટ્રી હતો, મેં સેંકડો રૂપિયાનો ખર્ચ કર્યો. અનેક ડૉક્ટરોને (મુંબાઇ, કલકત્તા, અમદાવાદ) તબિયત બતાવી, યુરોપ, અમેરિકાના મારા મિત્રોને લખી ત્યાંના ડૉક્ટરો પાસેથી સલાહસૂચના મંગાવવા પ્રયત્ન કર્યા, પણ મારું દર્દ તો દવા લઉં તેટલો વખત સારું, બાકી એમ ને એમ. દરમિયાન વિચાર આવ્યો કે 'કુમાર'માં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી જે શરીર-વિજ્ઞાન પર લખે છે તેમને લખવું. લખ્યું અને ફી પૂછાવી. તેમણે જવાબ લખ્યો ફી નહિ લઉં પણ વિગત લખો. મેં વિગત લખી અને તેમણે 'પ્રિસ્ક્રિપ્શન' ને ખોરાક શો લેવો તે લખ્યું. પરિણામે ચીવટાઈથી તે મુજબ વર્તતાં, તદ્દન બીનખર્ચાળ રીતે તબિયતને જે લાભ થયો છે તે ઉપર કહ્યા મુજબ સેંકડો રૂપિયા ખર્ચતાં જણાયો ન હતો. ડૉ. શિવપ્રસાદે બતાવેલી પરહેજીની વસ્તુઓમાંની એક કોઇએ બતાવી નહિ, પણ માત્ર એક જર્મન ડૉ. ગોટમેને ડૉ. શિવપ્રસાદની જેમ જ તે સૂચવેલી તે નોંધપાત્ર છે.

(અમદાવાદ) —અ. મ. વકીલ

મને ડાબા પગે બે વર્ષથી એડીનો દુખાવો છે. સવારે યા થોડા આરામ પછી ચાલવાથી એડી દુખે; કાંકરા આવે તો એડીએ કળતર થાય. જાતજાતના માલિશ–શેક કર્યા પછી કોઇ ફેરફાર નથી. કોઈ અનુભવી આનો ઉપચાર બતાવશે તો આભાર થશે.

(અમદાવાદ) —ચંપકલાલ બાદરશાહ

જૂન અંકમાં 'કાવ્યો કેમ વાંચવાં?' એ લેખમાં કાવ્ય કેમ સમજવાં, કેમ વાંચવાં વગેરે જણાવ્યું છે. પણ કેટલીકવાર કવિઓ પોતાની આગવી શૈલીમાં એવું લખે છે કે સામાન્ય વાચકને તો શબ્દોની હાડમારી જ ભોગવવી પડે છે. વાચક જ્યારે કાવ્યનો મર્મ પકડી શકતો નથી ત્યારે આગળ શું કહ્યું છે એ જાણવાની ઉત્સુકતાથી જ કાવ્ય ઝડપથી વાંચે છે. એકની એક પંક્તિ બેત્રણ વાર વાંચે છે, છતાં કંઈ પણ સમજમાં આવતું નથી.

કાકાસાહેબ કાલેલકર પણ ('જીવનનો આનંદ'માં) કહ્યું છે, "આજના લોકો સાદામાં સાદી વસ્તુ પણ ભારેખમ ગૌરવાન્વિત ભાષામાં મૂકે છે, જ્યારે જૂના લોકો ભારેમાં ભારે સિદ્ધાંત દર્શન પણ સાદામાં સાદા ઘરગથ્થુ શબ્દોમાં મૂકતા હતા. એટલે જ કવિએ કહ્યું 'काव्यं व्यवहारविदे।' એણે કહેવું જોઈતું હતું, 'काव्यं लोकव्यवहार–उद्दीपनार्थम्।' વ્યવહાર એટલે વ્યવહારનું રહસ્યદર્શન, ને એ દર્શનનું દૈવીકરણ, એટલું આપણે ઉમેરવું જોઇએ."

(માણેકપુર) —બળદેવ ચૌધરી

અમદાવાદ સ્ટેશનના બે મિનારા જે ઈંટોના છે તે પૈકી એક (સરસપુર પૂલ તરફના) મિનારામાં પૂલ ઉપરથી જતાં પૂલની સમાંતરે ગોખમાં કાલભૈરવનું ચૂનાનું કોતરકામ છે. સંભવ છે કે એના બાંધનારા હિન્દુ સ્થપતિઓ હશે. આ સંબંધી તમે તપાસ કરાવરાવજો.

ધંધુકા તાલુકાના કોટડા ગામે માથા વિનાનો પૂરા કદનો નંદી ગામની ભાગોળે પડેલો છે. જો નંદી આટલો મોટો હોય તો મંદિર તથા લિંગ કેટલાં મોટાં હશે તેનો આપણને ખયાલ આવી શકે. આ બાબત સંશોધન માગી લે છે.

(નાંદોલ તા. દહેગામ)—છોટાલાલ ભાવસાર

'કુમાર'ના છેલ્લા અંકમાં 'વિચારવિશેષ'માં શ્રી યશવંત દોશીનો નવા સ્થપાએલા ગુજરાત રાજ્યે ચાલુ કરેલી દેવનાગરી લિપિ અંગેનો વિચાર વાંચ્યો. તેમણે દર્શાવેલ વિચાર બહુ જ યોગ્ય છે. તમે આ અંગે ત્યાંનાં સામયિકો અને દૈનિકો વાચકોના મત આમંત્રે એવું કંઇ કરી શકો તો એ બહુ મોટી સેવા થશે. 'અમે સૌથી મોખરે છીએ' એવું બતાવવાના ઉત્સાહમાં કેટલીક વાર અજાણતાં જ મોટી કુસેવા થઈ જતી હોય છે. ગુજરાતની સરકારથી પણ આમ થયું હશે એમ માનવાને સબળ કારણ છે; અને તો તેને જાગ્રત કરવા લોકમત રજૂ કરવાનો પત્રકારિત્વ અને મહાજનોનો ધર્મ છે.

તમે તે સાથે મૂકેલો લિપિ દર્શક નકશો હકીકતને નક્કર રૂપે રજૂ કરે છે. ગુજરાતી લિપિની આટલી સચોટ રજૂઆત માટે 'કુમાર'ને અને તમને અભિનંદન.

(કલકત્તા) —રમણિક મેઘાણી

મેના 'કુમાર'માં સ્વ. શ્રી પન્નાલાલ ઘોષના લેખમાં આવી રીતે છે: 'આલાપ, ખયાલ, ઠુમરી, ખટકા, મુરકી, મીંડ, ઝાલા વ. રાગો ઉતારી તેમણે સિદ્ધ કરી બતાવ્યું...' આમાં કંઇક ભૂલ હોય તેવું લાગે છે. ખટકા, મુરકી, મીંડ ને ઝાલા આ બધા ગાયનમાં વિવિધતા અને રંજન માટે થતા વિશિષ્ટ સ્વરપ્રયોગો છે. ખયાલ ને ઠુમરી એ ગાયકીના પ્રકારો છે. ને આલાપ એ રાગ—ગાયનમાં થતો રાગોનો તાલબદ્ધ સ્વરવિસ્તાર છે. લેખમાંના તે લખાણનો એવો અર્થ નીકળે છે કે તે બધા રાગો છે. પણ હકીકતે એ કોઈ રાગો નથી.

(ધોરાજી) —વિઠ્ઠલદાસ મકવાણા

માર્ચ અંકમાં 'ડૉ. હાફકીન ૧૮૬૬ની ૭મી ઑક્ટોબરે મુંબઈ આવ્યા' લખ્યું છે, તે સાચું નથી. '૧૮૬૬'ને બદલે '૧૮૯૬' જોઇએ.

(મહેમદપુર) —બુધમલ કે. રાહેચા

(અનુસંધાન પૃષ્ઠ ૨૭૧મે)

I will be sending you money for my subscription for 'Kumar' shortly. May I say that I have found 'Kumar' to outclass almost all (if not all) magazines in India-both vernacular languages *and English* magazines;–and to read 'Kumar' is an education in itself. It is world class. Not only the high standard of articles and features (which are highly educative, informative and of a wide variety), the photographs and the art-sections stand forth among the very best and invite the attention of people who might not understand a word of Gujarati. The art section is magnificent.

(Madras-20) —*Meera Naik*


નટરાજ શિવ આ અંકની કલાવાર્તામાં જે અમેરિકા પ્રદર્શન વિષેની નોંધ આપી છે તેમાં રજૂ થએલી એક કૃતિ.





'માનવી માત્ર રોટી વડે જ જીવી શકે નહિ' એ વિષયના પ્રદર્શનનું સંજ્ઞાચિત્ર.

અમેરિકાના નેલ્સન કલાસંગ્રહમાં આવેલી નટરાજની આ મૂર્તિ જેવી અનેક દેશોની વિવિધ કલાકૃતિઓનો આસ્વાદ લેવા ઘણા અમેરિકન નાગરિકો જિજ્ઞાસાપૂર્વક મ્યૂઝિયમોમાં જાય છે. સમૃદ્ધિ પામેલા એ દેશના વતનીઓને હવે લાગે છે કે માત્ર ભૌતિક સુખ એ જ ખરું સુખ નથી. માણસનો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસ પણ સાથેસાથે થવો જોઈએ. આ સત્ય આપણ ભારતવાસીઓ માટે કંઈ નવું નથી, પણ હમણાં આપણે તેને અવગણતા થઈ ગયા છીએ. ઉપર્યુક્ત પ્રદર્શનમાં દર્શાવ્યા અનુસાર ત્યાંનો નાગરિક પોતાને મળતા વખતનો અંગત વિકાસ માટે ઉપયોગ કરે છે તેમ આપણે ત્યાં પણ થઈ શકે. અહીં હજી યે મબલખ કલાવારસો જળવાઈ રહ્યો છે, વણખેડાએલાં અનેક વિશાળ ક્ષેત્રો છે, દૃષ્ટિ કેળવતાં અને માર્ગદર્શન આપતાં અહીં પણ અનેક સાધનો મળી રહે તેમ છે. જોઈએ છે માત્ર તેમાં રત થઈ જવાની લગન અને વખતનો સદુપયોગ કરવાની વૃત્તિ.



મોર · બહુરંગી ઇચિંગ · કલાકાર : દશરથ પટેલ

ઇચિંગ એટલે કલાકારે ધાતુના પતરા પર સ્વહસ્તે આલેખન કોતરીને તેના પરથી ઉતારેલી છાપ. એવાં ઘણાં એકરંગી ઇચિંગો(તથા તેના સમકક્ષ ઍક્વાટિન્ટ, ડ્રાઇપૉઇન્ટ આદિ)થી તો 'કુમાર'ના વાચકો સારી પેઠે પરિચિત છે, પરંતુ જલરંગી કે તૈલરંગી ચિત્ર પેઠે પૂર્ણરંગી ઇચિંગ સર્જવાનો કસબ આપણે ત્યાં વિરલ છે. યુવાન કલાકર ભાઈ દશરથ પટેલે પોતાના પારીસમાંના અભ્યાસકાળ દરમ્યાન ત્યાંના એ કસબના નિષ્ણાત કલાકાર પાસેથી હસ્તગત કરેલી એ કલાનો, એ પ્રકારનો પહેલો નમૂનો આ ઉપર પ્રકટ કરવાનો 'કુમાર'ને આનંદ છે.

આવતી કાલનાં નાગરિકોના ઘડતરનું માસિક **કુમાર**
વર્ષ ૩૭ · અંક ૭ · જુલાઈ '૬૦ · સળંગ અંક ૪૩૯

જાગ, જાગ

· લાવણીની ચાલ ·

ઘોર તવ નિદ્રા દારુણ ઘોર...
જાગ, જાગ રે માલિક, ભવને કોણ ભરાયું ચોર?
ઉત્તરની તવ બારી ઉઘાડી સાવ પડી નોધાર,
અંધકારમાં
ચાંપી ચાંપીને ચરણ ધરે કોઇ, હવા મહીં સંચાર,
એમને અંગ ન હિમનો ઠાર;
સોળ સૂરજની હેઠળ તારો દેહ ઠૂંઠિયો,
ભૂર ભમર પર ભાર,
ઘોર તવ નિદ્રા દારુણ ઘોર!
જાગ, જાગ અય કુંભકર્ણ, જો કોણ ભરાયું ચોર?
સમીરને સુસવાટ થલેથલ વહંત અંબરવાણી:
"જાગરુક જે અહોરાત્ર. જે સજ્જ,
એહની કને ન ઢૂંકે હણ કોઇ, રે હાનિ"
આ શબ્દ પડે તવ શ્રવણમાંહિ?
કે સ્વપ્ન તણા કોલાહલમાં એ ક્યાં ય જતા અટવાઇ?
કરણ મહીં અતિભોગ તણી નહિ ક્લાન્તિ?
છલનામય અધકાર થકી ઉદ્‌ભૂત વા ભયની ભ્રાન્તિ?
જો કોણ ધરીને દર્પ
તાહરી ભુવનમનોહર સદનસુંદરી તણા કપોલે
કરે કામના-સ્પર્શ?
રે જાગ બંધવા!
પ્રાણ તણી તાકાતભર્યો હુંકાર હશે
ત્યાં કો ન કરે નાદાની,
જાગરુક જે અહોરાત્ર. જે સજ્જ,
એહની કને ન ઢૂંકે હણ કોઇ, રે હાનિ.
જો તુહિન ઉપર પ્રગટાવી એણે અગન તણી હૂંફ, દીપ્તિ:
તસ્કરનું મન લોભી, લૂંટની લેશ ન એને તૃપ્તિ.
તવ પૌરુષને પ્રતિકાર વીજથી વીંધ રાત આ કાળી,
એક પ્રહાર થકી ખલ, કામુક, કુટિલ સર્વ દે ઢાળી;
જાગ! પાલવે હવે ન પલની ખોટી,
સાગરનાં જલ ડ્હોળનાર ઝંઝાને બલ
તું ખૂંદ હિમાચલ-ચોટી.
જાગરુક હો સજ્જ! તાહરું અડગ રહે સિંહાસન,
તારી ભૂમિમાં આણ તારી, તવ અમલ, સનાતન શાસન.

રાજેન્દ્ર શાહ

સંચરતો રહ્યો

· ગઝલ ·

શાયરીની શોધમાં ફરતો રહ્યો.
હું હવાને બાચકા ભરતો રહ્યો.
જિંદગીની અંજુમનના ચાર દિન,
ક્યાંક હસતો, ક્યાંક કરગરતો રહ્યો.
કો'ક દી તો આપનાં દર્શન થશે,
એ જ આશે સ્વપ્ન સંઘરતો રહ્યો.
પ્રીત ધરતીની ગગનમાં ક્યાં મળે?
કે સિતારો આભથી ખરતો રહ્યો.
આયખાની આખરી મંઝિલ તરફ,
હરઘડી, હરશ્વાસ સંચરતો રહ્યો.

બટુકરાય પંડ્યા

જીવવું

· વસંત ·

આંહીં શું પ્રાપ્ત કરવા અથડાઇ જીવવું?—
આશા?—કદી ન ફળતી રૂપવંત વંધ્યા.
ઝંડેર શાં કબરનાં ઢગમંધ સ્વપ્નાં!
ના સિદ્ધિ જેવું કંઈ જ્યાં સુખનો હિરેફ
કોરી વિછિન્ન કરતો ઉર પદ્મ જેવું!
સત્તા?—ન જાત પર તો કરવી શું એને?
કીર્તિ: લકીર બદનામીની વાદળીની.
બાકી શું, સ્નેહ?—શયતાન સમર્થ ક્રૂર
જેણે પરાધીન કરીકરીને વગોવ્યો.
આંહીં કશુ ય નહિ પ્રાપ્ત... છતાં ય જીવવું?
છે બેવફા પ્રિયતમા સમી છદ્મવેશી
આ જિન્દગી, તદપિ એની પરે હું મોહ્યો!
જીવ્યું કઢંગું વસમું ઘણું, તો ય જીવવું!
—અસ્તિત્વનો પ્રબળ મેં લલકાર સુણ્યો!

હેમન્ત દેસાઈ

એકધારી વર્ષા

· વસંત ·

વર્ષ્યા કરે અલસ આભલું એકધારું
ખુલ્લા રહ્યા નળ શું નીરસ ગ્લાનિપ્રેરક,
એ મેઘના પ્રથમ દર્શન કેરું કૌતુક
ધોવાઇ હેલી મહીં ક્યાં ય ગએલ મારું.
એ છંટકાવ હજી સાંભરતો પહેલો
જે તપ્ત ભૂ તરસી પી ગઇ બિંદુબિંદુ,
આ તો ધરા ખુદ ગળી જ ગએલ સિંધુ!
શોષાય એક પણ બુંદ ન—થાય રેલો!
ઉત્સર્ગ એ પ્રથમ ગંધ તણો ડુબાવી
વ્હેતી હવે કળણની બદબૂ; ભીંજેલી
છત્રી સમાન મનપંખીની પાંખ સ્હેલી
ખૂલે ન. ખૂબ મથતી તવ યાદ આવી;
તારા સ્મૃતિપવન દ્વાર ન દે જ ભીડવા,
ભીડું, રહે અધખૂલાં ફૂલી, લાગી ગૈ હવા.

'ઉશનસ'

પરિતોષ

· ગાન ·

સોહ્ય ના આવો રોષ
ન્હોય એનો શેં ધરિયે ધોખો, પામિયાનો પરિતોષ
હો વીરા! પામિયાનો પરિતોષ.

કશું ય નહીં વ્યરથ અહીં સહુનાં નોખાં મૂલ,
કેરના ઝીણા કાંટડા કાઢે બાવળિયાની શૂળ;
ચપટી અમથી ધૂળ મહીં યે કણના છૂપ્યા કોષ.
હો વીરા! કણના છૂપ્યા કોષ.

પંકમાં ઊગે પોયણાં ભલે, ભમરો ત્યાં યે જાય;
તઇં તો મધુ-ગંધની મોંઘી મિરાતને ઇ પાય!
નયણે એવો હોય જો નેડો ક્યાં ય ન દીસે દોષ!
હો વીરા! ક્યાં ય ન દીસે દોષ.

અમરતનાં યે કામણાં ભર્યાં વખની હારોહાર,
એક વેળા ઇ ઓળખી જેણે માંહ્યથી પીધ લગાર,
ઘોમ છો પછી ધખતા, એના કંઠને કેવો શોષ!?
હો વીરા! કંઠને કેવો શોષ!?
હો વીરા! પામિયાનો પરિતોષ.

પ્રદ્યુમ્ન તન્ના

સિક્ત હવાનો સ્પર્શ

સિક્ત હવાનો સ્પર્શ.
મધુમય ગુંજન,
અંતરમાં કો' હર્ષ.

વાદળ સાથે રાસ રમંતાં
સૂર્યકિરણ અભિરામ
યથા રાધિકાશ્યામ.

પૂર્વ દિશામાં રંગ:
વસન ઊડતું કો'ક ગોપીનું.
મ્હેકમ્હેક કશું થાય
ધરાનું અંગ!

ગંધ લઈ એ વ્હેતો આવે
સિક્ત હવાનો સ્પર્શ.
સંવેદન કો' અજબ જગાવે,
કો'ક અજાણી યાદ.
અતીતનું કો' સ્મરણ ઊંડાને
ગહ્‌વરમાંથી
આજ કરંતું સાદ.

હૃદયગુહામાં પછડાતો રવ,
જાગે કૈં આથાર.
નયનકોર પે અશ્રુરેખ અવ.
વિરહવેદના કો'ક અકળ,
નવ હર્ષ.
સિક્ત હવાનો સ્પર્શ.

'તુષાર'

કદી રિસાઇ જઉં છું તમારા વર્તનથી,
ને ક્રોધથી હું કદી આગ આગ થાઉં છું:
પરંતુ કેવો તમારી નજરમાં જાદુ છે,
પડે જ્યાં મારી ઉપર, બાગ બાગ થાઉં છું!

'મુકબિલ' કુરૈશી

ભારતીય સંસ્કૃતિની કેળવણીની પરંપરાના આ યુગના આચાર્ય



દક્ષિણામૂર્તિની સ્થાપના પછી આફ્રિકા ગયા ત્યારે

નાના હોવા છતાં મોટા દેખાવું એ સહેલું છે; પણ મોટા થવાનો સહેલો માર્ગ છોડીને નાના રહેવું, ને તેમાં જીવનની સાર્થકતા અનુભવવી એ ઘણું મુશ્કેલ છે. નાનાભાઈનું જીવન એ આવા એક 'નાના' મહાપુરુષનું જીવન છે. આથી તેમના જીવનમાં કોઈ ચમત્કારિક કે સનસનાટીવાળા બનાવો નથી; કોઈ આંજી નાખે તેવો પ્રકાશ નથી; કીર્તિનાં શિખરો પર આક્રમણ કરવા નીકળેલા કોઈ સાહસિકનું પરાક્રમ નથી; પણ જાહેરજીવનમાં આવતી કીર્તિ માટેની અનેક તકોને દૃઢતાથી, નમ્રતાથી ને પ્રસન્નતાપૂર્વક એક બાજુ હડાવીને નાના જ રહેવાની કળા તેમના જીવનમાં દેખાય છે.

આવા જીવનમાંથી પ્રેરણા લેવાની પણ કળા છે. બહારથી સામાન્ય જીવન જીવતા, પોતાની જાતને સામાન્ય મહેતાજી તરીકે જ ગણાવીને ગૌરવ અનુભવતા એવા નાનાભાઇને તેમના સાચા સ્વરૂપે ઓળખવા માટે પણ થોડીક યોગ્યતા કેળવવી પડે છે. આજના જમાનાની કોઈ ખરી માંગ હોય તો તે પોતાની જાતને સમાજના હિતમાં એકરસ કરીને શૂન્યવત્ બનાવી શકે તેવા યુવાનોની.

થોડાએક મહિના પહેલાં નાનાભાઈ લોકભારતી સંસ્થાના ફળિયામાં ખુરશી પર બેઠા હતા. ત્યાં ગુજરાતની કોઈ સંસ્થાના કેટલાક કાર્યકર્તાઓ સંસ્થા જોવા તથા તેમને મળવા આવેલા. તેઓએ સહજભાવે નાનાભાઇને પૂછ્યું, 'આપની ઓળખાણ આપશો?' નાનાભાઇએ એટલા જ સહજભાવે કહ્યું, 'હું અહીં ભણાવવાનું કામ કરું છું, જાતે બ્રાહ્મણ છું, અને મારા બાપા જે રીતે ભિક્ષા માગીને વૈદું કરતા, તેમ હું નથી કરી શકતો એટલો અધૂરો છું.' આ જવાબ સંસ્થા જોવા આવેલા પેલા મહેમાનોને કેવો લાગ્યો હશે, અથવા તે સમજાયો હશે કે કેમ, તેની ખબર નથી, પણ આ જવાબમાં નાનાભાઇના જીવનનું રહસ્ય પડેલું છે.

નાનાભાઇને આ વખતે રાષ્ટ્રપતિ તરફથી 'પદ્મશ્રી'નો ઇલકાબ મળ્યો. ઘણાઓને એ ખબર નહિ હોય કે આ અગાઉ પણ તેમને આવો ઇલકાબ આપવા માટે તેમની સંમતિ માગવામાં આવી હતી, અને તે કાળે તેમણે અત્યંત નમ્રતાપૂર્વક સરકારની આ શુભેચ્છા માટે આભાર માનીને આવા ઇલકાબ માટેની પોતાની અનિચ્છા જણાવી હતી. આ પછી ફરી વાર આ જ પ્રકારની સરકારની દરખાસ્ત આવી. આવા ઇલકાબનો સ્વીકાર કરવાની અનિચ્છા ત્યારે જેટલી સૂચક હતી તેટલી જ આ વખતની સંમતિ પણ સૂચક હતી. આ ઇલકાબ જાહેર થયો ત્યારે સંસ્થાના કાર્યકર-મંડળમાં તેમણે કહેલું કે 'વારંવાર આવી બાબતમાં ના પાડવી તે પણ એક પ્રકારનું સૂક્ષ્મ અભિમાન છે. આવો ઇલકાબ તે એ કામની ને સંસ્થાની થએલી કદરનું પ્રતીક છે; હું તો તેમાં સંસ્થાનો મોવડી હોઇને માત્ર નિમિત્ત છું.' આ શબ્દો માત્ર વિનયના નહોતા; પણ તેમાં પચાસ વરસની કેળવણીની સાધનાનો રણકાર હતો.

★

આજે જ્ઞાતિઓનું વિલીનીકરણ ઝડપથી થવા લાગ્યું છે, પણ આજથી પચાસેક વરસ પર જ્ઞાતિઓને પણ પોતપોતાનું વ્યક્તિત્વ હતું. પ્રશ્નોરા નાગર જ્ઞાતિ ગુજરાતની બહુ જ નાની જ્ઞાતિ હોવા છતાં તે જ્ઞાતિનું ખાસ વ્યક્તિત્વ હતું. વિદ્યા, ગરીબાઈ, કથાવાર્તા ને વૈદું એ જીવનવ્યવસાય; ઓછામાં ઓછી જરૂરિયાતમાં સંતોષપૂર્વક જીવન જીવવાની કળા; ઊંડા અવલોકનમાંથી કેળવાએલો વિશિષ્ટ પ્રકારનો વિનોદ; આ બધું તે જ્ઞાતિમાં ઠીકઠીક પ્રમાણમાં જોવામાં આવતું.

નાનાભાઇનો જન્મ આ જ્ઞાતિમાં પણ સામાન્યરીતે ગરીબ ગણી શકાય તેવા કુટુંબમાં થયો હતો. તેમના કુટુંબના એક વડવા ત્રિકમબાપા વૈદ તરીકે લોકોમાં તથા રાજદરબારમાં સારી પ્રતિષ્ઠા પામેલા. એક પોતડી ને અંગરખું પહેરીને ત્રિકમબાપા દરબારગઢમાં જાય ત્યારે દરબાર સુદ્ધાં પોતાનો હોકો સંતાડવા માંડે. દરબારે તેમને જ્યારે તેમના ગરાસમાંથી જમીન આપવા માંડી ત્યારે તેમણે કહ્યું, 'દરબાર, તમારે મારાં છોકરાંઓને બ્રાહ્મણ રહેવા દેવાં નથી?' એક જૈન મુનિને માંદગીમાંથી સાજા કર્યા એટલે તે મુનિના ધનાઢ્ય ભક્તોએ ત્રિકમબાપાને સોનાનાં બે કડાં હાથમાં પહેરાવ્યાં. ત્રિકમબાપા એ કડાં લઇને ઘેર જવાને બદલે સીધા નીલકંઠ મહાદેવ ગયા, ને તે કડાં મહાદેવના લિંગ પર મૂકીને પગે લાગીને ચાલ્યા આવ્યા.

તેમના બીજા વડવા છોટાભાઈ પણ ત્યાગ અને વૈદ્યવિદ્યા માટે એટલા જ પ્રસિદ્ધ હતા. ગરીબમાં ગરીબ માણસ પણ તેમને આંગણે આવીને સારવાર મેળવી શકતો. આ છોટાભાઈ એક વાર ભાગવત સપ્તાહની પારાયણમાં બેઠેલા. આ પારાયણમાં ભાવનગરના દીવાન શ્રી ગગા ઓઝાએ એક રેશમી (તે વખતે ભારે કીમતી ગણાય તેવું) ધોતિયું તેમને આપ્યું. આ ધોતિયું જે વેપારીને ત્યાંથી ગગા ઓઝાએ ખરીદેલું, તે દુકાને જઈ છોટાભાઈ તે ધોતિયું વેપારીને આપીને તેની કીમતના રૂપિયા ૨૫ રોકડા લઈ ઘેર આવ્યા. ઘેર આવીને રાત્રે સૂતા પછી મોડી રાતે પત્નીને જગાડીને કહે, 'મારો દેહ છ માસમાં પડી જશે. આજે મને કુબુદ્ધિ સૂઝી કે મને ભેટ આપેલું ધોતિયું વેચીને રોકડા રૂપિયા લેવાનું સૂઝ્યું.' સાચે જ છ મહિને તેમનો દેહ પડયો.

આ સંસ્કારોનું ધાવણ નથુ ભટ્ટને (નાનાભાઇનું હુલામણું નામ) નાનપણમાં મળ્યું. અલબત્ત, એનો અર્થ એમ નથી કે કુટુંબ આખામાં આ ત્યાગજીવનનું વાતાવરણ વ્યાપેલું હતું. એ કુટુંબમાં પણ સંકુચિતતા, વારસાની વહેંચણીના ઝગડા અને સંયુક્ત કુટુંબના કલેશો હતાં; પણ પેલા ત્રિકમબાપા તથા છોટાભાઈના સંસ્કારોનાં બીજ સુપ્તપણે પણ એ કુટુંબમાં પડયાં હતાં.


નાનાભાઈનું બાળપણ કોઈ ખાસ બનાવોવાળું નથી. તદ્દન સામાન્ય બાળક જેવું જ તેમનું જીવન હતું: તોફાન, નાનીમોટી ચોરીઓ, ભણવાની બેદરકારી વગેરે જે મધ્યમવર્ગના કુટુંબનાં બાળકોમાં જોવા મળે છે તે તેમનામાં પણ હતું. પણ કુટુંબના પૂર્વજોના પ્રસંગો ઘરડાંઓ પાસેથી સાંભળતાં તેમને ખબર ન પડે તેવી રીતે જીવનના હેતુ વિષેની કાંઇક ને કાંઇક જિજ્ઞાસા તેમનામાં કેળવાતી ગઈ.

યુવાવસ્થામાં પ્રવેશ કરતાં કોઈ પણ યુવાનના દિલમાં જેવી

પદ્મશ્રી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ

લેખક

મૂળશંકર મોહનલાલ ભટ્ટ



નાનાભાઈ

જેઓ આવતી કાર્તિક સુદ ૧ તા. ૨૧ ઑક્ટોબર ૧૯૬૦ના રોજ

૮૦મા વર્ષમાં પ્રવેશશે

મહત્ત્વાકાંક્ષાઓ જાગે છે તેવી તેમને પણ જાગી. પણ ગરીબ કુટુંબમાં ઉછરેલા યુવાનના દિલની મહત્ત્વાકાંક્ષાઓને જો યોગ્ય દોરવણી ન મળે તો કાં તે કેવળ શેખચલ્લી મનોવૃત્તિમાં પરિણમે ને કાં કોઇ વિકૃત માર્ગે વળે. નાનાભાઈ એ બન્નેમાંથી ઊગરી ગયા. હાઇસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યા પછી વધુ અભ્યાસ માટેની તેમની આર્થિક સ્થિતિ ન હતી. પિતાએ તેમના મોટા ભાઇને માંડમાંડ વધુ ભણાવવાની ત્રેવડ કરી હતી. હવે બીજા છોકરા માટે સગવડ કરવાનું તેમનું ગજું ન હતું. વળી પંદર વરસની ઉંમરે નથુ ભટ્ટનું લગ્ન પણ થઈ ગયું હતું. આગળ અભ્યાસ ન થઇ શકે તે માટેનાં પૂરતાં આવરણો ઊભા હતાં. પણ તેમાંથી તેમણે પોતાના નિશ્ચયબળથી માર્ગ કાઢ્યો. મૅટ્રિકમાં ઊંચે નંબરે પસાર થનારને આગળ અભ્યાસ માટે રાજ્ય તરફથી એક શિષ્યવૃત્તિ મળતી તે મેળવવા તેમણે અભ્યાસ પાછળ પોતાની સર્વ શક્તિ ખરચવા માંડી; અને મૅટ્રિકમાં સારે નંબરે પાસ થઈ તે શિષ્યવૃત્તિ મેળવી.


કૉલેજના અભ્યાસકાળે તેમના જીવનને નવું વલણ આપવામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો. મુંબાઇની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રિ. મૅકમિલન ને પ્રો. વર્ડ્સવર્થ (કવિના પૌત્ર) જેવા અધ્યાપકો પાસે તેમને શીખવાનું મળ્યું હતું. ભાવનગરના પ્રો. સંજાણા અને પ્રો. કણિયા જેવા યોગશાસ્ત્ર વિશારદોએ પણ નાનાભાઈના જીવન પર ઘણી મોટી અસર કરી હતી પરંતુ આ બધામાં તેમનાં પત્નીનો ફાળો પણ નાનોસૂનો ન હતો. મૅટ્રિકના અભ્યાસ દરમિયાન થોડાક રંગીલંગી મિત્રોના સંગનો રંગ નાનાભાઈને લાગવા માંડ્યો હતો, તે આ નવવધૂએ માત્ર પોતાના નિર્મળ પ્રેમથી ને પવિત્રતાથી ઉડાડી મૂક્યો.

તેમના કૉલેજના અભ્યાસકાળની વાત કરીએ તે પહેલાં એ કાળે દેશમાં જે નવા પ્રવાહો વહેવા લાગેલા તે વિષે પણ થોડુંક જોવું જોઇએ. એક બાજુથી હિન્દના યુવાનોની સ્વાતંત્ર્યની આકાંક્ષા આકાર લેતી હતી. હિન્દી રાષ્ટ્રીય કૉંગ્રેસનો પાયો નંખાઈ ગયો હતો. લોકમાન્ય તિલક લોકોનાં હૃદયમાં સ્વરાજની ઝંખના જાગૃત કરી રહ્યા હતા. દક્ષિણ આફ્રિકામા પેલો ગાંધી જગત માટે નવા સંદેશાની ભૂમિકા તૈયાર કરી રહ્યો હતો. બીજી બાજુ પશ્ચિમની સંસ્કૃતિનાં ધોધમાર પૂર હિન્દ પર ફરી વળશે કે શું એમ લાગતું હતું. રાષ્ટ્રીયતાની ભાવના, ધર્મ, વિચાર, સામાજિક પ્રવાહો, કેળવણી–ટૂંકમા આપણા રાષ્ટ્રીય જીવનના ધબકારમાં આ પશ્ચિમની સંસ્કૃતિનાં તમામ તત્ત્વોનો શ્વાસોછ્વાસ સંભળાતો હતો.

તેવે કાળે રામકૃષ્ણ, વિવેકાનંદ, સ્વામી દયાનંદ, ડૉ. ભાંડારકર, દેવેન્દ્રનાથ ટાગોર વગેરેએ ભારતીય જીવનમાં સુપ્તપણે પડેલા પ્રાણને ફરી ઢંઢોળીને જાગૃત કરવા માંડ્યો. તેમાં પણ જૂનું તેટલું જ સારું એવા આત્યંતિક આગ્રહથી માંડીને જૂના-નવા વચ્ચે સમાધાનના પ્રયત્નો, તથા જૂના ધર્મનો છેદ ઉડાડી દઇને માત્ર માનવતા એક ધર્મ એવું પ્રતિપાદન કરવાનો પ્રયત્ન, એવા અનેક પ્રકારના સંઘર્ષો અને મંથનો તે કાળે ચાલી રહ્યાં હતાં. નવી કેળવણીના સ્વાદ ચાખનાર અને વિચારક કોઈ પણ યુવાનને માટે આ કાળ પડકારરૂપ હતો.

એ વખતે ગુજરાત-સૌરાષ્ટ્રમાં પણ વડોદરાના શ્રીમન્ નૃસિંહાચાર્યના શ્રેયઃસાધક અધિકારી મંડળનું ને બીલખાના શ્રીમન્નથુરામ શર્માનું બ્રાહ્મણધર્મના પુનરુદ્ધારનું વાતાવરણ ફેલાએલું હતું; અને ત્યારે કોટ-પાટલૂનમાં સજ્જ રહેનારા અનેક સરકારી નોકરોના કપાળ પર ત્રિપુંડની રેખાઓ આંકેલી જોવામાં આવતી હતી. બીલખાનો આનંદાશ્રમ તે કાળે વેદવેદાન્તના અધ્યયનનું કેન્દ્ર હતો. એક સામાન્ય પંતુજીમાંથી યોગસાધના તરફ વળેલા શ્રીમન્નથુરામ શર્મા યોગસિદ્ધ મહાત્મા તરીકે અનેક યુવાનોને આકર્ષી રહ્યા હતા.

નાનાભાઇએ પોતાના કૉલેજ જીવન દરમિયાન જાણ્યે-અજાણ્યે પણ આ વાતાવરણમાં મંથન-દશા અનુભવી હોય તે સ્વાભાવિક છે. પણ આર્થિક સંકડામણની વચ્ચે અભ્યાસ કરવાની પરિસ્થિતિ ઊભી થએલી હોવાથી તેમની ઠીકઠીક શક્તિ એમાં જ રોકાઇ રહેતી. છતાં ગરીબાઈમાં આત્મગૌરવની હાનિ ન થવા દેવી એ સંસ્કાર તેમને વારસામાં મળ્યો હતો. એક પહેરણ ને ધોતિયાથી મહિનાઓ સુધી ચલાવવું પડે તેવી પરિસ્થિતિ હતી, તેથી જ રાત્રે એ પહેરણ ધોઈને સૂકવી નાખતા ને સવારે બરાબર સ્વચ્છ કપડાં પહેરીને જ કૉલેજમાં જતા. શેક્સપીઅરનાં નાટકો પર તેઓ મુગ્ધ હતા. તે નાટકો ભજવનાર પરદેશી મંડળીએ ત્રણ નાટકો મુંબઈમાં ભજવ્યાં. તેની રૂા. ૩૦)ની રકમ ખર્ચીને તે નાટકો તેમણે જોયાં અને પછી ત્રણ મહિના સુધી એક ટંક ખાઇને એ ખોટ પૂરી કરી! કવિ મૂળશંકર મૂલાણીનાં રચેલાં નાટકો જોવાનું તેઓ ભાગ્યે જ છોડતા. એક વાર તેમના પ્રિન્સિપલના શૉખનું અનુકરણ કરીને રૂા. ૧૦નું આંધણ મૂકીને ટર્કિશ બાથ પણ



ફોટો
જગન મહેતા

લઈ આવેલા! એક વખત હાથ જરા વધારે ભીડમાં હતો ત્યારે તેમના કુટુમ્બના ઓળખીતા એક શેઠને ત્યાં જ પોતાનું જમવાનું ગોઠવેલું. આવી રીતે શેઠિયાઓને ત્યાં જમીને અભ્યાસ કરનાર બ્રાહ્મણના છોકરાઓ ત્યારે ઘણા હતા, ને તે કાળે તે બહુ જ સ્વાભાવિક ગણાતું.

એક વાર નાનાભાઇ એ શેઠને ત્યાં સવારે જમવા બેઠા હતા ત્યાં શેઠાણી આવી ચડયાં; ને નાનાભાઈના ભાણામાં શાક ઘણું પીરસાએલું તેથી તેમનાથી બોલ્યા વગર ન રહેવાયું: 'આટલું બધું શાક પીરસાય? શેઠ મોડા જમવા આવે છે ત્યારે તેમને માટે શાક રહેતું નથી.' તે દિવસથી તેમને ત્યાં જમ્યા ત્યાં સુધી નાનાભાઇએ માત્ર મીઠા પર રોટલી દાબીને ખાવાનું રાખ્યું. આ પછી ઘણા વખતે શેઠનાં છોકરાંને ભાવનગરમાં ભણાવવા માટે નાનાભાઇ ત્રણચાર મહિના ગએલા. તેના અંતે શેઠશેઠાણીએ તેમને રૂ. ૧૫૦ બક્ષિશ રૂપે આપવા માંડયા. નાનાભાઇએ તે રૂપિયા પાછા હીંડોળા પર મૂકીને કહ્યું 'મારા વસમા દિવસોમાં તમે મને મુંબાઈમાં આશરો આપ્યો તે હું કેમ ભૂલું? મારાથી આ પૈસા ન લેવાય!' શેઠશેઠાણી બંને જરાક છોભીલાં પડયાં. શેઠાણી બોલ્યાં, 'માસ્તર, અમે તમને તે વખતે ઓળખ્યા ન હતા. બોલ્યુંચાલ્યું માફ કરજો.' નાનાભાઇએ માત્ર આટલું જ કહ્યું: 'હું તે તમારો ઉપકાર યાદ રાખું કે તમારી ભૂલો?'

આ સમય દરમિયાન તેમણે રોમન ઇતિહાસ, એલિઝાબેથ યુગનું સાહિત્ય વગેરે વિષયોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. ગાત્ર એલિઝાબેથ યુગના જ તેમણે ૩૦૦ ગ્રંથો બી.એ.ના અભ્યાસકાળ દરમિયાન વાંચેલા અને સારાં પુસ્તકો મળ્યાં તેટલાં ખરીદવાનું પણ તે ન ચૂકયા.

પણ આ જ કાળ દરમિયાન એમના પિતાનું અને એમનાં પત્ની શિવલક્ષ્મીનું અવસાન, એ બે એમના જીવનના ભારે કારમા બનાવોએ એમને ઘણો આઘાત આપ્યો. ટેનિસનનું 'ઇન મેમોરિયમ' વાંચીવાંચીને તેમણે આ આઘાતોનું બળ મેળવ્યું. અને એ જ વખતે શ્રીમન્નથુરામ શર્માના પ્રભાવ નીચે તેઓ આવ્યા. એકવીસ વર્ષની ઉમરે ૧૯૦૩માં તેઓ ભાવનગર કૉલેજના ફેલો નિમાયા, બાવીસ વરસની વયે મહુવાની હાઇસ્કૂલમાં હેડમાસ્તર તરીકે તેમની નિમણૂક થઈ. પણ એક જ વર્ષ પછી તેઓ નવી નીકળેલી સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ કરવા એક વર્ષ માટે ગયા. તેમની પાસે તે વખતે પૈસા ન હતા, એટલે મરહૂમ પટ્ટણી સાહેબ પાસેથી રૂ. ૫૦૦) ઉછીના લઈને તેઓ મુંબાઈ ગએલા. પટ્ટણી સાહેબ સાથેનો નાનાભાઇનો આ સંબંધ એક વિશિષ્ટ ઘટના હતી. એ વિષે થોડું આગળ ઉપર જોઈશું.

આ તાલીમ લઈને આવ્યા પછી તેમણે સ્વ. પટ્ટણી સાહેબ પાસે ભાવનગરની તાલુકાશાળામાં શિક્ષક તરીકે રહેવાની માગણી કરી. આ અગાઉ મહુવાની હાઈસ્કૂલમાં તેમણે હેડમાસ્તરની પરંપરાથી સાવ વિરુદ્ધ રીતે પહેલા ધોરણના વર્ગો લેવાનું શરૂ કર્યું હતું. શિક્ષક તરીકેનો ઊંડો રસ તેમનામાં આ રીતે શરુઆતથી હતો એ આનાથી સ્પષ્ટ દેખાય છે. દુર્ભાગ્યે કે સદ્‌ભાગ્યે પ્રાથમિક શિક્ષણમાં માથું મારવાનો પ્રયત્ન કરનાર આ યુવાનને પ્રાથમિક શિક્ષકોએ પોતાના હક પર તરાપ મારનાર તરીકે જોયો! કેટલાક પ્રાથમિક શિક્ષકોએ આ બાબતમાં ઠીકઠીક કહાપોહ કર્યો. પ્રાથમિક શાળાના સીનિયર શિક્ષકો માટે તેમની મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિની ટોચરૂપ ગણાતી તાલુકાશાળાના હેડમાસ્તરની જગ્યા આવી રીતે એક જુવાન લઈ જાય તે કેમ ચાલે? વળી આ જુવાનને એવું તે શું ઘેલું લાગ્યું છે કે તેને માટે હજી ઘણી મોટી નોકરીઓનાં બારણાં ખુલ્લાં છે, ત્યારે આવી ધૂળ જેવી નોકરીમાં તે આવે છે, એ પણ ઘણાને નહોતું સમજાતું. એટલે મહુવાની હાઈસ્કૂલમાં હેડમાસ્તર તરીકે તેઓ પાછા ગયા. આ દરમિયાન એમ.એ. સુધીનો અભ્યાસ કરવાની મહત્ત્વાકાંક્ષા વધુ ને વધુ તીવ્ર થતી ગઈ. તેને માટે તેમણે નાણાં ઉછીનાં લીધાં અને એમ.એ.નો આખો અભ્યાસક્રમ પૂરો કર્યો. પિતાનું ને પત્નીનું અવસાન, કુટુંબના કલેશો, આર્થિક વિટંબણાઓ, આ બધા ની વચ્ચે તેમણે એમ.એ. માટે રોમન અને ગ્રીસ ઇતિહાસોનું ઊંડું અધ્યયન કર્યું. રોજના નિયમિત પાંચથી છ કલાક એકધારું વાચન તેઓ કરતા, મહાદેવની એક ઓરડીમાં રહેતા અને ઘેર માત્ર ખાવા માટે જ જતા. અને આમ, બે વર્ષનો અભ્યાસ એક વરસમાં કરીને તેઓ એમ.એ.માં ઉત્તીર્ણ થયા.

એમ.એ. થયા પછી માંડ ત્રણ મહિના તેમણે મહુવાની હાઇસ્કૂલમાં નોકરી કરી, ત્યાં તો તેમને ભાવનગરની શામળદાસ કૉલેજમાં ઉપાધ્યાપક તરીકેની નિમણૂક મળી.

અગાઉ કહ્યું તે પ્રમાણે તેઓ શ્રીમન્નથુરામ શર્માના પરિચયમાં આવ્યા હતા. જોતજોતાંમાં તેઓ એમના શિષ્યમંડળમાં અગ્રસ્થાને આવી ગયા. તેમની તીવ્ર જિજ્ઞાસા, વિદ્વત્તા ને બ્રાહ્મણ-સહજ નિર્લોભતાને લીધે બ્રાહ્મણ ધર્મ પ્રત્યેની આ નિષ્ઠા તેમને માટે ઉન્નતિના દ્વાર સમી બની ગઈ. મહારાજશ્રી પ્રત્યેની તેમની ભક્તિ પણ તેમની આ સાધનાના જ સાધ્ય રૂપ હતી. એ કાળે કેટલાયે યુવાનોને આ નવીન રૂપે પ્રગટ થતા બ્રાહ્મણ ધર્મમાં સમાધાન મળતું હતું. સંધ્યા, પૂજા, વૈશ્વદેવ, ગુરુપૂજા વગેરે આચારધર્મોને ઘણા યુવાનો જીવનને બીજે માર્ગે ઘસડી જતા પ્રવાહની સામે બચાવનાં સાધન જેવાં ગણતા હતા.

નાનાભાઈ કેવળ આ સમાધાનથી જ અટકી જાય તેમ ન હતું. જીવનનું સમગ્ર દર્શન કરવાની તેમની ઝંખના હતી. દરેકે દરેક આચાર કે વિચાર કે ક્રિયા સાથે મનુષ્યજીવનના અંતિમ લક્ષ્યની કડી જોડાય નહિ ત્યાં સુધી તેમને ચેન પડે તેમ નહોતું. આથી તેઓ એ ધાર્મિક ક્રિયાઓને તથા મહારાજશ્રીના ઉપદેશોને આ દૃષ્ટિએ નિરંતર મૂલવ્યા કરતા, અને એ રીતે એક બાજુએ જેમ જીવનના કેટલાએક પ્રશ્નોમાં સમાધાન મળતું હતું તેમ બીજા નવા પ્રશ્નો ઊભા પણ થતા હતા. 'મનુષ્ય આખરે મનુષ્ય જ છે. તેને ઈશ્વરને સ્થાને મૂકીને પૂજાય? આવી પૂજાને સ્વીકારનાર ને તેને યોગ્ય ગણનાર મહાપુરુષ ખરેખર 'મહા' ગણાય?' આવા પ્રશ્નો પણ તેમના મનમાં ઊભા થતા. બીજી



નિસર્ગની ગોદમાં વિકસેલી 'લોકભારતી' સંસ્થાનું દૃશ્ય

ફોટો: નરેન્દ્ર રાવળ

બાજુથી આચારશુદ્ધિ, નિયમિતતા, રોજ-બ-રોજના વ્યવહારમાં ધર્મના નિયમનોનું પાલન કરવાનો આગ્રહ, ઉપનિષદ્ બ્રહ્મસૂત્ર યોગદર્શન વગેરે શાસ્ત્રોનું પરિશીલન તથા સામાન્ય લોકો સમજી શકે તેવી ભાષામાં તેનું વિવરણ, સંસ્કૃત ભાષા પ્રત્યેનો પ્રેમ, આ બધાં તત્ત્વોએ નાનાભાઈના જીવન ઉપર ભારે મોટી અસર કરી હતી. યોગની પ્રક્રિયાઓ પણ તેમણે એક પછી એક સિદ્ધ કરવા માંડી હતી. યમ, નિયમ, આસન, પ્રાણાયામ વગેરે કોટિઓ વટાવતાં વટાવતાં કેટલીક ચમત્કારિક ગણાવી શકાય તેવી યોગસિદ્ધિઓ તેમણે પ્રાપ્ત કરી હતી. એ વાત કહેતાં આજે પણ નાનાભાઈને સંકોચ થાય છે, કારણ કે પોતાના જીવનના માર્ગમાં આવી સિદ્ધિઓ રુકાવટ કરનારી છે, બલ્કે પતન કરાવનારી છે એવું ભાન તેમને તે કાળે પણ થઈ ગયું હતું.

અંતે પોતાની સાધનાનું ક્ષેત્ર એક દિવસ તેમને ઓચિંતું જ મળી ગયું. મહારાજશ્રી અને તેમના અંતરંગ મંડળના કેટલાએક શિષ્યોને —જેમાં નાનાભાઈ પણ હતા—વિચાર આવ્યો કે બ્રાહ્મણ ધર્મના સંસ્કારોની તાલીમ હિન્દુ બાળકોને મળી શકે તે માટે એક સારી બોર્ડિંગ કાઢવી જોઈએ. આ વિચાર માટે શરૂઆતની નાણાંકીય મદદ આપવાનું વચન મહારાજશ્રીએ આપ્યું. નાનાભાઇએ આ બોર્ડિંગના ગૃહપતિ થવાની જવાબદારી ઉપાડી. સ્થળ ભાવનગર નક્કી થયું. નામ મહારાજશ્રીના ઇષ્ટદેવ શ્રીદક્ષિણામૂર્તિ પરથી દક્ષિણામૂર્તિભવન પાડયું.

ઈ. સ. ૧૯૧૦ના માગશર વદ બારશના બ્રાહ્મમુહૂર્તમાં ભાવનગર સ્ટેશન પાસેની એક જર્જરિત હાલતમાં ઊભેલી ધર્મશાળાની એક અંધારી કોટડીમાં નાનાભાઇ તથા ભાવનગરના સ્ટેશન માસ્તર સ્વ. હરગોવિંદ પંડયાએ પોતાના ગુરુદેવનાં તથા પોતાના ઇષ્ટદેવનાં ચરણોમાં માથું ઢાળીને આ નવી સંસ્થાને ચાલુ કરવાનો સંકલ્પ કર્યો. તે દિવસે ગુજરાતની કેળવણીના નવા પ્રસ્થાનનું પગલું મંડાયું એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આજે પણ ગ્રામ દક્ષિણામૂર્તિ સંસ્થા તથા લોકભારતી સંસ્થા બંને પોતાના સ્થાપનદિન જુદા હોવા છતાં આ જ દિવસને પોતાની વર્ષગાંઠ માનીને ઊજવે છે.

આ સ્થાપના સાથે જ નાનાભાઈને જીવનની સાધનાનો કોઈ ધોરી માર્ગ મળી ગયો હોય તેમ તેમણે એમાં ઝંપલાવ્યું. દસેક જેટલા વિદ્યાર્થીઓની સાથે એક ભંગાર જેવી ધર્મશાળામાં તેઓ એકનિષ્ઠાથી આ કામ કરવા લાગ્યા. રસોઈ, કોઠાર, ખરીદી, માંદાની સારવાર, વિદ્યાર્થીના અભ્યાસમાં દોરવણી, ફંડ વગેરે કામો તેઓ જ કરતા.

કૉલેજમાં આપવો પડતો વખત બાદ જતાં બાકીનો બધો સમય આ નાનકડી સંસ્થામાં તેઓ આપવા લાગ્યા. એક પ્રોફેસરને આવા કોઠારી જેવા કામમાં પોતાનો સમય આપતો જોઈને તેમના કેટલાક મિત્રો તેમને ધૂની ગણવા લાગ્યા. કેટલાક હિતસ્વીઓને એમ પણ થયું કે આ તો જુવાનીના તોરમાં થોડો વખત આમ કરશે, પછી ડહાપણ આવશે એટલે બધું છોડી દેશે.

પણ બન્યું ઊલટું. એક દિવસ તેમનાં સગાંઓ તથા મિત્રોએ જ્યારે જાણ્યું કે તેઓ કૉલેજના પ્રોફેસરની જગ્યાનું રાજીનામું આપીને હવે માત્ર આ સંસ્થાનું મહેતાજીપણું કરવાના છે ત્યારે હાહાકાર મચી ગયો. કુટુંબમાં ભારે ક્લેશ ઊભો થયો. કવિ નર્મદે લેખણને ચરણે માથું નમાવીને ગળગળે સાદે જે કહ્યું કે 'દેવી સરસ્વતી! હવે તારે ચરણે છું.' એ પ્રસંગ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત મનાય છે. નાનાભાઈએ બહુ ચૂપકીદીથી, જાણે કાંઈ ક્રાંતિકારી નિર્ણય કરું છું તેવું મનમાં બિલકુલ લાવ્યા વગર, સાચી કેળવણીને ખોળે માથું મૂક્યુ. આજે પણ ઘણા લોકો તેમના આ 'ત્યાગ'ને માટે તેમને અંજલિ આપે છે ત્યારે તે કહે છે, 'મારો તે ત્યાગ શાનો? જેમાંથી જીવનનો અખૂટ રસ ઝર્યા કરે તેવી પ્રવૃત્તિને મેં સ્વીકારી તે ત્યાગ ગણાય? હવે આપણે આ ત્યાગનાં નગારાં વગાડવાનું બંધ કરવું જોઇએ.'

આવો જ એક નાનો છતાં અત્યંત સૂચક બનાવ ડિસેમ્બર ૧૯૧૫-માં બન્યો. એક દિવસ ભાવનગરના તે વખતના દીવાન શ્રી પટ્ટણી સાહેબ દક્ષિણ આફ્રિકાની લડત જીતીને તાજા જ હિન્દમાં આવેલા કર્મવીર ગાંધીને લઈને દક્ષિણામૂર્તિ બતાવવા માટે આવ્યા. ગાંધીજીએ પોતાની લાક્ષણિક રીતે સંસ્થા જોઈ, આ બોર્ડિંગ સાથે શિક્ષણની વ્યવસ્થા નથી તેના તરફ ધ્યાન દોર્યું, અને પૂછયું, 'અભિપ્રાયપોથી રાખો છો?' નાનાભાઇએ નમ્રતાથી કહ્યું 'ના, જી.' ગાંધીજીએ મંદ હાસ્ય સાથે એક આંગળી ઊંચી કરીને આ જવાબથી થએલો સંતોષ પ્રગટ કર્યો. દક્ષિણામૂર્તિના જીવન સાથે નાનાભાઈનું જીવન એકરસ થયું. તેમનાં સ્વપ્નાઓમાં પણ તેઓ દક્ષિણામૂર્તિના ભવિષ્યના ચિત્રની રેખાઓ દોરતા. તેમનાં આવાં કેટલાં યે સ્વપ્નમાં—ઊંઘમાં બોલાએલાં વ્યાખ્યાનોની જો નોંધ અત્યારે મળી શકે તો આપણને ખયાલ આવે કે તે એકતાનતા કેટલી પ્રગાઢ હતી.

દક્ષિણામૂર્તિ પાસે પાઈનું પણ સ્થાયી ફંડ ન હતું, મકાનો ન હતાં. કેવળ આકાશવૃત્તિ જેવું હતું. પણ તેને લીધે જ નાનાભાઈમાં પડેલો પેલો ત્રિકમ બાપાનો વારસો ખીલી ઊઠયો. તેમને બ્રાહ્મણ બનવાની તક મળી, ને તેમણે ે ઝીલી લીધી.



નાનાભાઈ સકુટુંબ (ફોટો : નરેન્દ્ર રાજા)

દક્ષિણામૂર્તિની આર્થિક મુશ્કેલીઓ સહેલાઈથી ટાળી શકાય તેવા કેટલાયે ઉપાયો નાનાભાઈને તેમના હિતસ્વી મિત્રોએ સૂચવ્યા હતા. એક વાર એક ધર્મસંપ્રદાયના અંદરઅંદરના એક ઝગડામાં એક પક્ષે નાનાભાઇને એવી વિનતિ કરી કે આ કેસમાં ચુકાદો અમારા પક્ષમાં આવે તે માટે તેઓ પટ્ટણી સાહેબને ભલામણ કરે, તો તેમને સારી એવી રકમ સંસ્થા માટે અમે આપીએ. નાનાભાઇનો પટ્ટણી સાહેબ સાથેનો સંબંધ શરૂઆતથી જ વિશિષ્ટ પ્રકારનો બંધાઈ ગયો હતો, અને આ વાત એક પ્રગટ રહસ્ય જેવી સૌને લાગતી હતી. નાનાભાઈએ દૃઢતાથી તેમ જ નમ્રતાથી આ માગણીને નકારી. આવી જ રીતે એક વદરાજે 'ગર્ભાધાન ગુટિકા'ની દવા તૈયાર કરીને તેમાં તેમને ભાગીદારી કરવાની પણ માગણી કરી હતી!

નાનાભાઈને સંસ્થાના ખર્ચ માટે ફંડ કર્યા સિવાય તો ચાલે એમ હતું જ નહિ. તેઓ ધારત તો પટ્ટણી સાહેબ દ્વારા રાજા પાસેથી સારી રીતે ફંડ મેળવી શકત. પણ સત્તાની છાયા નીચે જીવીને ઠીંગરાવું એના કરતાં ખુલ્લી હવામાં રહીને સુકાવું એ વધુ ગૌરવશાળી જીવન છે, એવો સંસ્કાર તેમણે કેળવ્યો હતો. આથી રાજ્ય સાથે મીઠા સબંધો રાખતા છતાં તેઓ કદી રાજ્યની શેહમાં તણાયા નહોતા ને દક્ષિણામૂર્તિનું સત્ત્વ ગુમાવ્યું નહોતું. જેમની પાસેથી તેમણે ફંડ માગ્યું છે, તેમની પાસે પણ કદી તેમણે લાચારી કરી નથી. તદ્દન નવાનવા તેઓ કલકત્તા ફંડ કરવા ગયા ત્યારે પહેલા જ ચોરવાડવાળા જીવણલાલ શેઠની નવી શરૂ થએલી દુકાનનાં પગથિયાં પર ચડયા. પણ ત્યા તો શેઠે આ નવા વેશવાળા બાવાને જોઇને તેમને તતડાવીને નીચે ઉતારી મૂક્યા! આ જ શેઠ આજે નાનાભાઈના પરમ મિત્ર, પોતાની જાતને નાનાભાઈના પરિચયથી ધન્ય માનતા શિષ્ય, અને આર્થિક ભીડમાં કોઈ પણ વખતે પોતાની કોથળી ખુલ્લી રાખતા નાનાભાઈના ખજાનચી જેવા બની ગયા છે, અને પોતાના બે ઉત્તમ બગીચાઓ લોકભારતીને ચરણે ધરીને પોતાને સદ્ભાગી માને છે.

આ પછીનાં વર્ષો એ સંસ્થાના ઝડપી વિકાસનાં છે. નવાં મકાનો, નવા કાર્યકર્તાઓ, નવી પ્રવૃત્તિઓ, જાહેર જીવનમાં દક્ષિણામૂર્તિની પ્રતિષ્ઠા વગેરે જામવાં માડયાં. નાનાભાઈ હવે જોતજોતામાં એક જાહેર વ્યક્તિ બની ગયા.

પણ ઉપર કહ્યું તેમ નાનાભાઈના મહત્તાનું રહસ્ય તેમના 'નાના'પણામા રહેલું હતું. હું એક નાના વિદ્યાર્થી તરીકે દક્ષિણામૂર્તિ છાત્રાલયમાં રહેતો તે વખતની વાત છે. મારી ઉમર લગભગ દસેક વરસની હતી. એક વાર હું મારા એકબે મિત્રોની સાથે ટ્રેનમાં વગર ટિકિટે કોઈ દૂરના ગામે ગયો હતો. આ સાહસ નિર્વિઘ્ને પતાવીને હું પાછો આવ્યો ત્યારે મને એક નાનકડી ઓરડીમાં ગોઠવાએલી ઑફિસમાં નાનાભાઇએ બોલાવ્યો અને બહુ જ ધીમા અવાજે કહ્યું, 'અહીં છોકરાઓ ભણવામાં હોશિયાર હોય તે મારે નથી જોઈતું (હું ભણવામાં કંઈક ઠીક હતો). તે પ્રામાણિક બનવા જોઈએ. જાઓ, આ પૈસા લઈ જાઓ ને સ્ટેશન માસ્તરને જઇને કહો કે મેં વગર ટિકિટે મુસાફરી કરી હતી તેના ભાડાના તથા દંડના પૈસા આપવા આવ્યો છું.'

માત્ર ઉપદેશ નહિ, પણ તેના અમલની સાથેનો તેનો અનુબંધ એ નાનાભાઈની વિદ્યાર્થીઓને તાલીમ આપવાની ખાસ રીત છે. તેમના જીવનમાં પણ જો કોઈ જુદી તરી આવતી લાક્ષણિકતા હોય તો તે એ છે કે કોઈ પણ એક સિદ્ધાંતને વ્યવહારની ભૂમિકા પર એક કળાકારની અદાથી તેઓ મૂકી શકે છે. બહુ ઓછા માણસો એ વાત જાણતા હશે કે અનેક કેળવણીકારો, રચનાત્મક કાર્યકરો અને રાજકીય નેતાઓ આ સિદ્ધાંતને ને પોતાના વ્યવસાયને વિસંગતિ છે કે કેમ તેનો નિર્ણય મેળવવા માટે નાનાભાઈની સલાહ લેતા આવ્યા છે.

શિક્ષણમાં સ્વાતંત્ર્યનો સિદ્ધાત અનેક શિક્ષકોને મૂંઝવતો આવ્યો છે. નાનાભાઈ એક વાર વિદ્યાર્થીઓના વર્ગમાં ઇતિહાસ શીખવવા ગયા. વિદ્યાર્થીઓમાં નાનાભાઈ પ્રત્યે આદર તો હતો જ. પણ પોતાના હકના સ્વાતંત્ર્યની પણ ચકાસણી તેઓ કરવા એટલા જ ઉત્સુક હતા. એટલે નાનાભાઈએ જેવો વર્ગ લેવાનો શરૂ કર્યો કે તરત જ વિદ્યાર્થીઓના એક પ્રતિનિધિએ કહ્યું, 'આજે અમારી ઇચ્છા વર્ગ ભરવાની નથી, એટલે અમે ચાલ્યા જઇએ છીએ.' ને તેઓ શાંતિથી વર્ગ છોડીને ચાલ્યા ગયા. નાનાભાઇ એટલી જ શાંતિથી વર્ગમાં બેસી રહ્યા.

બીજે અઠવાડિયે નાનાભાઈનો વર્ગ આવ્યો. આ વર્ગ વાર્તાનો હતો. નાનાભાઈની વાર્તા એટલે મોટી રસલહાણ. છાત્રાલયમાં રાતે નાનાભાઈના ઘરની ઓસરીમાં વિદ્યાર્થીઓ ખીચોખીચ ભરાઇને બેઠા હોય ને નાનાભાઇ મૅકબેથની ડાકણોનું ચિત્ર પોતાના શબ્દોમાં ઊભું કરતા હોય ત્યારે થતા રોમાંચનો અનુભવ આજે પણ મને તાજો થાય છે. નાનાભાઈના વાર્તાના વર્ગમાં વિદ્યાર્થીઓ આવીને બેસી ગયા છે. નાનાભાઈ શાંતિથી પ્રવેશ કરે છે. વિદ્યાર્થીઓ એક કાને વાર્તા શરૂ થવાની રાહ જુએ છે, ત્યાં નાનાભાઈના મોઢામાંથી શબ્દો નીકળ્યા: 'આજે વાર્તા કહેવાનું મને જરા ય મન નથી, એટલે હું વર્ગ છોડીને જાઉં છું.' ને તેઓ શાંતિથી ઊભા થઇને બહાર ચાલ્યા ગયા. સ્વાતંત્ર્યની સમજ આથી વધારે સારી રીતે વિદ્યાર્થીઓને ન આપી શકાય.

એક બીજો પ્રસગ પણ અહીં યાદ આવી જાય છે. એક રાતે અમે બધા નાના વિદ્યાર્થીઓ છાત્રાલયમાં નાનાભાઈની વાર્તા સાંભળી રહ્યા હતા. એકાએક નારણદાસ નામના વિદ્યાર્થીની પ્રચંડ ગર્જના સંભળાઈ અને બધા ભયથી થરથરવા લાગ્યા. જોયું તો નારણદાસ ખૂબ આવેશમાં આવીને ધૂણી રહ્યો છે ને તેના વાળ, કપડાં વગેરે અસ્તવસ્ત થઈ ગયાં છે. નાનાભાઈ અત્યંત ગંભીરપણે જઈને તેને કહેવા લાગ્યા, 'નારણદાસ, ગરબડ કેમ કરો છો?' (નાનાભાઈનો તે કાળનો અવાજ માત્ર ગમે તેવા યુવકને શાંત કરી દેવા માટે શક્તિમાન હતો એ વાત બધા ય જાણતા હતા), પણ નારણદાસ તો ઊલટા નાનાભાઈ પર ત્રાટક્યા ને જોરથી ઊછળીને કહે, 'ભાગી જા, નહિ તો ભરખી જઇશ. હું કોણ છું, ખબર છે? હું તાંતણિયા ધરાવાળો ખોડિયાર છું.' અને ધૂણવાનું જોરથી ઊપડ્યું. નાનાભાઈ ગંભીર થઇને કહે, 'આપણે ઘડીક શાન્ત થાઓ, ને જેમને ગજેન્દ્રમોક્ષનું સ્તોત્ર આવડતું હોય તે બોલવા લાગો'. ગજેન્દ્રમોક્ષ અમને (અનુસંધાન પૃ. ૨૯૬)

સ્ટાર્ચ, ફૉસ્ફરસ અને કાર્બોહાઇડ્રેટ માટેનું સમૃદ્ધ સાધન શૂકધાન્ય

અેટલે ઘઉં, ચોખા, બાજરી, જવ, જુવાર વગેરે (ડૂંડાંમાં પાકતું) એકદળ વનસ્પતિધાન્ય

અનાજના બે મોટા વર્ગ છે: શૂકધાન્ય ને શિંબીધાન્ય. શૂકધાન્યમાં ડૂંડામાં પાકતાં (જેને અંગ્રેજીમાં 'સીરીઅલ્સ' કહે છે તે) ઘઉં, ચોખા, બાજરી, જવ, જુવાર વગેરે એકદળ વનસ્પતિનો સમાવેશ છે; જ્યારે તુવેર, મગ, મઠ, અડદ, વટાણા વગેરે દ્વિદળ વનસ્પતિ એ શિંબીધાન્ય (શીંગોમાં પાકતાં—'લેગ્યુમ્સ') છે.

શૂકધાન્ય એ કાર્બોહાઇડ્રેટનું સમૃદ્ધ સાધન છે. એમાં ૭૦ થી ૭૮ ટકા સ્ટાર્ચ છે, જેમાંથી આપણને ગરમી ને શક્તિ મળે છે. આહારનાં બીજા તત્ત્વો યે એમાં છે ખરાં, પણ નજીવા પ્રમાણમાં. શૂકધાન્યનાં પ્રોટિનો ઉત્તમ નથી લેખાતાં પણ તે 'બી' વિટામિનથી ભરપૂર છે; જ્યારે 'એ', 'સી' અને 'ડી' વિટામિનો તેમાં થોડાં કે બિલકુલે નથી હોતાં. પણ શૂકધાન્યમાં ફૉસ્ફરસ પુષ્કળ છે. તો બીજી બાજુ કલ્શ્યમ, લોહ, સોડિયમ અને ક્લોરિન થોડાં છે. આહારનાં આ આવશ્યક તત્ત્વોની ઊણપને લીધે એકલાં શૂકધાન્યથી પૂરતું પોષણ મળતું નથી. આથી એમની સાથે બીજાં રક્ષણકારી ખાદ્યોની પુરવણીની જરૂર રહે છે.

ઉપર કહ્યું તેમ શૂકધાન્યોમાં કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ અધિકાધિક છે; ચરબીનું પ્રમાણ અલ્પ છે ને તે પચાવવા બહુ શ્રમ ઉઠાવવો પડતો નથી; વળી દેહને જરૂરી થોડા ખનિજ ક્ષારો પણ છે. પરંતુ શૂકધાન્યો વધારેપડતાં છડવાથી કે ખાંડવાથી એના આ સર્વ રક્ષણકારી દ્રવ્યો અને વિટામિન 'બી' નાશ પામે છે.

શૂકધાન્યો માનવીમાત્રને શક્તિ મેળવવાનું મુખ્ય સાધન છે. એમાં આહારોપયોગી તત્ત્વો છે ને કાયસાધક શક્તિ છે. વળી એમને સંઘરવાની ને લાવવા-લઇ જવાની સુગમતા છે. પોષણ અને ખર્ચની દૃષ્ટિએ તે સસ્તાં છે. એટલે જનસમાજના મુખ્ય આહાર શૂકધાન્યો છે.

પૃથ્વી પરની તમામ પ્રજાઓમાં ૯/૧૦ ભાગના આહારમાં ઘઉં અને ચોખા છે. આ પરમ આહારમાંથી શારીરિક શક્તિ પ્રાપ્ત થાય છે. હિંદીઓના આહારમાં વપરાતાં શૂકધાન્યોમાં મોખરે ચોખા ને પછી ઘઉં છે. બાજરી, જવ, જુવાર વગેરેનું સ્થાન વચગાળાનું છે. હવે આપણે એમને વિષે વિગતે વિચારીએ. તેમા પહેલાં લઇએ ચોખા.



સર્વ શૂકધાન્યોમાં હિંદીઓના આહારમાં સૌથી વધુ વપરાતા સુપાચ્ય ને પુષ્ટિદાતા ચોખા

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની

આહાર અને આરોગ્ય વિષયક લેખમાળા [૭]

એશિયાવાસીઓને ચોખા જેટલું મહત્ત્વ બીજા કોઈ આહારદ્રવ્યનું નથી. દુનિયાના ચોખાના કુલ ઉત્પાદનના ૯૩ ટકા એશિયામાં પાકે છે અને તેમાંથી ૯૦ ટકા ત્યાં જ વપરાશમાં લેવાઈ જાય છે.

હિંદમાં બંગાળ, આસામ, બિહાર, ઓરિસ્સા અને મદ્રાસના રહેવાસીઓના આહારનું મુખ્ય દ્રવ્ય ચોખા છે, તો ગુજરાતમા સુરત જિલ્લામાં તે વધારે ખવાય છે.

હિંદમાં પેદા થતા ચોખાની ચાર હજાર ઉપરાંત જાતો છે! આ અસંખ્ય જાતોને આયુર્વેદાચાર્યોએ ત્રણ વિભાગોમાં વહેંચી છે: (૧) શાલિ: હેમંત ઋતુમાં પાકનારા ચોખા; (૨) ષષ્ટિક: ગ્રીષ્મ ઋતુમાં પાકનારા; અને (૩) વ્રીહી: વર્ષા ઋતુમાં લાંબે ગાળે થતા ચોખા. જાત, પ્રદેશ ને ઋતુ પ્રમાણે આ બધા ચોખાની પોષણકિંમતમાં ફેર રહે છે; પણ શૂકધાન્ય તરીકે ચોખા પ્રોટિન, ચરબી ને કૅલ્શ્યમમાં હલકા છે. માત્ર ફૉસ્ફરસ અને કાર્બોહાઇડ્રેટથી તે સમૃદ્ધ છે.

ચોખાની બે જાતો ઓળખાય છે: જાડા ને બરછટ અને ઝીણા તથા સુંવાળા ચોખા. જાણવા જેવું તો એ છે કે સફેદ ને ઝીણા મોંઘા ચોખા કરતાં સસ્તા મળતા રાતા અને જાડા ચોખામાં આવશ્યક પોષણ દ્રવ્યો વધુ હોય છે. રાતા ચોખાનું અસ્તર (બ્રાન) જાડું હોવાથી તેને ઊજળા કરવા માટે વધારે છોલવા (મિલિંગ કરવા) પડે છે. પણ સાધારણ ખાંડવાથી તે અસ્તર જળવાઇ રહે છે. આ અસ્તરમાં પ્રોટિનો, ફૉસ્ફરસ, કૅલ્શ્યમ અને લોહના ક્ષારો આવેલા છે. આને લીધે રાતા ચોખાની પોષણ કિંમત વધારે છે. આયુર્વેદમાં રાતા (શાલિ) ચોખાને દોષઘ્ન ને વીર્ય વધારનાર ગણાવ્યા છે. વધારામાં તેને પેશાબ સાફ લાવનાર, વર્ણ સારો કરનાર, બળ આપનાર, સ્વર સુધારનાર, શ્રમ હણનાર અને સર્વ દોષોને હરનાર તરીકે વર્ણવ્યા છે. મિલમાં ખાંડતી વખતે સફેદ ને ઝીણા ચોખાનું પાતળું અસ્તર નાશ પામતું હોવાથી એવા ચોખામાં પોષણઘટકો ઓછાં હોય છે. છતાં આપણે ખોટી પ્રતિષ્ઠા અને ગૌરવને ખાતર ઝીણા ને સફેદ ચોખાને વાપરીએ છીએ ને આવશ્યક પોષણઘટકો ધરાવતા રાતા જાડા ચોખાને અવગણીએ છીએ!

બીજાં શૂકધાન્યોની સરખામણીમાં ચોખામાં પ્રોટિનોનું પ્રમાણ ભલે ઓછું હોય પણ તેમાં બધાં જરૂરી ઍમાઇનો-ઍસિડો હોઈ તેની પોષણ-કિંમત ઊંચી છે. આ ઍમાઇનો-ઍસિડો માંસ, સોયાબીન ને દૂધના ઍમાઇનો-ઍસિડોને લગભગ મળતા આવે છે. મકાઈ ને ઘઉંનાં પ્રોટિના આવાં નથી હોતા.

શૂકધાન્યોમાં ક્ષારો એકબે ટકા જ છે, પણ ફૉસ્ફરસ પુષ્કળ છે. પણ તે ફાયટિનના રૂપમાં હોવાથી સહેલાઈથી શરીરમાં પચતું નથી. આથી વધારેપડતાં શૂકધાન્યો ખાનાર બાળકોમાં સૂકતાન (રિકેટ્સ) રોગ થાય છે તેના પ્રતિકાર તરીકે આહારમાં ભારોભાર કૅલ્શ્યમ હોવું જોઇએ. આ માટે ચોખા સાથે દૂધ, શાકભાજી ને મચ્છી તથા બીજાં આહારદ્રવ્યો ખાવાં જરૂરી છે. શાકભાજીમાં ચોખા કરતાં તદ્દન ઊલટું છે: તેમાં ફૉસ્ફરસ કરતાં કૅલ્શ્યમ વધારે છે. માટે ભાતના આહારમાં શાક ઉમેરવાથી ક્ષારોનું પ્રમાણ સમતોલ થાય છે.

હવે આપણે ચોખાના દાણાની સંરચના જોઇએ. ચોખાના દાણાના ત્રણ ભાગ છે: (૧) બીજાંકુર કે ગર્ભ (જર્મ: એમ્બ્રાયો); (૨) ગર (એન્ડોસ્પર્મ: કર્નલ); અને (૩) અસ્તર (બ્રાન: પેરિકાર્પ). દાણાના એક છેડે ગર્ભ છે. દાણા ઉપર આવેલું પાતળું પડ તે અસ્તર છે. આ અસ્તર ઉપર ડાંગરનાં છોડાં આવેલાં છે. જ્યારે દાણો એ ગર છે. મોટા ભાગના ખનિજ ક્ષારો, વિટામિનો અને પ્રોટિનો આ ગર્ભ અને અસ્તરમાં જ હોય છે. ગરમાં સ્ટાર્ચના ભંડાર છે અને બહુ જ થોડું પ્રોટિન છે; જ્યારે

તમને ખબર હતી?

- કે–હિંદમાં પેદા થતા ચોખાની ૪૦૦૦થી વધુ જાતો નોંધાઈ છે!
- કે–ઓસાવીને કરેલા છુટ્ટા ચોખા કરતાં દેશી ચોખાનો લોંદા જેવો ભાત વધારે પોષણદાયી ને છતાં પચવામાં હલકો ને સ્વાદમાં મિષ્ટ હોય છે!
- કે–પૃથ્વીની $\frac{2}{3}$ પ્રજાનો આહાર ઘઉં અને ચોખા છે, અને તેમાં યે હિંદમાં મોખરે ચોખા છે!
- કે–દુનિયાના ૯૩ ટકા ચોખા એકલા એશિયામાં જ થાય છે, જેમાંથી ૯૦ ટકા જેટલો મોટો ભાગ એશિયાવાસીઓ જ ખાય છે.
- કે–સફેદ કરતાં રાતા ચોખા બળ આપનાર, વાન સુધારનાર, થાક ઉતારનાર, પેશાબ સાફ લાવનાર, સ્વર સુધારનાર અને શરીરના સર્વ દોષોને હણનાર કહ્યા છે (આયુર્વેદ). છતાં આપણે ખોટા ગૌરવને ખાતર 'ધોળા બાસ્તા જેવા' ચોખા ખાવાની મૂર્ખાઈ કરીએ છીએ.
- કે–સેવ-મમરા અને ચણા-મમરા સારો ખોરાક છે, કેમકે એમાં ચોખાના સ્ટાર્ચ સાથે ચણાના પ્રોટિનો ભળવાથી તેની ખાદ્યકિંમત ઊંચી થાય છે.
- કે–પચાવી શકે તેને માટે દૂધ-પૌંઆ બળવર્ધક છે ને દસ્ત સાફ લાવે છે.
- કે–ગાયના દૂધમાં નવા સાઠી ચોખા સાકર મધ ને ઘી નાખી કરેલી ખીર પોષક ને વીર્યવર્ધક છે.
- કે–ફોતરાંવાળી મગની દાળની ખીચડી પચવામાં હલકી હોવા સાથે અત્યંત સ્વાદિષ્ટ ને પોષક ખાણું છે. ઘી, દૂધ, દહીં કે છાશ સાથેની ખીચડી એ પોષણતત્ત્વોથી ભરપૂર સંપૂર્ણ આહાર છે.
- કે–ચોખામાં ફૉસ્ફરસ પુષ્કળ છે, શક્તિદાતા કાર્બોહાઇડ્રેટથી તે સમૃદ્ધ છે ને સ્ટાર્ચનો ભંડાર છે.
- કે–દૂધપાક જેને પચે તેને માટે શક્તિદાતા અને વજન તથા વીર્ય વધારનાર છે.

વાંચો આ લેખ

ગર્ભમાં પ્રોટિન, સ્નેહ, લોહ અને વિટામિન 'બી' તથા 'ઇ' છે.

જમીનની જાત પ્રમાણે ચોખાના ગુણમાં જેમ ફેર રહે છે તેમ ડાંગરમાંથી ચોખા બનાવવાની રીત પ્રમાણે પણ ચોખાના ગુણમાં મોટા ફેર રહે છે. ડાંગરમાંથી ચોખા બે રીતે પ્રાપ્ત થાય છે: એક તો ખાંડણિયામાં ખાંડીને હાથછડથી, અને બીજી સંચામાં ખાંડીને. હાથછડ અને મિલછડ બંનેમાં ચોખાનાં દાણાનો ગર્ભ તો છૂટો પડે છે પણ પછી જે અસ્તર છૂટું થાય છે તેમાં જેટલા પ્રમાણમાં ડાંગર ભરડાય તેટલા પ્રમાણમાં આ અસ્તર નીકળી જાય છે. સંચામાં ખંડાએલી ડાંગરનું અસ્તર વધારે પ્રમાણમાં નીકળી જાય છે, આથી આ ચોખો ઊજળો (પૉલિશ્ડ) બને છે. પણ આમ થવામાં અસ્તરની સાથે ચોખાનાં આવશ્યક પોષક દ્રવ્યો પણ નીકળીને નાશ પામે છે, જ્યારે હાથછડના ચોખામાં અસ્તરનું પ્રમાણ જળવાઈ રહે છે. મિલછડમાં વિટામિન બી ૭૫ ટકા નાશ પામે છે તો હાથછડમાં ૨૫ ટકા. આમ હાથછડ ચોખા રસાયણશાસ્ત્રની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે.

હાથછડ ચોખામાં પોષણદ્રવ્યો અને વિટામિનો સારાં જળવાઇ રહે છે, જે શરીરનો વિકાસ સાધવા અને વજન વધવા માટે ઉપયોગી છે. આના સમર્થનમાં મહાત્મા ગાંધીજી સંપાદિત 'ડાયેટ ઍન્ડ ડાયેટ રિફૉર્મ' નામના પુસ્તકમાં એક નોંધ છે. મદનપલ્લી થીઓસૉફિકલ સોસાએટી સંચાલિત છાત્રાલયમાં હાથછડ ચોખા શરૂ કર્યાને બે મહિનામાં છત્રીસમાંથી ત્રીસ વિદ્યાર્થીઓનાં વજન વધ્યાં, જેમાં એકનું તો પંદર રતલ, બીજાનું આઠ રતલ અને ત્રીજાનું સાત રતલ વધ્યું... જ્યારે માત્ર એકનું ત્રણ રતલ ને એક મેદોવૃદ્ધિવાળાનું પાંચ રતલ વજન ઘટ્યું.

યંત્રોદ્યોગના આ જમાનામાં હવે ડાંગર હાથે ખાંડવાનો ને છડવાનો જૂનો રિવાજ બદલાયો છે. ડાંગર સંચામાં ખંડાય છે ને ઘસાઇને પૉલિશ થાય છે, અને એ પૉલિશ થએલો 'સફેદ બાસ્તા જેવો ચોખો' વખાણીવખાણીને ખવાય છે. પણ આ ચોખો પોષણતત્ત્વ વિનાનો હોવાની કેટલાને જાણ છે? પૉલિશ કરવામાં ચોખાનું ઉપરનું અસ્તર અને ગર્ભ, જે ચોખાના કુલ દાણાના છઠ્ઠા ભાગ જેટલાં હોય છે અને જેમાં અરધા કરતાં વધારે ક્ષારો, ચોથા ભાગનું પ્રોટિન, બધાં જ વિટામિનો અને ચરબી હોય છે તે સઘળું નાશ પામે છે. આવા સત્ત્વહીન ચોખાના એકલા આહાર ઉપર નભનારા લોકો બેરીબેરી નામના રોગના ભોગ થઈ પડે છે. દક્ષિણ હિંદમાં એકલો ભાત ખાઇ જીવનારા લોકોમાં આ રોગની વ્યાપકતા છે. આજ સુધી એમ મનાતું કે આ રોગ થવાનું કારણ વિટામિન 'બી'નો અભાવ છે, પણ જાપાનીઝ વિજ્ઞાની ડૉ. સાકી હીગુચીએ સાબિત કર્યું છે કે ખરું કારણ વિટામિન 'બી'નો અભાવ નથી પણ પૉલિશ કરેલા ચોખામાં રહેતા ફુગ પ્રકારના જીવાણુઓ છે.

આમ છતાં પૉલિશ્ડ ચોખાનો વ્યાપક વપરાશ કેમ હશે? કારણ કે એનો દેખાવ આકર્ષક હોવા ઉપરાંત બિનપૉલિશ ચોખા કરતાં તે સહેલાઇથી રંધાય છે. વળી પૉલિશ ચોખા સંઘરવામાં બહુ બગડતા નથી, તેમાં જીવાત પડતી નથી; જ્યારે બિનપૉલિશ ચોખા સંઘરવામાં સારા રહેતા નથી. કેટલાક માને છે કે બિનપૉલિશ ચોખાનું અસ્તર પચવામાં જરા ભારે પડે છે, પણ આ તફાવત જૂજ હોઇ ધ્યાનપાત્ર નથી.

વળી ચોખા રાંધવાની ખોટી રીતને લીધે પૉલિશ ચોખાનાં રહ્યાંસહ્યાં પોષણદ્રવ્યો પણ વેડફાઇ જતાં હોવાનું આપણા ધ્યાનમાં નથી. ચોખાનાં મોટા ભાગનાં આહારદ્રવ્યો પાણીમાં દ્રાવ્ય હોઇ રાંધતાં અગાઉ જે ચોખા ધોવાય છે અને વધારેપડતા પાણીમાં રંધાય છે, એમાં વધારેપડતા ધોવાવાથી તથા ઓસામણ ઢોળી દેવાને કારણે ચોખાનાં આહારદ્રવ્યો ફેંકાઇ જાય છે.

ધોવાએલું પાણી દૂધ જેવું સફેદ આવે ત્યાં સુધી બેચાર વાર ચોખા ધોવાય છે, અને પછી વળી અરધો કલાક સુધી પાણીમાં પલાળી રાખ્યા બાદ ઘસીઘસીને ફરીથી ધોવાય છે! આ ખોટો રિવાજ છે. એમાં પહેલી વખત ધોવામાં જ ચોખાનાં ફૉસ્ફરસ ને ૫૦ ટકા જેટલું વિટામિન 'બી' જતાં રહે છે. ચોખા પૉલિશ કરવામાં મોટા ભાગનાં આ દ્રવ્યો નાશ તો પામ્યાં જ હોય છે અને જે કાંઇ બાકી રહ્યાં હોય તે આમ ધોવામાં કાઢી

નાખવામાં આવે છે. ખરી રીતે તો માત્ર એક વાર પાણી વતી ઉપરછલ્લું ધોઈ નંખાય તો ફૉસ્ફરસ અને વિટામિન 'બી' વેડફાઈ જતાં બચે.

ભાત છુટ્ટો કરવા માટે ચોખાને ઓસાવવાનો રિવાજ છે, પણ ઓસાવેલા પાણીમાં ચોખાનાં ૨૫ ટકા વિટામિન 'બી' અને ફૉસ્ફરસ ફેંકાઈ જતાં હોવાનું તો હવે સૌનું જાણીતું છે. ઓસાવેલા ભાતમાં પૌષ્ટિક તત્ત્વો નહિવત્ રહે છે; રહે છે માત્ર ફૂલેલા સેલ્યુલોઝ અને સ્ટાર્ચના કણો. આવો ભાત પચવામાં ભારે પડે છે, તેનાથી વાયુ થાય છે, ખાટા ઓડકાર આવે છે અને શક્તિ મળતી નથી. માટે ભાતનો બાહ્ય દેખાવ આણવા ખાતર તેને ઓસાવવાના રિવાજને તો તદ્દન તિલાંજલિ જ આપવાની છે. ચોખા રંધાઇ રહે એટલા માપસર પાણીમાં અને ધીમે તાપે ચડેલો ભાત જ ખાવાનો રિવાજ સ્વીકારવો જોઇએ. લોંદા જેવો થએલો આ ભાત ખાવામાં હલકો ને સ્વાદમાં મિષ્ટ હોય છે. અગર જો ભાત ઓસાવવો જ હોય તો ઓસામણનું પાણી દાળ કે શાકમાં નાખવું, જેથી એનાં કીમતી આહારદ્રવ્યો બહાર ફેંકાઇ ન જતાં કોઇ પણ રીતે આપણા ખાવામાં તો આવે જ.

તાજી ડાંગરના ચોખા ખાવામાં ભારે પડે છે. વળી નવી ડાંગરના ચોખા લોચા જેવા બને છે, કારણ કે એમાં સમાએલું આથવણ સ્ટાર્ચને ઓગાળી નાખે છે. ડાંગર ભરી રાખવાથી આ આથવણ અક્રિય બને છે, અને ધીમા સુકારાથી સ્ટાર્ચમાં પણ ફેર પડે છે. જૂના ચોખા ચાર-પાંચ ગણા ફૂલીને છુટ્ટા થાય છે. આસો માસમાં કાપેલી ડાંગર હોળી સુધી માટીની કોઠીમાં ભરી રાખવાથી ઠરે છે. જમીનની અંદર કે હવા ન જાય એવી રીતે ડાંગર ભરવાથી ઠરવાની ક્રિયા ઝડપી બને છે.


જો પૉલિસ્ડ ચોખા ખાવાનો મોહ જ હોય તો બાફેલા (પાર-બૉઈલ્ડ) ચોખા ખાવા. દક્ષિણ ભણી ડાંગર ખાંડતાં અગાઉ તેને બાફવાનો રિવાજ છે. બાફવાથી દાણો ફૂલે છે; તે વખતે અસ્તરમાંનાં વિટામિનો, ક્ષારો અને પ્રોટિનો દાણામાં પ્રવેશે છે ને અસ્તર કઠણ બને છે. આવી ડાંગરના ચોખા પૉલિશ કર્યાં હોવા છતાં ઉપરનાં રક્ષણાત્મક દ્રવ્યો દાણામાં જળવાઈ રહે છે. પણ આ ચોખા સાધારણ રંગવાળા અને કઠણ હોય છે, એમાં વિશિષ્ટ દુર્ગંધ હોય છે અને એનો ભાત કડક બને છે. જોકે આ બાફેલા ચોખા જાડી જાતના હોઈ એમાં પ્રોટિનો અને ક્ષારોનું પ્રમાણ વધારે હોય છે.

ચોખા કેવળ ગરમી અને શક્તિ આપે એવો સ્ટાર્ચભર્યો ખોરાક છે. એમાં પ્રોટિન, ચરબી અને ખનિજક્ષારો ઓછાં હોવાથી એની પોષણકિંમત ઓછી છે, પરંતુ એના સ્ટાર્ચના કણો નાના ને સુપાચ્ય હોવાથી બધાં શૂકધાન્યોમાં ચોખા વહેલામાં વહેલા પચી જાય છે. દુર્બળ જઠરાગ્નિવાળા માટે પણ ચોખા પથ્ય ખોરાક છે.

રાંધવામાં ચોખા બહુ પાણી પીતા હોવાથી ફૂલે છે. ખાધેલો ભાત હોજરીમાંથી ધીમેથી પસાર થાય છે. અઢી ઔંસ ભાત સાડા ત્રણ કલાક પર્યંત હોજરીમાં રહે છે, પણ આંતરડાંમાં તે પૂરો શોષાય છે. એનો સ્ટાર્ચ નકામો જતો નથી. આથી ભાતના આહાર પછી આંતરડાંમાં થોડામાં થોડો કચરો પડી રહે છે. આમ હોવાથી કેટલાક રોગોમાં ભાતની મોટી કિંમત છે.

ચોખામાં કૅલ્શ્યમ અને લોહ ઓછાં છે. વળી સંચામાં છડાવાથી તેનાં રક્ષણાત્મક દ્રવ્યો પણ નાશ પામે છે, એટલે ચોખાના એકલા આહાર તરીકે કિંમત ઓછી છે. બીજા પુષ્ટિદાતા ખોરાકો જેવાં કે દૂધ, ઈંડાં, પનીર, દહીં, છાશ અને મચ્છી સાથે તે શ્રેષ્ઠ ખાદ્ય છે.

ભાતને પોચું ખાણું ગણવામાં આવે છે જ્યારે ઘઉંને તાકાતદાર. હા, પ્રોટિનો ને ક્ષારોની ગણતરીએ ઘઉં સમૃદ્ધ છે ખરા, પણ ચોખાનાં



હાથછડના ચોખાનો છેદ. એમાં ગર્ભ ને અસ્તર જળવાઈ રહ્યાં છે મિલછડ-ચોખા (જમણી બાજુ)માં એ કીમતી ભાગ નાશ પામે છે.

પ્રોટિન વધારે પોષણદાતા છે. તેમાં યે ચોખાની કેટલીક જાતો તો બંધારણની દૃષ્ટિએ, ઘઉંની હરીફાઈમાં ઊતરે એવી હોય છે. વળી ઘઉં કરતાં ચોખાની ઉષ્ણાંક-કિંમત (કૅલરિફિક વૅલ્યુ) વધારે છે. આમ, આપણે ધારીએ છીએ તે કરતાં ચોખા વધારે પોષણદાતા છે.

વળી ચોખાની આ પોષણ-કિંમત હજી યે વધારી શકાય છે. તે માટે જરૂર છે છાણિયા ને ક્ષારીય (મિનરલ) ખાતરોના સમજપૂર્વકના વપરાશની. ફૂલો આવતાં સુધી ડાંગરના છોડને હફ્તેહફ્તે ખાતર આપવું જોઈએ. આથી ચોખાના પ્રોટિન-પ્રમાણમાં વીસ ટકાનો ને પાકનાઉતારમાં પણ વધારો થતો હોવાનું જોવામાં આવ્યું છે.

ચોખા ઉપરાંત ડાંગરની બીજી ત્રણ બનાવટો રાંધ્યા વિના ખાઇ શકાય એવી છે. આ છે ફાંફાં, મમરા ને પૌંઆ. આ બનાવટો સ્વાદમાં મિષ્ટ હોઈ નાસ્તાની જુદીજુદી વાનીઓ બનાવવામાં વપરાય છે. આ બનાવટોમાં ડાંગર શેકાવાથી એના પ્રોટિનની પોષણ-કિંમત વધે છે.

ફાંફાં એટલે ડાંગરની ધાણી. ડાંગરને રેતીમાં શેકવાથી ફૂલ જેવાં હલકાં બનેલાં ફાંફાં ખાવામાં સ્વાદિષ્ટ છે. ડાંગર શેકાવાથી દાણાના સ્ટાર્ચના કણો ફૂલે છે. આથી તે પચવામાં હલકા બને છે. માંદગીમાંથી ઊઠ્યા પછીના પ્રથમ ખોરાક તરીકે તેની કિંમત છે.

મમરામાં ચોખા શેકાવાનો સ્વાદ અને સુગંધ બંને છે. ખાવામાં તે સ્વાદિષ્ટ અને હલકા છે,–જોકે કબજિયાત આણનારા ગણાય છે. માંદા માણસ માટે હલકા ખોરાક તરીકે તેની કિંમત છે. મુસાફરીમાં સેવ-મમરા અને ચણા-મમરા સારો ખોરાક છે. એમાં ચોખાના સ્ટાર્ચ સાથે ચણાના પ્રોટિનો ભળવાથી તેની ખાદ્યકિંમત ઊંચી નીવડે છે.

પૌંઆ ખાધે મીઠા લાગે છે, પણ પચવામાં ભારે છે. વળી તે ચવડ હોવાથી ભાર દઇને ચાવવા પડે છે. જમી ઊઠ્યા પછી તો તે નહિ જ ખાવાનો મહર્ષિ ચરકનો આદેશ છે. પૌંઆ ઘી કે તેલમાં તળીને ખાવાના છે. બટાટા-પૌંઆનો નાસ્તો સારું ખાણું છે. એમાં બટાટાના ક્ષારો ને વિટામિનો ભળતાં હોવાથી તે પોષણદાયક બને છે. દૂધ અને પૌંઆ પણ શ્રેષ્ઠ ખાણું છે. દૂધમાં પલળેલા પૌંઆ મૃદુ બને છે અને દૂધનાં કૅલ્શ્યમ, લોહ તથા વિટામિનો પૌંઆની ઊણી ખાદ્યકિંમત (ફૂડવૅલ્યુ)-માં મહત્ત્વનાં પૂરક નીવડે છે. દૂધ પૌંઆ બલવર્ધક છે, દસ્ત સાફ લાવે છે.

બહુ જ થોડી વાનીઓમાંથી સંપૂર્ણ આહાર બનાવવો હોય તો તે દૂધ અને ભાતનો છે. આચાર્ય ચરકે ગાયના દૂધને પ્રવર, જીવનીય તથા રસાયન કહ્યું છે. આવા દૂધ અને નવા સાઠી ચોખાની, સાકર

મધ અને ઘી સાથેની ખીરમાં વીર્યવર્ધક ને વાજીકરણ ગુણ ગણાવ્યો છે.

ખીર કરવામાં સારી પેઠે ચડાવેલા ચોખા બેચાર ઊભરા આવે એવી રીતે દૂધમાં ઉકાળવાના છે. પણ આ જમાનામાં તો સારી પેઠે ઉકાળીને ઘટ્ટ બનાવેલા દૂધવાળો દૂધપાક સૌને ખાવો પ્રિય છે. દૂધપાકને સંસ્કૃતમાં **પરમાન્નમ્** લેખ્યું છે. આ છે તો જોકે પરમ મિષ્ટ, ભૂખ ઉત્તેજનાર ને સંતોષનાર, ને સર્વ પોષણતત્ત્વોયુક્ત આહાર; પણ દૂધ ઉકાળવામાં એમાં સમાએલું વિટામિન 'એ' નાશ પામે છે. વળી ઘટ્ટ બનેલું દૂધ પચવામાં ભારે પડે છે. બાકી દૂધપાક જેને પચે તેને માટે તે શક્તિદાતા, વજન વધારનાર અને વીર્ય વધારનાર છે.

આપણા આહારની આયોજનામાં હલકા ખોરાક તરીકે ખીચડીનું આગવું સ્થાન છે. ૨ા : ૧ાના પ્રમાણમાં ચોખા ને દાળ ભેગાં કરીને ખીચડી રાંધવામાં આવે છે. આ અત્યંત સ્વાદિષ્ટ અને પોષણકારક ખાણું છે, કારણકે ચોખામાં ખૂટતું પ્રોટીન દાળના પ્રોટીનથી પૂરાય છે; જ્યારે હાથછડના ચોખાના ક્ષારો ખીચડીને સુપાચ્ય બનાવે છે. છુટ્ટી ખીચડી કરતાં ઢીલી ખીચડી ખાવી સારી છે, કારણ કે પાણીથી સ્ટાર્ચ કણો જેમ વધારે ફૂલે ને ફાટે તેમ તે વધારે સુપાચ્ય બને છે. સૌરાષ્ટ્રવાસીઓની સારીપેઠે સીઝીને એકરસ થએલી મલમ જેવી ખીચડી વખાણવા લાયક છે. ભાત અને દાળમાં ચરબીનું પ્રમાણ નહિવત્ છે માટે ખીચડી સાથે ઘી લેવાનો રિવાજ સ્વીકારવામાં આવ્યો છે. ઘી નાંખેલી ખીચડીની સોડમ ક્ષુધા-ઉત્તેજક છે. ફોતરાંવાળી મગની દાળની ખીચડીમાં તેનાં ફોતરાંના સર્વ ક્ષાર સંઘરાવા ઉપરાંત, તેમાં સમાવવું હોય તેટલું ઘી સમાવી શકાય છે, અને એ પચી પણ જાય છે. ખીચડી દૂધ દહીં કે છાશ સાથે લેવાથી પણ સર્વ પોષણતત્ત્વોથી ભરપૂર સંપૂર્ણ આહાર બને છે. માટે જ ગરીબોના ને ગરીબોના આહારમાં ખીચડી (ને કઢી)નું આગવું સ્થાન છે. ખીચડીમાં રહેલી પોષણ ને શક્તિની કિંમત દર્શાવતો જનસમાજમાં પ્રચલિત દોહો આ રહ્યો :

"રોટી કહે મૈં આવનજાવન, ખીચડી કહે મૈં ડેઢ પહુંચાવન;
ચોખા કહે મૈં સુંદર ખાણા, મેરે ભરોંસે ગામ ન જાના."

અથાણું

કલાકાર વિસલરે એક વખત એક કલાકાર મિત્રની કૃતિ પ્રદર્શનમાં સામેલ કરાવવાનું માથે લીધું. ઉદ્‌ઘાટનને દિવસે બંને જોવા ગયા ત્યારે પોતાની કૃતિ તરફ જોઇને પેલો મિત્ર બોલી ઊઠ્યો : 'ઓ બાપ રે ! આ તો અવળી ટાંગી છે !'

'હવે મૂંગા મરને !' વિસલરે કહ્યું, 'સવળી ટાંગવાની તો કમિટીએ ના પાડી હતી.'

~

'શાણા માણસો હમેશાં પોતાના મંતવ્ય વિષે શંકાશીલ રહે છે; માત્ર મૂર્ખાઓ જ પોતાના અભિપ્રાયોમાં મક્કમ રહે છે.'

'આ તમારો મક્કમ મત છે ?'

'જરૂર, વળી.'

~

'કાલે સંગીત-જલસામાં શું શું સાંભળી આવ્યાં ?'

'અરે, ઘણુંઘણું : નગીનદાસ નાણાવટી દેવાળું કાઢવાના છે; શાન્તા સળગી મરી તે આપઘાત નહિ પણ ખૂન હતું; છબીલી છૂટાછેડા લેવાની છે...'

~

'કામ કરતા કામદારો' નામનું પોતાનું ચિત્ર એક મિત્રને બતાવતાં કલાકારે કહ્યું, 'આ મારું તાજું ચિત્ર છે ને તે સંપૂર્ણતઃ વાસ્તવદર્શી છે.'

'પણ આ ચિત્રમાં તો તેમને કામ નહિ કરતા બતાવ્યા છે.'

'માટે જ તો તે વાસ્તવદર્શી છે ને ?'

સાધના

લેખક
અજિતકુમાર સંઘવી



સાચી વાત છે એમ તો હું કહીશ તો તમે કદાચ નહિ માનો. પણ મારી જ પત્નીએ કહેલી આ સત્યઘટના તમારે માનવી પડશે. એના જ શબ્દોમાં એ કહીશ, સાંભળો :

'તમે જાણો છો કે ખંડિયેરોમાં ને ગુફાઓમાં, મંદિરો ને મ્યૂઝિયમોમાં, આર્ટ ગૅલેરીઓ ને કળાનાં પુસ્તકો તથા કૃતિઓમાં મને ખૂબ રસ છે : કદાચ ગાંડપણ જેટલો. નિર્જીવ પથ્થરમાંથી સિદ્ધહસ્ત કલાકારે કોઇ નયનમનોરમ શિલ્પકૃતિ ઉપજાવી હોય છે ત્યારે તે જોતાં હું મુગ્ધ બની જાઉં છું. કલાકો સુધી તેનાં અંગભંગને પીધા જ કરું છું.

'તમે રહ્યા કાયદાના અભ્યાસી, એટલે તમને એમાં બહુ મઝા ન આવતી હોવા છતાં ઉદાર હૃદયે મારી આ ઘેલછા તમે પોષી છે. ઘણી યે વખત એમ બન્યું છે કે આપણે કોઇ મ્યૂઝિયમમાં ગયાં હોઇએ અને હું કોઈ સુંદર કલાકૃતિને એકાગ્રતાથી અંતરમાં ઉતારી રહી હોઉં અને બોલી ઊઠું : 'અહા ! શું લાવણ્ય છે ! શી સજીવતા છે ! કેટલી તપશ્ચર્યા બાદ આનો ઘડવૈયો આવી કળાનો સ્વામી બન્યો હશે'—ત્યારે તમે કહો કે આ શિલ્પ તો પંજાબના મૉન્ટગોમરી જિલ્લાનું છે (જો આ તકતી પર લખ્યું). પણ મૉન્ટગોમરી તો પાકિસ્તાનના જ્યુરિસડિક્શનમાં આવ્યું; ત્યારે આ મૂર્તિ અહીંના મ્યૂઝિયમમાં કેવી રીતે આવી ?—આવા કાયદાના મુદ્દા શોધવાનું તમને સૂઝતું.

'પણ મૂળ વાત પર આવું. આ વખતે કેટલી જિદ કરીને મેં ઉત્તર ને મધ્ય હિંદના કલાધામો જોવાની રજા મેળવેલી ! આ દરમ્યાન જાન્યુઆરીએ મારા જન્મદિને આપણે સાથે રહી શકીએ તે માટે મારી એ સફર મુલતવી રખાવવા તમે કેટલો આગ્રહ કરેલો ! પણ છેવટે મેં તમને મનાવ્યા. પ્રયાણ અગાઉના કેટલી યે રાતો આનંદવિભોર બનીને ઊંઘમાં પણ તેના જ ઉદ્‌ગારો કાઢીને મેં માણી છે એ તમે જાણો છો. મારી આ ઘેલછા જોઈ તમે કહેલું કે ગયા જન્મમાં જરૂર તું કોઈ શિલ્પી હોઈશ.—અને અંતે મારાં એ સ્વપ્નામાં મગ્ન રહી હું સફરે ઊપડી.

'ઘણું ઘણું ફરી; બહુબહુ જોયું. ગુફાઓની કોતરણી જોઈ, મંદિરોની ભવ્યતા જોઈ, જીવંત સૃષ્ટિ ખડી કરી દેતી શિલ્પની કારીગરી જોઈ, મનોહર પ્રકૃતિદર્શનો જોયાં અને છતાં મારી તૃષા ન છીપી. હજી કાંઈક બાકી છે, કાંઇક ખૂટે છે, એમ થયા કરતું. મનમાં એક પ્રકારની બેચેની રહ્યા કરતી. કોણ જાણે કેમ, સાથેસાથે એમ પણ થતું કે હજુ કાંઈક બાકી રહી જાય છે; જાણે બધી જ જગ્યાએ ફરીથી જાઉં...જોકે હવે એક જ મ્યૂઝિયમ બાકી હતું અને પછી સીધાં ઘેર પાછાં ફરવાનું હતું.

'શહેરના એકાન્ત ખૂણામાં એ મ્યૂઝિયમ આવેલું હતું. તેના પ્રાંગણમાં મેં પગ મૂક્યો ત્યારે એક શાન્ત આહ્‌લાદકતા મને સ્પર્શી ગઈ; મારી બેચેની જાણે દૂર થઈ ગઈ.

'વિવિધ વિભાગો વટાવ્યા પછી અર્વાચીન શિલ્પના એક નાનાશા ખંડમાં હું દાખલ થઈ. મારો 'ગાઇડ' એક જૈફ બાનુ અને મિત્ર સાથે એક મૂર્તિ આગળ ઊભા રહી તેના હકીકત કહેતો હતો ત્યાં મારી નજર બીજી બાજુએ એક અત્યંત નયનાભિરામ પ્રતિમા પર પડી—ને પટતાંવેંત હું

ચમકી ગઈ! શું હું સ્વપ્નમાં હતી? મેં આંખ પટપટાવી, પગ પછાડી જોયા...ના, એ સ્વપ્ન ન હતું, કલ્પના ન હતી: સ્વચ્છ સ્ફટિક શા આરસમાંથી કોઈ અવ્વલ દરજ્જાના શિલ્પીએ પોતાના જીવનસમસ્તની કલાસાધના ના ફલસ્વરૂપ કંડારેલી એ મૂર્તિ મારી જ પ્રતિકૃતિ હતી—અદ્દલ મારી જ! એના હોઠ જાણે હમણાં જ હસી ઊઠશે, એની આંખો જાણે હમણાં જ પલકી ઊઠશે! કલ્પનાવિહાર અને સ્વપ્નાં જોવાની મારી ટેવનું તો આ પરિણામ નહિ હોય ને?

'સ્વપ્નસ્થ જેવી દશામાંથી બાબિયાએ મને જગાડી: ક્યા દેખ રહી હો બિટિયા? બહોત પસંદ આયી યે મૂર્તિ? આની હી ચાહિયે અજીબ સી બાત હય, અદ્દલ તેરે જૈસી હી હય!

'મેં તેને પૂછ્યું, આ કોની પ્રતિમા છે, દાદા?

'કોની છે તે તો નથી ખબર બેટા, પણ એનો કારીગર કોણ છે—મતલબ કે કોણ હતો તે જાણું છું.

'ત્યારે શું એ મૃત્યુ પામ્યા છે?

'હા બેટા, એક જમાનો થઈ ગયો એ વાતને.

'તો મને કહો દાદા તમે જાણતા હો તે બધું કહો.

'બહુ લાંબી વાત છે એ—ને બહુ કરુણ છે.

'તો પણ કહો.

'સાંભળ, બેટા. આનો શિલ્પકાર હતો એક નવજવાન. શહેરના છેવટના ભાગમાં એક ઝૂંપડીમાં તે રહેતો. ને દિવસ ને રાત તેનાં ટાંકણા ને હથોડી વડે ઝૂંપડી ગજાવ્યા કરતો. હતો કળાનો પૂરો ઉસ્તાદ પણ ચહેરેમહોરે ખૂબ જ બેડોળ. કાળો સ્યામ, લઘરવઘર કપડાં, વધેલી દાઢી ને વીખરાએલા વાળ. ઘણી યે વાર પોતાની કૃતિઓ લઇ તે બજારમાં સવારથી સાંજ સુધી ઊભો રહેતો, પણ કોઇ ખરીદતુ નહિ. ઊલટું લોકો તેની ઉપેક્ષા ને ઉપહાસ કરતા. મારી ઝૂંપડી તેની બાજુમાં જ હતી. કેટલી યે વાર તે મારી પાસે આવીને ચિરાતે હૃદયે પોતાની વ્યથા ઠાલવતો. એ ઉપેક્ષા ને ઉપહાસ તેનું દિલ ભાંગી નાખતાં.

'એવામાં રાજાએ કલાસ્પર્ધા યોજી. રાજ્ય આખાના શ્રેષ્ઠ કલાકારો તેમાં ભાગ લેવા તૈયારીઓ કરવા લાગ્યા. એ સમાચાર સાંભળતા જ આ નવજવાન શિલ્પકારની આંખ કોઈ અનોખા તેજથી ચમકી ઊઠી. ચાચા, હવે મારો વખત આવ્યો છે, કહેતો તે ચાલ્યો ગયો.

'દિવસ ને રાત તેની ઝૂંપડીનાં બારણાં બંધ જ રહેતાં; દિવસ ને રાત તેની ઝૂંપડીમાથી ટાંકણાના અવાજ આવ્યા કરતા. ભૂખ તરસ કે થાક કશાને ન ગણકારતાં તેનું ટાંકણું સતત ગાજતું જ રહેતું.

'અંતે સ્પર્ધાનો દિવસ આવી લાગ્યો. મોટા સમારંભની વચ્ચોવચ એક ઊંચા મંચ પર ઇનામની વિજેતા કૃતિ સફેદ મલમલની ચાદરથી ઢંકાએલી મૂકી હતી. સભાસ્થાન ખીચોખીચ ભરાએલું હતું. ઉત્સુકતાના ભારથી લદાએલી શાંતિ હજારો લોકોની હદ પર વ્યાપી ગઈ હતી.

'મહારાજાએ આવરણ દૂર કર્યું ને લોકોના મુખમાથી આનંદનો એકસામટો ઉદ્દ્ગાર નીકળી પડ્યો! ધન્યવાદના ધ્વનિથી સભાસ્થાન ગાજી ઊઠ્યું. પછી જાણે સ્વપ્ન જોઈ રહ્યા હોય તેમ લોકો ચિત્રવત્ શાન્ત થઈ ગયા. તેમની નજર સામે હતી એક સુરેખ, સુંદર, સાક્ષાત્ ચારુતાની પ્રતિકૃતિ હોય તેવી, સફેદ આરસની નારીપ્રતિમા. તેના સુચારુ દેહમાંથી જાણે ભીની ફોરમ વહેતી હતી; ધીમું મલકી રહેલા તેના હોઠ જાણે હમણાં બોલી ઊઠશે, તેના સુરેખ નાકનું ટેરવું જાણે હમણાં ફૂલી ઊઠશે, તેની ચમકદાર આંખો જાણે હમણાં પલકી ઊઠશે!

'શિલ્પકારના નામનો ઉલ્લેખ થયો ત્યારે સભાસ્થાનને એક દૂરને છેડેથી એ બેડોળ ને શ્યામ, વીખરાએલા વાળ ને લઘરવઘર વસ્ત્રોવાળો કલાકાર ધીમેધીમે મંચ તરફ આવવા લાગ્યો. જે લોકોએ આજ સુધી તેની ઉપેક્ષા ને ઉપહાસ કર્યા હતાં તેમણે જયધ્વનિથી તેને વધાવી લીધો.

'મહારાજાએ જુવાનનું અભિવાદન કર્યું. પૂછ્યું, આવી અદ્ભુત શક્તિ તેં ક્યાંથી મેળવી? આ મૂર્તિ કોની છે? આટલી જીવંત મૂર્તિનું સર્જન કરીને તેમાં માત્ર પ્રાણ જ મૂકવાના તેં કેમ બાકી રાખ્યા?

'યુવાન મૂર્તિના પગ પાસે ફસડાઈ પડ્યો. મહારાજાએ પ્રેમથી તેને ઊભો કર્યો. તેની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. ધીમે-ધીમે તે બોલવા લાગ્યો: લોકો મારો ઉપહાસ કરતા તે હું સહી લેતો, પણ મારી કલાની ઉપેક્ષાથી મારું દિલ ચિરાઈ જતું. મને થતું કે લોકો મારી કલાને સ્વીકારતા થાય ત્યારે જ મારી સાધના પૂર્ણ થઈ ગણાય... અંતે આ સ્પર્ધાથી મને તક મળી. મારું લોહી સીંચીને, મારા પ્રાણની આરત પૂરીને, મારી સ્વપ્નમૂર્તિને સર્જવા મેં પ્રયત્ન કર્યો. હથોડા વાટે મારી વેદનાને મેં વહાવી...આજે મારી ઉપેક્ષા આનંદઘોષમાં પલટાઈ ગઈ છે, છતાં મારી એ વેદના હજી શમી નથી. આપની પેઠે મને પણ થાય છે કે હું એમાં પ્રાણ પૂરી શકું,—કોઈ પણ પ્રયાસે, કોઈ પણ ભોગે! મૂર્તિ તૈયાર થઇ ગયા પછી રાતોની રાતો મટકું પણ માર્યા વિના મેં તેની સામે ટીકી રહીને વિતાવી છે, અગણિત બેચેન ઘડીઓ મારી અસહાયતા પર મેં ગણી છે...આટલી સફળતા મળ્યા છતાં મને શાન્તિ નથી. મારી સાધના જાણે અધૂરી છે. તેની પાછળ મારું લોહી સીંચ્યુ છે, મારો પ્રાણ પાથર્યો છે, એમ મારો આત્મા ઉતારી શકું...

'સભા વીખરાઇ ગઇ. મોડી રાત્રે હું તેને મળવા ગયો. ઝૂંપડી ખાલી હતી. શોધતોશોધતો હું સભાસ્થાન પર ગયો. જોયું તો રાતરાણીની ભીની માદક સૌરભ વચ્ચે ચાંદનીના સ્નિગ્ધ પ્રકાશમાં સોહી રહેલી મૂર્તિનાં ચરણોમાં માથું મૂકી જુવાન ઢળી પડ્યો હતો. મેં તેને બોલાવ્યો,—બોલ્યો નહિ; ઢંઢોળ્યો, હાલ્યો નહિ. બરફ જેવા શીતળ તેના શરીરનો સ્પર્શ થતાં હું ધ્રૂજી ઊઠ્યો. જુવાન તેની આખરી સમાધિમાં લીન હતો...

'આટલી સફળ સાધના પછી તેનું અસંતુષ્ટ પાગલ મન તેને ક્યાં લઇ ગયું? આથી યે દીર્ઘ સાધના કરવા? કે પછી તેની અધૂરી આરત પૂર્ણ કરવા—કોઇ મનોહર મૂર્તિમાં પ્રાણ પૂરવા?

'વૃદ્ધે વાત પૂરી કરી. આંસુની ઝાકળથી તેની આંખ ચમકી રહી હતી મેં પૂછ્યું, 'દાદા કેટલાં વરસ થયા આ વાતને?'

'ઘણાં વર્ષ થયાં, બેટા. પણ મને હજી બરાબર યાદ છે એ સમારંભનો દિવસ,—૮મી જાન્યુઆરી—આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાં......'

'અને—હું ચોંકી પડી...આજે જ મને પચ્ચીસ વર્ષ થયા!...'

મારી પત્નીએ તેનું કથન પૂરું કર્યું. તમે આ વાત માનશો કે નહિ એ હવે મારે તમને પૂછવું નથી.

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળની દસમી શિષ્ટ વાચન પરીક્ષા

તા. ૨૫મા સપ્ટેમ્બર ૧૯૬૦ના રોજ લેવાશે. પરીક્ષા માટે સ્વ. આનંદશંકર બા. ધ્રુવ લિખિત 'નીતિશિક્ષણ' (પ્રકાશક: સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ) પુસ્તક નિયત થયું છે. પરીક્ષાના હેતુ માટે તે નીચેને સરનામેથી ફક્ત ૮૧ ન.પૈ. (પોસ્ટેજના ૧૯ ન.પૈ. વધુ)માં મળી શકશે. ઓછામાં ઓછા દસ પરીક્ષાર્થીઓનું ગામ પરીક્ષાકેન્દ્ર બની શકશે. પ્રવેશફી: ૨૫ ન. પૈ. ઉત્તીર્ણ થનારને માટે પ્રમાણપત્રની તથા ઉચ્ચ ક્રમે ઉત્તીર્ણ થનારને માટે ઇનામની યોજના છે. વિશેષ માહિતી માટે લખો: વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, સેન્ટ્રલ લાયબ્રેરી, વડોદરા.

પોતાનું કાર્યક્ષેત્ર નહિ હોવા છતાં શોધસફરોના આકર્ષણ માત્રથી જ ધ્રુવપ્રદેશનાં જોખમો ખેડવા જનાર બે વ્યક્તિવિશેષ

ડૉ. આઇઝૅક હેઝ અને એસ્કિમો હાન્સ હેન્ડ્રિક

લેખક · પ્રો. રમણલાલ ચી. શાહ

ડૉ. કાનેએ જ્યારે ઉત્તર ધ્રુવના નવા પ્રદેશની સફર ખેડી ત્યારે તેની સાથે તેનો એક દાક્તર મિત્ર આઇઝૅક હેઝ પણ હતો. આ સફરમાં તેમને અને તેમાં યે વિશેષ હાડમારી આઇઝૅક હેઝને ભોગવવી પડી હતી. ખોરાક અને બળતણની અલ્પતાને કારણે ધ્રુવપ્રદેશમાં શરીર થીજી જાય એવી કડકડતી ઠંડીમાં દીર્ઘરાત્રિ જે રીતે એને પસાર કરવી પડી હતી તે જોતાં એ જીવતો ઘરે પાછો આવ્યો એ જ એનું સદ્ભાગ્ય હતું. આવી હાડમારી ભોગવી હોવા છતાં અને મૃત્યુના મુખમાંથી બચી ગયાનો અનુભવ થયો હોવા છતાં કાને અને હેઝ જ્યારે અમેરિકા પાછા ફર્યા ત્યારે ધ્રુવપ્રદેશમાં ફરી જવાનાં સ્વપ્નાં સેવી રહ્યા હતા! એ માટે બંનેએ યોજના પણ ઘડી કાઢી અને એ માટે નાણાં પણ એકઠાં કર્યાં. પરંતુ એ યોજના અમલમાં મૂકવામાં આવે તે પહેલાં તો ડૉ. કાનેનું અવસાન થયું.

આ સંજોગોમાં પોતાની યોજના પડતી ન મૂકતાં હેઝે ધ્રુવપ્રદેશમાં જવાનો પાકો નિશ્ચય કર્યો. અલબત્ત, કાને જેવી પ્રતિભા ધરાવનાર એ સાહસિક નહોતો. ધ્રુવપ્રદેશની શોધસફર કરવા માટે જરૂરી ભૌગોલિક અને ખગોળવિષયક જ્ઞાન પણ એની પાસે નહોતું. પરંતુ એક વાર એ પ્રદેશ નજરે નિહાળી આવ્યા પછી એ જ દિશામાં આગળ વધવાની મહત્ત્વાકાંક્ષા એનામાં જાગ્રત થઈ હતી; માટે જ બીજી સફર માટે કરેલી તૈયારી પડતી ન મૂકતાં એણે ધ્રુવપ્રદેશમાં પોતાના પરિચિત રસ્તે જઇ આગળ નવો પ્રદેશ શોધવાની ઇચ્છાને અમલમાં મૂકવાનું નક્કી કર્યું.

એની યોજના નાના પાયા પર હતી. એણે 'યુનાઇટેડ સ્ટેટ્સ' નામનું એક નાનું વહાણ તૈયાર કરાવ્યું. સાથે થોડા ખલાસીઓ અને બીજા કેટલાક નોકરચાકરો લીધા. પોતે ટુકડીની સરદારી લીધી હતી, પણ નવા પ્રદેશની ખોજ માટે પદ્ધતિસરની શોધ કરનાર અને નકશા બનાવનાર નિષ્ણાત માણસની પણ સાથે જરૂર હતી. એ માટે હેઝે પોતાના એક જિગરજાન દોસ્ત ઑગસ્ટ સૉન્નટેગની પસંદગી કરી. સૉન્નટેગ ધ્રુવપ્રદેશનો માહિતગાર હતો, ધ્રુવપ્રદેશની સફરોના અનુભવને લીધે ત્યાંની ઠંડી અને ત્યાંના વાતાવરણથી એ ટેવાએલો હતો, ખગોળશાસ્ત્ર અને ભૂગોળશાસ્ત્રનો એ નિષ્ણાત હતો. જુદાંજુદાં અવલોકનો કરવા માટેનાં, તેમજ અક્ષાંશ, રેખાંશ ઇત્યાદિ માપવા માટેનાં અદ્યતન સાધનો એણે પોતાની સાથે લીધાં હતાં. હેઝની સફરનો બધો જ આધાર સૉન્નટેગ પર હતો.

કાને ગએલો તે રસ્તે જ, ને કાને જ્યાં સુધી જઈ શકયો હતો ત્યાંથી આગળ જવાનું ધ્યેય હેઝનું હતું. આજથી બરાબર ૧૦૦ વર્ષ ઉપર ઈ. સ. ૧૮૬૦માં હેઝનું નાનકડું વહાણ 'યુનાઇટેટ સ્ટેટ્સ' ઊપડયું અને ગ્રીનલૅન્ડની પશ્ચિમે આવેલા બેફિન સમુદ્રમાં પહોંચી ગયું. ત્યાંથી સ્મિથ સાઉન્ડ સુધીની એમની સફર ઘણી જ સંતોષકારક થઈ અને જો આવું ને આવું વાતાવરણ વધારે સમય રહે તો ઠેઠ ઉત્તર ધ્રુવ સુધી પણ પહોંચી જવાનું પહેલું માન પોતાને મળે એવી સુખદ કલ્પના પણ હેઝના મનમાં રમવા લાગી.

પણ એકાએક વાતાવરણ ને હવામાનમાં ફેરફાર થયો. સામેની દિશામાંથી આવતા ઝડપી પવનો ને હિમખંડોના ઘસારાને લીધે હેઝનું વહાણ પાછું બેફિન સમુદ્રમાં ઘસડાઈ આવ્યું. પ્રતિકૂળ હવામાન ઓછું થતાં તેમણે ફરીથી અથાગ શ્રમ કરીને વહાણને સ્મિથ સાઉન્ડમાં દાખલ કર્યું. આમ, ત્રણત્રણ વાર હેઝનું વહાણ સ્મિથ સાઉન્ડ અને બેફિન સમુદ્ર વચ્ચે ઝોલાં ખાતું રહ્યું અને તેમાં એટલો બધો સમય વેડફાઇ ગયો કે ચોથો પ્રયત્ન કરી જોવાનો સમય રહે તે પહેલાં શિયાળો આવવાનાં ચિહ્નો જણાવા લાગ્યાં. બરફનું પ્રમાણ વધવા લાગ્યું અને હવામાન એટલું ઠંડું થવા લાગ્યું કે સ્મિથ સાઉન્ડમાં કાને જ્યાં સુધી પહોંચ્યો હતો એ 'કાને સમુદ્ર' સુધી પણ તેઓ પહોંચી શકયા નહિ. સ્મિથ સાઉન્ડના નાકે ઍલેક્ઝાન્ડ્રિયા ભૂશિર આગળ જ તેમને શિયાળો ગાળવાની ફરજ પડી. બારણું ઉઘડાવવાના પ્રયત્નો કરવા છતાં કોઇ ઘરમાં દાખલ થવા ન દે અને એથી એના બારણામાં જ શિયાળાની કડકડતી રાત પસાર કરવાનો વખત આવે એવી કફોડી પરિસ્થિતિમાં હેઝ આવી પડયો.

શિયાળાની દીર્ઘ રાત્રિ શરૂ થાય તે પહેલાં હેઝ અને સૉન્નટેગ મુકામ માટે યોગ્ય જગ્યાની પસંદગી કરવા માટે આસપાસના પ્રદેશમાં ઘૂમી આવ્યા. તેમણે એક સ્થળે એક હિમસરિતા જોઈ. લગભગ ૬૦ માઇલ લાંબી એ હિમસરિતા કલ્પી પણ ન શકાય એટલી મંદ ગતિથી ખસતી હતી. હેઝ અને સૉન્નટેગે એનું બરાબર અવલોકન કરતાં જણાયું કે એ મહિને ફક્ત બાર ફૂટ જ આગળ જતી હતી! સામાન્ય નજરે તો ખયાલમાં જ ન આવે, જાણે જમીન ઉપર બરફ જામી ગયો છે એમ જ લાગે એવી એ ગુપ્તગતિ સરિતા હતી. સૉન્નટેગની ઝીણવટભરી અવલોકનશક્તિ આગળ એ સરિતા પકડાઇ ગઈ.

આ પ્રદેશના રહેવાસી એસ્કિમો હાન્સ હેન્ડ્રિકે કાનેની ટુકડીને ઘણી મદદ કરી હતી. એથી હેઝે આસપાસના પ્રદેશમાં શોધ કરીને હાન્સનો સંપર્ક સાધી લીધો. હાન્સે હવે મારકટ નામની એસ્કિમો કન્યા સાથે લગ્ન કર્યાં હતાં, એટલે તેઓ બંને પતિપત્ની હેઝની છાવણીએ આવી પહોંચ્યાં અને શિયાળાની દીર્ઘ રાત્રિ પસાર કરવા માટે યોગ્ય જગ્યાની પસંદગી કરવામાં તથા આસપાસથી શિકાર મેળવી આપવામાં આ દંપતીએ ઘણી મદદ કરી.

કાનેની જેમ હેઝે પણ બરફગાડીઓ ખેંચવા માટે પોતાની સાથે કૂતરાઓ લઈ લીધા હતા, પરંતુ કાનેના કૂતરાઓની જેમ આ કૂતરાઓ પણ ઠંડીથી ગભરાઈ ગયા અને આખો વખત ભસભસ કરવા લાગ્યા. થોડા દિવસમાં તેમના ૩૬ કૂતરામાંથી ૨૭ કૂતરા જડબાંની બીમારીને લીધે મૃત્યુ પામ્યા અને બાકીના નવ પણ તદ્દન અશક્ત થઈ ગયા.

અંતે શિયાળાની દીર્ઘરાત્રિ વીતી ગઈ. એ દરમિયાન તેમનું વહાણ સમુદ્રમાં બરફની ભીંસમાં જકડાઇ ગયું હતું. દિવસ શરૂ થતાં, પોતાની આસપાસના પ્રદેશમાં, બરફગાડીઓ સાથે ઘૂમી નકશા તૈયાર કરવાની તેમની યોજના હતી, ને એ માટે કૂતરાઓ પર તેમણે આધાર રાખ્યો હતો. પરંતુ કૂતરાઓ તો મૃત્યુ પામ્યા હતા. એટલે હાન્સ અને સૉન્નટેગ આસપાસના એસ્કિમો પાસેથી કૂતરા ખરીદવા તેઓ નીકળ્યા.

આસપાસના પ્રદેશમાં ઘણું ફરવા છતાં સ્થળાંતરો કરતા એસ્કિમોનો નજીકમાં કયાં ય સંપર્ક થયો નહિ. આથી રખડતારખડતા તેઓ સ્થળેસ્થળે રાત મુકામ કરતા વ્હેઇલ સાઉન્ડ સુધી પહોંચ્યા, જ્યાં સામાન્ય રીતે એસ્કિમોનો સંપર્ક જલદી થઈ જાય છે. પરંતુ ત્યાં પણ ખાસ કોઈ સંપર્ક થયો નહિ, અને છૂટાછવાયા જે થોડા એસ્કિમો મળ્યા તેમની પાસે કૂતરા હતા નહિ. આથી તેઓ ખૂબ નિરાશ થઇ

ગયા. વળી, પોતાની છાવણીમાંથી નીકળ્યાને તેમને ઘણા દિવસો થઇ ગયા હતા એટલે ખાલી હાથે પાછા ફર્યા સિવાય તેમને છૂટકો નહોતો.

હાન્સ અને સૉન્નટૅગ પાછા ફરતા હતા ત્યારે શિયાળો પૂરો થવા આવ્યો હતો, ને સમુદ્રના જે પાણી ઉપર બરફના સળંગ વિશાળ થર જામી ગયા હતા તેમાં હવે ક્યાંકક્યાંક બરફ પોચો પડવા માંડ્યો હતો. આ પ્રદેશમાં શિયાળામાં સમુદ્ર પરના બરફ પર બેફિકર ચાલવામાં જેટલી સલામતી હોય છે તેટલી શિયાળો પૂરો થવા આવતાં હોતી નથી, કેમકે આ વખતે એ બરફ પોચો પડેલો ને બહારથી નક્કર લાગતો છતાં ક્યારે નીચેથી તૂટી પડશે તે કહી શકાતું નથી.

હાન્સ ને સૉન્નટૅગ પાછા ફરતા હતા ત્યારે એક દિવસ રસ્તામાં સૉન્નટૅગ ચાલતો હતો ત્યાં પગ નીચેનો બરફ ભાંગીને તૂટી પડ્યો ને સૉન્નટૅગ બરફ નીચેના પાણીમાં પડી ગયો. એને તરતાં આવડતું હતું એટલે એ ડૂબ્યો તો નહિ, પણ હાન્સે બહારથી એના હાથ પકડી એને ખેંચી કાઢ્યો. ત્યારે એનાં કપડાં ભીનાં થઇ ગયાં હતાં ને આખા શરીરે બરફના થર બાઝી ગયા હતા. ઠંડા પાણીમાં આવી રીતે અચાનક પડી જવાને લીધે તેનું શરીર તદ્દન થીજી ગયું હતું, ને અચાનક પડવાને લીધે તથા બહાર નીકળવાં માટે ખૂબ મથવાને લીધે એ ગભરાઇ ગયો હતો. આ અકસ્માતને લીધે એ લગભગ બેહોશ જેવો બની ગયો.

સૉન્નટૅગ ચાલી શકે એવી સ્થિતિમાં નહોતો, એટલે હાન્સે એને ઊંચકીને બરફગાડીમાં સુવાડ્યો. બરફગાડી ખેંચતોખેંચતો તે આગલી રાત જ્યાં પસાર કરી હતી એ જગ્યાએ આવી પહોંચ્યો, કારણ કે ત્યાં બરફમાં બનાવેલું એક ઘર હતું અને થોડું બળતણ પણ હતું. અહીં જ્યારે હાન્સ આવી પહોંચ્યો ત્યારે સૉન્નટૅગની સ્થિતિ વધારે ગંભીર બની ગઈ હતી. તે હજુ ભાનમાં આવ્યો જ નહોતો. તેનું શરીર તદ્દન ઠંડુ પડી ગયું હતું. આથી હાન્સ પણ ગભરાઇ ગયો. અકસ્માતના સ્થળેથી અહીં સુધી આવતાં આખે રસ્તે હાન્સે મદદ માટે જોરજોરથી બૂમો માર્યા કરી હતી. પરંતુ એ પ્રદેશમાં એની બૂમ સાંભળવા ન હતો કોઇ એસ્કિમો કે ન હતો કોઈ સાહસિક. બરફમાં રસ્તો પણ એટલો ખરાબ હતો કે સૉન્નટૅગ સાથેની બરફગાડી ખેંચતાં ખેંચતાં હાન્સને નાકે દમ આવી ગયો. એમાં એને એટલો બધો શ્રમ પડ્યો કે તે જ્યારે બરફગાડી ખેંચતોખેંચતો બરફના ઘરમાં આવી પહોંચ્યો ત્યારે બહાર અસહ્ય ઠંડી પડતી છતાં તે પરસેવે રેબઝેબ થઈ ગયો હતો!

હાન્સે સૉન્નટૅગને ઊંચકીને ઘરમાં સુવાડ્યો અને થાકીને લોથ થઈ પોતે પણ પડ્યો. સૉન્નટૅગના શરીરને ગરમી આપવા માટે દેવતા ચેતાવવાની જરૂર હતી, પણ થાક અને ઠંડીથી લોથપોથ થઇ ગએલા હાન્સથી ઉઠાયું નહિ. તેના શરીરમાંથી જાણે ચેતન ચાલ્યું ગયું હતું. સૉન્નટૅગ પણ હજુ શુદ્ધિમાં આવ્યો નહોતો. દિવસ પૂરો થવા આવ્યો, રાત પડી અને ઠંડી વધી ગઈ. હાન્સનાં હાથપગ બિલકુલ ચાલતા નહોતા. તેનામાં બેઠા થવાની તાકાત રહી નહોતી. બીજી બાજુ તેને સૉન્નટૅગની સતત ચિંતા હતી એટલે તે ઊંઘી પણ શકતો નહોતો. આમ, એક બાજુ સૉન્નટૅગ આખી રાત બેશુદ્ધિમાં પડ્યો રહ્યો અને બીજી બાજુ હાન્સ આખી રાત ચિંતામાં જાગતો પડ્યો રહ્યો. રાત્રિના છેલ્લા પહોરે સૉન્નટૅગ લાંબાલાંબા શ્વાસ લેવા લાગ્યો અને ઉત્તરોત્તર શ્વાસ લેવાની એની ક્રિયા મંદ પડવા લાગી. આથી હાન્સની ચિંતા વધી ગઈ. ખૂબ પ્રયત્ન કરી, મન મક્કમ કરી એ જેમતેમ બેઠો થયો. સૉન્નટૅગના શરીરે એણે માલિશ કરવા માંડ્યું. સવાર પડી અને હાન્સમાં કંઇક શક્તિ આવી. એણે ઊભા થઇ દેવતા સળગાવ્યો અને સૉન્નટૅગના શરીરને ગરમી આપી, પણ સૉન્નટૅગની સ્થિતિમાં ખાસ કંઈ સુધારો થયો નહિ. એ ભાનમાં આવ્યો જ નહિ, ને થોડા કલાક બાદ તેણે દેહ છોડ્યો. આમ, આ સફરમાં પોતે કશું પણ સંગીન કામ કરી શકે તે પહેલાં સૉન્નટૅગ એક અકસ્માતનો ભોગ બની ગયો.

સૉન્નટૅગના અવસાનથી હેઝની ટુકડીને મોટો ફટકો પડ્યો, કારણ કે એ હેઝના જમણા હાથ જેવો હતો. ભિન્નભિન્ન અવલોકન કરી, અક્ષાંશ–રેખાંશ નક્કી કરી નકશા તૈયાર કરનાર મુખ્ય માણસ ચાલ્યો જવાથી હેઝના સાહસનો કોઇ વિશિષ્ટ અર્થ હવે રહ્યો નહિ. સૉન્નટૅગ હાન્સ સાથે કૂતરા માટેની તપાસ કરવા ગયો હતો એ સમય દરમિયાન હેઝે સ્મિથ સાઉન્ડને સામે કિનારે એલ્સમીઅર ટાપુ પર બરફગાડી સાથે કેટલોક પ્રવાસ કર્યો ને નકશાઓ તૈયાર કરવાના પ્રયત્નો કર્યા, પરંતુ અક્ષાંશ–રેખાંશ વગેરેની એની ગણતરીમાં ઘણી ભૂલો રહી ગઈ હતી.

ઉનાળો શરૂ થતાં વહાણ બરફમાંથી મુક્ત થયું અને આઇઝૅક હેઝ કશું પણ સિદ્ધ કર્યા વગર, પોતાનો જિગરજાન મિત્ર ગુમાવીને અમેરિકામાં પોતાને વતન બૉસ્ટન પાછો ફર્યો.

ઉત્તર ધ્રુવપ્રદેશના સાહસિકોમાં એસ્કિમો હાન્સ હેન્ડ્રિકનું નામ ઘણું મહત્ત્વનું છે. યુરોપીય કે અમેરિકી સાહસિકોના જેવો સુશિક્ષિત અને તાલીમબદ્ધ સાહસિક એ નહોતો; તો પણ એણે કરેલા કાર્યની દૃષ્ટિએ એના નામનિર્દેશ વિના ઉત્તર ધ્રુવપ્રદેશનાં સાહસોનો ઇતિહાસ અપૂર્ણ જ ગણાય. ડૉ. કાનેથી શરૂ કરીને એક પછી એક શોધસફરીઓને મદદ કરવામાં, માર્ગદર્શન આપવામાં અને ભૂખમરાથી મરતા બચાવી લેવામાં એણે ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. ધ્રુવપ્રદેશનો પોતે રહેવાસી હોવાથી ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તેવા સંજોગોમાં એ જઈ શકતો હતો. આસપાસના પ્રદેશોનો એ પૂરેપૂરો ભોમિયો હોવાથી એની સલાહથી સાહસિકોની ઘણી નકામી મહેનત અને સમય બચી જતાં. એ સૌથી પહેલો જ્યારે કાનેને મળ્યો ત્યારે ફક્ત ઓગણીસ વર્ષનો હતો. જેવેલિન વડે શિકાર કરવામાં, ઊડતાં પંખીઓને પાડવામાં ને છીછરાં પાણીમાં કાયાક હંકારવામાં હોશિયાર આ યુવાનને કાનેએ થોડાંક પીપ લોટ અને પાઉં આપીને પોતાની ટુકડી સાથે રાખી લીધો હતો. કાને પછી હેઝે પણ તેની જ મદદ લીધી.

આમ, કાને અને હેઝ સાથે કામ કરવાને લીધે હાન્સની પ્રતિષ્ઠા એટલી બધી વધી ગઇ કે ત્યાર પછી જે કોઈ શોધસફરી આ દિશામાં આવતો તે તરત હાન્સદંપતીની તપાસ કરાવતો અને એમને પોતાની ટુકડી સાથે રાખી લેતો. હાન્સદંપતીએ આ રીતે પચ્ચીસ વર્ષ સુધી જુદીજુદી સાહસિક ટુકડીઓને મદદ કરી હતી અને કેટલીકને તો મોટી આપત્તિમાંથી બચાવી લીધી હતી. તેમાંયે કાને, હેઝ, હૉલ ને નારેસની ટુકડીઓ માટે તો તે અંગભૂત જેવો બની ગયો હતો.

દર વખતે સાહસિકોને પોતાની સાહસ–સફરની રોજેરોજની નોંધપોથી લખતા જોઇને હાન્સને પણ નોંધપોથી લખવાનું મન થયું. એણે પોતાની એસ્કિમો ભાષામાં આ બધી સફરોનાં, અને તેમાં યે ખાસ કરીને પોતે ક્યાં ક્યાં કોની કોની સાથે ગયો, કેવા કેવા અનુભવો થયા અને કોને કેવી રીતે મદદ કરી તેનાં સંસ્મરણો લખ્યાં હતાં. ગ્રીનલૅન્ડના એક ડૅનિશ સંસ્થાનના અમલદારે ડૅનિશ ભાષામાં તેનું ભાષાંતર કર્યું અને એ ઉપરથી, ત્યાર પછી યુરોપની બીજી ઘણી ભાષાઓમાં એનાં ભાષાંતરો થયાંછે. આ સંસ્મરણોએ ભિન્નભિન્ન શોધસફરીઓની સાહસકથા પર ઘણો પ્રકાશ પાડ્યો છે. કોઇ એસ્કિમો દંપતીએ વર્ષો સુધી સાહસિકોને શોધસફરમાં મદદ કરી હોય અને એવી શોધસફરના અહેવાલો પોતાની ભાષામાં ટપકાવી લીધા હોય એવો દાખલો હાન્સ હેન્ડ્રિક સિવાય બીજા કોઇનો જાણવામાં નથી.

સાહિત્યસંપર્ક

કવિકુલગુરુ કાલિદાસ

"જે વર્ષના યૌવનનાં પ્રસૂન
ને જે ફળો આખરનાં, વળી જે
આહ્‌લાદ દે, તૃપ્ત કરે, ઝબોળે
આત્માને ઉત્સવાનંદ મુગ્ધે,
ધરા અને સ્વર્ગનું એક નામ જે,
સૌ સાથે તે કચ્ચરતાં શકુન્તલા."

(અનુવાદ સ્વ. 'શેષ')

ઉપરના કાવ્યમાં જર્મન મહાકવિ ગટેએ, જેના 'અભિજ્ઞાનશાકુંતલ' નાટકની નાયિકા શકુંતલાનું વર્ણન કરીને, એ સૌંદર્યસાર સાહિત્યના સર્જકની અપૂર્વ પ્રતિભાને પોતાની હાર્દિક અંજલિ આપી છે, એ કવિકુલગુરુ કાલિદાસનો પરિચય આજે તો કોઈને માટે નવો નથી. છતાં, એની બે સાહિત્યકૃતિઓ 'અભિજ્ઞાનશાકુંતલ' અને 'મેઘદૂત'ના પ્રસંગો આલેખતી બે ટિકિટો હમણાં ભારત સરકારના ટપાલ અને તાર ખાતા તરફથી બહાર પાડવામાં આવી છે (જુઓ અન્યત્ર) તેને અનુલક્ષીને એ મહાકવિની પ્રતિભા અને સિદ્ધિનો ટૂંકો પરિચય કરીએ. કાલિદાસના જીવન વિષે ઇતિહાસ કે તેની કૃતિઓમાંથી કશી માહિતી મળતી નથી. તેના સમય વિષે પણ સંશોધકો એકમત થઇ શક્યા નથી. કોઈ તેને દૂરમાં દૂર ઈ.પૂ. ૧લી સદીમાં મૂકે છે, તો કોઈ તેને નજીકમાં નજીક ઈસવી પાંચમી સદીમાં મૂકે છે. તદનુસાર આપણે તેને વિક્રમ સંવત્‌ના સ્થાપક રાજા ઉજ્જૈનના વિક્રમાદિત્યના સમયનો ગણીએ, કે ગુપ્ત યુગના ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્યના સમયનો, પરંતુ એ આખો સમય વિસ્તાર ભારત-ઇતિહાસનો સુવર્ણયુગ ગણાય છે; અને આમ, સર્વ શાસ્ત્રો અને કલાઓની સમુન્નતિના તથા જીવનનાં યે શાંતિ સુખ સમૃદ્ધિના એ સ્પૃહણીય સમયનું, કાલિદાસની કારકિર્દી એ સ્વાભાવિક ફળ છે.

કાલિદાસનો છેલ્લામાં છેલ્લો જાણવામાં આવેલો પ્રમાણભૂત પુરાવો શકે ૫૫૬ અથવા ઈ. ૬૩૪નો છે, જેમાં તે અને ભારવિ બંને પ્રશસ્ત પ્રસિદ્ધ કવિઓ હોવાનું જણાવાયું છે. એ કાવ્યકડી આ પ્રમાણે છે:

येनायोजि न वेश्म।
स्थिरमर्थविधौ विवेकिना जिनवेश्म।
स विजयतां रविकीर्तिः
कविताश्रितकालिदासभारविकीर्तिः॥

પોતાના હર્ષ-ચરિતની શરૂઆતમાં કવિ બાણે કરેલો કાલિદાસનો ઉલ્લેખ પણ દર્શાવે છે કે તે બાણના સમય પૂર્વે,-એટલે કે સાતમી સદીના પૂર્વાર્ધ પહેલાં થયો હોવો જોઇએ, પણ બરાબર ક્યારે એ હજી સુધી જાણવા મળ્યું નથી.

કાલિદાસ વિષેની અનેક પૈકી એક દંતકથા એવી છે કે તે બ્રાહ્મણનો પુત્ર હતો. તેને પાંચ-છ મહિનાનો મૂકીને તેનાં મા-બાપ અવસાન પામતાં એક કઠિયારાએ તેને પાળ્યો-પોષ્યો. એવામાં એ પ્રાંતની રાજકુમારી ઉમરલાયક થતાં રાજાએ તેની પાસે લગ્ન માટે ઘણાક મૂરતિયાઓ રજૂ કર્યા, પણ બધાને તેણે નાપસંદ કર્યા. આખરે યોગ્ય મૂરતિયો શોધી લાવવાનું કામ રાજાએ પોતાના પ્રધાનને સોંપ્યું. પ્રધાને પૂર્વગ્રહને લીધે કઠિયારાને ત્યાં પળાતો અણઘડ બુદ્ધિનો આ યુવાન રાજાની પાસે રજૂ કર્યો, અને તેમનાં લગ્ન પણ તાબડતોબ લેવડાવી લીધાં. પછી રાજકુમારીને પોતાના પતિની મૂર્ખતાની પ્રતીતિ થતાં તેણે એને કાલિમાતાની ભક્તિ કરીને સુબુદ્ધિ મેળવવાનું વરદાન પ્રાપ્ત કરવાનું કહ્યું. તદનુસાર કાલિદાસ કાલિનો ચુસ્ત ઉપાસક બન્યો, અને ઉપાસનાને અંતે તો એ તલવારથી પોતાનું માથું ધડથી જુદું કરવા માટે પણ તૈયાર થયો, પણ ત્યાં જ દેવી કાલિ પ્રસન્ન થયાં. ત્યારથી કાલિદાસ પર સરસ્વતી દેવીની પૂર્ણ કૃપા ઊતરી અને તે અત્યંત બુદ્ધિમાન ને પ્રતિભાવાન સાહિત્યકાર બની રહ્યો. ઘેર આવીને તેણે પત્નીનો આ વરદાનના કારણરૂપ બનવા માટે આભાર માન્યો અને તેના તરફ ગુરુ-માતૃ વત્‌ આદર દર્શાવ્યો. આથી ચિડાઇને તેની પત્નીએ તેને શાપ આપ્યો કે 'સ્ત્રીને હાથે જ તમારું મૃત્યુ થશે.' નિરાશ કાલિદાસ હવે વેશ્યાઓની વચ્ચે પોતાનું જીવન વિતાવવા લાગ્યો. એક વાર 'જાનકીહરણ'ના કર્તા ને પોતાના મિત્ર સિંહલદ્વીપના રાજા કુમારદાસને મળવા તે સિંહલદ્વીપ (સિલોન) ગયો હતો ત્યાં, 'कमले कमलोत्पत्तिः श्रूयते न तु दृश्यते।' એ શ્લોકાર્ધ પછીનો અરધો ભાગ રચી આપનારને મોટી બક્ષિશ આપવાનું ત્યાંના રાજાએ જાહેર કર્યું હોઈ, એક વેશ્યાએ શ્લોકની બીજી લીટી તેને પૂછી. કાલિદાસે એ તત્કાલ કહી આપી: 'बाले तव मुखाम्भोजात्कथमिन्दीवरद्वयम्॥' બક્ષિશના લોભે વેશ્યાએ તેને છૂપી રીતે ઠાર કર્યો. પરંતુ રાજા કુમારદાસને સંશય ગયો છે સમજીને વેશ્યાએ રાજા આગળ પોતાનો ગુનો કબૂલી લીધો. પછી મિત્રના અવસાનથી દુ:ખી થએલા રાજા કુમારદાસે પોતાની ચિતા કાલિદાસની ચિતા પાસે જ ખડકાવી એવી લોકવાયકા છે.

કાલિદાસ બંગાળનો, મુર્શિદાબાદના ગઢાશિંગરુ ગામનો, કાશ્મીરનો, વિદર્ભનો, બિહારનો, તેમજ બારકાઇ જિલ્લાના ગંદાસર અને

શબ્દકથા—'મુક્કો'

'મુઠ્ઠી' (કે મૂઠી) અને 'મુક્કી', એ બંનેનો આકાર એક, ચીજ પણ બંને એક, પરંતુ અર્થ જુદાજુદા. મૂઠી ભરાય, મુક્કો ન ભરાય. મુક્કો મરાય, 'મૂઠી મારવી' (એમ કહેવાય તો યે) એ જુદી જ વાત થઈ. 'મુક્કો' એટલે 'મારવા ઉગામેલી મૂઠી.'

'મુક્કો મારવો' એ અર્થમાં 'ઠોંસો મારવો' પણ કહેવાય છે. ખરી રીતે તો એ ટૂંકો પ્રયોગ છે. 'ઠોસો' એટલે 'નક્કર', હિન્દી 'ઠોસ'. એટલે 'ઠોંસો મારવો' એનો અર્થ થયો 'નક્કર મારવો'-પોલો હાથ કે ધબ્બો નહિ, પણ નક્કર મુક્કો મારવો. જેમ 'પાણીચું આપ્યું' કહેતાં 'પાણીચું નાળિયેર' સમજવાનું છે, તેવું જ 'ઠોંસા'નું છે. જોડણીકોશ 'ઠાંસો' પણ આપે છે. 'મનમાં ઠસવું', 'ઠાંસવું', 'ઠસોઠસ ભરવું' એ પ્રયોગો જોતાં 'ઠાંસો'માં પણ નક્કરતા પરખાશે.

'ઠોંસા' ને 'મુક્કા'ના વિરોધમાં 'ધબ્બો' કે 'ધપ્પો' ખુલ્લા કે પોલા હાથની થાપટ માટે વપરાય છે. એ રવાનુકારી શબ્દ છે. જોકે જોડણીકોશ 'ધપ્પો'નો એક અર્થ મુક્કો આપે છે. એ સાચો હોય તો અર્થનો સેળભેળ થઇ ગણાય.

ઉપરાંત 'ધબ્બા'ની જેમ 'ધીબવું' ને 'ધીબકો' પણ છે, અને 'ધીબકો' એટલે 'મુક્કો' એમ કોશ નોંધે છે. સૌરાષ્ટ્રમાં 'ઢીબવું' અને 'ઢીબો' છે, અને એના ધ્વનિ વધુ અર્થાનુસારી લાગે છે. 'ઢીકો' કે 'ઢીંકો' પણ એ જ કોટિનો શબ્દ છે.

આ હિંસક ટોળીના બે સભ્યો હજી બાકી રહે છે, તો તેમની પણ ઓળખ કરી લઇએ. એ છે 'ગડદો' ને 'ગોદો'. 'ગડદો' 'ઠોંસા'ના અર્થમાં જાણ્યા છે, પણ 'ગોદો' તો અણીદાર વસ્તુથી ઘોંચવા માટે જ વપરાતું સાંભળ્યું છે. સૌરાષ્ટ્રમાં 'ઘોદો' છે. પણ જોડણીકોશ 'ગોદો'-નો પણ 'ગડદો' અર્થ નોંધે છે. સંસ્કૃત मुष्टि ઉપરથી પ્રાકૃત શબ્દ मुट्ठि; અને એ મૂઠ, મુઠ્ઠી, મૂઠી, મૂઠો રૂપે આપણને મળ્યો. પણ 'મુક્કી'નું મૂળ? એનો જન્મ અનિયમિત રીતે થયો છે. 'ધક્કા' સાથે 'મુઠ્ઠી' જોડાઇને 'ધક્કામુઠ્ઠી' થાય; પણ આવાં જોડકાં પ્રાસથી જોડાએલાં હોવાથી 'ધક્કામુઠ્ઠી' ને બદલે 'ધક્કામુક્કી' બોલાતું થયું, ને તેમાંથી આપણને મળ્યા 'મુક્કો' ને 'મુક્કી'.

—હરિવલ્લભ ભાયાણી

ગુજરાતી ભાષા અને દેવનાગરી લિપિ

—વિચારવિશેષ—

ગુજરાત સરકારે ગુજરાતી લિપિને બદલે દેવનાગરી લિપિ સ્વીકારવાનો જે નિર્ણય લીધો છે તે ગુજરાતી લિપિની વૈજ્ઞાનિકતાની દૃષ્ટિએ વાજબી નથી એવો પોકાર નર્મદ સાહિત્ય સભાએ પાડ્યો છે તે ઘણો જ સમયોચિત છે. ગુજરાતી લિપિ ભારતની બધી ભાષાઓમાં સુંદરતમ ગણાય છે. દેવનાગરી લિપિ—માથાં બાંધીને લખવાની ટેવ ખોડખાંપણ ને અડચણોથી ભરેલી છે, ખુદ હિંદીમાં યે લેખકો માથાં બાંધીને લખવાની ટેવ છોડી રહ્યા છે ત્યારે ગુજરાતી ભાષાને ફરીને ઘૂમટો કાઢવાનું કહેવું તે વાજબી નથી.

આપણા દેશમાં ગુજરાતી લિપિએ 'ઘૂમટો' છોડી દઈને પોતાની સુંદરતા સિદ્ધ કરી બતાવી છે. આ છતાં ગુજરાત સરકાર ગુજરાતીને બદલે દેવનાગરી લિપિ વહીવટી કારણોસર અપનાવે છે તેને કોઈ વાજબી કારણ નથી.

• • •

નૂતન ગુજરાત રાજ્યની સ્થાપના સાથે જ એના કર્ણધારોએ વહીવટી કામકાજને માટે ગુજરાતી ભાષાને પ્રાધાન્ય આપ્યું તે એક પ્રગતિકારક પગલું હતું. પરંતુ એના લેખન માટે દેવનાગરી લિપિ રાખવાના નિર્ણયની પાછળ સમગ્ર રાષ્ટ્રની એકતાની દિશામાં આગળ વધવાનો ખ્યાલ હોવા છતાં એની ઐતિહાસિક ભૂમિકા અવગણવામાં આવી છે.

દેવનાગરીની શિરોરેખા એ તેનું પાછળથી ઉમેરાએલું અંગ છે. ખાનગી લેખનમાં શિરોરેખાને તિલાંજલિ આપનારાઓ પ્રતિદિન અધિક સંખ્યામાં આગળ આવતા જણાય છે.

ગુજરાતી લિપિ પોતે જ શિરોરેખા વિનાની દેવનાગરી લિપિ છે. એના અમુક અક્ષરોના મરોડો કાળાંતરે બદલાયા છે તે તો એક રીતે કહીએ તો દેવનાગરી લિપિના સરળતાની દિશામાં વિકાસની દશા સૂચવી જાય છે. ભારતની બધી લિપિઓમાં ગુજરાતી, એ દેવનાગરીનું વધુમાં વધુ નજીકનું વફાદાર, સૌથી વધુ સરળ અને છતાં સૌથી સુંદર રૂપ છે, એમ પ્રાંતીયતાના ખોટા અભિમાન વિના પણ કહી શકાય. મૂળ નાગરી અક્ષરોને જાણે સહેજસાજ રંદો મારીને સુડોળ બનાવ્યા હોય એવી ચારુતા ગુજરાતે એમાં આણી છે. આથી, દેવનાગરી લિપિ ઉકેલી શકનારો ભારતના કોઈ પણ પ્રાંતનો વતની ગુજરાતી લિપિ વધુ સરળતાથી ઉકેલી શકે છે. વ્યવહારચતુર ગુજરાતીઓએ એમાં બે ફેરફાર કર્યા: પહેલો અને મુખ્ય એ, કે નાગરીને મથાળે લખાતી શિરોરેખા એમણે કાઢી નાખી. બ્રાહ્મીમાંથી વિકસ્યા પછી એ આવી છે. લખવામાં તો એ અડચણરૂપ હતી જ. આજે પણ નાગરી લિપિની શિરોરેખા નીકળી જાય તો પછી તેની અને ગુજરાતીની વચ્ચે માત્ર થોડા અક્ષરોનો મરોડભેદ રહે છે. તેને ઓછો કરી નાગરીની નજીક લઈ જવામાં આવે તો ગુજરાતી લિપિ રાષ્ટ્રભરના નાગરી જાણનારાઓને માટે સુવાચ્ય બની જાય. એટલે ગુજરાત રાજ્યે સર્વજનસુલભતાને ભોગે કોઈ પણ ઉતાવળું પગલું ભર્યાં સિવાય હાલ તુરત એટલું જ કરવું જોઈએ કે રાષ્ટ્રલિપિ અંગે કેન્દ્રસરકાર જે કાંઈ નવેસરથી વિચારણા કરે કરાવે તેમાં ભાગ લેવા માટે સમજદાર માણસોની સમિતિ રચવી. લોકવિધ યકોએ જેમ અક્રમથી બચવાની જરૂર છે તેમ અતિક્રમથી પણ અળગા રહેવાની જરૂર છે. લોકવ્યાપી સુધારાઓ કલમને ઝટકે પરિપત્રો કે હુકમો શેર.ઓ દ્વારા કરાવવાથી લોકમાનસમાં ઊલટા એક સારી બાબતને અંગે વ્યર્થ પૂર્વગ્રહો પેદા થશે. જો આવું બને તો એકતાનો ઉદ્દેશ માર્યો જઈને વ્યર્થ વિતંડાવાદો અને વિખવાદો ઊભા થશે.

ગામડાંની પ્રજાને લક્ષમાં રાખીને સરલતા સુલભતા વગેરે બાબતોમાં પણ તાણ ન પડે તે રીતે આવો સુધારો થવો જોઈએ. જમીનમહેસૂલ, કચેરીનાં કામકાજો વગેરે અંગે સરકારી તુમારોની મોટી સંખ્યા ગ્રામજનોને સ્પર્શતી હોય છે. તેવા લોકોના મુશ્કેલી અત્યારના તબક્કે નાગરી લિપિ વડે વધવાની. વળી

प्रिय महोदय,
निवेदन है कि 'किशोर' के इस अंक में हम कार्तिक मास के 'कुमार' में प्रकाशित आचार्य काका कालेलकर लिखित 'लंकाका टूंक इतिहास' का अनुवाद प्रकाशित कर रहे हैं। आशा है, आप इसकी अनुमति देकर हमें अनुगृहीत करेंगे।
इति
भवदीय
—हंसकुमार तिवारी
संपादक 'किशोर'

ઘણા હિંદીભાષીઓ શિરોરેખા વિનાની દેવનાગરી લખે છે, તેનો એક નમૂનો. એના 'અ' 'ક' વગેરે પરથી પ્રતીત થશે કે ગુજરાતે કેટલી વફાદારી તથા સાહજિક સરળતાથી પોતાની લિપિ દેવનાગરીમાંથી સરજાવી છે.

....

પ્રાંતના અંતર્ગત વહેવાર માટે લિપિ બદલવાની જરૂર જ શા રીતે ઊભી થાય છે? આને અંગે સને ૧૯૨૭ના જુલાઇના 'નવજીવન'ના અંકમાં મહાત્મા ગાંધીજીએ એક પત્રલેખકને જે પ્રત્યુત્તર આપ્યો હતો તે દૃષ્ટાંત રૂપ છે. પત્રલેખકે એવી માગણી કરી હતી કે 'નવજીવન' દેવનાગરીમાં છાપવું. પૂ. બાપુ પોતે રાષ્ટ્રને માટે એકલિપિના હિમાયતી હોવા છતાં તેમણે આ માગણીનો અસ્વીકાર કરતાં જણાવ્યું હતું કે નવજીવનના પાઠકોમાં કેટલીક બહેનો, કેટલાક પારસીઓ તથા મુસ્લિમો છે. આ સર્વેને નાગરી લિપિ વાંચવામાં અઘરાપણું જણાય તેથી તેવું સૂચન અસ્વીકાર્ય બને છે.

આ પ્રશ્નને અંગે સુરતની નર્મદ સાહિત્યસભાએ અવાજ ઉઠાવ્યો છે. ગુજરાત સાહિત્યસભા તથા ગુજરાતી સાહિત્યપરિષદે પણ આ બાબતમાં યોગ્ય વિચારણા કરી માર્ગદર્શન આપવું જોઈએ. (જનસત્તા)

વિદિશાના હોવાના જુદાજુદા મતો વિદ્વાનોએ પ્રતિપાદન સાથે દર્શાવ્યા છે, પરંતુ હજી સુધી એ સર્વ મતોમાંથી એકે આધારભૂત રીતે સ્વીકારાયો નથી. એવી પણ કથા છે કે કાલિદાસને ત્રણ સ્ત્રીઓ હતી અને એ ત્રણે જુદેજુદે સ્થળે રહેતી હતી. વિદ્યુન્માલા નામની પોતાની પત્ની સાથે તેણે વક્ષાનીતલા ગામમાં કેટલાક દિવસો પસાર કર્યા. શ્રીપાટ દો ગાઝિયા ગામમાં તેણે પોતાના બીજે સંબંધ અને પુત્રનું લગ્ન કર્યું, એવી દંતકથા બંગાળમાં છે. વિક્રમ સંવત્‌ના સ્થાપક વિક્રમાદિત્યના રાજદરબારનાં નવરત્નો પૈકી કાલિદાસ એક હતો, એમ પણ ઘણા કહે છે.

કાલિદાસના જીવન તથા સમય વિષે ભલે પ્રમાણભૂત માહિતી આપણને ન મળતી હોય, પરંતુ એની સાહિત્ય કૃતિઓ પરથી એટલું તો નિઃશંકપણે પુરવાર થાય છે કે તે લલિત કળાઓનો—ખાસ કરીને કાવ્ય અને ગાન, નૃત્ય ને નાટકનો રસિક વેત્તા હતો, આખા ભારતનો અઠંગ પ્રવાસી હતો અને આમ, સ્વદેશની ભૂગોળનું પર્યાપ્ત ને સૂક્ષ્મ જ્ઞાન તે ધરાવતો હતો; ધારાશાસ્ત્રનો નિષ્ણાત હતો અને તત્ત્વજ્ઞાનની ઓણીઓનો તજ્જ્ઞ હતો; ધાર્મિક સિદ્ધાંતોનો, પ્રણાલિકાઓનો અને ઉત્સવઅનુષ્ઠાનોનો તે નિષ્ઠાશીલ પૂજક હતો. તેની

પાસે યથાર્થતા અને સૌંદર્ય માટે ચિત્રકારની આંખ હતી, અવલોકન ને વર્ણનની વૈજ્ઞાનિકની ચોકસાઈ હતી, શાંતિમય અને સ્થિર જીવનના અભિજાત ગૃહસ્થનો પ્રેમ હતો, માનવી મૂલ્યોની જગતડાહ્યા પુરુષની સમજ હતી, દિવ્ય અને ધાર્મિકનો એક ભક્તનો તેનો પ્રેમ હતો, અને એક સમુદાર સૌંદર્યમૂલક હેતુ સારતા કસબીના પ્રભુત્વનો તેનો કલાવ્યવહાર હતો. તેની આ શક્તિમત્તા તેને જગતભરની પ્રથમ શ્રેણીની સાહિત્યમૂર્તિઓ—જેવા કે હોમર, પ્લેટો, સૉફૉક્લિસ, વર્જિલ, દાન્તે, શેક્સપીઅર અને મિલ્ટન—ની સાથે તેને મૂકે છે. 'રઘુવંશ'માં આલેખાએલું મહાકાવ્યનું વસ્તુ હોય કે 'ઋતુસંહાર'માં નિરૂપાએલા પ્રાકૃતિક સૌંદર્યો હોય, 'કુમારસંભવ'માં ચિત્રિત થએલાં પૌરાણિક દૃશ્યો હોય કે 'શાકુન્તલ'માં રજૂ થએલાં નાટ્યીકૃત માનવી પાત્રો હોય, કે 'મેઘદૂત'માં અક્ષરબદ્ધ થએલો શુદ્ધ, ઊર્મિકાવ્યમૂલક, કલ્પનાદર્શી વિષય હોય; કાલિદાસનો ગ્રાહ એ સમૃદ્ધ માનવી અનુભવો અને આદર્શોનો સર્વોન્નત ગ્રાહ છે.

માનવી અનુભવોથી આટલા સભર, પોતાની કૃતિઓમાં ઉત્કૃષ્ટતા ને સિદ્ધિની દૃષ્ટિએ આટલા સર્વોચ્ચ ને મહાન એ કવિકુલગુરુની સ્મૃતિમાં, ભારત સરકારના ટપાલ અને તાર ખાતાએ તેના કાવ્ય 'મેઘદૂત'ના, આષાઢ માસને પ્રથમ દિવસે શાપને લીધે પોતાની પત્નીથી વિયુક્ત થએલો યક્ષ મેઘ દ્વારા તેને પોતાનો સંદેશ પહોંચાડે છે તે ભૂમિકા-પ્રસંગને અને 'અભિજ્ઞાનશાકુંતલ'ના 'શકુન્તલા-પત્રલેખન'ના પ્રસંગને ચિત્રિત કરતી અનુક્રમે ૦·૧૫ ન.પૈ. ને રૂ. ૧·૦૩ની ટિકિટો તાજેતરમાં બહાર પાડી છે. મેઘદૂત-પ્રસંગની ટિકિટનું ચિત્ર શાંતિનિકેતનના કલાભવનના પ્રોફેસર રાધાચરણ બાગચીએ, ને શકુંતલાપત્રલેખનનું ચિત્ર રાજા રવિવર્માં (સચિત્ર પરિચય માટે જુઓ 'કુમાર' અંક ૨૮૫)એ દોરેલું છે. પૌરાણિક વિષયો પર રવિવર્માએ પુષ્કળ ચિત્રો દોર્યાં છે, ને એ દિશાના તે અગ્રયાયી ગણાય છે. આ ચિત્ર તેમણે પોતાના પૌરાણિક વિષયો પરનાં ચિત્રોમાં સૌ પહેલું દોરેલું.

કાલિદાસની આગળ તરી આવતી સાત કૃતિઓ છે: 'અભિજ્ઞાનશાકુંતલ' નાટક; 'વિક્રમોર્વશીય' નાટક; 'માલવિકાગ્નિમિત્ર' નાટક; 'રઘુવંશ' મહાકાવ્ય; 'કુમારસંભવ' પુરાણકાવ્ય; 'મેઘદૂત' લાંબું ઊર્મિકાવ્ય; અને 'ઋતુસંહાર' ઋતુવર્ણનકાવ્ય. કથાકાવ્ય 'નલોદય' તેમજ બીજી કેટલીક ગૌણ કૃતિઓ તેના નામ હેઠળ પ્રચલિત છે પરંતુ એ કાલિદાસની હોવા બાબત વિદ્વાનો એકમત થતા નથી.

કાલિદાસનો પ્રકૃતિપ્રેમ અને પ્રાકૃતિક સૌંદર્યને શોધતી તેની દૃષ્ટિ તેનાં બધાં નાટકો અને કાવ્યોમાં, -દા.ત. 'ઋતુસંહાર'માં, 'મેઘદૂત'ના મેઘના જુદાજુદા પ્રાંતોના પ્રવાસમાં, અને 'કુમારસંભવ', 'રઘુવંશ' તથા 'શાકુંતલ'માં એકસરખી નજરે પડશે. જીવનની તેની સમજ તથા આદર્શો ને માનવી વૃત્તિઓ અને ઊર્મિઓનું તેનું પૃથક્કરણ તેનાં ત્રણે નાટકોમાં અને બે મહાકવિતાઓમાં જોવા મળે છે. કાલિદાસનાં એ સમજ તથા આદર્શવાદમાં અનુભવસમૃદ્ધિ ને સૌંદર્યમર્મ એવાં સંમિશ્રિત છે કે, પ્રકાંડ અનુભૂતિ અને સમતોલ વિવેક ધરાવતો કોઈ વિરલ સાહિત્યકાર જ એવી સિદ્ધિ એકસામટી દાખવી શકે. આમ કવિ જયદેવે આપેલા 'કવિકુલગુરુ'ના બિરુદે કાલિદાસના નામ સાથે જાણે કે સનાતન શોભા સંપાદન કરી લીધી છે.

'અભિજ્ઞાનશાકુન્તલ'ના અનુવાદની પ્રસ્તાવનામાં કાલિદાસની શક્તિ ને સિદ્ધિનો પરિચય કરાવતાં શ્રી ઉમાશંકર યથાર્થ કહે છે કે

"કાલિદાસનાં વર્ણવિન્યાસ, અલંકાર, છંદહિલ્લોલ, કથયિતવ્ય એ બધું જ પદ્યરચનાના એવા સંઘેડાઉતાર ઘાટ રૂપે પ્રગટ થાય છે કે કાવ્યસર્જનની આથી ઊંચી શકયતા હોઈ શકે ખરી?—એવો પ્રશ્ન અનેક ભાષાનાં કાવ્યસાહિત્યોનું પરિશીલન કરનારાઓને પણ ઉદ્ભવે. કાવ્યરચનામાં એક પ્રકારની પૂર્ણતાની કક્ષા કાલિદાસની જેમ વધુમાં વધુ સાતત્યપૂર્વક જાળવનાર કવિઓ બહુ હોવાનો સંભવ નથી. ભાષાની સરળતા, પ્રસાદગુણ, લયની તેજસ્વિતા, મધુરતા ને અર્થની સઘોટતા એ બધાં દ્વારા કાલિદાસની રચના એવી રસાવહ બને છે કે એક વાર કાને પડ્યા પછી હંમેશાનું કર્ણામૃત બની રહે છે ને ચિત્તમાં ગૂંજ્યા કરે છે. કાલિદાસનું પૂરેલું ગદ્ય કેવું કરકસરવાળું અને અભિવ્યંજનાની દૃષ્ટિએ સમૃદ્ધ છે તે એનું સંસ્કૃતમાં જ અથવા બીજી કોઈ ભાષામાં શબ્દાંતર કરવાથી તરત પ્રતીત થાય એમ છે. બોલાતી સંસ્કૃતનાં ગૌરવ અને માધુર્યનો કાલિદાસના ગદ્યથી કાંઈક અણસારો મળે છે.

કાલિદાસની રચનામાં અનેક અલંકારો યોજાયા છે, પરંતુ કોઈ માગે છે તેમ ક્યાંય અલંકાર આગંતુક લાગતો નથી, રચનાનો અંગભૂત બનેલો હોય છે. ઍરિસ્ટોટલે કહ્યું છે તેમ કવિતાની મુખ્ય શક્તિ ઉપમા યોજવાની શક્તિ છે. સંસ્કૃત રસજ્ઞોએ उपमा कालिदासस्य એમ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. કવિનું અનુભવક્ષેત્ર એવું વિશાળ છે કે યોગ્ય ઉપમા એમને જીવનની નિરવધિ વિવિધતામાંથી ક્યાંકથી ને ક્યાંકથી મળી જ રહે છે. કોઈ રસજ્ઞે કહ્યું છે કે કાલિદાસની ઉપમા ઉત્તમ ભલે કહેવાતી હોય, એની અર્થાન્તરન્યાસની શક્તિ વધુ સારી છે. કાલિદાસના અર્થાન્તરન્યાસ ચલણી કહેવતરૂપ બની ચૂક્યા છે.

કાલિદાસની કોઈ વિશેષતા હોય તો તે જીવનનું અખિલાઈપૂર્વક દર્શન કરવાની એની ઊંચા પ્રકારની શક્તિ. કાલિદાસની ભાષાની, છંદની, અલંકારની, વ્યક્તિની, સંવિધાનની વિશેષતાઓ જીવનને અખંડપણે જોવાની એની આ વિશેષતાને પરિણામે છે. અન્ય કવિઓ ઘણુંખરું જીવનના એક દેશનું દર્શન કરતા હોય છે, એમની અનુભૂતિ જીવનરહસ્યના એક પાસાની- અને તેથી પરિમિત હોય છે; જ્યારે કાલિદાસની કાવ્યાનુભૂતિમાં કાંઈક અપરિમેયતા વરતાય છે, અખિલાઈને આવરી લેતી કલાના અણસારા મળે છે. કાલિદાસ આખા વિશ્વક્રમ પર પોતાની નજર છે એવું આપણને સતત ભાન કરાવે છે.

કાલિદાસ ભારતના સાચા રાષ્ટ્રકવિ છે. આ પૃથ્વીને–એના પ્રકૃતિસૌંદર્યને ને માનવજીવનની લીલાને એમણે જીવનભર ગાયાં છે. શાકુંતલના સાતમા અંકમાં સ્વર્ગથી નીચે ઊતરતાં ઇન્દ્ર સારથિને મોંએ કવિ કહેવડાવે છે: अहो उदाररमणीया पृथ्वी। આ પૃથ્વી કેવી ભવ્ય (sublime) ને સુંદર (beautiful) છે! રાજાએ ઉપરથી નીચે જોયું ત્યાં એનાથી ઉદ્ગાર નીકળી ગયો: आश्चर्यदर्शनः संलक्ष्यते मनुष्यलोकः। આ મનુષ્યલોક આશ્ચર્યથી ભરપૂર દેખાય છે. કાલિદાસની પ્રતિભાને આ મનુષ્યલોક જીવનભર આશ્ચર્યદર્શન રહ્યો છે, એની આશ્ચર્યમયતા કદી એમને મન ઘટી નથી. કોઈ કવિની કેમ કરીને ઘટી શકે?"

પ્રકીર્ણ

પરાજય: આપણા પ્રસિદ્ધ નવલકથાકાર શ્રી 'ધૂમકેતુ'ની એ નામની નવલકથાની ચોથી આવૃત્તિ, રૂ. ૫; **મહારાણી કુમારદેવી**: 'મગધસેનાપતિ પુષ્યમિત્ર'ને અનુસંધાને આગળ વધતી, ગુપ્તયુગના પ્રથમ સમ્રાટ ચન્દ્રગુપ્તને ભારતસમ્રાટ બનવાનું સ્વપ્ન આપનાર વૈશાલીની એ લિચ્છવી રાજકુમારીની કથા આલેખતી, શ્રી 'ધૂમકેતુ'ની નવલકથા (આના અનુસંધાનમાં સમુદ્રગુપ્તના સુવર્ણયુગ આલેખતી નવલકથા 'ભારતસમ્રાટ' હવે પ્રકટ થશે) કિંમત: રૂ. ૫-૦૦; **ચૌલાદેવી**: શ્રી 'ધૂમકેતુ'ની એ પ્રખ્યાત અને લોકપ્રિય ઐતિહાસિક નવલકથાનો કિશોરો માટે કરેલો સંક્ષેપ, રૂ ૫૦. પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ૧.

વાચકો લખે છે (અનુ. પૃ. ૨૫૪થી)

'કુમાર'નો ગયા વરસના આખરના એકાદ મહીનાનો અંક હમણાં કોઈ મિત્રની પાસે વાંચ્યો. તેમાં ન્હાનાલાલકવિનાહરિસંહિતા-પ્રકાશન અંગેની ખાસ પૂર્તિ બહુ જ ગમી. પણ તેમાં એક મોટી ભૂલ માલુમ પડી. કવિ દલપતરામના ન્હાનાલાલ સહુથી નાના પુત્ર નહિ, પણ ચોથા પુત્ર હતા. દલપતરામ કવિને કુલ પાંચ પુત્રો. તેમાં સૌથી મોટા મોહનલાલ કચ્છમાં રહેતા (શું કરતા હતા તે મને ખબર નથી) ને કચ્છમાં જ ઘણાં વરસ પહેલાં ગુજરી ગએલા. બીજા છોટાલાલ ને ત્રીજા મગનલાલ તે બંને ભાવનગર રાજ્યમાં વસુલાત ખાતામાં નોકરી કરતા. છોટાલાલને શી સંતતિ હતી તે મને માલુમ નથી. મગનલાલને બે પુત્રીઓ અને એક પુત્ર. મગનલાલની પુત્રીઓમાં એક જશલક્ષ્મી ૧૯૧૦માં બી.એ. થએલા, તેણે આજીવન કૌમાર્ય પાળવાનો નિશ્ચય કરેલો ને તે પાળ્યો પણ ખરો. 'જયા ને જયંત'ની પ્રસ્તાવનામાં તેને માટે ઉલ્લેખ છે. બીજી પુત્રી ભાનુમતિ સાંતાક્રુઝમાં છે. એક પુત્રનું નામ દશરથલાલ તે આજે હયાત છે કે નહિ તે ખબર નથી.

ચોથા પુત્ર ન્હાનાલાલ; પાંચમા ચમનલાલ. તે સરકારી નોકરીમાં જોડાએલા અને કલેક્ટરના હોદ્દા લગી પહોંચેલા. રીટાયર થયા પછી અમદાવાદમાં રહેતા હતા. રતનપોળમાં કવિ દલપતરામે પોતે ચણાવેલું મોટું ઘર છે તે વારસામાં ચમનલાલ કવિને મળેલું. ૧૯૫૭માં તેઓ આશરે ૭૦ વરસની વયે ગુજરી ગયા. તેમનાં બીજી વારનાં પત્ની શાંતાલક્ષ્મી હજુ હયાત છે. એમને કશું સંતાન હતું નહિ. દલપતરામ કવિના એ પાંચમા ને સૌથી નાના પુત્ર હતા—ન્હાનાલાલ નહિ.

ન્હાનાલાલ કવિ જોડે-કુટુંબ જોડે અમારે છેક ૧૮૯૦થી (મારા જન્મ પહેલાંથી) ગાઢો સંબંધ. મારા પિતા એ વખતે વઢવાણની દાજીરાજ હાઇસ્કૂલમાં અંગ્રેજી-ફારસીના શિક્ષક. દલપતરામ કવિ નોકરીમાંથી નિવૃત્ત થઇને બંને આંખે અંધ થઈને વઢવાણમાં છેલ્લા દિવસો ગાળવા આવેલા. વઢવાણ એમનું જન્મસ્થાન અને મૂળ વતન. ન્હાનાલાલને તેમણે દાજીરાજ હાઇસ્કૂલમાં દાખલ કરી તેમની ભલામણ મારા પિતાને કરેલી. ન્હાનાલાલ અંગ્રેજી ચોથી ચોપડીમાં આવ્યા ત્યારે 'સેકંડ લૅંગ્વેજ' સંસ્કૃત લેવી કે ફારસી એ વિકલ્પ તેમની પાસે ખડો થયો. મારા પિતા ફારસી શીખવતા હતા, તેમના ટ્યુશનનો લાભ મળે એ લાલચે ન્હાનાલાલે ફારસી પસંદ કરી. બી.એ. થયા ત્યા લગી ફારસી જ એમની બીજી ભાષા રહેલી. તે પછી સંસ્કૃત તો કવિ ઘેર અભ્યાસ કરીને શીખેલા. કવિ મારાં બાને 'ગોરાણી' કહેતા, ને ઘરમાં દાખલ થતાં જ કહે: 'ગોરાણી ગૌ દોતાં હતાં તને સાંભરે રે ?'

(જિંજા-આફ્રિકા) —રામુ પરમાનંદ ઠક્કર



વઢવાણમાં કવિ દલપતરામનું જન્મસ્થાન

બે પ્રદર્શનો

અમેરિકન પાક્ષિક 'લાઇફ' તેનાં ચિત્રો માટે સચિત્ર પત્રકારત્વના ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે. તેની આ ચિત્રમયતાનો આધાર દેશવિદેશમાં ફેલાએલા એના ફોટોકલાકારોને આભારી છે. તેઓ સચિત્ર પત્રકારત્વની દુનિયામાં અજોડ ગણાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે જુદાજુદા દેશોમાં જુદાંજુદાં ક્ષેત્રે કામ કરી રહેલા આ ફોટોગ્રાફરો–જેમાં સ્ત્રીઓ પણ છે–એકબીજાને મોટે ભાગે તેમના કામથી જ જાણતાં હોય છે; એટલે હમણાં થોડા વખત પર તેઓનો એક સમૂહમેળો ઊજવી 'લાઇફે' એ સૌને ભેગાં કરેલાં.

'લાઇફ'ના રીતસરના પ્રકાશનને તો વીસ વર્ષ થયાં, પણ એ પહેલાં પાંચ વર્ષ અગાઉથી માર્ગારેટ બર્ક-વ્હાઈટ, આલ્ફ્રેડ આઇસેનસ્ટાટ, ટૉમ મૅકર્વૉય, કાર્લ માયડન્સ અને પીટર સ્ટૅકપોલ 'લાઈફ' માટે ફોટોગ્રાફી કરી રહ્યા હતા. આજે લગભગ ૫૦ ફોટોગ્રાફરો તે માટે કામ કરી રહ્યાં છે. આ દરેક ફોટોગ્રાફરની કાર્યપદ્ધતિ અને દૃષ્ટિબિંદુ અલગઅલગ છે. સૌ એકબીજાથી આગવી રીતે કામ કરતાં હોઈ દરેક જણ પોતપોતાની રીતે શ્રેષ્ઠ છે.

પોતાનાં આ ફોટોગ્રાફરોની કેટલીક ચુનંદી કૃતિઓનું 'લાઇફે' એક પ્રદર્શન યોજ્યું છે તે હમણાં ભારતમાં 'યુસિસ' (યુનાઇટેડ સ્ટેટ્સ ઈન્ફરમેશન સર્વિસ) તરફથી રજૂ થયું છે. અલબત્ત, અહીં રજૂ થએલી કૃતિઓ તો માત્ર એની ન જેવી વાનગી રૂપે જ છે, પણ એ પ્રદર્શન જોતાં પ્રતીતિ થાય છે કે સચિત્ર પત્રકારત્વમાં અભિનવ દૃષ્ટિકોણ અને આગવી રજૂઆતથી કેવું ઉમદા ચિત્રસર્જન થઈ શકે છે. વળી, એ સામયિકમાં છપાતી ચિત્રોની નાનકડી છાપો કરતાં એ મૂળ ચિત્રોને મોટા કદમાં જોવાં એ પણ એક લહાવો છે. અને પત્રકારત્વના ક્ષેત્રમાંથી આવેલાં હોવા છતાં આ ચિત્રોમાં ક્યાંયે ભાષણ સાંભળતી માનવમેદની, ફૂલહારથી લદાએલા નેતાઓ અને એવા એવા વિષયો એમાં નથી. અહીં તો છે વર્તમાન માનવજીવન પર અસર કરતાં



'લાઇફ'નું રીતસરનું પ્રકાશન જ્યારે શરૂ પણ નહોતું થયું ત્યારે તેણે આગોતરા રોકેલા પાંચ ફોટોગ્રાફરોમાં આલ્ફ્રેડ આઇસનસ્ટેટનું નામ અને કાર્ય ફોટોગ્રાફીની દુનિયામાં મોખરે છે. હોડીને હલેસાં મારતા હબસીઓના સ્નાયુબદ્ધ શરીરોમાંથી નીતરતાં બળ અને વેગ તેમણે જે સફળતાથી આ ફોટોગ્રાફમાં ઊતાર્યા છે એ એની શક્તિની ઘોતક છે.



'લાઈફ'નાં ફોટોચિત્રોમાં એક વિભાગ છે 'દેશવિદેશની સુંદર સ્ત્રીઓ'. તેમાં રજૂ થએલો અમેરિકા(યુ. એસ. એ.)ની બે યુવતીઓનો રંગીન ફોટોગ્રાફ. મૂળ તો ઘણા મોટા કદનો છે.



ભારતના કવિ-શિરોમણિ કાલિદાસના સ્મરણમાં ગયા માસમાં બહાર પડેલી બે ટિકિટો ઉપર એ કવિની બે કૃતિઓને લગતાં આલેખન છે: (૧)રાજા રવિવર્મા કૃત 'શકુંતલાપત્રલેખન'ને (૨) શ્રી બાગચી કૃત 'યક્ષનો મેઘને અર્ઘ્ય.' એને વિષેના બે અભિપ્રાયો આ રહ્યા:





(૧)

કાલિદાસ આજે જીવતા હોત તો પોતાની સ્મૃતિના માનમાં કાઢવામાં આવેલી આ બે ટિકિટો જોઈને ભારે મૂંઝવણમાં પડયા હોત; કેમકે એમનાં કાવ્યોમાં રહેલા ઊર્મિમાધુર્યથી વેગળી (આ બે અર્થહીન ટિકિટો સિવાય) બીજી કોઈ ચીજ હશે કે કેમ તે કલ્પવું મુશ્કેલ છે.

એ બેમાંની એક ઉપર રાજા રવિવર્માનો આલેખેલો શાકુંતલનો જે પ્રસંગ લેવાયો છે તે તો, આ દેશની પ્રજાની રસવૃત્તિને ત્રણ પેઢી સુધી કોરી ખાનારી પેલી બેડોળ શિલાછાપો જેવી જ છાપ છે. એ જોઈને તો ભુલાવામાં પડી જઈએ કે એ કોઈ મામૂલી હિંદી ફિલ્મનું દૃશ્ય તો નથી? અને મેઘદૂતનું દૃશ્ય નિરૂપતી બીજી ટિકિટ પરનો યક્ષ તો અદ્દલ જાણે કોઈ વિક્ટોરિયન જમાનાના હિંદુસ્તાની નાટકમાંનો અણઘડ ઍક્ટર જ જોઈ લો.

આપણા ઉચ્ચ સ્થાને બેઠેલાઓમાં એકાદ સૈકા સુધી ચાલુ રહેલી રૂઢિજડ સામાન્યતાએ આ દેશની રસવૃત્તિનું એવું તો સત્યાનાશ વાળી નાખ્યું છે કે મોટા ભાગના લોકોને વેવલાં ચિત્રો વિના બીજું ગમતું નથી. આજે પણ પ્રજાને કેળવવાનું જેમને હાથ છે તેઓ જ ઘણી વાર પ્રજાની એવી ગમાર રસવૃત્તિમાં શરીક બની રહ્યા છે, કે પછી આ બાબતમાં કાવ્યરસને બદલે પ્રજાને ગમતા વેવલાવેડા એમણે જાણી જોઈને ચાલવા દીધા છે? –'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ની તંત્રીનોંધ

(૨)

શકુંતલાના પ્રખ્યાત ચિત્ર વિષેની તમારી ટીકા અનુદાર લાગે છે. ઊલટું એમ લાગે છે કે કાલિદાસ-સંમાન ટિકિટ માટે આ ૮૦ વર્ષ જૂનું ચિત્ર પસંદ કરીને કમિટીએ એ કાળના એક કલારત્નનું યોગ્ય સંમાન કર્યું છે.

રસવૃત્તિનાં ધોરણો યુગેયુગે બદલાયા કરે છે. આધુનિક કલાકારોનાં કેટલાંક ઉચ્ચ મનાતાં ચિત્રો આવતી પેઢીને કદાચ ભદ્દાં લાગશે. પણ એનો અર્થ શું એવો થાય કે તે પ્રવર્તમાન કલા-ધોરણોનાં સાચાં પ્રતિનિધિ નથી? એ જ પ્રમાણે રવિવર્માની શકુંતલા તે કાળની ચેતનાનું પ્રતિબિંબ છે,—જે રીતે ઍન્ત્રેલ્લેસ, બૅ:શેર, બોતીચેલી, ઈલ ઑન્નિઝનો, ટીશ્યાં ને સ્ટીઅરની સર્જેલી વીનસમૂર્તિઓ હતી. એ જ રીતે મેનકા, મોહિની, રંભા, શકુંતલા આદિ ભારતીય પૌરાણિક પાત્રોનાં રવિવર્માએ કરેલાં ચિત્રો એક સ્વપર્યાપ્ત ઉત્કૃષ્ટ કોટિનાં ચિત્રો હતાં. એની શિલાછાપની પ્રતિકૃતિઓ ત્યારે ઘેરઘેરમાં કલાનો પ્રસાદ લાવતી. અદ્યતન (મૉડર્નિસ્ટ) ગજથી માપતાં તે જરઠ કલાવિવેચકોની અપેક્ષાને ભલે આંબી નહિ શકતાં હોય, પણ એટલું તો ચોક્કસ કે આજનાં આપણાં ઘરોને બેડોળ બનાવી રહેલી ફિલ્મ-ઍક્ટ્રેસોની તરેહબાજ તસ્વીરો કરતાં તો એ ચિત્રો ચડિયાતો ઘરશણગાર હતાં.

શૈલી અને કસબની દેખીતી ઊણપો તથા લયમાધુર્યનો અભાવ હોવા છતાં રવિવર્માની કૃતિઓ ભારતીય ચિત્રકળાનું એક અગત્યનું પાસું રજૂ કરે છે; અને એ પાસું ભારતની ટિકિટો પર મૂર્તિમંત થયું હોય તો તેમાં કશું ખોટું નથી.

(મુંબઈ) —હરીશ. એસ. બૂચ

જગતનાં બળોની કલામય રજૂઆત. એ બળ, કોઈ ભવ્ય ભગ્નાવશેષ હોઇ શકે, કે પ્રકૃતિનું કોઇ સુંદર દૃશ્ય પણ. ફૂલોની સુરકહરાટ કે નદીઓનો કલનાદ, ઘાસની મખમલી સુંવાળપ કે જોતાં પણ વાગે એવી કાંટાની તીક્ષ્ણતા, માનવીના આનંદપ્રમોદ કે જીવન ટકાવવાને પ્રગતિ સાધવા મથતો તેનો પ્રચંડ પુરુષાર્થ. પણ એ બધું આગવી અને કલામય રીતે રજૂ થયું છે અને કદાચ એટલે જ એ બધું સચોટ છે, અને અહીં જ 'લાઈફ'ના ફોટોકલાકારોની વિશિષ્ટતા છે.

પ્રદર્શનનો સૌને ગમી જાય તેવો વિભાગ છે તેનાં રંગીન ચિત્રોનો. અનંત આકાશના વિશાળ ફલક પર પથરાએલી રંગની ભભકથી માંડી કોઇ ખૂણામાં ઊગેલા થોરિયાના કાંટા વચ્ચે ખીલેલા પુષ્પ સુધીના વિસ્તાર પર પ્રસરેલી પ્રકૃતિની સુંદરતાનું અહીં દર્શન થાય છે. રંગીન ફોટોગ્રાફી, અલબત્ત, આપણે ત્યાં પણ ઠીકઠીક પ્રસરેલી છે, પણ એની જે દીપ્તિ અહીં રજૂ થએલાં ચિત્રોમાં માણવા મળે છે એ જોતાં આપણે હજી કેટલી સિદ્ધિ મેળવવાની બાકી છે તેનો ખયાલ આવે છે.

આ પ્રદર્શનની સાથે એક બીજું નાનકડું ને એવું જ વિશિષ્ટ પ્રદર્શન રજૂ થયું છે. 'માનવી માત્ર રોટી વડે જ જીવી શકે નહિ' એ એનો વિષય છે. રોટલો રળવા ઉપરાંત સૌંદર્ય, સત્ય, આનંદ અને ઈશ્વર વિષેની સમજણની પણ માનવીને જરૂર છે એ આ પ્રદર્શનનો સૂર છે. ભૌતિક સિદ્ધિઓની લગભગ ટોચે પહોંચેલો અમેરિકન પ્રજાજન સાંસ્કૃતિક પ્રગતિ માટે કઈકઈ રીતે પ્રયત્નો કરી રહ્યો છે એનું એમાં દર્શન છે. અંગત વિકાસ અને વ્યાસંગમાં મદદરૂપ થાય એવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે ત્યાંના સામાન્ય પ્રજાજનને કેવીકેવી ને કેટલી તક મળી શકે છે તેની તેમાં સુંદર રજૂઆત છે.



માનું હેત

પ્રાચીન ભારતીય ચિત્રકળાનો અભ્યાસ કરવા આવેલા અમેરિકન ચિત્રકાર સ્ટીવન ટ્રેફોનાઈડ્સે અહીંના લોકજીવનથી પ્રભાવિત થઈ તેના રોજિંદા જીવનવ્યવહારનાં અનેક પાસાંઓ નિરૂપતા ઘણા ફોટોગ્રાફ લીધા છે. એમાંથી ચૂંટેલાં સો ચિત્રોનું એક પ્રદર્શન પણ કલકત્તા, મદ્રાસ અને મુંબાઈમાં યોજાયું હતું. સુંદર હોવા સાથે આ ચિત્રોની વિશિષ્ટતા એ છે કે તેમણે આમાંનું દરેક ચિત્ર કૃત્રિમ પ્રકાશ, ફ્લૅશ, ફિલ્ટર કે વધારાના લેન્સોની મદદ વિના જ લીધેલું છે. અહીં આપેલાં એમાંનાં ત્રણ ચિત્રો પરથી એમની નજરે ભારતની લાક્ષણિકતાને કેવી ઝડપી લીધી છે તે જોવા મળે છે. મંદિરના આંગણામાં ઊભેલી ગાયનું આપણું ચિરપરિચિત દૃશ્ય લેવા સાથે પથ્થરના નંદી અને જીવંત ગાયનો ખૂબીપૂર્વક ને અસરકારક યોગ એમણે યોજ્યો છે. વાચનરત વડિલ અને માના હેતના ચિત્રોમાં પણ આપણા રોજિંદા જીવનનો ધબકાર છે. આ ફોટોગ્રાફોનો ઉપયોગ તેઓ પોતાના ચિત્રસર્જનોમાં કરશે.

આવી ઇતર પ્રવૃત્તિઓમાં વાચનથી માંડીને લાકડા કે માટીની કલાકૃતિઓ અને ગૃહ-ઉપયોગી જણસો બનાવવા સુધી તેનું ક્ષેત્ર વિસ્તરેલું છે. ચિત્રસર્જન પણ એક એવી જ અને કદાચ વધુ લોકપ્રિય પ્રવૃત્તિ છે.

આજે અમેરિકામાં લગભગ ૪૦ થી ૫૦ લાખ કલાશૉખિનો છે જેઓ ઓછામાં ઓછું અઠવાડિયે એકાદ વાર તો અચૂક ઘોડી ઉપર ચિત્રફલક માંડે જ. આમાંથી ૬૫ ટકા જેટલી તો સ્ત્રીઓ છે, જે પોતાના રોજિંદા ઘરકામમાંથી અવકાશ મેળવી ચિત્રો કરતી હોય છે. આ રીતે તેઓ પોતાની સર્જનશક્તિને વ્યક્ત કરે છે એટલું જ નહિ, પણ એમના એ સર્જન દ્વારા તેઓ અડોશપડોશમાં ને લોકોમાં પણ પોતાનું આગવું વ્યક્તિત્વ સ્થાપી શકે છે. ક્વચિત્ એથી એમને થોડો આર્થિક લાભ પણ મળે છે.

પણ આ નિજાનંદી કલાકારો પૈસા ખાતર તો કંઈ ચીતરતાં નથી જ. તેઓ તો કોઈ એકાત ખૂણે કેવળ મોજને ખાતર પોતાનું સર્જન કરતા હોય છે, ને પોતાની અભિવ્યક્તિ લોકો સમક્ષ રજૂ કરવા પ્રસંગોપાત્ત તેઓ નાનાંનાના પ્રદર્શનો યોજે છે. કોઇ પણ શૈલી સ્વીકારવાનું તેમને બંધન ન હોઇ તેમનાં ચિત્રોમાં તેમના મનોભાવ ક્યારેક વધુ સ્પષ્ટ રીતે રજૂ થયા હોય છે. તેઓ ચીતરે છે તે પોતાના સૂઝથી, અને નિજાનંદના આતઃપ્રેરણાથી પ્રેરાઇને.

ઘણાખરા લોકો મોટી ઉમરે આ નિજાનંદી પ્રવૃત્તિમા પડે છે. પ્રેસિડેન્ટ આઈઝનહોવર કે વિન્સ્ટન ચર્ચિલનાં નામ તો એ ક્ષેત્રે જાણીતાં છે; પણ દોનિયર રૂસો–૧૯મી સદીનો એક કસ્ટમ ઑફિસર, પારીસનો શેરદલાલ પૉલ ગૉગિન, કલાવ્યાસંગી ગણિતશાસ્ત્રી અને મુત્સદ્દી ગટે, વૉલ્તેર, હંબોલ્ટ, થૉરો, એડિસન અને ફૉર્ડ સુદ્ધાં આવા નિજાનંદી ચિત્રકારો હતા એ ઘણા નહિ જાણતા હોય. હમણાં હમણાં પ્રકાશમાં આવેલાં દાદીમા મોઝિઝે તો ૭૭ વર્ષની વયે કોઈ પણ જાતની તાલીમ વગર ચિત્રકામ શરૂ કરેલું અને પોતાનાં ગામખેતરની આસપાસનાં સુંદર નિસર્ગદૃશ્યો ચીતરી તેમણે નામના મેળવી છે.

આમ, દાક્તરો, વકીલો, વિજ્ઞાનીઓ, રાજદ્વારી માણસો, સ્ત્રીઓ, શિક્ષકો અને જેલના કેદીઓ સુદ્ધાં—જીવનના પ્રત્યેક ક્ષેત્રમાંથી આવતા લોકો આવી કંઈ ને કંઈ આત્મવિકાસ કરતી પ્રવૃત્તિઓ કરતા જ રહે છે. આ પ્રદર્શન એવી પ્રતીતિ કરાવી રહે છે કે માનવ જીવનની ઉન્નતિ માટે માત્ર ભૌતિક સિદ્ધિઓ જ નહિ પણ આત્મિક વિકાસની પણ એટલી જ જરૂર છે; અને એ સત્ય કંઈ કેવળ નિવૃત્ત થએલા પ્રૌઢોને જ માટે નથી; ધમધમતી પ્રવૃત્તિમાં રત રહેતા યુવાનો પણ જે પોતાનો ફાજલ સમય વેડફે છે તેમને માટે પણ એ પ્રબોધક છે.



વાચન-રત

ભરપૂર રહેતી; તેમાં હાલમાં તો નાસી છૂટવાનો વિચાર એ બધાંમાં મુખ્ય હતો. નાસી છુટાય તો પડોશમાંના ફિરાંસિયા રાજમાં ખબર કરી આશાપુરા ઉપર તરી ગિસ્ત લઇ આવવી ને એ રીતે હાથમાંથી છટકી ગએલા ઇનામ કરતાં બેવડા પૈસા મેળવવાનાં સ્વપ્નાં એને આવ્યા કરતાં.

પાણી મેળવવાની વાતો સાંભળી એને તરત જ એક તરકીબ સૂઝી, જેથી કદાચ મકનાને જેર કરી શકાય ને આશાપુરા ઉપર ગિસ્ત પણ લાવી શકાય. કોંસેલાંતની લાંબી ગેરહાજરીનું કારણ શોધવા ફિરાંસિયાઓ જરૂર બહાર ફરતા હશે એમ એની ખાતરી હતી. એક વાર તો ઝાડવાં સળગાવી આશાપુરાની છુપાવાની જગ્યા બહારનાને જાહેર કરી દેવાની પેરવી પણ એણે કરી જોઇ. પણ ઝાડવાં ચેતે તે પહેલાં તો એની મકસદ પામી જઇ કાનજીએ આગ બુઝાવી નાખી. આ માટે મકનાએ એને ત્રણ ઘડી સુધી ડોલ ઉપરથી ઊંધો લટકાવી રાખ્યો ને ફરી આવું કારસ્તાન કરતો પકડાય તો તોપને મોંએ બાંધવાની ધમકી પણ આપી.

મકનાનો નાશ કરવો એ ઓલીમિયાં માંજીની હવે હરપળની તમન્ના હતી. એણે મકનાને પગે હાથ લગાડી કહ્યું : કોટિયો નાંગર્યો છે ત્યાંથી બે દહાડાને રસ્તે જંગલમાં જબરદસ્ત તળાવ છે. જો ત્રણચાર નૌકા લઇને મકનો ત્યાં આવે તો જોઇએ એટલું પાણી મળે એમ છે. મકનાને એની વાતમાં ઇતબાર તો નો'તો. ત્રણ ચાર દંગી લઇને જવાની એણે ના પાડી, કારણ પોતાનાં માણસોને જોખમાવવા કરતાં પંડને જોખમાવવાનો મકનાનો સ્વભાવ હતો. કાનજીની ઉમેદવારી પણ એણે નામંજૂર કરી અને ઓલીમિયાં સાથે જવા પોતે જ તૈયાર થયો.

કોટિયાની બાકી મરામત પૂરી કરવા કાનજીને તાકીદ આપી એ માંજી સાથે એક દંગીમાં રવાના થયો. માંજીના હાથે પગે બેડી–ડસકલાં હતાં. છતાં એમ પણ પાણીમાં કૂદી એ આપઘાત કરે એ બીકે એને ઢીલાં પણ મજબૂત બંધે ખૂવા સાથે બાંધવામાં આવ્યો. મકનાએ સુકાન લીધું, પડખે બે ભરેલી પિસ્તોલો મૂકી, ગાદી નીચે બે ખાંડાં મૂક્યાં, દંગીનો સઢ છોડ્યો અને માંજીએ ચીંધેલી દિશામાં એણે દંગી વહેતી મૂકી.

પાંચમે દહાડે જો વાવડ ન મળે તો તપાસ માટે બીજી દંગી લાવવાની કાનજીને સૂચના કરી, બધાંને રામરામ કરી મકનો પંથે પડ્યો. થોડી વારે વળાંકા પછવાડે દંગી અદશ્ય થઇ ગઇ. (ચાલુ)

હજુ તો ગઈ સાંજે જ જ્યારે લા કોંસેલાંતના તૂતક ઉપરથી દૂરબીન મંડાઈ હતી ત્યારે એના કાચમાં આશાપુરા કોઇ વાણિયાસાઇ લગાયા જેવું, પાટના ઘોકડા ઉસેડતા ખટારા મિસાલ, ધીમી ચાલે અથડાતું–કુટાતું જહાજ દેખાયું હતું. એના ઢંગધડા વગરના લિબાશવાળા ભૂખડુ ખારવાઓ મરવાની આળસે જીવતા હોય તેમ ફરતા દેખાતા હતા. અથાક ચડૂલી જેવો એનો નાંખવો દૂરથી પણ, ફોજી દિમાગની એ ફ્રેન્ચ ફતેહમારને આરજૂભરી જાણે સલામો કરતો હતો. એવાં નમાલાં જહાજો તો કેટલાંયે, આખો વખત, એ ફાંગ વાટે જતાં આવતાં હતાં. અને એ બધાંની જડતી લેવાના હેરાયા ફ્રેન્ચ અફસરો જતે દહાડે ગાફલ નહિ તો યે બેફિકર જેવા બની ગયા હતા. જ્યારે દૂર ચમકતા ફનોશે ઇશારાથી આશાપુરાની શકમંદ સફર વિષે અંદેશો જણાવ્યો ત્યારે પણ હમેશ પેઠે ખુશ્કી થાણાએ ફરી કો'ક બજારગપ પહોંચાડી છે એમ જ સૌ માનતા હતા.

એ ચેરાગી ગુફતેગો પછી અર્ધી કલાકે, લંગર ઉપાડ્યા પહેલાં, નજદીકના કિનારેથી એક ઝડપી કટારીમાં બેસી બે જણ ફતેહમારી ઉપર આવ્યા અને કૅપ્ટન સુફ્રેનની મુલાકાત માગી. નવા આવનારમાંનો એક, જુવાન ફ્રેન્ચ ખુશ્કી અફસર હતો અને બીજો શાણીચકો ઇસ્લામાબાદી હતો. એ મુલાકાતને પરિણામે એ ઇસ્લામાબાદી જાસુસને સાથે લઇ લા કોંસેલાંતે તકડથી પગો છોડ્યો. કોટિયાના પાટના ધોકડામાં ફ્રેન્ચ રાજ્યના દુશ્મનોના ઉપયોગ માટે બારૂદ-તમંચા ભર્યા હતા એટલું તો હવે નક્કી હતું. પણ છતાં એ કોટિયો દાણચોરીની માલભરતી ઉપરાંત બીજો પણ ધંધો કરતો હશે એ વાતની કોઇને ગંધ પણ નો'તી આવી.

કોટિયાને જોઇ જ્યારે ફતેહમારે પહેલો બાર કર્યો ત્યારે એના મકસદ માત્ર એ બેવકૂફ નાખવાઓને ગભરાવવાની જ હતી. આગળ અનેક વાર આ જ જગ્યાએ બન્યું હતું તેમ, ઘણું તો એ કોટિયો,ઘડીભર ચરડચરડ સરપાણિયા બોલાવતો, આમતેમ નાસવાનાં ફાંફાં મારી છેવટે તાબે થશે એ વિષે કૅપ્ટન સુફ્રેનને જરા પણ અંદેશો ન હતો; છતાં એ નાસી ન છૂટે એવો પાકો બંદોબસ્ત કરવા ખાતર, કોટિયા તરફ પોતાનું ભરાવદાર પડખું ખોલી, અંદર

ફાંગ=નદીના મુખ આગળનો ઘણા ફાંટાવાળો ભાગ-'ડેલ્ટા'; ફનોશ=ફાનસ; ચેરાગી ગુફતેગો=ફાનસથી વાતચીત; કટારી=નાનું વહાણ-યાચ; તકડથી=ઉતાવળે; મકસદ=આશય.

હાંસેલી તોપોના સળવળતી દાઢો ફતેહમાર એને દેખાડવા જતી હતી:—પણ એટલામાં તો અચિન્તું આભ ફાટ્યું…

ફતેહમારની તુંદમિજાજી બેપરવાઈના જવાબમાં આશાપુરાની જેગણી-ઓએ વધાવેલા ગોળાઓ અચૂક નેમ લેતા ત્રાટક્યા અને ફતેહમારના જબુત્રા હેઠેની સાપણમાંથી ત્રણ જગ્યાએ ફાંટ્યા નીકળી પડ્યાં! ત્રણ સામટા ઘાના આંચકાથી ફતેહમાર ભાંગી થઈ ગઈ અને એની તોપોનાં મોં પાણી તરફ ઢળી રહ્યાં! હજી એ સબર થાય એ પહેલાં તો કોટિયો ફતેહમારના પડખા સામે મોરો અડાવવા ઉથામણી દેવા માંડ્યો હતો.

કૅપ્ટન સુફફરેન અનેક જંગનો જોગી હતો. કાં તો કોટિયાની જાન પાર-ખવામાં ભૂલ થઈ, કાં તો પેલા ચપરખંધા ઈસ્લામાબાદી જાસૂસે થાપ ખાધી કે થાપ ખવરાવી, એવા વિચાર તેના મગજમાં ક્ષણભર આવ્યા એવા જ શમી ગયા. જંગ વખતે શૂરા સાવજો વિચાર ન કરે—એ તો ઝંપલાવે.

કોટિયાના બદન આસપાસ ફેફરેલી ધુંવાડ વેરાઈ રહે એટલામાં તો સુફફરેન ગાજી ઊઠ્યો. એના પડકાર ભેળી લા કોંસોલાંત જંગના જોમથી મોરાવાંદાર ધણધણી ઊઠી. એને મોરચેમોરચેથી, જ્યાં સોંત સૂઝે ત્યાંથી, ધગધગતા ગોળાઓની ઝડીમાર ઊઠી.

મકનો નાયક પણ પૂરો ખેલાડી હતો. ફિરંગિયા, વલંદા, ફિરંગી વગેરે બધી યે લોકજાતની લડાયક તરકીબોને એ સારીરીતે ઓળખતો હતો. એણે ફતેહમાર સામે મોરો અડાવ્યો ત્યાં તો દુશ્મનની ઝડીમાર એની આસપાસ પાણીમાં ફુંગરાઓ જમાવતી સમી ગઈ. ધીમેથી રાંગ ફેરવતી ફતેહમાર ઉપર કોટિયાની મોરલી એકલ જોગણી દાવાનળ પટકી રહી હતી. ઓલીમિયાં માજીના દિલમાં દગો હતો એટલો એના બારૂદમાં ન હતો એમ પુરવાર કર-તા એ વાર ઉપર બારમાંનો એક અગનકાટ ગલોલો કોંસોલાંતના રવિસર ઉપર ધડૂક્યો અને બકરો સોંત રીપ ફોડી એ બંગારને પોતા સાથે પાણી-

જંત્રે=કહાસાંપાણની પણ ઉપરનું લાકડું-'રેઇલ' (જુઓ ચિત્ર); ફેફરેલી ધુંવાડ= ઊભરેલો ધુમાડો; મોરા વાંદાર: (મોરો=વહાણનો આગળનો ભાગ, વાદાર= વહાણનો પાછલો ભાગ-'સ્ટર્ન') આગલા ભાગથી તે પાછલા છેડા સુધી; સોંત=નેમ-નિશાન; ઓળંગા=ઓળખીને; ઝડીમાર=સામટો ગોળીમાર, તાસીરો; રાંગ=વહાણનો કંઠો, અર્ધાં પડખું; મોરલી=આગલી; રવિસર=વહાણની પીઠ માટે જડેલાં ઊભાં લાકડાં; બકરો=સુકાનના પાટિયા 'રડર'ને જડેલો લાકડાનો થાંભો-'રડર પોસ્ટ'; રીપ= એ પાટિયાને જડેલી લાકડાની પટ્ટી.

ડોલ, રસ્સા, બધાને મરામતની જરૂર હતી. નાખવાઓ ખૂબ જખમી થયા હતા, એ બધા પણ આરામ માગતા હતા. એટલે મકનાએ એ જ નિર્જન ખૂણામાં મહિનોમાસ કાઢી નાખવાનો નિશ્ચય કર્યો.

પ્રથમ કોંસોલાંતની મજૂસ ખોલવામાં આવી. એમાંનાં કાગળિયાં મકનાએ ભડકામાં સળગાવ્યાં. અંદરથી બે હજાર અશરફી જેટલી રોકડ નીકળી. એમાંનો દસમો હિસ્સો માતાજીને નામે ચડ્યો. બાકીનામાંથી અરધો હિસ્સો કોટિયાને ખાતે જમે થયો. બચતમાંથી પંદર ભાગ મકનાના, એથી અરધા કાનજીના, મકના જેટલા જ ભાગ જીવતા રહેલા ખારવાઓને દરેકને સરખે ભાગે, ને કાનજી જેટલા ભાગ ખપી ગએલા ખારવાનાં કુટુંબ માટે અનામત જુદા,—એમ વાટણી થઈ. સૌએ પોતપોતાનો હિસ્સો હાથમાં લીધો. નવા રમકડાથી બાળક રમે એવા કુતૂહલથી અશરફીઓ ખખડાવી જોઈ અને ઘડી પછી નાખવાએ સાચવવા સોંપી કામે લાગ્યા.

પાસેનાં જંગલોમાં લાકડાં કપાવા લાગ્યાં. નવી મશાલીમાંથી રસ્સાઓ વણાવા લાગ્યા. સઢ-ગાભા સમા થવા માંડ્યા. ઓલી માંજીને બેડીઓ પહેરાવી જંગલમાં લાકડાં કાપવા મૂક્યો. કેદીઓને પણ એ કામ સોંપાયું. દરેક કેદીના મોભા ને વર્તણૂક મારફ એની બાન છોડામણીના પૈસા નક્કી કરાયા ને ચાર ચૂંટેલા નાખવાઓ એ કેદીઓનાં ગામડાં તરફ પગરસ્તે રવાના થઈ ગયા.

એમ ને એમ મહિનો વીતી ગયો. ખારવા તો બધા પાછા તાજા થઈ ગયા'તા. પણ કોટિયાની થોડી મરામત બાકી હતી. દરમિયાન સાલભરની ખોરાકી ખરીદવા બે નાખવા સોદાગરનો વેશ લઈ પાસેના શહેરે ઊપડ્યા.

પાણીનો સવાલ જરા વિકટ હતો. નજદીકનાં એકબે નાનાં ઝરણાં ઉપર આજ સુધી નભાવાતું હતું, પણ મહિનાઓ સુધી સચવાઈ રહે એટલું પાણી લઈ શકાય એવડું જળાશય નજદીકમાં નો'તું.

ઓલી માંજી આ મુલકનો ભોમિયો હતો. આજ સુધી એણે બહુ જ નરમાશથી જે કામ સોંપાય તે ચૂપચાપ કર્યા કર્યું હતું. મકનાને હજી એના વિષે ઝેર હતું, પણ બને તો એની દુશ્મન બનેલી અનેક રિયાસતોમાંની એકને જીવતો વેચવા માટે એણે એને સંઘરી રાખ્યો હતો.

પાણીની મુશ્કેલી વિષે ઓલી માંજીએ મકના અને કાનજી વચ્ચે થતી વાત સાંભળી હતી. એની ચપરખંધી ખોપરી અનેક કુવિચારોથી હમેશ

કચ્છની ઢુકડાતી પર્વતમાળને સર કરી. ઊંડી સાંકડી નાળોમાં એકેક ઘડી ચાલ્યા પછી પઠાણે જવાબ દીધો, આશાપુરાએ એકાદ બે આંચકા ખાધા અને વામણૂ કીચડવાળા ચર ઉપર મકનાએ લંગર નાંખ્યાં.

સવારનો શીળો વાવડો વાતો હતો બાલસૂર્યનાં કિરણોમાં બાંગીતૂટી આશાપુરા પણ મકનાની અને એના ખારવાઓની નજરમાં રૂપરૂપના અંબાર જેવી લાગતી હતી. બધાએ એચ્છવના વાઘા પહેર્યા હતા. એ વાઘા ભેળા જ લોહિયાળ પાટાઓથી બધાનો વેષ કાબરચિત્રો લાગતો હતો. કોટિયો છીછરાં પાણીમાં ખાંગો પડ્યો હતો; અને પડખે ત્રણ નાની કિસ્તીઓ, એટલાં પાણીમાં યે રમતિયાળ ટાબરિયાં પેઠે નાચતી પડી હતી.

ખારવાઓએ બંડક ખોલ્યાં અને એમાંથી એક પછી એક લાસો કાઢી સથા ઉપર સુવાડવા માંડી. મૃત્યુને પેલે પાર દુશ્મની નથી. દોસ્ત અને દુશ્મન એકબીજાને પડખે આરામ લેતા તૂતક ઉપર પડ્યા હતા. દરેકના પગમાં લોખંડી ભાર બંધાયા અને કિસ્તીઓ લદાવા માંડી. એ કિસ્તીઓ લદાઈને ઊંડા તાગ તરફ હંકારાઈ ગઈ.

ત્રીજી કિસ્તીમાં મકનો ઊતર્યો. વચ્ચે પાટ મૂકવામાં આવી. એના ઉપર ચીકણી ચોપડાઈ. કંતાનમાં સીવેલું કાપ્તેન સુફ્રેનનું બદન પાટ ઉપર મુકાયું. પોતાના હાથે એ કંતાન ઉપર મકનાએ ફ્રાન્સનો ત્રિરંગી ઝંડો ઓઢાડ્યો, અને કિસ્તી પંથે પડી.

આશાપુરાના ભાંગેલા ખૂવે સૂરજચંદરનો ઝંડો સરકતોસરકતો અરધી કાઠીએ આવ્યો. એની નીચે, દાના દુશ્મનના માનમાં, ફ્રાન્સનો ત્રિરંગી ઝંડો ફરફરવા માંડ્યો. મકનાની કિસ્તી ઊંડા તાગે પહોંચી. અને આવા ખડતલ નાખવાને આવડે એવી રીતે વિશ્વકર્માને યાદ કરી મકનાએ પાટ નમાવી. પાણીમાં જરાક પણ ધબકારો કર્યા વગર કાપ્તેન સુફ્રેનને પોતાની ઝોળી સઢ્ઢર શઠ કરી. આશાપુરા ઉપરથી ફાજી સલામ દેતી તોપોએ એક પછી એક સાત વાર બાર કર્યા. મકનાએ પાણીમાં હાથ બોળ્યાં, કોગળા કર્યા, માતા આશાપુરા અને ધરિયાલાલને ચારે દિશે હાથ જોડ્યા અને કિસ્તીઓ પાછી ફરી.

કોટિયાના બેહાલ થઈ ગયા હતા. લાકડકામ કડેકડે તૂટી ગયું હતું. ખૂવા,

---

પઠાણે જવાબ દીધો=પઠાણ જમીનમાં છીલ્યું (પઠાણ=વહાણના છેક નીચેના તળિયાના ભાગ ઉપર જડેલું મોભના જેવું સીધું ઘીંગું લાકડું); ચર=ઘડો, છીછરાં પાણી; ખાંગો=વાંકો; સૂરજચંદરના (રાતો) વાવટો=કચ્છના મહારાઓનો પ્રાચીન ઝંડો.

માં દફનાવી ગયો. પૂછડે ઘા પડતાં જેમ કોઈ કાળીનાગ છંછેડાય, તેમ આ કારી જખમની વેદનાથી લા કોંસેલાંત ઘૂમતી એધાર ખાઈ ગઈ અને એના ગોલંદાજો આશાપુરાના તૂતક ઉપર તાકીતાકીને છરા, ગોફણિયા અને ગરનછાંટની મૂશળ વૃષ્ટિ કરવા માંડ્યા. પણ મોરાવાંઢાર થિર થઈ ગએલા કોટિયાને એ બહુ નુકસાન પહોંચાડી ન શક્યા. દરમ્યાન એ સુસવતા દાગનળ વચ્ચે ત્રણ બહાદર ફ્રેન્ચ જવાનો જખમાએલા સુકાનને થીગડથાગડ કરવા શણગાર-અડીની નીચે ઝૂકી પડ્યા

રણચંડી આશાપુરા પણ ઘા બદલ ઘાની ઝડી જ બોલાવવા મંડી. જોતજોતામાં તો ભોકનાક ઘમસાણ મચી રહ્યું. એ બે દુશ્મનોના કાતિલ દાવ ભેળા દરિયો અને વાવડો પણ હવે પાસા ફેંકવા લાગ્યા હતા. જુવારિયા તકની રેંકે રેંક અને સમાલિયા વાવડાના હડસેલાથી બંને જહાજો પૂરવ તરફ ઘમડાવા માંડ્યાં હતાં. સીમપાર ઝાંખા ધુમ્મસની આછી દોર જેવી દેખાઈ રહેલી ડુંગરાઉ કદાર સીમનાં કૂંડાળાં તોડની જાતી'તી અને લાગ મળ્યે બેય જણ મુંઢાકડીએ લેતાં લેતાં ફરી મજલે તાગ શિરોટા ખોળતા'તા; છતાં પણ એક બીજાના ઘા ખાતા-ચુકાવતા, ધુંવાડની આંધી પાછળ સામું પડખું ખોળવા રાંગબૂડ ભમરિયો દેતા, ને જીવલેણ ભડકાથી પંડ બચાવતા, કંઠાને ઢુકડાતા જતા'તા. મામલો જીવસટોસટનો હોતાં આ ઢૂકતી કંઠારની એયમાંથી એકેને પરવાહ નો'તી.

ફ્રનેદમારના તૂતક ઉપર દેશપ્રાણ ફિરંગિયાઓ અને પેટિયાંભાર પરિસા ભાળતી ખલાસીઓ જીબરાઈ રહ્યા'તા. દખ્ખણ યુરપનાં નામચીન બારૂદખાનાંમાં ઢાળેલી તોપોનો દાહ બાર, કોટિયાના બદન ઉપર ઝીંકાતો દે ખાતા ત્યારે આ ખલાસીઓ હરખથી ચિતકાર કરી મેલતા'તા. એ પૂઠથાળકથી ફુલાના ગોલંદાજો કોટિયાના મરમ ચીંધીને ઘા કર્યે જતા'તા, પણ છતાં કોટિયાનો દિમાગ નરમ પડતો નો'તો. આશાપુરાની જોગણીઓ પણ ફ્રનેદમારના તૂતક ઉપર કેર વરસાવી રહી હતી.

એ મગરૂર નાખવાને હવે ફ્રાન્સનો લોખંડી પંજો ચખાડવાનો કપ્તાન સુફ્રેને નિશ્ચય કર્યો. કોટિયાની તોપોની પરવા કર્યા વગર ફ્રનેદમારને પડ-

---

જુવારિયા તકની રેંકે રેંક=ભરતીના પાણીના હડસેલાથી; સમાલિયો વાવડો=પશ્ચિમનો પવન; તાગ=ઊંડાં પાણી; શિરોટો=વહાણ પાણી કાપીને પાછળ જે લાંબો ભાત પાડતો પટ મેલી જાય છે તે-'વેઇક'; રાંગબૂડ=કઠેરો બૂડી જાય એટલી; ઢૂકતી=ઢૂકડાતી, નજીક આવતી.

ખાંભર ફેરવવાનો એણે હુકમ દીધો. ફતેહમારની નવ નવ શેર બારૂદ નોશ કરતી આડ લાંબી નાળોને એવડા ગોળાથી ભરવાનો એણે હુકમ કર્યો; ફતેહમાર જેટલી અને એટલી કોટિયાને દુકડાવવાનો એણે હુકમ કર્યો; અને ઇશારો થતાં જ આડેબાદ નાળના ભડકાથી કોટિયાનું પડખું ઊતરડી નાખવાનો એણે મનસૂબો કર્યો,—અને જાણે આ બધા હુકમો કોટિયો દૂરથી પણ સમજ્યો હોય તેમ, ફતેહમારને આ ગોઠવણ પૂરી કરવાની પાંચ પળ મળે તે પહેલાં તો કોટિયાના ફણા ઉપરથી આગ જેવો ગોફણિયો વછૂટ્યો અને ફતેહમારની જિન્નાર નીચે ગાબડું પાડતો ફાલકાના સુકા કાટમાં ઘૂસી ગયો. અને ફાલકામાં આગ સળગે તે પહેલાં તો એ ગાબડામાંથી ધૂમ બોલાવતો દરિયામાં અંદર ધસ્યો! કૅપ્ટન સફ્રરેન પંડે ફાલકામાં ઠેકી પડ્યો. ઉપરાઉપર કાતિલ ધડકી ઠાંસી ઠાંસી ગાબડું દાટવા માણસોને પડકારવા લાગ્યો. ટંકી ઉપર માણસો મેલી પાણી ઉલેચાવવા માંડ્યો. અને એ બધાંની વચ્ચે થિર મોત જેવી ડાચાં વકાસી તૈયાર ઊભેલી નવશેરિયા નાળોના કાન ચ.પવાનો એણે ઇશારો કર્યો.

આશાપુરા ઉપર તો જાણે નરી જૂનાવળ જાગી હતી. બારૂદથી કાળાંમેસ બનેલાં બદન ઉપર લોહિયાળ લીરાટાથી ભયંકર લાગતા એ મુઠ્ઠીભર નાખવા, હવામાં ઝીણાતા એકીસાથે બધે પહોંચી વળવા મથતા હતા; ભૂખ્યાં ખપ્પર ખખડાવતી જોગણીઓને બારૂદ-ગોળાનાં અસોલ નૈવેદ્ય ધર્યા જતા'તા; લોહીથી વારંવાર લપસણા બની જતા સથા ઉપર રેતીનાં પીપાં ઠલવાતા જતા'તા; સળગતા રસ્સા ને સરપણા ઉપર પાણીની મોટી રેડતા જતા'તા; તૂટતી આલાદને મારગને આડેથી ઉપાડી રાંગ બહાર વામ્યા જતા'તા; મકનાની ત્રાડ ભેળા ધાનણ, સાર ને કત ફેરવતા જતા'તા; પડ્યા સાથીને બંડકમાં લઈ જઈને સુવાડતા જતા'તા;—અને આ બરવા જૂનાવળ વચ્ચે પિનાકપાણિ જેવો મકનો નાયક સુકાનને બાવડે જકડી, ત્રાડુકતા ત્રાડુકતો ગજગજ ફૂલાતો જતો'તો; દુશ્મનનો એકેએક દાવ પડેલેથી કળી જઈ ચુકાવતો જતો'તો; સામા કયા યે નબળા થાતા દેખાય ત્યાં ધા મારે જતો'તો; શૂરાને પડકારતો, કાયરને ડારતો, છતેડી છોડ્યા વિના કોટિયાની ઉપર, નીચે

નોશ કરતી=આરોગતી; જિન્નાર=પાણીની ઉપર રહેતો વહાણનો ભાગ-'વૉટર લાઇન'; ફાલકો=મંડક; કતિયા=કાપડના તાકા, તાકા ઉપરથી તક-કત; કત=સઢના ફૂળ કે પોત; સરપણાં=દોરડાં; રાંગ=કઠેડો; ધામણ=જે દોરડા વડે સઢને સન્તાણ કે ઢીલો કરી શકાય તે; છતેડી=ભંડારનો ઉપરનો માળ, અગાશી, ખુલ્લું તૂતક-'ઓપન ડેક'.

લાગ્યાં હતાં, એટલે મકનો કાનજી માટે ચિંતા કરવા લાગ્યો હતો. ત્યાં તો ચાર કદાવર નાખવાઓ બબ્બે લોખંડી મજૂસ લઈ આવ્યા. એની પછવાડે કાળકા માતાના ભેરવમંડળ પેઠે ભયંકર નાચ કરતા ખારવાઓનું ટોળું આવ્યું. એ દેખાવ જોઈને ઘડીભર મકનો પણ હસવા મંડ્યો. ટોળા વચ્ચે કાનજી પણ અરધોપરધો નાચતો હતો અને એની બાથમાં એક ઓળખીતો આકાર દેખાતો હતો.

મકનાએ સોણું જોતો હોય તેમ આંખ ચોળીને ફાડી. કાનજીની બાથમાં એણે કોને જોયો? એણે ફરી આંખ ચોળી. નહિ. આ સોણું નથી. બીજી જ પળે એના પગ પાસે લાવ્યા વળી પડેલા ઓલીમિયાં માંજીને જોઈ મકનાના ડોળા ફાટી ગયા!

'આમી તોમાર ગોરૂ—આમી તોમાર છેલે—આમાકો કિછુ ઓપરાધ નાઇ... (હું તારી ગાય, હું તારો છૈયો—મારો કંઈ અપરાધ નથી.)'

'ખણ્ગોસ બૈસા હી ગોરૂ કે; બંધૂલ વટાં મુસ્કેતાટ બંધ્યોસ. ફંનજો ઈન્સાફ આઉ પૌંટે કરી ઘોસ. (ઊંચકો આ ગાયને; બંદૂક પાસે એને મુસ્કેટાટ બાંધો. એનો ઇન્સાફ હું પછી કરીશ.)'

કુહાડીના ઘાએ કોટિયાનો ધોરો અને તીર તૂટી પડ્યાં. ડૂબતી ફતેહમાર સાથે ઝોંક લઈ પડેલો કોટિયો ટટ્ટાર થયો. કાનજીએ વીણો હડસેલી કોટિયાને દૂર કર્યો. કોટિયા આશાપુરાના ધોરાને બળે ટીંગાઇ રહેલી ફતેહમાર ઉપર દરિયો જોરથી ધસી ગયો; એના ગાબડે ગાબડે ભયંકર બડબડિયાં બોલવા માંડ્યાં અને ડૂબતા બાણનાં છેલ્લાં દર્શન કરી લેવાને હોય તેમ જરા કોર સંકોરી લા કાંસાલાંને અતલ આરામગાહનો રસ્તો લીધો.

કોટિયાની સ્થિતિ પણ જોખમકારક હતી, એટલે મકનાએ પાસેની એક સાંકડી નાળ તરફ તેને હંકાર્યો, અને બેહાલ બનેલા છતાં વિજયનાં ડંકાનિશાન સાથે પાછા ફરતા મરણિયા રજપૂત પેઠે બાઉંગતો બાઉંગતો એ છીછરાં પાણી શોધતો ધીમેધીમે સરવા માંડ્યો. કાનજીએ ફૂલગુલાબીના પીપાં તોડ્યાં, કાચા ચણાના બસ્તા તોડ્યા, ગોળનાં માટલાં કાઢ્યાં—અને ખારવાઓ ધરાઈધરાઈને ખાવાપીવા માંડ્યા.

બદુલ=વહાણમાં ફૂટતાં પાણીને એકઠું થવા માટે વહાણના છેક છેવટના તળિયાના ભાગમાં રાખેલી નીચાણવાળી વચલી જગ્યા, કૂંડી, 'પમ્પવેલ'. એમાં ભરાતું પાણી તે ધામડ-વહાણનો ધ.મ-પરસેવો; વીણો=સુકાનનો હાથો-'ટિલર'.

અને એ પળે જ લા ક્રોંસોલાંતના ત્રણેક વામ જેવડા ઠૂંઠા બનેલા ડોલ ઉપર સફેદ વાવટો ભિડવા લાગ્યો. તોપમી ફ્રેન્ચ અમલદારોમાંથી બચેલા એક પૂરા અફસર જવાનને જેર કરી ફતેહમારના પરદેશી ખલાસીઓએ એ વાવટો ચડાવી દીધો. 'જયે રા જયે રા'ના ઘોષથી આભ ફાટવા માંડ્યું. આ નિમકહરામ ગોલાઓને ખાડાની ધારે હડસેલતા ખારવાઓ આશાપુરાના તૂતક ઉપર કૂદવા માંડ્યા. થોડાક અનુભવીઓ ક્રોંસોલાંતની કોટડીઓના માલદાર સરસામાન ઉઠાવવા રોકાયા. મકનો સુફ્રેનના બદનને ખાંધે નાંખી કોટિયા ઉપર આવ્યો. કાનજી ફરી ખારવાઓ સાથે ક્રોંસોલાંતનાં દફતર અને તીજોરીની શોધમાં, ધૂંધવતા ભંડકમાં ઠેકી પડ્યો.

મામલો ઘડીપળનો હતો; જામગરી સળગતી સળગતી બારૂદખાનાનો ઉંબર કૂદાવી ગઇ હતી, પણ કાનજીના દિલમાં ધ્રા જેવી ચીજ જ નો'તી. પળના પણ પા ભાગે એ ઝગમગતી જામગરી ઉપર કૂદી પડ્યો. ખૂંદાતા અંગારા એની પાટલીએ સડસડતા વિસાઇ ગયા, અને જળુત્રાબૂડ ફતેહમાર જાણે પોતાના ગામડાનું ચોકું હોય એટલી બેપરવાહીથી કાનજી અને એના સાથીઓ એક પછી એક ખૂણેખૂણા માથે કરવા મંડ્યા. છેવટે મોટા ખૂવાની પાળી ઉપર એણે લોખંડી મજૂસ જોઇ,—અને એને અચંબામાં નાખતો એક કાળો આકાર એ મજૂસ પૂંઠે ટૂંટિયાં વાળી લપાએલો એણે જોયો.

કાનજીને જોઇ એ આકાર સહેજ સળવળ્યો. એક નાનું તીણું ધારાની ખંજર કાનજીના કાનને છરકો દેતું ઉપર ભારવટિયામાં પેસી ગયું! ત્રાડ મારી કાનજી એ ખૂની ઉપર પડ્યો અને એને બહાર ખેંચી કાઢતાં એનાથી બૂમ પડાઇ ગઇ: 'લખ લ્યાનત ભેંસા! હીત ઓલીમિયાં માંજી!'

મકનાએ સુફ્રેનને છતેડી ઉપર સુવાડ્યો. એના નિર્જીવ બદન પર એના માદરવતન ફ્રાન્સનો જળહળતો તિરંગી ઝંડો માના હેતથી એણે ઓઢાડ્યો, ને પછી એક ભીષણ કુહાડી લઇ ધોરા ઉપર જઇને ઊભો રહ્યો.

કેદીઓને ભંડકમાં પૂર્યા પછી ખારવાઓએ ફતેહમાર ઉપરથી બારૂદ, તમંચા, નવી નવી કિસમની નાનકડી તોપો, પિસ્તોલો, કિરચો વગેરે લાવી લાવી આશાપુરા ઉપર ઢગલો કરવા માંડ્યો. ફતેહમારનાં તૂતક હવે પાણી લેવા લાગ્યાં હતાં, એના ઉપરનાં મુડદાંઓ અવશ તરવા

તાખ્મા=અસલ બુંદના; ધ્રા=બીક; વિસાઇ ગયા=બુઝાઇ ગયા; જળુત્રાબૂડ=છેક ઉપરની 'રેઇલ' સુધી ડૂબી રહેલું વહાણ; લખ લ્યાનત=લાખ્ખો ફિટકાર; છતેડી=ખુલ્લું તૂતક.

અને આરપાર બધે જાણે હાજર જેવો, ખારવાખારવાનાં બાવડાંને બળ દેતો એ પચ્છમધરાનો સાયરબચ્ચો ધીંગાણું જાણે મહાલી રહ્યો હતો.

ફતેહમારના ખલમાં ગાબડું પાડી, ફરી એના સમારેલા સુખાણ સોંત મોરચો માંડવા આશાપુરાએ ત્રાંસી રાંગ માંડી. ત્યાં તો ફતેહમાર ઉપરથી નવશેરી નાળોના સૂસવતા ગોળા છૂટ્યા, અને એક કિસ્મતદાર ગોળો કોટિયાના વડા ખુવાને મૂળ સોંત ઝીંખેડતો ભેખડાયો. હાથીની સૂંઢ જેવી આલાદ જાણે કાચા સૂતરના તાંતણા હોય તેમ એક બાજુથી ફટોફટ તૂટી ગઇ અને ખૂવો રાંગ ઉપર ઢળવા માંડ્યો હૂંટીચાર વેદનાથી હોય તેમ, એ ઢળતા ખૂવાના બળભારે કોટિયો પણ પાણી ઉપર ઢળવા માંડ્યો. ચડતી રાંગની તોપોમાંની એક, બંધ તોડી, ઢળતા જતા સથા ઉપર ગબડવા માંડી. બીજી તોપો ગાંડા સાંઢ પેઠે બંધ તોડવા જાણે ઉછળી રહી. નાખવાઓ જ્યાં હાથ પડે ત્યાં લટકી રહ્યા. કોટિયાની રાંગ ડૂબી રહી અને આ જોઇ લા ક્રોંસોલાંતના તૂતક ઉપરથી જયઘોષ ઊઠ્યો: 'વિવ લા ફ્રાંસ!'

કાનજી માલમ ઊભે તૂતકે સરતો ભંડકમાંથી એક મોટી કુહાડી લઇ આવ્યો અને દાંત ભીંસી ડારાથી જરીક ઉપર લોખંડી ઘા ઝીંકવા માંડ્યો. પા તસુ, અરધો તસુ કરતો ખૂવો કપાવા લાગ્યો અને છેવટે ધબાકાભેર પાણીમાં પડ્યો. અમૃતકુંપીની છાંટથી પુનર્જીવન પામતા લક્ષ્મણ પેઠે, ફોર સંકોરતો કોટિયો ફરી સભર થયો અને બહુ ઢૂકડે આવી પહોંચેલી ફતેહમાર ઉપર એના વાંઢાર મોરચાએ જાણે ખુશાલીના બાર ઉપાડ્યા અને ફતેહમારની કલમી આલાદમાં આગ લગાડી!

હવે ફતેહમારની સ્થિતિ કફોડી બની ગઇ. નીચે ગાબડામાંથી પાણી જોર કર્યે જતું'તું. એના ભારે ફતેહમાર ખાંગી થઇ ગઇ'તી અને તોપોને સોંત

ખલ=વહાણનું બદન; સુખાણ સોંત=સુકાનની નેમ લઇને; નવશેરી નાળ=નવ નવ શેરનો ગોળો લેતી તોપ; વડો ખૂવો=વહાણનો કુવાથંભ-વચલો મોટો થંભ-'માસ્ટ' અથવા 'મેઇન માસ્ટ'; મૂળ સોંત=મૂળ સુદ્ધાં; ડારો=ખૂવાથંભને ટેકવવા માટેનો થાંભલો; કલમી=છતેડી, ભંડારનો ઉપરનો માળ, ખુલ્લું તૂતક, ઓપન ડેક; કલમી ખૂવો=છતેડી (ખુલ્લા તૂતક) ઉપર રખાતો બીજો કુવાથંભ, 'મિઝન માસ્ટ'; કલમી આલાદ=એ ખૂવા ઉપરના સઢ તથા દોરડાં વગેરે; ધોર=વહાણના આગલા મોરા પાસેનું સઢ બાંધવાનું લાકડું-'બોસ્પ્રિટ'; ટાંગરો=ધોરને મોરા આગળ બાંધવા માટેનો આડો ઘોડો.

નો'તી મળતી. સુખાણ તો પહેલેથી જ જખ્માયું હતું, તીર ઘોરા કયારના કપાઈ ગયા'તા, અને જો કલમીની આગ નીચે પહોંચે તો બારૂદખાનું ફાટીને જહાજને અદ્ધર ઉડાડી દે. આ ગંભીર સ્થિતિને પહોંચી વળવા કૅપ્ટન સુફ્ફરેને ડંકી ઉપર જોઈએ તે સવાયના બધાને આગ બુઝાવવા દોડાવ્યા અને નજદીક આ ેલા કોટિયા ઉપર, ચૂપ બેઠેલી તોપોની અવેજીમા તમંચાઓ ચલાવવાનો હુકમ કર્યો. ફતેહમારના રસ્સાઓ પર ચડી બરકંદાજો ચીંધીચીંધીને તમંચાઓ ચલાવવા લાગ્યા; આશાપુરાના સથાને ગોયા સફા કરવા માંડયા, તૂતક પર દેખાય તેને વીંધવા માંડયા, ને જોતજોતાંમાં કોટિયાના તૂતક ઉપર બે જ માથાં દેખાવા લાગ્યાં: છતેડી ઉપર મકના નાયકનું અને મોરા ઉપર કાનજી માલમનું.

હવે મામલો ખલાસ જેવો દેખાતો હતો. મકનાની બહાદુરી અને એના નખવાઓની જવાંમર્દી છતાં દુશ્મનન માણસોની અને તોપોની નરી સંખ્યા જ એને હરાવવા માટે બસ હતી. એનાં મુઠ્ઠીભર માણસોમાંથી પણ રણચંડીએ બલિ આંચકી લીધા'તા. છતાં હાર કબૂલ કરવી એ કરતાં તો કેસરિયાં કરી દુશ્મનને ભેગો ભેડી જવું બહેતર, એ મકનાના દરેકેદરેક નાખવાનો નિશ્ચય હતો. જમરાજને પણ ચાર સવાલ પૂછ્યા વગર ભેળો જાય એ મકનો નાયક નહિ. એણે છેલ્લો દાવ અજમાવી લેવા નક્કી કર્યું. બરકંદાજો ની ચીંધણીથી નાખવાઓને દૂર મોકલ્યા, નીચે રહીને કરવાની તૈયારીઓની સૂચના આપી દીધી અને મકનાએ માતાજીને હાકલ દેતેક ને સુકાન દબાવ્યું. કોટિયો તરડુબ તરડુબ મોરો અફાળતો સીધો ફતેહમારી તરફ વધવા માંડયો.

ફતેહમારીના તુતક ઉપર હાથોહાથ લડાઈ ખેલી લેવાની મકના નાયકની મકસદ, સુફ્ફરેન તરત જ સમજી ગયો. પશ્ચિમ ધરાના નાખવાઓ જીવ ન્યોછાવર કરતા વિફરીને જ્યારે ખાંડાખેલ ઉપર ઊતરે ત્યારે કેવા ભીષણ હોય છે એ વિશે કૅપ્ટન સુફ્ફરેને અનેક કહાણીઓ સાંભળી હતી. ફાલકામાં બૂડ, કલમીમાં આગ ને એ વખતે જો તૂતક ઉપર આ ચિત્તાઓ ઊતરી પડે તો તેની સામે તો દરેકેદરેક માણસની જરૂર પડે. અને છતાં બીજી બાજુ ડંકી બંધ થાય એમ નો'તું, કે આગને વધવા દઈ બારૂદખાનું જોખમાવાય એમ નો'તું. આ બધા વિચાર એ ફ્રેંચ અફસરના દિલમાં ઝડપથી આવવા માંડયા.

છંવટે કોટિયો પાંચેક વામ છેટો ઢૂકી રહ્યો. બે ય દુશ્મનોએ છેલ્લી ભડીમાર બોલાવી લીધી. પળભર જાણે બે ય જહાજ થરથરી રહ્યાં. કોટિયો આગળ

તીર=ઘેરથી આગળ જતું સઢ બાંધવાનું લાકડું-'જિબ-બૂમ'; સથ્થો=તૂતક.

હતો. પળભરમાં તો એના શરીર ઉપર લોહી આળ ટશરો ફૂટી રહી. એ એના જંગથી બીજાઓને શૂર ચડયું; અને ઘડીભર ખારવાઓ મહાત થતા લાગ્યા. 'જીયે રા'ના પોકારને ડારતો 'વિવ લા ફ્રાંસ'નો જયઘોષ આકાશ વીંધતો ગાજી રહ્યો. . . . . . .

પણ નીચે કાનજી માલમ હતો એ વાતની કોઈને ય ખબર ન હતી. સુકાની અફસરના પગ નીચે ફ્રાબો ધણધણવા માંડયો; ફતેહમારનું બદન શાનથી જાણે થરથરવા માંડયું; કલમી ડોલ, વંટોળિયાએ ઘેરેલા પ્રચંડ વૃક્ષ પેઠે કડાકા કરતો ડોલવા લાગ્યો; અને આંખના પલકારમાં તો કોંસાલાંતની માથેતરી વાંઢાર હજાર ટુકડા થઈ આભમા ઊડી ગઈ! કાનજી માલમે હજુ તો એક જ પીપ બારૂદ ચાંપી હતી; એટલામાં તો એણે ફતેહમારના માથા ઉપર ઊડતી વિજયમાળ બળાત્કારે ખૂંચવી લીધી.

મકનો આભો બનીને આકાશમાં ઊડતી અંગાર ને મડદાંઓને જોઈ રહ્યો. એનાં બેય ખાંડાં હવામાં અદ્ધર તોળાઈ ગયાં. બીજી પળે, નજર નીચે કરતાં, એણે સુફ્ફરેનને એક જંગી બારવટિયા નીચે લૂગડું થઈને પડેલો દીઠો!

હવે ફિરંગિયાઓની હિંમત તૂટી ગઈ. કેટલાક જીવ બચાવવા દરિયામાં કૂદી પડયા; કેટલાક હથિયાર ફેંકી આમથી તેમ બેબાકળા દોડવા લાગ્યા; કેટલાક ઊભા હતા ત્યાં જ બીકથી ફસડાઈ પડયા; અને આ ગભરાટનો લાભ લઈ. ખારવાઓ ધાનનાં ડૂંડાં પેઠે માથાંઓ લણવા માંડયા.

સુફ્ફરેન પર પડેલા બારવટિયાને, જખ્મી છતાં, રાક્ષસી ખંભાના બળે મકનો હટાવવા લાગ્યો. કાળાંમેશ મોંવાળો કાનજી એને પડખે દોડી પહોંચ્યો.

'મામલો હણે ખલાસ છે નાખવા;—બારૂદમાં લમી જામગરી ચેતાવી છે;—અધઘડીમાં ત ફત્તામારનો ચૂરો થઈ જાસે; આશાપુરાના ઘોરા કાપી હણે છુટા થઈ જઈયે.' કાનજી ઉતાવળે ઉતાવળે બોલવા માંડયો.

'ખામોશ ભચા; તું ત રંગ રાખ્યો; પણ હી જવાનને હું એમ જ મગરાના પેટમાં નહિ જવા ડઉં.–મકનાનો મથો જાય પણ હીં ન ચુવાય કે મકનાએ એડા ધુસમનને રઝળતો ફિગાઈ ડિનો.' (મકનાનું માથું જાય, પણ એમ ન કહેવાય કે મકનાએ આવા દુશ્મનને રઝળતો મૂકી દીધો.)

બેઇલી દ સુફ્ફરેન દાં લ એન્દ-૧૮૮૮);માથેતરી વાંઢાર=પાછલા ભાગનું મથાળું; બારૂદ=બારૂદ, દારૂ; લમી=લાંબી; ભચા=બચ્ચા; હી=આ; હીં ન ચુવાય=એમ ન કહેવાય; એડા ધુસમનને=આવા દુશ્મનને; ફિગાઈ ડિનો=ફગાવી દીધો, રઝળતો મેલ્યો.



બીજી જ પળે સુફ્ફરેન અને મકનો સામસામા થઇ ગયા......અને એ બે નરસિંહનું ભયાનક દ્વન્દ્વ શરૂ થયું

ફૂરતો ઘડીભર થંભી ગયો. આટલે નજદીકથી એની બેહાલ સ્થિતિ જોઈ કૅપ્ટન સુફ્ફરેનને લાગ્યું કે કદાચ એનું અનુમાન ખોટું હશે. કોટિયા ઉપર માણસોના એટલા ભૂરા હાલ થએલા દેખાતા હતા કે એ હવે તલવારબાજી કરી શકે એ વાત બહુ અંદેશાભરેલી હતી. સાથે આટલાં મુઠ્ઠીભર માણસોએ એના પોતાના આવા હાલ કર્યા એ જોઈ એને શરમ ભેળી તાજૂબી લાગી; સાથે-સાથે આવા જુવાનો ઉપર એ બહુ દૂર ફ્રેંચ ખારવો આફ્રીન પણ થયો. એણે ભૂંગળું લઈ પડકાર કર્યો: 'ઝંડો આરિયા કરો તો જીવતા જવા દઈશ.'

કોટિયાના તૂતક ઉપરથી ભીષણ અટ્ટહાસ્ય ભેળો જવાબ આવ્યો: 'એ, તકડો થા માં બચા—અન્યાં ત જુસાં જંગ સિરૂ પણ નાંય કિયો.' (એઈ, તરકડો થા નહિ, બચ્ચા; હજી તો જંગ શરૂ પણ નથી કર્યો)

ફતેહમારનું સુકાન જખ્માએલું હોવાથી, ઢુકડાતા કોટિયાથી દૂર જવામાં સુફ્ફરેન લાચાર હતો; એટલે ગોલંદાજી બંધ કરાવી, ડંકા અને કલમા પાસેનાં માણસો સિવાયના હરેકેહરેક ખલાસીના હાથમાં એણે બરછી, કિરચ, જમૈયા વગેરે લેવડાવ્યાં. અફસરો નાગી કિરચ અને કમરબંધમા ટોપિધારી પિસ્તોલો લટકાવી માણસોને પડકારવા લાગ્યા, અને એનાં માણસો, ધૂરીએ ચડેલા જખ્મી હાથી પેઠે નાચતા આવતા કોટિયાના ઉજાડ જેવા તૂતક તરફ જોઈ રહ્યા. જોતજોતાંમાં તો કોટિયાએ પોતાનો મોરો ફતેહ-મારના ફણા સાથે ધડાકાભેર ભટકાવ્યો! એના તીર ધોર ને ટાંગરો ફતેહમાર-ની આલાદ સોંસરવાં અટવાઈ ગયાં;—મગરી ફાંસવારી જાતારીઓના બે ય જહાજ સિકડાઈ ગયાં. 'જે અમ્બે! જે અમ્બે!' ને 'જીયે રા'નો પોકાર કરતા નાખવાઓ બે ય હાથમાં રોહાની તીખી તલવારો વીંઝતા ફતેહમારના તૂતક ઉપર કૂદી આવ્યા અને પહેલા જ ધસારામાં માતાજીનું ખપ્પર ભરાવી દીધું.

ફ્રાંસોલાતના સાંકડિયા સથા ઉપર મોતના દાવ ખેલતા સાવજો બેહોશ થઈને લડવા લાગ્યા. અસંખ્ય ફિરાંસિયા અને ઈસ્લામગાર્દીઓની સામે મુઠ્ઠીભર નાખવાઓ એકલા બળથી ફાવે તેમ તો ન હતું. છતાં અનેક જંગના ભોંયા એ સાયર બચ્ચાઓને દુશ્મનને જેર કરવાની અનેક તરકીબો આવડતી હતી. છ ચુનંદા નાખવાઓને લઈ કાનજી માલમ બંકકમા કૂદી પડ્યો અને ફાલકામાંની ડૂબ ઘટાડવા ડંકા ચલાવતા બિનહથિયાર ફિરાં-

ઝંડો આરિયાં કરવો=વાવટો નીચે ઉતારવો-તાબે થવું; ફણો=વહાણના સૌથી આ-ગળના તૂતક ('ફોરકૅસલ ડેક')થી જરા નીચેનું બીજું તુતક-'સ્પાર ડેક'.

મિયાંઓને જખ્મેદ કરી એણે જિન્નાર નીચેના દાટાઓ (Sea cocks) ખોલી નાખ્યા. ફતેહમારના કાણકાઓમાં ધોધમાર પાણી ભરાવા લાગ્યાં. આટલું કરી કાનજી અને એના સાથીઓ ખાંડાં ઘુમાવતા અને મારગ વધેરતા વાઢારિયા ભંડક તરફ ધસ્યા. ધણુસા નીચેના બારૂદખાનાની કચવ જડેલી દીવાલો પર એમના રાક્ષસી બાવડાઓ કોશના ઘા કરવા માંડ્યાં, અને એ અવાજ સથા પરની ભૂતાવળના ચિત્કારમાં કોઇએ ન સાંભળ્યો.

તૂતક ઉપર ધમસાણ દર પળે ખોફનાક થવા માંડ્યું હતું. હવે કુશળ સરદારોના હુકમ નીચે ચલાવવાના કવાયતી જંગનો સમય ન હતો; હવે તો હતો મરદ મરદનો સામનો. દરિયાના પાતાળપેટે વસેલાં ગીચ જંગલોના આંટી-ઘૂંટીમાં લડતા મચ્છરાજો પેઠે, દરેક ઘાએ લોહીના ફુવારા ઉડાવતા, ઢળી પડેલા સાથીઓના બદન પર ઠેક દેતા, ખાંડાં, ફરસી, કિરચ અને પિસ્તોલોના કુંદા વટીકથી દુશ્મન ઉપર ઝંઝાવાત પેઠે ધસતા, વેતાલ જેવા જોધાઓ, ચિત્કાર કરતા, બેભાન જેવા ઝઝૂમતા હતા. એ બધાંની વચ્ચે સો હાથીના બળથી એકલો મકનો પિનાકપાણિનાં પ્રલય તાંડવ કરતો ઘૂમતો હતો.

મકનાના એ બખ્તાવર હાથોમાં વીંઝાતી રોહાની બે વાંકડિયા તરવારો, દોઢ દોઢ વામને છેટે માથાં વધેરતી જતી હતી. પણ એની આંખો તો ફતેહમારના જવાંમર્દ નાખવા સુફ્ફરેનને શોધતી હતી. સુફ્ફરેનને પણ 'આશાપુરી'ના જંગમશહૂર નાખવા સાથે હાથોહાથ મુકાબલો કરવાની હોંશ હતી. અલોંપ્રાના બંદરમાંથી ખરાજાત વહાણવટું લૂટી ઍડમિરલ ફ્લાંમાંદની પચાસ પચાસ તોપોના ભડકા વચ્ચેથી આણીશુદ્ધ છટકી જનાર એ પચ્છમ પાણીના સાયરવીરને ઓળખ્યા પછી, પોતીકે હાથે એક વાર એની સાથે તલવારબાજી ખેલી લેવાનું એને અરમાન રહી ગયું હતું. ડૂબું ડૂબું થતી ફતેહમારનું સુકાન એક ભરોસાપાત્ર સાથીને હવાલે કરી, નાગી કિરચે એ સથા ઉપર કૂદી પડ્યો, અને વચમાં ભરાતી ભૂતાવળને હડસેલતો, ચીરતો, તે મકના તરફ ધીમેધીમે વધવા લાગ્યો.

વાઢારિયો ભંડક=પાછલો ભંડક; ધણુસો=પાછલા ભંડકની પણ પાછળના ભાગમાં બીજો નાનો ભંડાર; બારૂદખાનું=દારૂખાનું, જ્યાં દારૂગોળો રહે તે જગ્યા; વટીક=સુદ્ધાં; અલોપ્રાં=પૉંડીચેરી પાસેનું ફ્રેંચ સંસ્થાન (આ બનાવની ઝાંખી નોંધ ઍડમિરલ રિચમંડે લીધી છે અને એના આધાર તરીકે 'લા મરીન મિલિટેયર દ લા ફ્રાંસ સૂ લૂઈ ૧૬' અને 'લા વી મારશિયાલ દ બેઇલી દ સુફ્ફરેન'માંનાં કેટલાંક બખર એણે શોધ્યાં છે).

ભૂતકાળનાં કાળાં ઘાડાં જંગલ જેવી એ ગીચ મેદનીમાં દોસ્ત કે દુશ્મન ઓળખાવો મુશ્કેલ હતો. ઘાયલ થઈને ઢળતા આકારો જીવતા-ઓની ઓથે અધકચ્ચર આમથી તેમ અફળાતા હતા, અને જીવતાઓની અડફેટે તૂટેલી આલાદમાં સલવાઈ જઈ વહાણને હિલોળે આમથી તેમ ઝૂલતા હતા. કોઇ દયાળુ દુશ્મન વળી હાથ આવે તેને રંગ બહાર ઠોમી દેતો'તો તો કોઈ જાણે એના ઉના લોહીનો તરસ્યો હોય તેમ એ બદન-માં પોતાની લોહિયાળ કિરચો નવરાવતો જતો'તો.

મકનાની નજરે સુફ્ફરેનના પોશાકના જરી ભરેલા ખભાઓનો ચળકાટ પડ્યો છલંગ મારતો એ આગળ વધ્યો બીજી જ પળે સુફ્ફરેન અને મકનો સામસામે ખડા થઈ ગયા.

'રંગ છે તોજી જણનારીને નાંખવા—' મકનાએ ખાંડું તાણીને કહ્યું: 'જુસાં એડા મુડચાં જેડા ઇસ્લામાબાદિયુંની ઓથે તું પણ રંગ રાખ્યો. બેંસા ધુસમન ખપે ત તું જેડા ખપે. પણ તોજી ફત્તામાર હણે ઘડી પરની મેમાન છે; અન્યાં પણ માની જા ત મારે તુસાં ભાણાં નથી ફોડવાં.'

સુફ્ફરેનને શબ્દો ન સમજાયા; પણ વીરની વાણીની વીરને જરૂર નથી હોતી. મકનાનો ભાવાર્થ એની અદાથી જ, સુફ્ફરેન સ્પષ્ટ સમજ્યો. લાલચોળ એના ચહેરા ઉપર જરીક સ્મિત ફરક્યું. જવાબમાં એણે પોતાની કિરચ ઊંચે ટટ્ટાર ખડી કરી, સહેજ અદાથી એણે ખભા નમાવ્યા અને બીજી જ ક્ષણે એ સામટી વીજળી ચમકે તેમ કિરચ ને ખાંડાં, ઓસરતા સૂરજે ઝળક્યાં કે ખણખણાટી કરતાં ભટકાયાં. ગીરના સાવજ જેવા આ બે નરસિંહનું ભયાનક દ્વન્દ્વ શરૂ થયું. એ દ્વન્દ્વ જોવાને જાણે જલથલ પણ થંભી ગયાં. સૂરજ મહારાજ ક્ષિતિજ ઉપર સ્તબ્ધ બની જોવા લાગ્યા. ફતેહમાર પણ જાણે પોતાના ભાંગેલા બદનની વેદના ભૂલી ગઈ. આસપાસ ધસતા ફિરંગિયાઓ, ઇસ્લામાબાદીઓ ને નાખવાઓ એ બેને મોકળાશ આપવા ખસી ગયા. તલવારબાજીમાં આખી ફ્રેન્ચ આરમારીમાં મશહૂર કાપિતેન સુફ્ફરેનની અમીરી કિરચને આજે લાયક હરીફ સાંપડ્યો

તોજી=તારી; એડા=આવા; જેડા=જેવા; ધુસમન=દુશ્મન; ત=તો; હણે=હવે; અન્યાં પર=હજી પણ; તુસાં=તારી સાથે; કાપિતેન સુફ્ફરેન=કૅપ્ટન સુફ્ફરેન (આ સુફ્ફરેનનો ઇતિહાસ ચાર પુસ્તકોમાં પ્રકટ થયો છે જેની નોંધ ઍડમિરલ રિચમંડે લીધી છે: (૧) 'લા વી મારશિયાલ દ બેયલી દ સુફ્ફરેન' (૨) 'એ સાઈ હિસ્ટોરિક સુર લે બેયલી દ સુફ્ફરેન' (૩) 'લે બેયલી દ સુફ્ફરેન દાં લ્' એન્દ-૧૮૬૨, (૪) જૂર્નાલ દ

વર્ષાઋતુ ને આરોગ્ય

લેખક · લાભશંકર ઠાકર



વર્ષાઋતુ એ વિસર્ગકાળનો પ્રારંભ છે. વિસર્ગકાળમાં પ્રાણીઓના શરીરમાં બળની વૃદ્ધિ થાય છે, પણ તે બહુ જ ધીમેધીમે. સૂર્ય દક્ષિણ તરફ ગતિ કરી હોવા છતાં એનું બળ એકદમ ઓછું થઈ જતું નથી, એથી ગ્રીષ્મની જેમ વર્ષામાં પણ પ્રાણીઓનું બળ ઊતરતી કોટિનું રહે છે.

દુર્બળ જઠરાગ્નિ

દુર્બળ શરીરમાં જઠરાગ્નિ પણ દુર્બળ રહે છે. આ ઋતુમાં મનુષ્યોનો જઠરાગ્નિ મંદ થઈ જાય છે. લીધેલા ખોરાકનું સમ્યક્ પાચન થતું નથી. આથી આ ઋતુમાં એક વાર જમવું હિતકર છે. ચાતુર્માસનાં એકટાણાં કરનારને ભલે આપણે હાંસીપાત્ર ગણીએ, પણ એમ કરવાથી તેઓ આડકતરીરીતે ઋતુચર્યાનું જ પાલન કરી પોતાનું સ્વાસ્થ્ય સાચવી રાખે છે. આ ઋતુમાં અસંયમી માણસો બંને વખતે ઠાંસી ઠાંસીને ખાય છે ને મંદ થઈ ગએલો જઠરાગ્નિ એ બધું પચાવી શકતો નથી. પરિણામે અજીર્ણ, ઝાડા અને અતિસાર જેવા પાચનક્રિયાના રોગો ભોગવે છે. પાચનતંત્ર બગડતાં સમગ્ર શરીર પર એની વિઘાતક અસર થાય છે. માટે ચોમાસામાં એક ટંક જમવાનું રાખવું હિતકર છે. એ જો ન બની શકે તો બંને ટંકના ખોરાકનું પ્રમાણ ઓછું કરી નાખવું.

મંદ થએલો જઠરાગ્નિ સાવ મંદ ન થઇ જાય અને લીધેલા અલ્પ આહારને પણ પચાવી શકે એટલા માટે આદુનું નિત્ય સેવન કરવું જોઇએ. ભોજન લેતાં પહેલાં મીઠું ભભરાવેલા આદુના ટુકડા ખાવા.

દિવસમાં ત્રણચાર વખત ચા પીવાની ટેવ હવે સામાન્ય થતી જાય છે; પણ આ ઋતુ માટે એ ભયંકર છે. મંદ જઠરાગ્નિ ઉપર ચાના ઉકાળા રેડવાથી જઠરાગ્નિ વધુ મંદ થઇ જાય છે અને ભૂખ સાવ મરી જાય છે. આને બદલે સૂંઠ અને પાપરીમૂળ જેવાં ગરમ દ્રવ્યોનો ઉકાળો ચોમાસામાં લેવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. વળી વરસાદની શરદીમ તે શરીરની આંતરિક ઉષ્માનું સંરક્ષણ કરે છે તથા શરદી જેવા—ઘણીવાર તો જિંદગીના સાથી બની જતા—ઉપદ્રવોથી બચી જવાય છે.

શરીરની ગરમીને જાળવી રાખવા માટે સૂંઠ, ગોળ અને ઘીની લાડુડી પણ રોજ સવારે લઈ શકાય. આ ઋતુમાં વિશેષ કરીને વાયુનો પ્રકોપ થાય છે. સૂંઠ, ગોળ અને ઘી ત્રણે વાયુનો નાશ કરનારાં છે. વાયુ રુક્ષ છે તો ઘી સ્નિગ્ધ છે. વાયુનો શીત ગુણ છે તો સૂંઠ અને ગોળ ઉષ્ણ છે. આ ત્રણે સાદી સીધી વસ્તુઓ અમૃત સમાન ગુણકારી છે.

જે દિવસે અતિશય વરસાદ અને ઠંડી હોય તે દિવસે ખારાશવાળા, ચીકાશવાળા અને ખારા પદાર્થોનું સેવન ખાસ કરવું, એમ કરવાથી વાયુની વૃદ્ધિ અટકશે.

અમ્લરસનું સેવન આ ઋતુમાં હિતકર છે. તેમાં યે લીંબુ તો આ ઋતુનું અતિ ઉપયોગી શ્રેષ્ઠ ફળ છે. રોજ સવારે એક મોટું લીંબુ પાશેર પાણીમાં નિચોવી થોડી સાકર મેળવી પી જવાથી વાયુના વિકારો અને અજીર્ણ જેવા રોગોથી બચી જવાય છે. ખોરાકની સાથે પણ લીંબુનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ.

આ ઋતુમાં પાણી મલિન ને દૂષિત થઈ જાય છે, એટલે ઉકાળીને પછી ઠારેલું પાણી ઉપયોગમાં લેવું હિતકર છે. આપણે જાણતા નથી કે ઘણાખરા રોગનાં જંતુઓ પાણી દ્વારા જ આપણા શરીરમાં પ્રવેશ મેળવે છે. શરદીના દર્દીએ આ ઋતુમાં જરા ગરમ ગરમ પાણી પીવાની ટેવ પાડવી જોઇએ.

ખુલ્લે પગે ફરશો નહિ

આયુર્વેદના આચાર્યોએ ધનિકોને પગે ચાલીને જવાની મના કરી છે. ધનિકો વાહનોનો ઉપયોગ કરી શકે, પણ સામાન્ય માણસોએ બહાર નીકળતી વખતે પગરખાંનો ઉપયોગ તો જરૂર કરવો જોઇએ. કાદવ અને કીચડમાં અનેક જંતુઓનો આ ઋતુમાં પ્રસાર થાય છે. શેરીઓમાં ને પોળોમાં મળત્યાગ કરનાર બાળકોના શરીરગત જંતુઓ પાણી સાથે આજુબાજુ સર્વત્ર ફેલાય છે. કૃમિ મનુષ્યશરીરમાં ગંદી જગાઓમાંથી જ પ્રવેશ કરે છે. અંકોડી કૃમિ (hook worm)ના જંતુઓ મનુષ્યના ખુલ્લા પગને વળગી પડે છે, અને પાંચ મિનિટમાં તો ચામડીમાં છીદ્ર પાડી શરીરમાં દાખલ થઈ જાય છે. ગમે તે જગ્યાએ મળત્યાગ કરવાની અને કચરો એકઠો કરવાની આપણી પ્રવૃત્તિ અત્યંત અસામાજિક છે. આપણી સરકારના સૂચનથી મુંબાઇના હાફકીન ઈન્સ્ટીટ્યુટના ડૉકટરોએ અમદાવાદ જિલ્લામાં અંકોડી કૃમિના ઉપદ્રવની મોજણી કરીને ખાતરી કરી છે કે તેનું પ્રમાણ ઘણું મોટું છે. કેટલાયે વિસ્તારોમાં તો આ જંતુઓનું આક્રમણ વસતિના અરધા ભાગને આવરી લે છે. ગમે ત્યાં ગંદકી કરવાની હીન ટેવથી મુક્ત થવું જોઈએ.

અન્ય નિષેધો


દિવસની ઊંઘ, નદીનું પાણી, કસરત તથા મૈથુનનો આ ઋતુમાં ખાસ ત્યાગ કરવો જોઇએ. કસરતનો અર્થ અહીં 'વધુપડતો વ્યાયામ' છે. એ વાયુની વૃદ્ધિ કરે છે. મૈથુનથી પણ વાયુની વૃદ્ધિ થતી હોઈ એનો પણ નિષેધ છે. વર્ષા ઋતુમાં વાયુ ઉપરાંત કફ અને પિત્ત પણ કોપે છે. દિવસની ઊંઘનો એ જ કારણથી નિષેધ સૂચવ્યો છે. નદીનું પાણી આ ઋતુમાં મલિન અને દૂષિત થતું હોઈ એનો પણ નિષેધ છે.

મધનું સેવન

આ ઋતુમાં આચાર્યોએ મધના સેવનની ખાસ આજ્ઞા કરી છે. જોકે આમ તો મધ રુક્ષ હોઈ વાયુની વૃદ્ધિ કરનારું છે, પણ વર્ષામાં શરીરની સાતે ધાતુઓ ક્લેદ અથવા ભીનાશને પામે છે. મધ એ ભીનાશથી શરીરનું રક્ષણ કરે છે અને એનો સર્વ પ્રભાવ એમાં જ વપરાતો હોઈ વાયુની વૃદ્ધિ થતી નથી. વળી મધ એ ઉત્તમ બલપ્રદ ખાદ્ય છે. નિર્બળતાની ઋતુમાં મધના સેવનથી શરીરને સારી એવી શક્તિ મળી રહે છે. માટે ખોરાક સાથે મધનો ઉપયોગ અવશ્ય કરવો.

આ અંકના વાચકો લખે છે વિભાગમાં

શ્રી વિઠ્ઠલદાસ મકવાણાએ યથાર્થરીતે ધ્યાન દોર્યું છે. મૂળમાં જે '...વગેરે રાગો ઉતારી' છે તે મુદ્રણદોષ છે. તેને બદલે '...વગેરે રાગોમાં (અથવા વાંસળીમાં) ઉતારી' છપાવું જોઇએ.



હો પદ્મિનીનીલસરોવર વાટ રમ્ય,
હો સહ્ય ગાઢ તરુથી રવિરશ્મિતાપ,
હો રેણુ ત્યાં કમલની કુમળી રજોની,
હો વાયુ શાંત, અનુકૂલ: શિવ પ્રવાસ!

(અભિજ્ઞાન શાકુંતલ) —કાલિદાસ

કવિકુલશ્રેષ્ઠ કાલિદાસના લોકવિશ્રુત શ્લોકનો પ્રસાદ ને માધુર્ય-મંડિત અનુવાદ

ક્રાન્તદર્શી અને રાષ્ટ્રપ્રેરક કવિ: સ્વ. શ્રી બાલકૃષ્ણ શર્મા 'નવીન'

સાહિત્ય દર્શન, અને રાષ્ટ્રભક્તિની શુભ્ર ધારાઓના સંયોગથી ઘડાએલું, હિંદીના સ્વ. કવિવર બાલકૃષ્ણ શર્મા 'નવીન'નું વ્યક્તિત્વ ત્રિવેણીસંગમની જેમ જ આકર્ષક, આહ્લાદક અને પ્રેરક હતું. જે કોઈ વ્યક્તિ એમના સંપર્કમાં અલ્પકાળ માટે પણ આવતી તે એમના મધુર સ્વભાવ, માનવતાવાદી વિચાર અને મૃદુ વ્યવહારથી પ્રભાવિત થયા વિના રહેતી નહિ. ૧૯૫૫માં તેઓ કેટલાક કવિઓ સાથે અખિલ ભારતીય સાંસ્કૃતિક સંપર્કના હેતુથી પ્રવાસે નીકળ્યા હતા ત્યારે અમદાવાદમાં લેખકમિલનના આશ્રય હેઠળ કવિતાપાઠનો કાર્યક્રમ પ્રાર્થનાસમાજ-હૉલ ખાતે રાખવામાં આવ્યો હતો. ત્યારે કવિ શ્રી 'નવીને' ભાવવાહી મુદ્રામાં પોતાના ધીરગંભીર અવાજે ગાયું: 'આજ સીમિત હો હિયા હૈ ઉસ અસીમિત ને નિમંત્રણ.' આખું કાવ્ય એટલી માર્મિક ઢબે ગવાયું કે શ્રોતાવર્ગ દ્રવિત ને સ્તબ્ધ બની ગયો. શ્રી ઉમાશંકર જોશીએ પણ કહેલું: 'એ કાવ્યના ભણકારા કાનમાં હજી તાજા જ છે.'


દુર્ભાગ્યે એનો ગાયક કવિ આજે નથી. ગઈ ૨૯મી એપ્રિલે નવી દિલ્હીમાં એ ચિરનિદ્રામાં પોઢી ગયો. સાહિત્યજગતે એક રાષ્ટ્રીય કવિ અને દેશે એક રાષ્ટ્રભક્ત નેતા ગુમાવ્યો.

તેમનો જન્મ ગ્વાલિયરના શાજાપુર જિલ્લામાં ઉજ્જૈનની પાસે આવેલા મયાના ગામમાં અત્યંત દરિદ્ર બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. પિતા પં. જમનાદાસ વલ્લભાચાર્ય-સંપ્રદાયના સંનિષ્ઠ અનુયાયી હતા. માતા પણ ધાર્મિક સંસ્કારસંપન્ન હતાં. શ્રી 'નવીન' કહે છે: 'કૌટુંબિક મુશ્કેલીઓને લીધે મારાં બા-બાપુ એક વાડામાં રહેતાં, જ્યાં ગાયો બંધાતી, અને ત્યાં જ મારો જન્મ થયો. મારા બાપુ બહુ જ ગરીબ, નિ:સાધન, પણ ભગવદ્‌ભક્ત બ્રાહ્મણ, એટલે મારા જન્મ સમયે થાળી વગાડવા સિવાય કશી ધામધૂમ થઇ શકી નહિ. થોડા દિવસ પછી અમે સૌ મહિનાના ચાર આનાના ભાડાવાળા ઘરમાં રહેવા લાગ્યાં. પછી વળી આઠ આનાના ભાડાવાળું મકાન બદલ્યું. વરસાદમાં આ ઘરનો અંદરનો ભાગ નાનકડા સરોવરનું રૂપ ધારણ કરતો. રાતના અમે સૂઇ પણ શકતાં નહિ. નાનપણમાં મને પીવા દૂધે ન મળે. છેવટે બાએ પારકાં દળણાં દળવાનું શરૂ કર્યું. તેમાંથી થતી આવક મારા દૂધમાં વપરાતી.' આમ ગામઠી નિશાળમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરી તેમણે ઉજ્જૈનમાં મૅટ્રિકનો અભ્યાસ કર્યો. પછી ટ્યૂશનો કરીને ક્રાઈસ્ટ ચર્ચ કૉલેજમાં અભ્યાસ વધારી, આખરે બી.એ.ની છેલ્લી પરીક્ષા વખતે રાજકારણમાં ઝંપલાવ્યું હોવાથી એ બેસી શકયા નહોતા.



૧૯૧૬માં લખનૌ કૉંગ્રેસ ભરાઈ. રાષ્ટ્રીયતા અને દેશસેવાનાં સ્વપ્ન સેવનાર યુવક 'નવીન'જી તેમાં હાજરી આપવા ગયા, અને ત્યાં કાનપુરના શહીદ સ્વ. ગણેશશંકર વિદ્યાર્થીના નિકટ પરિચયનો લાભ મળ્યો. પછી તો એમના પ્રભાવશાળી વ્યક્તિત્વથી આકર્ષાઈ 'નવીન'જી કાનપુર કાયમ માટે ગયા, અને ગણેશશંકરજીના તંત્રીપદે ચાલતા સાપ્તાહિક 'પ્રતાપ'ના

આપણાં પ્રાણીઓ ૩૪: ડુક્કર



નામથી તેમજ વિષ્ણુના વરાહ-અવતારની ઓળખથી ડુક્કર તો આપણને પરિચિત છે. જોકે એને જોયું હશે ઓછાએ.

ભૂંગળી જેવા લાંબા મોંના, ટૂંકા પગના અને શરીરે ખૂબ ભરાવદાર, એવા વિચિત્ર કદના આ બેડોળ અને ગોળમટોળ પ્રાણીની બીજી લાક્ષણિકતાઓ છે તેનાં દંતૂશળ, માથા ઉપરની માંસની ગાંઠ, અને માથાથી પીઠ સુધી પહોંચતી કાળા કડક વાળની કેશવાળી.

ખભા સુધીની તેની ઊંચાઈ ત્રણ ફૂટ જેટલી, અને વજન ૩૦૦ રતલથી યે વધુ. રંગે રાખોડી, કાળા ને મેલા બદામી રંગનું. રુવાંટી સફેદ. નાના બચ્ચાં શરીરે વધુ બદામી અને મોટાં ડુક્કર વધારે રાખોડી હોય છે. તાજાં જન્મેલા જંગલી ડુક્કર શરીરે આછા અથવા કાળા ચટ્ટાપટ્ટાવાળા ને તપખીરિયા રંગનાં. નરના દંતૂશળ પ્રમાણમાં વધારે વિકસિત, ઉપરના અને નીચેના–બંને દંતૂશળ બહારના ભાગમાં વળતા હોઇને તે મોંમાંથી બહાર નીકળે છે, નીચેના દંતૂશળ એક ફૂટથી યે લાંબા જોવામાં આવ્યા છે. પૂંછડી ટૂંકી ને પાતળી.

રહે આછા ને ક્યારેક ગીચ જંગલમાં, વરસાદ પછી સાધારણ રીતે ઊંચા મોલવાળાં ખેતરોમાં. અનાજ, કંદમૂળ, જીવજંતુ, માસનો કચરો, ટાઢું માંસ–બધું તેને ખપે. વહેલી સવારે, મોડી સાંજે કે દિવસે કનડગત થતી હોય ત્યાં રાત્રે ય ખોરાકની શોધમાં નીકળે. ખેતરના પાકને આ અકરાંતિયા ડુક્કર જેટલું નુકસાન કોઇ પ્રાણી નથી પહોંચાડતું.

એ અતુલ બુદ્ધિ અને હિંમતવાળું. તેનું ચામડું કીમતી લેખાય છે, અને તેમાંથી ઘોડાનો સામાન વગેરે બને છે. મધ્ય ભારતમાં વરસાદ પછીના ને પહેલાંના સમયના ગાળામાં માદા બચ્ચાં જણતી દેખાઇ છે. ગર્ભધારણનો સમય ચાર માસનો. પહેલેથી પોતે તૈયાર કરેલી ડાળખાંના ઢગલાની જગ્યાએ માદા ચારથી છ બચ્ચાંને જન્મ આપે છે.

તંત્રીવિભાગમાં કામ કરવા માંડ્યું.

આર્થિક ભીંસને લીધે તેમના એ દિવસો પણ કસોટી સમા બની ગયા; છતાં દૃઢ સંકલ્પવાન, કર્મરત ને મહત્ત્વાકાંક્ષી આ નવયુવક અડગ રહ્યો. ૧૯૧૯માં પંજાબમાં જલિયાંવાલા બાગનો હત્યાકાંડ થયો. આખા દેશમાં રોષની લાગણી પ્રસરી. બીજા સ્વાતંત્ર્યવાંછુ યુવકોની જેમ 'નવીન'જી પણ કંઇક કરવા વ્યાકુલ બની ગયા. ૧૯૨૦માં ગાંધીજીએ અસહકારની લડત આરંભી તેમાં શ્રી ગણેશશંકર વિદ્યાર્થીની સાથે 'નવીન'જી પણ જોડાયા. પરિણામે અનેક વાર કારાવાસ ભોગવેલો. દરમ્યાન તેમના ગુરુ શ્રી વિદ્યાર્થીજીનું કાનપુરના કોમી હુલ્લડમાં બલિદાન દેવાતાં તેમનું અધૂરું રહેલું કાર્ય પૂરું કરવાનો 'નવીન'જીએ નિશ્ચય કર્યો.

કૉંગ્રેસે ધારાસભાઓમાં પ્રવેશ કરવાનો નિર્ણય કર્યો તે પછી શ્રી 'નવીન' કેન્દ્રની ધારાસભામાં ચૂંટાયા. આ પછી તેઓ વિધાનસભાના સભ્ય હતા. ૧૯૫૨માં તેઓ લોકસભાના અને એ પછી રાજ્યસભાના સભ્ય તરીકે લેવાયા હતા. તેમની સેવાઓની કદરશનાસીમાં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રબાબુએ તેમને 'પદ્મભૂષણ'ના ઇલકાબની નવાજેશ કરેલી.

'નવીન'જીએ કાવ્યરચના શરૂ કરી ૧૯૧૮માં, રાષ્ટ્રપ્રેમથી પ્રેરાઇને. મૂળથી જ એમની કવિતા વીરરસથી ઓતપ્રોત હતી. ઓજ ને પ્રસાદના ગુણ તેમાં સવિશેષ દેખાતા. સામાજિક અન્યાય, આર્થિક અસમાનતા અને રાજકીય દાસત્વ તરફ તેમને સદૈવ ભારે અણગમો રહ્યો. દેશને તેમાંથી મુક્ત કરવા એ હમેશાં ઝંખના કરતા અને જે કંઈ વેઠવું પડે તે વેઠતા. જ્યારે ચોમેર ચેતનનો જુવાળ ફાટ્યો હોય, ક્રાંતિનો શંખનાદ ગાજતો હોય, સૌ તેમાં મોંઘો ફાળો આપતા હોય, ત્યારે કવિ–જે અંતે તો સામાજિક પ્રાણી છે તે–એકાંત શાંત નિકુંજમાં કાવ્યસાધના કેમ કરી શકે? સમાજ એ સાંસ્કૃતિક નેતાની પાસે, જે વિશેષ ભાવનાશાળી, ચેતનાયુક્ત, સ્પંદનશીલ અને ક્રાંતદર્શી છે તેની પાસે, નેતૃત્વની આશા તો રાખે જ. ૧૯૨૦-૨૧માં 'નવીન'જીએ કવિને સંબોધીને 'વિપ્લવગાન' ગાયું, જે આજે પણ એટલું જ તાજગીભર્યું ને પ્રેરણાદાયી છે. આ કાવ્યે લાખો જુવાનોને દેશ માટે બલિદાન આપવા પ્રેર્યા છે. હિંદી કવિવર મૈથિલીશરણના 'ભારત-ભારતી' અને સ્વ. સુભદ્રાકુમારી ચૌહાનના 'ઝાંસીવાલી રાની' કાવ્ય જેટલું જ રાષ્ટ્રપ્રિય પ્રથમથી જ આ કાવ્ય બન્યું છે. 'વિપ્લવગાન' આજે તો જાણે કે હિંદી ભાષાભાષીઓનું લોકગીત બની ગયું છે.

'નવીન'જી જેમ રાષ્ટ્રીય ચેતનાના તેમ નવીનતાના પણ ઉપાસક કવિ હતા. એમનું જીવન ઘર્ષણમાં પસાર થયું છે. વૈયક્તિક તેમજ કૌટુંબિક, સામાજિક તેમજ રાજનૈતિક, સર્વ પ્રકારની અથડામણો એમને જીવનમાં વેઠવી જ કરવી પડી. સ્વભાવે કોમળ, ઊર્મિશીલ, કલ્પનાવિહારી ને આદર્શનિષ્ઠ, અને કાર્યક્ષેત્ર સ્પર્ધા ને દ્વેષયુક્ત. એટલે તેમને સદા ભીષણ દ્વંદ્વનો મુકાબલો કરવો પડ્યો. તેમાં ક્યારેક યશસ્વી થયા અને ક્યારેક પરાજયનો કટુ અનુભવ પણ થયો. આમ હાર-જીત ને કટુતા-મૃદુતાની વચ્ચે તેમનું રાજકીય ને સાહિત્યિક જીવન પસાર થયું. એનું પ્રતિબિંબ તેમના સાહિત્યમાં દૃષ્ટિગત થાય છે. એમનાં કેટલાંક કાવ્યો વીરરસથી સભર છે, તો કેટલાંક નિરાશા, વેદના અને વિફળતાના ક્રંદનથી ઓતપ્રોત છે. તેમણે શૃંગારરસનાં યે કાવ્યો રચ્યાં છે, પણ એમાં તેઓ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા નથી. 'ક્વાસિ', 'કુંકુમ', 'અપલક', 'ઊર્મિલા' તથા 'વિનોબા-સ્તવન' એ તેમની ઉલ્લેખપાત્ર કૃતિઓ છે. 'ઊર્મિલા' એક મહાકાવ્ય છે, જે હજુ વિવેકશીલ વિવેચકની રાહ જોઈ રહ્યું છે.

'નવીન'જી છેલ્લાં વર્ષોમાં દર્શન તરફ વળ્યા હતા. એમાં તેમને માનસિક શાંતિ, આત્મિક સુખ અને આધ્યાત્મિક આનંદનો અનુભવ થતો હતો. એમનાં છેલ્લાં આઠ વર્ષનાં કાવ્યોમાં ઉપનિષદ અને વેદની ચિંતનધારાનાં દર્શન થાય છે.

તેઓ કહે છે: 'આપણે આ ધરતી પર સ્વર્ગ ત્યાંથી ખેંચી લાવવું છે. આ સ્વર્ગ જો કલ્પના હોય તો એ કલ્પના આપણે મૂર્ત કરવાની છે.'


છેલ્લાં બે વર્ષથી તેઓ દિલ્હીમાં લકવાની બીમારીના ભોગ બની પથારીવશ હતા. એ રોગમાં ગઈ ૨૯મી એપ્રિલે, ૬૩ વર્ષની વયે, તેમનું અવસાન થતાં રાષ્ટ્રને તેમજ હિંદી સાહિત્યને ભારે ખોટ પડી છે.
('જનસત્તા'માં પ્રા. રણધીર ઉપાધ્યાયનો લેખ, સુધારાવધારા સાથે).

ઇજિપ્તની એક મહાયોજના
કટારા, જગતનો સૌથી મોટો ખાડો

ભૌગોલિક મહત્ત્વની દૃષ્ટિએ ઇજિપ્તમાં સૌથી ઊંચું સ્થાન નાઇલ નદીનું જ છે, પણ એ પછી તુરત જ સહરાના રણમાં આવેલી કટારાની નિમ્નભૂમિને મૂકી શકાય. કાહિરા (કેરો)ની પશ્ચિમે અને ભૂમધ્ય સમુદ્રથી ૩૫ માઇલ દક્ષિણે લગભગ ૧૮૫ માઈલના વિસ્તાર પર ફેલાએલો આ ખાડો (કે ખીણ?) રણની રેતીમાં કોઈ મહાકાય રાક્ષસના પગલા જેવો લાગે છે. ખનિજ મીઠું અને ઢીલી ચીકટ રેતીથી ઢંકાએલો આ વિશાળ પટ ચંદ્રની આપણી તરફની સપાટી જેવો જ વેરાન છે. અગાઉ તેનું મહત્ત્વ માત્ર એક જ વખત સ્વીકારાયું છે ને તે બીજા વિશ્વયુદ્ધમાં. એ વખતે સરસેનાપતિ મૉન્ટગોમેરીએ પોતાના લશ્કરને ભૂમધ્યસમુદ્ર અને આ ઊંડી ખીણની વચ્ચે અલ-અમીનમાં ગોઠવીને રોમેલના લશ્કર સામે નાકાબંધી કરી હતી અને એ રીતે જર્મનોને સુએઝથી દૂર રાખેલા. ખુદ રોમેલે પણ આ વિશાળ ખીણ જેવા નીચા પ્રદેશને ૨૦૦ શસ્ત્રસજ્જ ટુકડીઓ જેટલું મહત્ત્વ આપ્યું છે.

આજે હવે આ પ્રદેશનું ફરી એક વાર મહત્ત્વ વિચારાયું છે. વિરાટ યોજનાઓના આ કાળમાં આ વેરાન ભૂમિનો પણ સદુપયોગ કરવાનું ઇજિપ્ત વિચારી રહ્યું છે. હમણાં જ એક માસનાં લાંબાં નિરીક્ષણો બાદ, અને રોમેલે તૈયાર કરાવેલા તથા અત્યારે આ નિરીક્ષકો પાસે આવેલા આ ભૂમિના તળના ખૂબ જ ચોક્કસાઈભર્યા નકશાઓ તથા હવાઈ ફોટોગ્રાફોની મદદથી, એક મહાન યોજના વિચારાઈ રહી છે. પશ્ચિમ જર્મનીના નવ ઈજનેરો તેમજ વિજ્ઞાનીઓની એક સમિતિએ એને લગતો અહેવાલ તૈયાર કરવા માંડ્યો છે. એ અનુસાર કટારાના આ ભાગને એક મહાન વીજળીમથક બનાવવા ધાર્યું છે.

લગભગ ત્રીસેક વર્ષ પહેલાં બ્રિટિશોએ દર્શાવેલા એક વિચારને આજે નવેસરથી મૂર્તરૂપ મળવાનું છે. એ વિચાર હતો ભૂમધ્ય સમુદ્રથી કટારાના ઉત્તર તરફના એક વળાંકવાળા છેડા સુધી નવ માઈલ લાંબી એક ખાડી ખોદવાનો. આ માટે વચ્ચેના ખડકાળ ભાગમાં એક બોગદો(ટનલ)પણ ખોદવો પડશે. આ રીતે ભૂમધ્યનું જે પાણી કટારામાં ધસી આવે તેના બળને નાથીને તેમાંથી વરસે ૨.૭ બિલિયન કિલો-



વૉટ વીજળી ઉત્પન્ન કરવાનો ખ્યાલ છે.

ભૂમધ્ય સમુદ્રમાંથી ધસતું આવતું આ પાણી આ વિશાળ ઊંડાણ-માં ફેલાતું જઈ ૧૬૦ વર્ષે એક મહાન સરોવર રચી રહેશે. આ પછી પણ ભૂમધ્ય સમુદ્રનું પાણી તો સતત આવતું જ રહેશે. પરંતુ બીજી બાજુ અહીંના રણની ગરમ હવા અને તાપને કારણે કટારામાંના પાણીનું બાષ્પીભવન પણ એટલું જ ઝડપથી થતું રહેશે ને એ ઉપરાંત પાણીની આવક પર પણ નિયંત્રણ રાખી શકાશે. એટલે આ વિશાળ સરોવરની સપાટી સતત જાળવી શકાશે. એ સપાટી સમુદ્રની સપાટી કરતાં ૧૫૦ ફૂટ નીચી હશે. આમ, આરબ પ્રજાસત્તાકને વીજળીનો અવિરત પ્રવાહ મળશે, જેની શક્તિથી એ ઘણો વિકાસ સાધી શકે. મનાય છે કે લગભગ ૩૬૦ મિલિયન ડૉલરનો આની પાછળ ખર્ચ થશે.


આસ્વાન બંધમાંથી મળનારી શક્તિ ઉપરાંત ઇજિપ્તને આ કટારા-ની વીજળી ઘણી જ મદદરૂપ થઈ શકશે. આજે તો કોઈક વાર આવી ગએલા વરસાદ સિવાય ને નાઈલની નહેરો સિવાય ઇજિપ્તને પોતાની ભૂમિને ફળદ્રૂપ કરવા માટે બીજો કોઈ માર્ગ નથી. તેની વીજળી-શક્તિ પણ અત્યારે તો માત્ર નાઈલ પર જ આધારિત છે. બીજી બાજુ નાઈલનો ઉપરવાસનો ૧૯૦૦ માઈલનો પટ સુદાનને ભાગે જાય છે. આ ઉપરાંત, બીજા ચાર દેશો પણ નાઇલનાં પાણી પર અવલંબે છે ને એ બધાને પોતપોતાની પ્રગતિની યોજનાઓ પણ છે જ. એટલે એકલી નાઈલ-ના પાણી પર જ ઇજિપ્ત સ્વાભાવિકરીતે જ આધાર રાખી ન શકે.

કટારામાં એકઠા થએલા મીઠાનું પ્રમાણ ઘણું વધુ બની જાય ત્યાં સુધી તો ઇજિપ્ત અહીં માછીમારીનો અને એને અનુષંગી ઉદ્યોગોનો પણ વિકાસ કરી શકશે. તે પછી સરોવરના તળમાં જામી ગએલા મીઠાને કાઢવાની અને એને લગતા ઉદ્યોગો વિકસાવવાની તેને જરૂરત પડશે. અત્યારે જે તપાસો થઈ છે તેમાંથી આશાસ્પદ પરિણામ દેખાશે તો આ યોજનાનું કાર્ય આરંભનાં પહેલાં લગભગ ત્રણ વર્ષ તો આ વિ-સ્તારની વધુ વિગતવાર ઈજનેરી તપાસની જરૂર પડશે એમ જણાય છે.

નવાં માલવાહક જહાજ

આસામ રાજ્યના મહાનદ બ્રહ્મપુત્રા પર ઉતારુઓ તથા મોટર-વાહનોની લાવલઈજા માટે છીછરાં માલવાહક વહાણો તૈયાર કરાવવાનો ભારત સરકારે નિર્ણય લેતાં ગ્લાસગોની યૅરો ઍન્ડ કંપની નામની પેઢીએ તૈયાર કરેલી આકૃતિ મુજબ કલકત્તાના ગાર્ડન રીસર્ચ વર્કશૉપ્સ નામના કારખાનાએ એવાં બે વહાણો તાજેતરમાં જ બાંધ્યા છે.

'પંચરત્ન' અને 'માનસ' તરીકે ઓળખાતાં આ વહાણો વાસ્તવમાં બબ્બે વહાણોનાં જોડકાં છે. ભારદારી લૉરીઓની લાવલઈજા સરળ બને અને ધસમસતા પ્રવાહમાં પણ સરળતાપૂર્વક ડાબાજમણાં ફેરવી શકાય તે માટે બબ્બે વહાણોને મજબૂત જોડી દઇને આ પ્રત્યેક વહાણ તૈયાર



કરવામાં આવ્યું છે. લૉરીઓ તેના સળંગ મોટા તૂતક પર રહે છે.

આ પ્રત્યેક વહાણ ૫૪ ફુટ લાંબુ છે અને કુલ ૧૦ ટન વજન જેટલાં વાહનો તથા ૬૦ ઉતારુઓ (અને તેમનો સામાન) લઈ જઈ શકે તેવું છે. તેનો નીચેનો ભાગ પાણીમાં વધ રેમાં વધારે માત્ર ૪ ફૂટ સુધી જ ડૂબે છે.

યૅરો પેઢી આવાં વહાણોનાં આકૃતિનિર્માણ તથા બાંધકામ માટે વિશ્વવિખ્યાત છે અને ૫૦૦ જેટલાં ખાસ વહાણો તેણે પૂરાં પાડયાં છે.

લાકડાના જોડા

લાકડાના જોડા કંઈ શોભાની વસ્તુ નથી. આજે પણ નેધરલૅન્ડમાં ખેડૂતો તેનો ઉપયોગ કરે છે. નેધરલૅન્ડની એ એક વિશિષ્ટતા છે. ડચ ભાષામાં તેને 'ક્લૉગ્પેન' એટલા માટે કહે છે કે તે પહેરીને ચાલતાં 'ક્લૉમ્પ-ક્લૉમ્પ' એવો અવાજ થાય છે.


આપણે ત્યાં લાકડાની ચાખડીઓ-પાવડીઓ પહેરવાનો રિવાજ છે. નેધરલૅન્ડના લાકડાના જોડા અને આપણી લાકડાની પાવડીઓ વચ્ચેનું સામ્ય શોધવા જેવું છે.

નેધરલૅન્ડના ઘણાખરા ખેડૂતો, માછીમારો, ફાઉન્ડ્રી કામદારો, દારૂની ભઠ્ઠીમાં કામ કરતા લોકો વગેરે કામવર્ગીઓ લાકડાના જોડાનો ઉપયોગ કરે છે; કારણ કે હૉલૅન્ડની ઠંડી તથા ભેજવાળી ભૂમિમાં બીજી કોઈ પણ જાતના જોડા કરતાં લાકડાંના જોડા વધુ ઉપયોગી જણાય છે. સામાન્ય રીતે ભીની ને લપસણી જમીનમાં આ જોડા વધુ સલામત છે.


આ જોડા કદમાં સારા એવા મોટા હોય છે. ગરમ મોજાં પર તે સહેલાઈથી પહેરી શકાય છે. અંદર ઘાસનું થોડું પેકિંગ પણ હોય છે. આ બિનખર્ચાળ જોડા ત્રણથી ચાર મહિના સુધી ચાલે છે. મોટે ભાગે એ પૉપલર અને વીલોના લાકડામાંથી બનાવવામાં આવે છે. શિયાળાની લાંબી સાંજે ખેડૂતો નિષ્ક્રિય હોય છે ત્યારે પોતાના તથા કુટુંબ માટે લાકડાના નવા જોડા બનાવવાનો એક વખત રિવાજ હતો. ને જો હાથ સારો હોય તો બીજા લોકો માટે પણ જોડા બનાવીને તે થોડું કમાઇ લેતો હતો. બીજા વિશ્વયુદ્ધને અંતે વર્ષે દહાડે સરેરાશ ૬૫ લાખ જોડી બનાવ-વામાં આવતી હતી. ગયે વર્ષે યાંત્રીકરણ વડે ૫૦૦ જેટલાં નાનાં કાર-ખાનાઓમાં થઇને લગભગ ૫૦ લાખ જોડી તૈયાર થઈ હતી.

આવા એક કારખાનાની મુલાકાતે તમે પ્રવેશ કર્યો. તમે જાઓ ત્યારે તેમાં પ્રવેશતાં વાતાવરણમાં તાજા જ કપાયેલા લાકડાની મીઠી સુગંધ ફેલાયેલી હોય. કૅમ્પાઉન્ડમાં તાજાપાણીના નાનકડા તળાવમાં પોપલર લાકડાના ટુકડાઓ ગોઠવાયલા હોય. લાકડાને ઉપયોગમાં લેતાં પહેલાં એકાદ વર્ષ માટે તેને પાણીમાં ભીંજવવામાં અને રાખી મૂકવામાં આવે છે, કે જેથી તેને માખણની જેમ વાળી તથા કાપી શકાય. પહેલાં તેમાંથી ૧૫ ઇંચ લાંબા લંબચોરસ ટુકડાઓ કરવાનું કામ થાય. પછીનો કારીગરો તેના લગભગ ૪ ઇંચ ઊંડાઈવાળા ટુકડા બનાવે તે પછી આ ટુકડાને એક અજબ યંત્ર ઉપર લઈ જવામા આવે. એક યંત્ર જોડા તૈયાર કરે અને બીજું યંત્ર તેનો મધ્યનો ભાગ ક્ષણભરમાં પોલો કરી નાખે. આટલું થતાં ફક્ત અઢી જ મિનિટ થાય. તે પછી દરેક જોડાનું ચીબું નાક કાપી અને અંદરનો ભાગ લીસો કરવામાં આવે. ત્યાર બાદ તે પર ચિતારાઓનું કામ શરૂ થાય, અને પછી ૧૦૪ ફેરનહીટ સ્થિર ઉષ્ણતામાન-વાળા મોટા ઓરડામા દસકેબાર દિવસ સુકવવા માટે રાખવામાં આવે.

છેલ્લાં દસ વર્ષમાં હૉલાંડમાં માથાદીઠ લાકડાના જોડાનો ઉપયોગ ઓછો થતો ગયો છે, પરંતુ વધતી જતી વસતિ અને ગામડાઓમાં વસતા લોકોની વધુ ને વધુ માંગથી સમતુલા જળવાઇ રહી છે. જેમણે જિંદગીમાં લાકડાના જોડા કદી પહેર્યા નથી એવા લોકોને પણ પોતાના નાનકડા બગીચાઓમાં કામ કરવાને આ જોડાઓ હવે ગમવા માંડયા છે. નેધરલૅન્ડમાં આવતા હજારો સહેલાણીઓ નેધરલૅન્ડની એક વિશિ-ષ્ટતા અને યાદગીરી તરીકે પણ લાકડાના જોડાની જોડી લઇ જાય છે.



અવકાશયાનો બાંધવાનો, હવે તો અમેરિકામાં એક ઉદ્યોગ જ શરૂ થયો છે. ઈ. ૧૯૫૭ પછીલગભગ ૩૦૦૦ જેટલી ખાનગી કંપનીઓ રાષ્ટ્રની અવકાશયાન-યોજનાઓમાં સામેલ થઈ છે અને હજી યે દર મહિને નવી કંપનીઓ જોડાઈ રહી છે. આ દૃશ્યમાં અવકાશયાનના કેટલાક બાહ્ય ભાગ બનતા દર્શાવ્યા છે. હવે તેમાં સ્વયંસંચાલિત યંત્રોનો પણ ઉપયોગ થવા લાગ્યો છે; હજારો વિજ્ઞાનીઓ ને ઈજનેરો, અવકાશની શોધસફરો માટે તથા સંભવિત હલ્લાઓ સામે બચાવ સારૂ એના ઉત્પાદનમાં કામ કરી રહ્યા છે.




મોસ્કોમાં હવે જાહેર સ્મારક તરીકે સ્થપાયેલા રશિયન આવિષ્કારક ત્સિ-ઓલ્કોવ્સ્કીના મકાનમાંનો તેનો અભ્યાસ-ખંડનો ભાગ.

કાકડી

શ્રાવણ અને ભાદરવો એ લીલી શાકભાજી અને કચુંબરની ઋતુ છે. આ ઋતુમાં કાકડીનો આપણે છૂટથી ઉપયોગ કરીએ છીએ. આ સાથે જો એના ગુણદોષની સમજણ મળે તો અનેક લાભ થાય. કાકડી ખાસ કરીને ચોમાસાનું શાક છે. અતિ વરસાદને કારણે કાકડીમાં એક પ્રકારની પિત્તવર્ધક મૂત્રલ અને પાચનશક્તિ આવે છે. લોકરિવાજમાં એવું મનાય છે કે આ ઋતુમાં કાકડી જેવાં પાણી ચડેલાં કાચાં શાકભાજી ખાવાથી મેલેરિયા જેવા વિષમ જ્વરનાં દર્દો પેદા થાય છે. એક રીતે આ વાત સાચી છે; કારણ કે શ્રાવણ સુદ પૂનમથી આસો સુદ પૂનમ સુધીના બે માસની શરદ ઋતુમાં પિત્તનો પ્રકોપ વધે છે. પાચકશક્તિ નાશ પામે છે અને પરિણામે વિશેષ પાણી ભળેલો ખોરાક લેવામાં આવે તો મંદાગ્નિ, અજીર્ણ જેવાં આમજન્ય દરદો પેદા થાય છે અને આમ વધે એટલે પિત્તજ મેલેરિયાને પેદા થવાનો અવકાશ મળે છે. પરંતુ જે દેશ કાળ, ઋતુ અને ખોરાકમાં આ નિર્ણયો થયા તે દિવસોમાં આપણો મુખ્ય ખોરાક ઘી દૂધથી ભરેલો, ચીકણો, સ્નેહયુક્ત હતો. વૈજ્ઞાનિક રીતે સ્નેહયુક્ત ખોરાક પછી જો પાણી વિશેષ લેવાય તો પાચક પિત્ત પાતળાં પડી જાય અને પરિણામે ખોરાક પચે નહિ.

પણ આપણા લોકોને ખાટું, ખારું, તીખું, ભૂંજેલું અને કાચું, કોરું ખાવાનું આજે સામાન્ય થઈ પડયું છે. આ ખોરાકથી પેટ ભરાય છે પણ પોષણ મળતું નથી અને આ સ્નેહ વિનાના ખોરાકથી આંતરડાં પણ એને જલદી મળક્રિયા દ્વારા બહાર કાઢી શકતાં નથી. આથી આજના પ્રધાન રોગમાં કબજિયાત અને આંતરડાના બીજા વ્યાધિઓ જોવા મળે છે. આવી સ્થિતિમાં સૂકા મળને ધક્કો મારીને બહાર કાઢી નાખવાનું કામ પાણી કે પાણીવાળો ખોરાક કરે છે. અને આ દૃષ્ટિએ જ આજના નિસર્ગોપચારકોએ લીલાં શાકભાજી અને કાચાં કચુંબરોને ખોરાક શાસ્ત્રમાં પ્રાધાન્ય આપ્યું છે.

કાકડીમાં પાણીનાં તત્ત્વો વિશેષ છે, આથી એ સ્વાભાવિક રીતે જ પેશાબ દ્વારા શરીરસ્થ ઝેરોને દૂર કરે છે. પેશાબનાં નાનાંમોટાં દરદોમાં એ હિતકર બને છે: પેશાબ ઓછો આવતો હોય, વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય અને છતાં ય સતત ખણસ રહ્યા કરે, પેશાબમાં બળતરા કે દાહ થતો હોય, પેશાબને રોકવાની ટેવથી મૂત્રાઘાત ઉદાવર્ત કહેવામાં આવે છે તેવો ગેસ થતો હોય, પેશાબમાં કોઈ ને કોઈ પ્રકારનાં તત્ત્વો જતાં હોય, મૂત્રાશય કે કીડનીમાં પથરી હોય અને પરિણામે તાવ, પેશાબ વખતે શૂળ અને કમરના દુખાવાની પીડા રહેતી હોય,—આવાં નાનાંમોટાં દરદમાં કાકડીનો છૂટથી ઉપયોગ કરવાથી ખૂબ જ લાભ મળે છે. મહર્ષિ ચરકે નિર્દેશ કર્યો છે કે કાકડી અને દ્રાક્ષનો રસ મેળવીને ખાવાથી પેશાબજન્ય વ્યાધિઓ દૂર થાય છે, સિંધવ



'રાષ્ટ્રકુટુંબ-ભવન'

લંડનના હોલૅન્ડ પાર્કની દક્ષિણે સવાત્રણ એકરના વિસ્તારમાં શહેરની અન્ય ઈમારતો કરતાં કંઈક આગવી જ પ્રતિભાવાળા 'કૉમનવેલ્થ ઇન્સ્ટીટ્યૂટ'ના ભાવિ મકાનનો આ નમૂનો છે. 'મૉડર્ન' ઢબના આ મકાનના મુખ્ય વિભાગનું છાપરું ત્રાંબાના આવરણવાળું હશે. તેની દીવાલો અર્ધપારદર્શક કાચની બનવાની હોઈ રાત્રે અંદરના પ્રકાશથી જ તે ઝળહળી ઊઠશે. કૉમનવેલ્થને લગતી માહિતીઓ આપતાં પ્રદર્શનોનો આ વિભાગ છે. પશ્ચિમ બાજુના વિભાગમાં કાર્યાલય ઉપરાંત સિનેમાગૃહ, કળાવિભાગ, પુસ્તકાલય, વિશાળ સ્વાગત ખંડ ને બગીચામાં બહાર પડતા ઉપાહારગૃહનો સમાવેશ કરાશે. આગળ આંગણમાં કૉમનવેલ્થ-દેશોના રાષ્ટ્રધ્વજો ફરકશે. મકાનની ડાબી બાજુથી વાહનોની અવરજવર માટેનો ખાસ માર્ગ છે. લોકોને આવવાજવા વળી એક જુદો જ માર્ગ રહેશે, જેના પર સદા વૃક્ષોની શીળી છાયા પડતી હશે.



ઈંગ્લંડની લીડ્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું 'વૉર ઑન વૉન્ટ' નામનું એક મંડળ દર મંગળવારે માત્ર એક પાંઉ અને એક બાટલી દૂધનો છએક પેન્સની કિંમતનો સાદો નાસ્તો લેવા માટે મળે છે. સામાન્યત: તેમના એક વખતના ભોજનનો ખર્ચ દોઢ-બે શિલિંગનો હોય છે, પણ આ રીતે અઠવાડિયે એક વાર અંગત ખર્ચમાં કાપ મૂકી પૈસા બચાવી તે નાણું જગતના અર્ધભૂખ્યા લોકોને સીધી કે આડકતરી રીતે ખોરાક પહોંચાડવાની યોજના માટે મોકલવાનું તેઓનું ધ્યેય છે.

અને કાકડી લેવાથી પત્થરના કબાણને કારણે અટકતો પેશાબ સાફ આવે છે અને કાકડીમાં સાકર મેળવીને લેવાથી પેશાબની બાબતમાં આરામ મળે છે. પેશાબના દોષમાંથી થતાં બીજાં દરદોમાં કમળો, શરીર ઉપરના સોજા અને જળોદર ગણાવી શકાય. આવા દરદમાં સામાન્યરીતે પેશાબ વધારવાની ખાસ જરૂર હોય છે, કારણ કે એ દ્વારા જ પિત્તજ ગરમી કે ઝેરો દૂર કરી શકાય છે. વળી શરીરની રક્તધાતુમાં સંગ્રહાએલી ખટાશ અમ્લતા પણ વિશેષત: પેશાબ દ્વારા જ દૂર થઈ શકે છે. આથી આવાં દરદોમાં કાકડીનો ઉપયોગ કરવાની અનુભવી વૈદ્યોએ ભલામણ કરી છે. કાકડી ઉપરાંત એનાં બીજ પણ એટલી જ ગુણશક્તિ આપનારાં છે. કાકડી ન મળે એવી ઋતુમાં એનાં બીજ સૂકવીને રાખ્યાં હોય તો ઉપયોગમાં લઈ શકાય છે. પ્રદર પ્રમેહ જેવાં સ્રાવજન્ય દરદોમાં આ કાકડીનાં બીજ ખૂબ જ ફાયદાકારક નીવડે છે.

(જન્મભૂમિ-પ્રવાસી)–'ચિકિત્સક'

પાન ખાવાનો રિવાજ સારો છે?

આપણી ભાજીઓ, શાક વગેરેમાં ચાંયેચૅમ્લ(ઑક્ઝેલેટસ) ઘણો હોય છે. પાંદડાંમાં કૅલ્શ્યમનું પ્રમાણ પણ સારું હોય છે કૅલ્શ્યમ તો બહુ જરૂરી પદાર્થ છે અને આ પણે રોજ ખોરાકમાં લેવો જોઇએ પરતુ આપણે જે શાકભાજી ખાઇએ છીએ (મૂળા, મેથી, લૅટ્યુસ, તાંદળજો, કરડીની ભાજી, કોથમીર, કઢી લીમડો, અંબાડી, ચાકવાત, નાગરવેલનાં પાન વગેરે) તે તમામમા કૅલ્શ્યમ કરતાં ઑક્ઝેલેટ્સનું પ્રમાણ ઘણું હોય છે. એને લઇને કૅલ્શ્યમનો ઉપયોગ શરીરની ધાતુઓ કરી શકતી નથી. એક વખત બને તો આપણે રોજ, ભાજી ખાવી જ જોઇએ. આ ભાજીઓના કૅલ્શ્યમ આપણું શરીર સારી રીતે ઉપયોગમાં લઈ શકે એટલા માટે રોજ પાનમાં ચૂનો ચોપડીને ત્રણ ચાર વખત નાગરવેલનાં પાન ખાવામા લેવાં જોઇએ જેથી ઑક્ઝેલેટસનું નુકસાન નહિ થાય અને કૅલ્શ્યમ વધુ પ્રમાણમાં આપણી ધાતુઓ મેળવશે. (ભિષગ્ભારતી)



દુનિયાના આ ઉદ્યોગપતિએ પહેલી મોટર બનાવી, ઔદ્યોગિક પદ્ધતિમાં સુધારા કર્યા ને વિજ્ઞાન, શિક્ષણ ને કળાઓ માટે દાન દીધું.



તેનો જન્મ અમેરિકાના મિશિગન રાજ્યમાં ડીઅરબોર્ન નજીક એક ખેતરમાં ૧૮૬૩માં થયો હતો. શાળા પછી તે પિતાને મદદ કરતા.



પ્રાથમિક શિક્ષણ લઇ ૧૭મે વર્ષે તેઓ ડિટ્રોઇટ જઇ યંત્રનું કામ શીખતા રહ્યા અને રાતે ઘડિયાળો સમી કરી આવક કરવા લાગ્યા.



૧૮૮૮માં ડિટ્રોઇટથી પોતાના પિતાને ખેતરના કામમાં મદદ કરવા આવ્યા, ત્યાં પોતાની બાળપણની સખી ક્લેરા બ્રાયન્ટ સાથે લગ્ન કર્યું.




ખેતર પર કામ કર્યા બાદ નવરાશનો બધો સમય તે મોટરગાડી બનાવવાની યોજના પાછળ જ ગાળતા ને તેનાં પત્ની તેને પ્રોત્સાહન આપતાં.




૧૮૯૧માં ઓજારોની વધુ સગવડ માટે તે ફરી ડિટ્રોઇટ ગયા, નોકરી બાદ રાતે ઘર પાછળના નાના કારખાનામાં મોટરના ભાગ બનાવતા.




૧૮૯૩ના ડિસેમ્બરમાં તેણે બનાવેલું પહેલું એન્જિન રસોડાની પાળી પર ગોઠવી ચલાવ્યું ત્યારે એ પતિ-પત્નીનો આનંદ તો માય નહિ.




૧૮૯૬માં તેણે પહેલી મોટર બનાવી. તેનું માળખું લાકડાનું ને પૈડાં-બેઠક સાયકલનાં; ને ભારે અવાજ કરતી, છતાં તરતમાં વેચાઇ ગઇ.




બીજી ગાડીઓ બનાવ્યા બાદ તેણે ૮૦ હૉર્સ-પાવરની પ્રખ્યાત રેસર ગાડી બનાવી ને પોતે ચલાવીને કલાકે ૯૧ માઇલનો વિક્રમ સ્થાપ્યો.



શાંતિમાં તે ઊંડી શ્રદ્ધા ધરાવતા હોઈ પહેલા ને બીજા વિશ્વયુદ્ધ પહેલાં તેમણે પોતાનાં કારખાનાંમાં યુદ્ધસરંજામ બનાવવાની ના પાડેલી.



૧૯૩૬માં તેણે વિજ્ઞાન, શિક્ષણ અને કલાની પ્રગતિ માટે ૨૩૭ કરોડ રૂપિયા જેટલી મિલકતમાંથી ફોર્ડ ફાઉન્ડેશનની સ્થાપના કરી.




તેણે ત્રણ ક્રાન્તિઓ કરી: સામાન્ય માણસ ખરીદી શકે તેવી મોટર, ઍસેમ્બ્લીથી ઉત્પાદનમાં ક્રાન્તિ ને કામદારોનું ઊંચું જીવનધોરણ.







અમેરિકામાં ગ્રંથપ્રકાશન-પ્રવૃત્તિ: અમેરિકામાં લગભગ ૪૦૦ પ્રકાશકો છે, જે દર વર્ષે વિવિધ પ્રકારનાં ૧૪,૦૦૦ પુસ્તકો બહાર પાડે છે અને એની જુમલે લગભગ એક અબજ નકલો છપાય છે! માત્ર પુસ્તકોના વેચાણ માટેની કેવળ બુકસેલરોની જ ત્યાં ૨૮૦૦ જેટલી દુકાનો છે. એ ઉપરાંત ઘણી હોટેલો, મોદીખાના તથા કરિયાણાંની દુકાનો તેમજ મોટામોટા સ્ટોરમાં પણ પુસ્તકો વેચાય છે. વળી પુસ્તકોના આ છૂટક વેચાણ ઉપરાંત ત્યાં 'બુક-કલબ' નામની સંખ્યાબંધ સંસ્થાઓ પણ છે, જે પોતાના નિયમિત લવાજમી ગ્રાહકોને ટપાલ દ્વારા દર વરસે ૮ કરોડ જેટલી ચોપડીઓ વેચે છે, તેનો ખયાલ નીચેના ડાબા ચિત્રમાં આપ્યો છે. એ સિવાય હમણાં વળી 'પૉકેટ બુક' નામે ઓળખાતી કાચા પૂઠાની **સર્વજનસુલભ ને સસ્તી** ચોપડીઓના પ્રકાશનની એક નવી પ્રવૃત્તિ ત્યાં શરૂ થઇ છે, જેમાં સારી ચુનંદી ચોપડીઓ મૂળ આવૃત્તિની ૧૦ ટકા જેટલી સોંઘી કિંમતે વેચાય છે. એ **સસ્તા ગ્રંથપ્રકાશનની** યોજના એટલી તો **લોકપ્રિય થઈ છે (નીચેનું બીજું ચિત્ર) કે દર વર્ષે એની લગભગ ૫૦ કરોડ નકલો ખપે છે!**



ભારતીય હવાઈ દળે પોતાનો ૨૭મો વાર્ષિકોત્સવ ઊજવ્યો તે પ્રસંગે મુંબઈમાં બતાવાએલી કવાયતમાંનો મધદરિયે હેલિકોપ્ટર દ્વારા **પહોંચાડાતી સહાયનો એક દેખાવ.**

શરીરના સ્વાસ્થ્યની સમતુલા જાળવવા માટેનો ધાર્મિક સ્વરૂપે પ્રયોજાયેલો પ્રયોગ

અલૂણાં

લેખક · નટવરલાલ માલવી

ગુજરાતી બીજી કે ત્રીજીમાં હોઇશ, ત્યારે 'મીઠું' શબ્દ પહેલવહેલો 'આવ્યો,'—એટલે કે છપાયેલો 'વાંચ્યો'. શબ્દ નવો નહોતો, પણ મહેતાજી સાહેબે અમને મીઠાના ગુણ શીખવ્યા, તે જ્ઞાન નવું હતું. મીઠું ક્યાંથી મળે છે એ કેવી રીતે બને છે તે સમજાવ્યું; સાથે એવું ય શીખવ્યું કે: 'મીઠું ખાવું બહુ સારૂં છે. તે લોહી સુધારે છે.' ને આ પાછલી વાત તો વળી મહેતાજી સાહેબે અમને ગોખાવી કહું તો ચાલે. 'મીઠું લોહી સુધારે છે, મીઠું લોહી સુધારે છે'-એવા સમૂહરાગડા અમે સારી પેઠે તાણ્યા. એટલે કુમળી વયે જ તેની છાપ મગજ પર ઘેરી બની ગઇ.

પણ હવે આ કિસ્સો સાંભળો. બાળકનું નામ 'અ'.

'અ' પાંચ વરસનો હતો ત્યારથી તેને ફોલ્લા થવા લાગ્યા. માબાપે જાતજાતના ઉપચારો શરૂ કર્યા. ધ્રૂપેલમાંનો નીચેનો કીટો બાળીને તેની રાખ લગાડવાથી ફોલ્લા મટી જાય એવી ડોશીસલાહ મળી. માબાપે તે પ્રયોગ કર્યો. ફોલ્લા મટી ગયા.

ના બાઇ, મટી 'ગયા' નહિ, ફક્ત 'મટ્યા' જ કહી શકાય. કેમકે એક મહિના બાદ પાછા મુલાકાતે આવ્યા; આવ્યા ને રહ્યા!

ગાંધીને ત્યાં મજીઠ મળે છે,—મંજિષ્ઠ, જેનો મંજિષ્ઠાદિ ક્વાથ રક્તસુધારક દવા તરીકે વેચાય છે. તેનો ઉકાળો પાવાનો એક પ્રયોગ છે. તે પાયો. થોડો વખત અસર રહી. ફોલ્લા સુધર્યા, પણ ગયા નહિ.

'સારસાપરીલા દવાથી લોહી સુધરી જાય છે, તે કેમ નથી પાતાં?'—એવો ઠપકો મળતાં માબાપ બજારે દોડી તે લઈ આવ્યાં. ફોલ્લા ઓછા તો થયા. પણ થોડાક જિદ્દી, ના-છોડ-બંદા ('ડાઈહાર્ડ' માટેનો આ બંગાળી શબ્દ મને બહુ ગમી ગયો છે) ફોલ્લા હઠે ચડીને બેસી રહ્યા.

રક્તદોષાંતક નામની દવા આવે છે તેની એક શીશી પાઈ. ફોલ્લા મટી ગયા. સ્ફૂર્તિ વધી. ચહેરા પર ચળકાટ આવ્યો.

બે મહિના સારૂં રહ્યું. પછી? પાછો ફોલ્લાઓનો હલ્લો!

સુખડનું તેલ ચોપડી જોયું. અસર સારી, પણ કાયમી તો નહિ જ.

લીંબુનો રસ એકાદ મહિનો પાઈ જોયો. કાયમી અસર?—()!

એક વૈદ્યરાજે ગંધકનો નુસખો બતાવ્યો, તે પણ કરી જોયો. લગભગ ½ તોલા જેટલો આમલસારો ગંધક લેવો. તેને ચોખ્ખા ઘીમા ખૂબ કકડાવવો ને ગરમગરમ લગભગ પાશેર દૂધમાં નાખી દેવો. તે દૂધમાંથી એક ચમચી પાવું, બાકીનું ઢોળી દેવું.

બીજો નુસખો એવો કે બધી જાતના કઠોળની દાળ ભેગી કરી, બળી જાય એટલી હદે પાણીમાં શેકવી ને તેની રાખોડી ફોલ્લા પર દાબવી. ફોલ્લા સુકાઇને કરમાઈ તો જાય; પણ નવા તો ફૂટે જ.

આમ ને આમ બે વરસ નીકળી ગયાં! હવે, ફોલ્લા આમ કાયમ ન મટવાનું એક કારણ હતું તે જણાવવું જોઈએ. એ કારણે જ તે મટતા નહોતા, એમ તો ન જ કહી શકાય; પણ વારંવાર ઊથલો આવ્યા કરતો. કારણ એ હતું કે એ છોકરાને તીખાશું ખૂબ ભાવે. તેલમરચું, ભજિયાં-પાતરા, ફરસાણ ખાવાનો શૉખ ઝાઝો. તેલમરચાં વિનાની રસોઇ ખાઇ શકે નહિ. ઘીની કે મરચાં વિનાની ચીજ ગળે ઊતરે નહિ. માબાપ પરહેજી પળાવવા યત્ન કરે તો દીકરો ભૂખ્યો જ રહેતો!

એવામાં આવી પહોંચ્યો અષાઢ માસ. આ મહિને હિન્દુ કિશોરીઓ 'સારો વર' મેળવવા અતિકાવ્યમય 'ગૌરીવ્રત' યાને 'અલૂણાં' કરે છે. તે અંગે પાંચ દિવસ મીઠુંમરચું, તેલ, અનાજ, સર્વ તજી દે છે. અનાજમાં માત્ર ચોખાનો લોટ વપરાય, કદીક; ક્યાંક એવેજીમાં ઘઉં વપરાય. શાકમાં ફક્ત દરિયાકાંડે થતી મોરસ નામની ભાજી ખાઇ શકાય. (તેમાં પણ મોટો મોરસ ને નાનો મોરસ, બે જાત આવે છે. મોટો મોરસ ખૂબ ખારોખારો હોય,—મીઠું જ જોઈ લો! નાનો મોરસ મુકાબલે ઓછો ખારો હોય, પણ ખારાશ તો ખરી જ. આ ભાજી દરિયાકાંઠે દસબાર માઇલના ટપ્પામાં જ, આસપાસનાં ગામોમાં જ વારંવાર પ્રાપ્ય હોય છે. દરિયાથી દૂરના પ્રદેશનો તે અજાણી છે. જેને લીલોતરીના રૂપમાં 'લવણ' કહી શકાય તેવી દરિયાકાંઠે આપોઆપ ઊગી નીકળતી આ વનસ્પતિ છે. આમાંથી નાનો મોરસ જ કાયદેસર રીતે અલૂણા વ્રતમાં ખાઇ શકાય છે.) બાકી તો આલુ અંજીર, દ્રાક્ષ કેરી, અખરોટ-કાજુ. આદિ ફળ તો બધાં જ ખવાય, લીલાં કે સૂકાં. ને દૂધ બનાવટો તો, અલબત્ત, બધી જ કાયદેસર.

અલૂણા વ્રત આવવાને બે ત્રણ દિવસ બાકી હશે ને 'અ'ની મશિયાઇ બહેન એને ત્યાં રહેવા—મામાને ત્યાં રહી અલૂણા વ્રત કરવા—આવી. એટલે 'અ'ની બાએ 'અ'ને પૂછ્યું: 'તુ પણ 'બ' બહેનની સાથે અલૂણાં કરે, તો તને એક રૂપિયો આપું.'

આમ કહેવામાં બાઈની મતલબ એ, કે દીકરો તેલમરચુ છોડતો નથી, પરહેજી પાળી શકતો નથી, તેથી એના ફોલ્લા મટતા નથી. હવે આ અખરોટ-દરાખ ખાવાની ને રૂપિયો મેળવવાની લાલચે અલૂણાં કરે તો મીઠું જાય તેની સાથે તેલમરચું આપોઆપ છૂટી જાય, દૂધઘી ફળ જેવો સાત્ત્વિક આહાર જ પાંચ દહાડા સતત પેટમાં જાય, અને પરિણામે ફોલ્લા મટી જવાના સારા સરખા સંભવ રહે. એકલાં એકલાં તો એ કંઇ થાય નહિ, પણ બેત્રણ વરસે જ મોટી મશિયાઈ બહેન, આઠનવ વરસની હારોહારિયણ, સંગાથમાં હતી એટલે થઇ જાય તો થઇ જાય. રૂપિયાની લાલચે જામી પડે!

ને ખરે જ સોનું દેખી મુનિવર ચળ્યા. આકરું તો બહુ યે પડયું. ઘરમા રોજ બીજાં માટે રસોઇ થતી, દાળ ભાત શાક મઘમઘતાં રંધાય, એટલે મોંમાં પાણી તો છૂટતું; પણ કંઇક ચડસમાં, કંઈક રૂપિયાની લાલચે, નહિભાવતું નહિભાવતું તો ય અલૂણું ખાવા લાગ્યા. ચોથો ને પાંચમો બે દિવસ જરા વાંધેવચકે ચડ્યા, પણ માબાપે પાનો ચડાવી ચડાવી પાંચમો દિવસ પણ બરાબર ખેંચાવી કાઢ્યો. છઠ્ઠે દિવસે રોજિંદો ખોરાક, ને સાથે લીધો બેઠો રૂપિયો એક પૂરો, કલદાર.

પછીમા બન્યો ચમત્કાર! એના શરીર પરથી એકેએક ફોલ્લો અદૃશ્ય થઈ ગયો હતો. શરીર તદ્દન નરવું બની ગયું હતું!

અને એ ચમત્કાર ચાલુ પણ રહ્યો જ. પછીનું આખું વરસ ફોલ્લા વિનાનું ગયું. લોહીબગાડે જરા પણ ઊથલો ન માર્યો. આગળ બધી દવાઓ હારી હતી, ત્યાં અલૂણા વ્રતે પરચો બતાવી દીધો હતો, લોહીને બળવાન બનાવી દીધું હતું.

બીજો અષાઢ આવ્યો. ફરી માબાપે અલૂણાં કરે તેને માટે રૂપિયા એકનું જંગી ઈનામ જાહેર કર્યું (ત્રીસ વરસ પૂર્વે રૂપિયો ગાડાના પૈડા જેવો મોટો હતો ને?) આ વખતે ચડસે ચડવા મશિયાઈ બહેન હતી નહિ, એ મોટી મુશ્કેલી. બીજી બાજુ રૂપિયાના લાલચ ઉછાળો માર્યો. બન્યું એવું, કે 'અ'થી ચારપાંચ વરસ મોટા બાઈએ પણ રૂપિયો મળવાનો હોય તો મીઠું છોડી દેવાની તત્પરતા જાહેર કરી. સંગાથ મળી ગયો. બંને જણાએ અકળાતાં અમળાતાં પાંચ દિવસ ખેંચ્યા

કાઢ્યા ને રૂપિયો ગાંઠી લીધો...

પણ આ બધું અપ્રસ્તુત છે. મુદ્દે વાત છે તે એટલી જ કે બાળકના ફોલ્લા ગયા તે ગયા જ: ને પાછી એ ઉપદ્રવે કદી દેખા દીધી નહિ! આમ, નિમકે નહિ, પણ નિમકના ત્યાગે લોહી સુધારી આપ્યું.

ત્યારે મહેતાજી સાહેબની શી ભવણી ખોટી હતી?—મીઠું લોહી સુધારે એ વાત બરાબર નહિ?

મહેતાજી તો બાપડા (પંદરેક રૂપિયાના પગારદાર) કંઇ વૈદકશાસ્ત્રના નિષ્ણાત નહોતા, કે જાતે પ્રયોગ કરનારા નહોતા; પરંપરાથી પોતે જે જાણેલું કે શીખેલા તે જ પ્રમાણે કહ્યું હતું. તે સાચું પણ હતું અને ખોટું પણ હતું. મીઠું ખાવાથી લોહીમાં શક્તિ આવે ખરી, પણ તે અમુક હદમાં ખાવાથી જ. તે હદના બહાર એનો ઉપયોગ જાય, એટલે લોહીને તેનું અજીર્ણ થવા માંડે, લોહી નબળું પડે. લવણનો વધારેપડતો ઉપયોગ લોહીને પાતળું ને દૂબળું બનાવે છે.

તેમ એ પણ ખરું કે પોતાના શરીરને નક્કીપણે કેટલા લવણની જરૂર છે તેનો કોઇ પાકો આંક કોઈ કાઢી શકતું નથી. કાં તો આપણે વધારે ખાઈએ, કા તો કમી ખાઇએ. પણ મોટે ભાગે તો એવું જ નજરે પડે છે કે આપણે લવણનો અતિચાર કરીએ છીએ.

એક વાર એક સંબંધીને ઘેર મળવા ગએલો. સંબંધ અતિ નિકટનો, એટલે એમણે આગ્રહ કર્યાથી જમવા બેસવું પડ્યું. જમણમાં ખાસ કશું નહોતું, હતી માત્ર ખીચડી. મેં છસાત કોળિયા તો જેમતેમ ખાધા, પણ પછી કહી દેવું પડ્યું: 'ભાઈસા'બ, મને માફ કરો. મારાથી ખાઇ શકાતું નથી. બહુ જ ખારું છે!'

અમારા કરતાં એ સંબંધીને ત્યાં કમમાં કમ ત્રણગણું મીઠું એમાં વપરાએલું લાગ્યું! મારાથી ખાઈ શકાયું જ નહિ, ઊઠી જ જવું પડ્યું. તેની તો કશી હરકત નહોતી, પણ એમનું આખું કુટુંબ હોંશભેર એ અતિ ખારી ખીચડી ખાઈ ગયું તે જોઇને મારા અચંબાનો પાર રહ્યો નહિ!

અને, ઊઠી જવા સરખું તો નહિ, પણ વધારેપડતું ખારું ભોજન અનેકને ત્યાં નજરે પડે છે; ઘણાને ઉપરથી મીઠું ભભરાવવાની પણ ટેવ હોય છે. આ રીતે ભભરાવેલું કાચું મીઠું સવિશેષ નુકસાનકર્તા છે. રંધાએલું મીઠું, ચૂલા પર ઊકળ્યાથી વાનીમાં એકરસ થઈ ગએલું નિમક, એકંદરે પથ્ય છે; માફકસર હોય તો એમાં અપથ્ય જેવું નથી. પણ કાચું, ઉપરથી ભભરાવેલું મીઠું સુપથ્ય નથી.

સવાલ થવાનો તુરત જ: 'અરે ભલા માણસ, પશ્ચિમના દેશો તો બધા ભભરાવીને જ નિમક ખાય છે,—મીઠું ને મરી ઉપરથી કાચાં જ લે છે. ને એ લોકો તો આપણા કરતાં કેવા ખાસ્સા લઠ્ઠપઠ્ઠ ને તંદુરસ્ત હોય છે. તેઓ તો રાંધેલું મીઠું ખાતા જ નથી, તેનું શું? તેઓ તો જીવે છે પણ વધારે, આપણા કરતા આયુષ્ય પણ વધારે ભોગવે છે. પછી?'

એક જવાબ તો જાતે દઈ શકું: 'કાચું નિમક ન ખાતા હોત તો આથી યે વધારે નીરોગી હોત, આથી યે વધારે આયુષ્ય ભોગવે.'

પણ સાંભળનારા ડોકી જ ધુણાવવાના, એટલે બીજો જવાબ પશ્ચિમના જ સમર્થ આરોગ્યશાસ્ત્રી દાક્તરના અભિપ્રાય વડે આપું. ડૉ. જે. એલિસ બાર્કરની કૃતિ 'માઈ લાસ્ટ ટેસ્ટામેન્ટ ઑવ હીલિંગ', પૃ. ૧૧૭મુ: 'સુધરેલી પ્રજાઓમાં મીઠાનું ઝેર શરીરમાં વ્યાપી ગયાના ઘણા કિસ્સા બને છે. ઘણાક દરદીઓ કબૂલે છે કે પોતે મોટા ચમચા જેટલું મીઠું રોજ ખાય છે, નાસ્તામાં પણ મીઠું વાપરે છે, વગેરેવગેરે. આવા, વધારેપડતું મીઠું વાપરનારાનું લોહી પાણીપાતળું બની જાય છે, તેમને શરદીશરદી જેવું લાગ્યા કરે છે, નાકમાં સૂકાંલૂખાં રહે છે, આંતરડામાંથી પણ ચિકાશ કમી થઈ જાય છે, ને પરિણામે કબજિયાત વારંવાર થાય છે. બરડામાં દુખાવો થાય છે, તે દબાવ્યાથી જ, ચંપીથી જ રાહત પામે છે. દરિયાકાંઠે તેમની તબિયત વધારે બગડે છે, અતરિયાળ તળપદના વસવાટે ઠીક રહે છે.'

એ જ લેખક એ જ ગ્રંથમાં અન્યત્ર લખે છે કે રંધાએલું મીઠું ઓછું નુકસાન કરે છે. એની પોતાની પદ્ધતિ તો એવી હતી કે દર્દીની સાથે પહેલી જ શરત પરહેજની. પરહેજ પાળવા તૈયાર હોય તે જ દર્દીનો ઉપચાર કરવાનું મંજૂર, અન્યથા નહિ. અને એ જાતની પરહેજમાં બીજી બધી બાબતો સાથે હુકમ છૂટે તે એ કે 'મીઠું કાળું ખાવાનું. ઊજળું, સફેદ દૂધ જેવું, કારખાનિયું મીઠું બંધ જ. દરિયામાંથી નીકળ્યા સ્વરૂપમાં, બધી (કચરો કહેવાતી) કાળાશ સાથેનું (એટલે કે આપણું વડાગરું, કાળું, ગાંગડા મીઠું) ખાવાનું.' સફેદ કારખાનિયા મીઠામાં દરિયાઈ નિમકના મૂળભૂત સદ્ગુણો હોતા નથી. દરિયાઈ સ્વરૂપમાં જે કાળાશ હોય છે તેમાં આયોડિનનો અંશ સારો જેવો હોય છે, ને તે લોહી માટે ખૂબ જ લાભદાયક છે. સફેદ લવણ ખાવાથી એ કુદરતી આયોડિનનો લાભ મળતો અટકી જાય છે; એવો સ્વ. ડૉ. જે. એલિસ બાર્કરનો અભિપ્રાય છે. (શક્ય હોય તે સર્વને એ ચોપડી વાંચવાની ભલામણ કરું છું.) આપણે પણ શહેરી જીવનમાં ને સુખિયાં કુટુંબોમાં, ઊજળા, કારખાનજ નિમક તરફ વળી ગયા છીએ. મુંબાઈ જેવાં નગરોમાં ખાસ ફૂલમીઠું ઊજળું મીઠું વપરાશમા વધતું જાય છે; ગૌરવર્ણનો મોહ ગણીએ?

મોટે ભાગે તો આપણે રંધાએલું મીઠું ખાઇએ છીએ, પણ ઘેરઘેર ને જમણવારોમાં તો ખાસ ઉપર છૂટું મીઠું પીરસવાનો રિવાજ છે અને નિમકપ્રેમીઓ તે ભભરાવી લે છે!

સામાન્યરીતે મીઠાનો વધારેપડતો ઉપયોગ લોહીને નબળું બનાવે છે, ને તે વાત આપણા પૂર્વજોના ખયાલમાં બરાબર હતી. ડોસાઓ એ પણ સમજી ચૂકેલા, કે દીકરાઓ નિમક ખાવામાં બરાબર સંયમ પાળી શકવાના નથી, એટલે તેમણે અલૂણાનું વ્રત જ ઊભું કરી દીધું, ને તેની આસપાસ ધર્મની, પુણ્યની જાળ ગૂંથી લીધી. ખરી વાત છે, કે જે કોઈ પ્રવૃત્તિ તમારી કાયાને નીરોગિતા તરફ વાળે તે બધી પુણ્યશાળી પ્રવૃત્તિ જ છે. આષાઢ મહિને કુમારિકાઓ અલૂણા વ્રત કરે અને ચૈત્ર મહિને નાનાંમોટાં સૌ ઓખાવ્રતનાં અલૂણા કરે. પુરુષો આ રચનાને બહુ ગાંઠતા નથી, પણ ભારતની નારીઓ તો ઘણે અંશે એ વારસો જાળવી રહી છે. ચૈત્ર મહિને ઘણાં તો આખો મહિનો અલૂણાં કરે છે, કોઈ પાંચ દહાડા, કોઈ એકાંતરે, કોઈ પંદર દહાડા. પરિણામે તેમની કાયામાંનું નિમકતત્ત્વ સમતોલ બની જાય છે, અતિરેક થયો હોય તો ભુંસાઈ જાય છે.

પેલા શંકાજી 'અ'એ પાંચ દિવસ કુમારિકાઓ પેઠે જ અલૂણા વ્રત કર્યું; ને તે એક બે વરસ જ નહિ, પણ બાર વરસ ચલાવ્યું! અને તે પછી કદી એને ફોલ્લો કે ગૂમડું થયા નથી એ વાતને અ-કસ્માત શી રીતે ગણી શકીએ?

ત્રણચાર વરસ પૂર્વે સૂરતમાં કોઇક બાહારગામથી આવી વસેલા વૈદ કે હકીમનું પાટિયું જોયું હતું: 'દરેક જાતના દર્દ વિના પરહેજીએ મટાડવામાં આવશે.' બિરાદરનું માનસશાસ્ત્રનું જ્ઞાન તો નક્કર ખરું જ, કેમકે આજકાલ નવી પેઢીને પરહેજ પાળવાનું કપરું લાગે છે, અને ખાતાંપીતાં—બધું ખાતાંપીતા જ પોતાના દર્દ મટાડવાની તાલાવેલી હોય છે. પણ એના સરખો ભ્રમ બીજો કયો હોય? જે ખાનપાન વડે જ રોગની ઉત્પત્તિ (ઘણું ખરું) થઈ, વૃદ્ધિ પણ થઇ, તે જ ખાનપાન ચાલુ રાખીને સાજાનરવા થઈ જવાની વાત તદ્દન મિથ્યા છે. બીજાં બધા તત્ત્વો કે સંજોગો કરતા આપણી કાયા પર સૌથી વધારે અસર આપણા

આહારની જ છે. ને એ વિષયમાં ઇંગ્લંડમાં થએલો એક પ્રયોગ યાદ આવે છે. ત્યાંના જ મશહૂર સામાહિકમાં વાંચ્યો હતો.

તારવવાનું હતું તે એ, કે શરીર પર સારીનરસી હવાની અસર વધારે થાય છે કે સારાનરસા, કસદાર નિકસ ખાનપાનની? ડાક્તરોએ બધી રીતે પરીક્ષણ કરીને તદન સરખી તંદુરસ્તીવાળા ચોવીસ છોકરા વીણી કાઢ્યા, ને બારબારની બે ટુકડીઓ બનાવી. એક જૂથને અત્યંત સરસ હવાપાણીવાળા સ્થાનમાં, નિકસ ખોરાક પર રાખ્યું; બીજી ટુકડીને સામાન્ય શહેરી હવાપાણીમાં કસદાર ખોરાક પર રાખી. પ્રયોગ કેટલા દિવસ લંબાવ્યો તે તો નથી સાંભરતું, પણ અંતે સત્ય તારવ્યું તે તો એ જ કે કસદાર ખોરાકવાળા કુમારો જ નીરોગી ને સાજાતાજા રહ્યા, જ્યારે પેલા સરસ હવાપાણી પણ નિકસ ખોરાક પર ઊછરેલા કુમારોની શરીરસંપત્તિ ઊતરી ગઈ, બધાનાં વજન ઘટ્યાં, ચહેરા કરમાયા. એટલે એમાંથી જે વાત સાંપડી તે તો આપણી ભગવદ્ગીતામાં સૈકો વરસ પર સંક્ષેપમાં લખી નાખેલી તે જ 'अन्नाद्भवन्ति भूतानि'. અન્ન વડે જ પ્રાણીમાત્રના શરીરનું ઘડતર થાય છે. ને અન્ન એટલે આપણે પેટમાં જે કંઈ નાખીએ તે બધું જ. તેના પર જ આપણી કાયાની સાજીનરસી હાલતનો આધાર છે. ગમે તે ખાઇને, ગમે ત્યારે ખાઇને, ગમે તે પ્રકારે ખાઇને તબિયત સારી રાખવાની વાત આધાર-પાત્ર નથી. ને શરીરની ઘડિયાળ બગડ્યા પછી, માંદા પડ્યા પછી પરહેજ પાળ્યા વિના સાજા થઈ જવાની વાત સદંતર ખોટી છે. હા, દવાદારૂ વગર કેવળ ખાનપાન બદલ્યાથી ને પરહેજ પાળ્યાથી જ શરીરને પાટે ચડાવી દેવાનું શક્ય છે; સામાન્ય તકલીફો હોય ત્યારે તો અવશ્ય જ. ખાનપાનમાં શો ફેરફાર કરવો એ તો જે તે તકલીફ પર નિર્ભર છે, તેને માટે કોઈ સર્વસામાન્ય નિયમ કે ધોરણ નથી.

પણ એક ધોરણ હોઈ શકે ખરું: થોડેથોડે દહાડે થોડીથોડી પરહેજ પાળી લઈ શરીરને પાછું સમતોલ બનાવી દેવાનું. એ જ દૃષ્ટિએ આપણાં વરતવરતુલાની યોજના થઈ છે. જીવનનાં અનેક પાસાંઓ (કદાચ બધાં) પેઠે આ પાસું પણ ધર્મની સાથે જ ગૂંથી લેવા સિવાય બીજો એ યુગમાં કોઈ માર્ગ પણ નહોતો. એકાદશી, એકટાણાં, શનિ-વાર, મંગળવાર, શ્રાવણી સોમવાર, ચાતુર્માસ, જયંતી ઉત્સવો આદિ ખાનપાનસંયમ પાળવા માટેના ખાસ દિવસો સારા જેવા પ્રમાણમાં આપણા પૂર્વજોએ નિર્દિષ્ટ કરી આપ્યા છે, તે સમગ્ર પ્રજા પાસે અવાર-નવાર પરહેજ પળાવવાની, સામાજિક આરોગ્યને પાટા પર રાખવાની અને વૈદ્યરના દોડાદોડમાંથી મુક્તિ અપાવવાની દૃષ્ટિએ જ.

એથી યે આગળ જઈને દર ત્રણત્રણ વરસે શરીરસમતોલન-પ્રયોગ કરવાનો એક નવલો આદેશ આપણા પૂર્વજોએ સમગ્ર પ્રજાને આપેલો છે. એ છે આપણો અધિક માસ અધિક ફળ આપનારો અધિક માસ--પુરુષોત્તમ મહિનો. તે મહિના દરમ્યાન તો જીવનને બને તેટલું કુદરત નજીક ખેંચી જવાની પણ સલાહ મળેલી છે. દર ત્રણ વરસે શરીરને બધી વરણાગી છોડાવી દેવાની, એટલું જ નહિ પણ ભક્તિમય બની મનને હરખશોકના નાચણવેડામાંથી મુક્ત કરવાનું. રોજ સવારે ચાર-પાંચ વાગ્યે ઊઠો, પ્રભાતના અત્યંત સુંદર, સ્ફૂર્તિદાયક હવામાનમાં નગર બહાર જઈ નદીસ્નાન કરો, એક જ વાર જમો, કેવળ દુગ્ધાહાર કરો, એકાંતરે એકટાણું કરો, મીઠું છોડી દો, કેવળ ફળાહાર કરો, ને જે કોઈ દૈવી શક્તિને માનતા હો તેના ચિંતન દ્વારા હરખશોક, રાગ-દ્વેષના પછડાટાઓમાંથી મનને મુક્ત રાખો—આમાંથી જે કાંઈ, જેટલું કંઈ થઈ શકે તે કરો, તેની તો સર્વને જ છૂટ. એ રીતે શરીરને ત્રણ વરસ દરમ્યાન થએલી ગરબડો -અગર કરેલી ગરબડો—દ્વારા વ્યાપેલાં ઝેરને કમી કરી નાખો. આખો મહિનો એ પ્રમાણે કંઈક પણ નિયમન, મરજિયાત નિયમન પાળો. ખાવાપીવાનો સંયમ જાતે, તમારી પોતાની કાયાની કાયનાત ને જરૂરત માપી નક્કી કરો. આજે શહેરી જીવન-માં આ વાત ઘણાને કપરી લાગે છે, હસામણી કે લૂતવટ લાગે છે, આબરૂમાં ઓછપ આણનારી પણ બનવા લાગી છે. આજે યંત્રવત્ બનતા જીવનમાં, યંત્રો સાથેની વધતી જતી જીવનગૂંથણીમાં કેટલાક વર્ગને માટે તે મુસીબતરૂપ પણ છે જ. પણ તેથી તેના મૂળભૂત પાયો ખોટો ઠરતો નથી. અને દર ત્રણ વરસે કુદરતનું સાન્નિધ્ય ને પરહેજ-સંયમ પાળી, શરીરને સમતોલ પાયે મૂકનારો સમુદાય હજુ પણ ભારત-ભરમાં મોટો, અતિ મોટો છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

આપણું પશ્ચિમીકરણ જોશભેર ચાલી રહ્યું છે, કહો કે દોડતી દુનિયામાં અનિવાર્ય રૂપે બદલાઇ રહ્યું છે. એ પલટો કોઇનાથી અટ-કાવી શકાય તેમ નથી. દુનિયા અતિ નાની બનતી ચાલી છે. પણ એ યે જીવનના કેટલાંક સંગરો તદ્દન ફગાવી નાખવા જેવાં નથી એ તો કબૂલવું જ છૂટકો. આજની આંગ્લપ્રભાવિત પરિભાષામાં કહીએ તો કેટલાંક 'મૂલ્યો' સાચવી રાખવા જેવાં છે:— કેટલાક 'મૂળિયાં' પકડી રાખવા જેવાં છે એમ બોલીએ તો ઝટ સમજાઈ જશે. શબ્દ એકનો એક જ છે, 'મૂલ્ય' અને 'મૂળિયાં', બંનેનાં 'મૂળ'માં.

[સરનામું: 'ગાંડીવ' કાર્યાલય, હવાડિયા ચકલા, સુરત]

એમનો ગુસ્સો

'હું એક વાર ગુસ્સે થયો તો પછી એ મારા કાબૂમાં નથી રહેતો; પણ મારા કાબૂમાં ન હોય એવા ઘણાને હું એથી કાબૂમાં લાવી શકું છું.'—જવાહરલાલ નેહરુ.

'હું ગુસ્સે થાઉં છું ત્યારે ચૂપ રહી જાઉં છું અને એકાંતમાં જઇ પ્રભુની માફી માગી લઉં છું.'—ડૉ. રાધાકૃષ્ણન્

'હું ગુસ્સે થાઉં છું ત્યારે એક થપ્પડ ખેંચી કાઢું છું, —મારા પોતાના ગાલ પર'—કૃષ્ણમેનન

'મને ગુસ્સો ચડે ત્યારે બોલવાચાલવામાં ખૂબ નમ્ર બની જાઉં છું, અને પટાવાળાને પણ 'પટાવાળા સાહેબ!' કહીને સંબોધું છું.'—શ્રીપ્રકાશ

'હું જ્યારે પણ ગરમ ભરાઉં છું ત્યારે લાંબુંલચ ભાષણ ઝૂડી કાઢું છું.'—ચર્ચિલ

'હું જ્યારેજ્યારે ગુસ્સે થાઉં છું ત્યારેત્યારે હંમેશાં લાભ જ થાય છે—પણ બીજાઓને.'—ઇન્દુલાલ યાજ્ઞિક

'હું ગુસ્સે થાઉં છું ત્યારે શું કરું છું, ખબર છે? પણ જવા દો. લગ્ન પછી હું ગુસ્સે થવાનું જ ભૂલી ગયો છું.'—જ્યોતીન્દ્ર દવે

પચ્ચીસ વર્ષ પહેલાં

અષાઢ ૧૯૯૧ અંક ૧૩૯



'કુમાર'નું વિષયવૈવિધ્ય તેના પ્રારંભકાળથી જ અનેક ક્ષેત્રોને આવરતું રહ્યું છે. તેની પ્રતીતિરૂપ પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો એક સચિત્ર લેખ ઉતારીએ. બહુમુખી પ્રતિભા દાખવી ગયેલા ને યુવાનીમાં જ ગત થએલા ('લઘુલિપિ'ના લેખક) સ્વ. હરિકૃષ્ણ વ્યાસે પોતાની અનોખી શૈલીમાં તે લખેલો :



ચિત્ર નં. ૨

આપણે તરવાની ક્રિયાનું પૃથક્કરણ કરીએ તો સામાન્ય રીતે માણસ પાણીમાં આરામથી આમતેમ ફરી શકે તે પહેલાં તેનામાં આટલી વસ્તુઓ આવવી જોઇએ :

(૧) પાણી એ ડરવા જેવી કોઈ ભયંકર વસ્તુ નથી, પણ હવા અને પૃથ્વી જેવું જ એક નિર્દોષ તત્ત્વ છે એવી નિર્ભયતા;

(૨) પાણીમાં થોડો વખત રહી શકાય એટલો ફેફસાં ઉપરનો કાબૂ;

(૩) મો, કાન, નાક વગેરેમાં થોડું પાણી ચાલ્યું જાય તો તે ચલાવી લઈ તેનાથી અકળાઈ ન જવા પૂરતી સહનશક્તિ;


(૪) શરીરના બીજા સ્નાયુઓને આરામ ને હાથ પગના સ્નાયુઓની એકતરફી ગ ત.

આ મુદ્દા હવે વિગતે જોઇએ :

(૧) તરતાં શીખનારે પહેલાં તો પાણીના ભય પર કાબૂ જમાવવો જોઇએ. તરનારે પોતાને જે જગ્યામાં તરતાં શીખવાનું છે એમાં ખૂબ ફરીને એની નિર્દોષતાની પક્કી ખાતરી કરી લેવી. પાણીમાં ઇજા કરે એવાં કોઇ પ્રાણીઓ ન હોય કે તે ડૂબી જવાય એટલું ઊંડું ન હોય એ ખાતરી થઇ ગયા પછી પણ થોડો વખત અપરિચિતતાને અંગે ઉત્પન્ન થતો ભય રહેશે. માટે પાણી ને તળિયાની જમીન બંને સાથેનો પરિચય ખૂબ ગાઢ કરી દેવો જરૂરી છે.

(૨) આમ માનસિક ભૂમિકા તૈયાર થયા પછી ફેફસાંની કેળવણી આવે છે. એને માટે નાકને હાથ વડે બંધ કરીને પાણીમાં બેસી જવું અને જેટલો વખત રહી શકાય એટલો વખત રહેવું (ચિત્ર ૧). આગળ જતાં ધીમે-ધીમે હાથને લઈ લેવો અને હાથની મદદ વિના જ નાકની ગતિ રોકી શકાય એવી રીતે પાણીમાં રહેવા યત્ન કરવો. આથી પાણી સાથેનો પરિચય પણ વધશે. અને આટલું થયું—મન અને ફેફસાં કેળવાઇ ગયાં—એટલે અરધું તરતાં આવડી ગયું. કેમકે હવે તમને પક્કી ખાતરી તો હોય જ કે પાણીમાં થોડો વખત રહેવું પડે તો તેથી કાંઈ ખાસ નુકસાન થવાનું નથી, તેમજ એવી રીતે પાણીમાં વધુ વખત રહેવું પાલવે એમ ન હોય ત્યારે પણ પગને સીધા કરી નીચે જમીનને અડકાડવાથી જ હવામાં મોઢું રાખીને ઊભા રહી શકાય તેમ છે.

(૩) મન અને ફેફસાં પર આટલો કાબૂ મળ્યા પછી તમે તમારા શરીરને પાણીમાં ડુબાડીને પાણી એને જે સ્થિતિમાં ફેરવે એમ ફેરવવા દો. તમારો શ્વાસ રોકી રાખવા સિવાય તમારે કાંઈ જ કરવાનું નથી (ચિત્ર ૨). કદાચ નાક કે કાનમાં પાણી જાય તો એ કોઇ ભયંકર અકસ્માત નથી એ બાબત નિશ્ચિત રહેવું. જ્યારે શ્વાસ વધુ વખત રોકી ન શકાય ત્યારે પાછા ઊભા થઈ જવું. જો તમે લાંબો વખત શ્વાસ રોકી શકશો તો એ પણ જોઇ શકશો કે પાણી છેવટે તમને સપાટી ઉપર ધકેલે છે, અને એમ તમારા શરીરનો થોડોક



જમણી બાજુ : ચિત્ર નં. ૧; ડાબી બાજુ : ચિત્ર નં. ૩.

ભાગ પાણીની સપાટીની બહાર રહે છે. એ થોડો ભાગ જ નાક હોય તો (ચિત્ર ૩) પણ એ છેલ્લું બહુ મુશ્કેલ છે. ફિકર નહિ.

(૪) હવે તમે પાણીમાં ડૂબેલા ને ડૂબેલા ગતિ કરવાનું શીખો. આને માટે હજુ તમારા હાથ અને પગના સ્નાયુઓ કેળવાયા નથી;



ચિત્ર નં. ૪ અને ૫





ટિકિટ સંગ્રહ

લાઓસની ટિકિટો
(કિશન આર. શર્મા)

લાઓસના પ્રજાજીવનમાં સંગીતનું સ્થાન ઊંચું છે. એનાં વાદ્યો પણ બહુધા ત્યાંનાં જંગલમાંથી મળતા કાષ્ઠ–મોટે ભાગે વાંસમાંથી બને છે. અહીં પાંચ ટિકિટોમાં ત્યાંનાં વિશિષ્ટ વાદ્યોનું ચિત્રણ છે. બાકીની ત્રણ ટિકિટો પર ત્યાંના સ્ત્રીજીવનની રોજિંદી કામગીરીનું આલેખન છે.

અને એ સ્નાયુઓ કેળવાય નહિ ત્યાં સુધી ગતિ ન થઈ શકે, એટલું જ નહિ પણ પાણીની બહાર માથું રાખવાથી શરીરના વજનમાં થતો વધારો ડુબાડી દે. પણ ચિંતા નહિ. કાંઠા સાથે પગ ભરાવી આમ → તીરની પેઠે પાણીમાં પડો (ચિત્ર ૪). જો પાણીને સમાંતર પડ્યા હશો તો જેમ પાણી પર સમાંતર ફેંકેલો કોઇ ચપટો પદાર્થ એ ગતિથી ડૂબ્યા વિના થોડે સુધી તરતો જાય છે એમ તમે પણ આગળ જવાના અને એવી રીતે મળેલી ગતિ તથા શ્વાસ પહોંચે ત્યાં સુધી જવાય એટલું જાઓ (ચિત્ર ૫).

(૫) તમે આગ કાંઠા સાથે પગ ભરાવી તીરની માફક પડો છો ત્યારે વધારેમાં વધારે કેટલે સુધી જઇ શકો છો? ધારો કે તમે દસ ફૂટ ગયા ત્યાં શ્વાસ રૂંધાઈ ગયો અને તેથી ત્યાં ઊભા થઈ જવું પડ્યું. વારુ! પણ એમ શ્વાસ રૂંધાઈ જાય ત્યાં સુધીમાં તમારે બાર ફૂટ નીકળી જવું છે માટે આ વખતે જરા હાથ ને તસ્દી આપજો. તમે શું પૂછ્યું? 'હાથ કેમ ચલાવવા?' મારા ભાઇ, ફાવે એમ ચલાવો, પણ ગયા વખતનો રેકૉર્ડ તોડો. હજુ વધુ જોસથી. હં, એમ. પગ પણ ભલે જરા કસરત કરે. બસ, એમ. જોયું? તમે ધાર્યા કરતાં બે ફૂટ વધુ આગળ જઈ શક્યા ને?

(૬) હવે તમે પાણીમાં મોઢું રાખીને તો ખૂબ આઘે સુધી તરી શકો છો. પણ શ્વાસ લેવા મોઢુ બહાર કાઢવું પડે ત્યારે લાચાર બની જાઓ છો, ને તેથી ઊંડા પાણીમાં જઈ શકતા નથી. વારુ, હવે આ વખતે થોડે દૂર ગયા પછી મોઢું બહાર કાઢી, જરા જરા શ્વાસ લઇ, પાછું તરવા માંડજો. માથું બહાર રહ્યું એટલો વખત હાથને જરા વધુ જોર પડ્યુ, ખરું? તો એમ હાથને ચલાવીને માથું કાયમ પાણીની બહાર ન રાખી શકો? અજમાવી તો જુઓ. વાહ! માથું પાણી બહાર હોવા છતાં તમે જમીનથી અદ્ધર છો. ત્યારે તો તરતાં શીખી ગયા!



માડાગાસ્કરના રીપબ્લિક મલગાશના બે નવી ટિકિટો, જેમાંની એક પર પ્રમુખ 'ફિલબેર ત્સીરાનાના' ને બીજી પર ત્યાં મબલખ થતા 'સીસલ'નો છોડ છે. મથાળે ૩૦ ફ્રાંકની ટિકિટ પર શેરડીના વાવેતરનું અને તેની બાજુમાં હાઈડ્રોલિક પાવર સ્ટેશન દર્શાવતું દૃશ્ય છે.

(મોકલનાર ફિદાહુસેન મુલ્લા કાદિર–માજુંગા, માડાગાસ્કર)

કવિ કુલગુરુ કાલિદાસના માનમાં ભારત સરકારે ગયા માસ (જૂન)ની ૨૨મીએ નવી બહાર પાડેલી બે ટિકિટો પૈકી એક પર શ્રી રાધાચરણ બાગચીએ આલેખેલું મેઘને વીનવતા યક્ષનું ચિત્ર છે; ને બીજી પર સ્વ. રાજા રવિવર્માનું 'શકુંતલા-પત્રલેખન'નું જાણીતું ચિત્ર છે. તાજી બહાર પડેલી એ બંને ટિકિટો, આ અંકના 'સાહિત્યસંપર્ક' વિભાગમાં કવિ કાલિદાસ ઉપરના લેખ સાથે આપી છે.



લોકભારતીની ત્રિપુટી : ડાબી બાજુથી શ્રી મનુભાઈ પંચોળી (દર્શક), નાનાભાઈ, આ લેખના લેખક શ્રી મૂળશંકર ભટ્ટ

નાનાભાઈ(અનુસંધાન પૃષ્ઠ ૨૯૦થી ચાલુ) બિચાર જણને મોઢે હતો તે પ્રજતે ને ગળગળે અવાજે અમે બોલવા લાગ્યા. થોડી વારે માતાજી શાંત થયાં. નાનાભાઈ તથા બીજા મોટા વિદ્યાર્થીઓ તેમને દોરીને અમારા પ્રાર્થનામંદિરમાં લઈ ગયા; પણ ત્યાં અંદર જતાંવેંત પાછાં માતાજી કોપ્યાં ને તેમણે ત્રાડ નાખી. અમારા ગળામાં ગજેન્દ્રમોક્ષનો મોક્ષ થઈ ગયો ને અમે ત્યાંથી ભાગ્યા! આ પછી ઘણે વખતે નારણદાસ શાંત થયા. નાનાભાઈએ પૂછ્યું, 'નારણદાસ!' 'જી'.

'કેમ છે?' 'સારું છે.'

'શું હતું?' 'કંઈ ન હતું.'

'હમણાં થોડા વખત પહેલાં તમે શું કરતા હતા?' 'ગમ્મત.'

'શું કામ?' 'આપે કહ્યું હતું તે પ્રમાણે કર્યું.'

આખું કાવતરું ફૂટી ગયું. અમે બધા ખૂબ હસ્યા. નાનાભાઈએ આ પછી આ 'માતા' પ્રકરણ ઉપર વિદ્યાર્થીઓને થોડી વાતો કહી. વિદ્યાર્થીઓમાંથી ભય અને વહેમનાં જાળાં દૂર કરવા માટેના નાનાભાઈના આવા ઘણા નુસખાઓ મળી આવે તેમ છે.

૧૯૨૦ની સાલ સાથે જોડાએલા ગાંધીયુગની શરૂઆત થઈ ચૂકી હતી. નાનાભાઈએ આ જ વખતે કૃષ્ણ અને રાધાના એક પ્રચલિત રૂપકમાં આ નવા 'મોહન'ની બસીના નાદથી મુગ્ધ થઈને તે તરફ ધસતા પોતાના હૃદયની વાત એક લેખમાં પ્રગટ કરી હતી. જોકે એ લેખ તરફ ભાગ્યે જ કોઇનું તે સમયે ધ્યાન ખેંચાયું હશે. પણ આ વખતે નાનાભાઇનું સમસ્ત જીવન અત્યંત વેગથી આ નવા ધર્મસંસ્થાપક તરફ દોડી રહ્યું હતું. મહાત્મા શ્રીમન્નથુરામ શર્મા તરફ તેમનો શિષ્યભાવ હતો જ; બ્રાહ્મણધર્મના આચારોનું તેમનું પાલન અત્યંત કડક રહ્યું જ હતું, અને અમે વિદ્યાર્થીઓ અને તેમાં પણ બ્રાહ્મણ વિદ્યાર્થીઓ એ આચારમાં બરોબર પલોટાતા ય હતા. ત્રિકાળ સંધ્યા, વૈશ્વદેવ, ભોજનમાં પંક્તિભેદ, રેશમી વસ્ત્ર પહેરીને જ પીરસી શકાય તેવો કડક નિયમ, આ બધું ૧૯૨૦ની સાલ સુધી દક્ષિણામૂર્તિમાં ચાલુ જ હતું. ત્યારે અંત્યજસ્પર્શનું તો ક્યાંય સ્વપ્નું પણ દેખાય તેમ નહોતું. તે વખતે ગાંધીજીની અસ્પૃશ્યતા સામેની ધર્મજેહાદ ગાજી. દક્ષિણામૂર્તિનું વાતાવરણ ખળભળ્યું, નાનાભાઇના જીવનમાં આનો પ્રચંડ પડઘો પડ્યો. તેમણે બ્રાહ્મણધર્મનું તદ્દન નવું જ સ્વરૂપ આ વણિકના વિચાર, વાણી ને વર્તનમાં જોયું. હિન્દુ ધર્મના હાર્દ અને દેહને તેઓ સ્પષ્ટ રીતે પારખી શક્યા ને તેમણે પોતાની જાતને ને દક્ષિણામૂર્તિને આ નવા બ્રાહ્મણમાર્ગે વાળી.

એ વખતે તેઓ કંઈ ઓછી માનસિક યાતનામાંથી પસાર થયા નથી. વર્ષોથી સેવેલા ગુરુ, તેમનું શિષ્યમંડળ, એ શિષ્યમંડળમાંનું પોતાનું સ્થાન, ગુરુની ગાદી સંભાળી શકે તેવી પોતાની યોગ્યતા વિશે ગુરુબંધુઓનો વિશ્વાસ, આ બધું તેમણે પેલી 'મોહન'ની બાંસુરીના સૂરના નાદે છોડયું. આ પ્રસંગની અત્યંત કરુણ ગંભીર બીના તેમની આત્મકથા (ઘડતર અને ચણતર)માંથી વાચકોને મળશે. તેઓ તથા સ્વ. મોટા ભાઈ આ પ્રસંગે એકાંતમાં હૈયાફાટ રડ્યા. સ્વ. મોટા ભાઈ જેવા મહામના તેમના નાના ભાઇની આ વાત સમજી શક્યા, પણ અપનાવી ન શક્યા. છતાં નાનાભાઇને તેમના આ નવીન માર્ગમાં એમણે ભારે હૈયે 'શિવાસ્તે પંથાનઃ!'નો આશીર્વાદ આપ્યો. મહાત્મા શ્રીમન્નથુરામ શર્માના શિષ્યમંડળે નાનાભાઈની દયા ખાધી, અને હજી પણ એ જ રીતે દયા ખાનારા તેમના ગુરુબંધુઓ નાનાભાઈને મીઠો ઠપકો આપે છે ને કહે છે કે તેમને આ શું સૂઝ્યું?

આ પછીનાં દક્ષિણામૂર્તિનાં વર્ષો તે તેમના સુવર્ણકાળનાં વર્ષો ગણી શકાય. શિક્ષણક્ષેત્રે એક પછી એક તેમની સિદ્ધિ ગુજરાત અને ગુજરાતની બહાર લોકોનાં હૃદયને જીતવા લાગી. બાલશિક્ષણ, છાત્રાલય-સંચાલનની નવી દૃષ્ટિ, વ્યક્તિસ્વાતંત્ર્યનો શિક્ષણક્ષેત્રે અમલ, શારીરિક શિક્ષાનો સદંતર નિષેધ, પરીક્ષાઓના ત્રાસનો અભાવ, શિક્ષણનાં નવીન દૃષ્ટિવાળાં પુસ્તકોનો પ્રવાહ, બાલસાહિત્ય ને કુમારસાહિત્યમાં નવું જ પ્રસ્થાન, ગુજરાતનું પહેલું છાત્રાલયસમેલન, ને મૉન્ટેસૉરી-સંમેલન, બાલ-અધ્યાપનમંદિર, ડૉલ્ટન યોજના, સહશિક્ષણ, આ બધાં ક્ષેત્રોમાં નવું જ પ્રસ્થાન દક્ષિણામૂર્તિએ કર્યું ને રાષ્ટ્રીયતાની ભાવના સાથે આ બધી પ્રવૃત્તિઓનો મેળ પણ સાધ્યો.

નવીન કેળવણીના આ નવા પ્રવાહમાં નાનાભાઈ નિરંતર એ બાબતનું ધ્યાન રાખતા કે આ બધી પ્રવૃત્તિ જીવનનાં સ્થિર મૂલ્યો સાથે બરાબર મેળ સાધીને ચાલે. ગાંધીજી આ બાબતમાં સમગ્ર હિંદની તેમજ નાનાભાઈની પણ દીવાદાંડી બન્યા હતા. સ્વાતંત્ર્ય સ્વચ્છંદતામાં ન પરિણમે ને નવાનવા પ્રયોગો એ નવીનતાના આકર્ષણનો ભાગ ન બની જાય તે વિષે તેઓ પોતાના કાર્યકર મિત્રોને સતત જાગૃત રાખવાનો પ્રયત્ન કરતા. બીજી બાજુ સંસ્થાના વિકાસની સાથે આર્થિક ભીંસ પણ વધવા લાગી હતી. એટલે નાનાભાઈ એક વરસ માટે પૂર્વ આફ્રિકામાં સંસ્થાના ફંડ માટે ગયા, ને ત્યાંથી લગભગ સાઠથી સિત્તેર હજાર રૂપિયા જેટલી રકમ લાવ્યા.

આફ્રિકામાં તેમને અનેક જીવલેણ સંકટોમાંથી પસાર થવું પડેલું. તેમણે પત્રો રૂપે લખેલું આ પ્રવાસવર્ણન આજે પણ અપ્રગટ છે('કુમાર'-ના સળંગ અંકો ૧૩થી ૧૭, અને ૧૮, ૧૯, ૨૧, ૩૬, ૩૮, ૪૦, ૪૨, ૪૪ તથા ૪૮માં તેના શરૂના હપતા આવેલા). એ વર્ણન પુસ્તકરૂપે છપાતું હતું, તે દરમિયાન એ જ પ્રદેશના પ્રવાસનું એક બીજું પુસ્તક બહાર પડ્યું, એટલે નાનાભાઇએ તરત જ પોતાનું પુસ્તક પ્રસિદ્ધ થતું અટકાવી દીધું. કેમકે એ જો બહાર પાડયું હોત તો તેને પ્રસિદ્ધિ ને પ્રચાર તો મળત, પણ તે એક ઊગતા લેખકને મળતી તકને ભોગે થાત.

પણ બીજી બાજુથી નાનાભાઇએ સાહિત્યની એક નવીન દિશા ખોલી. રામાયણ અને મહાભારત આપણા દેશના કવિઓ ને સંતોને, ધર્મપ્રચારકો ને સમાજ-નેતાઓને અવિરતપણે નવી ને નવી દૃષ્ટિ તથા પ્રેરણા આપ્યાં જ કરતાં આવ્યાં છે. કોઈ પણ યુગને માટે ઉપયોગી એવાં તત્ત્વો તેમાંથી સદા મળ્યા જ કર્યા છે. નાનાભાઇએ મહાભારત, રામાયણ ને ભાગવત ત્રણે ગ્રંથોને તેમનાં મૂળ સુધી જઇને પીધા છે. મહાભારત તેમણે ઓછામાં ઓછું ચારેક વાર તો વાંચ્યું હશે. ભાગવત ને રામાયણનું પણ તેમણે એકથી વધુ વાર પારાયણ કર્યું છે.

સનાતન ધર્મની પ્રાચીન પરંપરામાં ઊછર્યા હોવા છતાં તેમને આ ગ્રન્થોમાંથી નવીન યુગના પ્રશ્નો પર પડતો પ્રકાશ દેખાયો, ને તેમણે એ ગ્રંથોનાં મુખ્ય પાત્રોને કેન્દ્રમાં રાખીને તેમના ઉપર નવીન પ્રકાશ નાખ્યો. એ પૈકી 'સૂતપુત્ર કર્ણ' જ્યારે પહેલવહેલું પ્રસિદ્ધ થયું, ત્યારે

પરંપરાગત ચાલ્યો આવેલો દાસીપુત્ર કર્ણ દબાએલી ને કચડાએલી જાતિઓના બંધનમાંથી છૂટવા માટેના પુરુષાર્થના પ્રતીક સમો બની ગયો. 'મહાભારતનાં પાત્રો', 'રામાયણનાં પાત્રો', 'હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ', 'લોકભાગવત', આ બધાં પુસ્તકોનું મહત્ત્વ હજુ પૂરું અંકાયું નથી એમ મને લાગે છે.

આજની નવી પેઢી આમ તો રામાયણ, મહાભારત, ભાગવત વગેરે નામોથી જ સુગાય છે, તેને વખતે નાનાભાઈનાં આ પુસ્તકો તરફ આંગળી ચીંધનાર પ્રત્યે પણ આંગળીચીંધામણું થાય તેમ છે. પણ નાનાભાઈ જન્મે તથા સંસ્કારે જેમ બ્રાહ્મણ છે, તેમ શિક્ષક પણ છે. તેમણે જેમજેમ નવી પેઢીને કેળવવાનું કામ કરવા માંડ્યું તેમતેમ આ નવા યુગની આકાંક્ષાઓ ને ઝંખનાઓ તેમની નજરમાં આવી ગઈ ને તેમણે ભારતના આ પ્રાચીન વારસાને નવીન રૂપે આ પેઢી પાસે મૂકવા માંડ્યો. તેમને મોઢેથી જેમણે ઇલિયડની ને શેક્સપીઅરની વાર્તાઓ સાંભળી છે તેમને યાદ છે કે એ વાર્તાઓ પણ નાનાભાઈના મુખેથી નવી સ્ફૂર્તિથી પ્રગટ થતી હતી. તેમની ઇચ્છા હમેશાં એવી કે આ વાર્તાઓને પણ વિદ્યાર્થીઓ અને આજના યુવાનો માટે નવી ઢબે લખું. આજે એંશી વરસની ઉમરે ને ભાંગેલે દેહે પણ તે કઠોપનિષદ્, કુમારસંભવ વગેરેને આજનો યુવાન માણી શકે તે ઢબે લખી રહ્યા છે. લોકભાગવત તો તેમની લોકશિક્ષક તરીકેની પ્રતિભાનું ટોચ પ્રતીક છે. પણ એ વિષે વધુ આગળ.

વરસો દરમિયાન નાનાભાઈનું સ્થાન ગુજરાતની નવી કેળવણી, તથા રાષ્ટ્રીય કેળવણી તરીકે ગણાવાતી ગુજરાત વિદ્યાપીઠની પ્રેરણાથી ચાલતી પ્રવૃત્તિ, એ બંનેમાં મોખરે હતું. ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે નાનાભાઈની વરણી કરી ત્યારે તે સ્થાન પર મેખ વાગી. ગુજરાત વિદ્યાપીઠ એ ગાંધીજીની રાષ્ટ્રીય કેળવણીની વિચારણાનો આધારસ્તંભ ગણાય. હિંદુસ્તાનના ધુરંધર ગણી શકાય તેવા વિદ્વાનોનો સમુદાય ત્યાં એકઠો થએલો હતો. એ સમુદાયમાં વિદ્વત્તા, રાષ્ટ્રીય ભાવના, ત્યાગ વગેરે તત્ત્વો ભરપૂર ભર્યાં હતાં. માત્ર એમાંથી એક સંવાદી સંગીતનું આયોજન કરનાર યોજકની જરૂર હતી. આ કામ માટે મહાત્માજીની નજરે નાનાભાઈ પડ્યા તે ઘણું સૂચક છે. ગાંધીજી માણસપારખુ તરીકે ને માણસની અંદરની શક્તિનું આયોજન કરવાની કલામાં અદ્વિતીય હતા એ વાત તો જાણીતી છે.

એ વરસો દરમિયાન નાનાભાઈના જીવનમાં એક ભારે આઘાત આપતો બનાવ બન્યો: દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓમાંનો એક વિદ્યાર્થી ભાવનગરના વીજળીઘરના હોજમાં ડૂબીને મરણ પામ્યો. આ ખબર પણ બીજે દિવસે સવારે એ વિદ્યાર્થીનું મુડદું તરતું દેખાયું ત્યારે પડ્યા. દક્ષિણામૂર્તિના ઇતિહાસમાં આ બનાવ પહેલો જ હતો. આવું અકાળ મૃત્યુ જ માત્ર નહિ, પણ તેના ખબર પણ આટલા મોડા પડ્યા, તેમાં રહેલી ગફલતનો આઘાત નાનાભાઈને વજ્ર જેવો લાગ્યો. નાનાભાઈ જાહેરમાં બોલ્યા, 'આના કરતાં મારો બાબુ મૃત્યુ પામ્યો હોત તો મને ઓછો આઘાત લાગત.'

અને જાણે કે દૈવે આ આહ્વાન ઝીલી લીધું! થોડા જ વખતમાં રમતો કૂદતો એમનો પાંચ વરસનો બાબુ હાથતાળી દઈને ચાલ્યો ગયો! નાનાભાઇએ આ બનાવ કેવળ ગૃહપતિ તરીકેની પોતાની ગફલતની સજા તરીકે જ ગણીને નતમસ્તકે ઈશ્વરને પોતાનાં આંસુ અર્પ્યાં છે. પણ શરીરની સહન કરવાની શક્તિની યે મર્યાદા હોય છે. આ આઘાતે નાનાભાઈનું શરીર ભાંગી નાખ્યું. ડૉક્ટરોને શંકા ગઈ કે આ આઘાત જીવલેણ નીકળશે. એક વરસ એ માંદગી ચાલી.

માંદગી પૂરી થતાંથતાંમાં તો ૧૯૩૦ની સ્વાતંત્ર્ય-લડતના ભણકારા હવામાં આવવા લાગ્યા હતા. ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહે દક્ષિણામૂર્તિના વાતાવરણને ગરમ કરી મૂકયું હતું. તે બનાવ જાણે કે આવી રહેલા મહાન ઐતિહાસિક સંગ્રામની પૂર્વ તૈયારીરૂપ બની ગયો.

અહીં નાનાભાઈની મહાનતાનું એક બીજું જ પાસું પ્રગટ કરવું જરૂરી છે. દક્ષિણામૂર્તિ એ એક દેશી રજવાડામાં અને તે પણ કાઠિયાવાડમાં આવેલી સંસ્થા હતી. મહાત્માજીએ કોઈ એક ત્રિકાળદ્રષ્ટાની નજરે જોઈ ને એમ કહેલું કે બ્રિટિશ સલ્તનત સામેની લડાઈનો મોરચો દેશી રજવાડાંમાં લઈ જવાની જરૂર નથી. દેશી રજવાડાંના પગ તો માટીના છે. બ્રિટિશ સલ્તનત પડતાંની સાથે જ એ ગંજીપાના મોરચા તૂટી પડશે. છતાં આ રજવાડાંની બધિયાર હવા તો કોઈ પણ સ્વાતંત્ર્યપ્રિય વ્યક્તિને માટે ગૂંગળાવનારી બને તેમ હતી. નાનાભાઈ આ રજવાડામાં આવી સંસ્થા કેમ ખીલવી શક્યા તે જેમ નવાઈભર્યું છે તેમ તેમાં જ નાનાભાઈની મહત્તાની ચાવીઓ છુપાએલી છે.

અહીં મને ત્યાંના મારા એક વિદ્યાર્થી મિત્રનો નાનો સરખો પ્રસંગ સાંભરે છે. અમે નાના છોકરાઓએ એક કૂતરી પાળેલી. તેને અમે 'સાડાત્રણ ટાંગાળી' તરીકે ઓળખતા. રંગમાં પણ પૂરેપૂરી કાળી ને આકૃતિએ કદરૂપી; પણ તેનાં ગલૂડિયાં રાભડાં જેવાં હતાં તેથી તે અમારી સૌની ખૂબ જ માનીતી બની ગએલી. ભાવનગરના મરહૂમ મહારાજા ભાવસિંહજી કૂતરાં પાળવાના શોખીન. શિકાર માટે યોગ્ય કૂતરાંઓને ઉછેરવા ને કેળવવા એ એમનો શોખનો વિષય. અલબત્ત જૂનાગઢના નવાબની સાથે મૂકી શકાય તેવો તે શોખ નહોતો. મહારાજાને ત્યાંની એક વીયાએલી કૂતરી મરી જતાં તેનાં બચ્ચાંને ધવડાવવા માટે તેઓ એક કૂતરીની શોધમાં હતા. બે ઘોડાની ગાડીમાં ફરવા નીકળતાં તેમની નજર આ કૂતરીની પાછળ દોડતાં રાભડાં જેવાં ગલૂડિયાં પર પડી. તરત જ હુકમ છૂટ્યો, 'આ કૂતરીને કબજે કરો!' સાંજનો વખત હતો. પાંચછ શિકારી વાઘરીઓ કૅમ્પાઉન્ડમાં આવ્યા ને અમને દબડાવવા લાગ્યા કે પેલી કૂતરીને આપી દો. નાનાભાઈ તે વખતે ત્યાં નહોતા. અમે અમારી રીતે કકળાટ રૂપે વિરોધ પ્રગટ કર્યો. સામે મહારાજા એટલે કોણ તેનું અમને ભાન કરાવીને આ શિકારીઓએ અમને ખૂબ દમ ભીડાવ્યો. કૂતરી પણ કોઈ રીતે હાથ લાગે તેમ નહોતું. અમે જોકે તેને સંતાડવાના પણ ઠીકઠીક પ્રયત્નો કરેલા, પણ કૂતરીએ પોતાનો વિરોધ જાહેરમાં પ્રગટ કરવા માંડ્યો, આથી તે ક્યાં છે તે શોધી કાઢવું મુશ્કેલ ન રહ્યું. અમારી આ લડત ચાલતી હતી, ત્યાં સામેથી નાનાભાઈ આવતા દેખાયા. કપાળમાં ત્રિકોણ પાડતો માથા પરનો તેમનો સફેદ ફેંટો આજે તેમની બગલમાં હતો. ઠેઠ બંદર પરની લાતીથી કંઇક કામ પતાવીને આવતા હતા. (તે વખતે ભાવનગરમાં આવવા જવા માટે મોટે ભાગે પગનો જ આશ્રય લેવાતો.) તેમના મોઢા પર થાક હતો. અમે સામે દોડીને ધા નાખી. નાનાભાઇએ ઘરમાં જવાને બદલે સીધા પેલા વાઘરીઓને પડકાર્યા, 'કોની રજાથી કૅમ્પાઉંડમાં આવ્યા છો?'

'બાપુએ અમને મોકલ્યા છે. ઓલી કૂતરી હાજર કરી દેવાની છે.'

'પણ તમે અહીં પેઠા કોની રજાથી? તમારા પર હું કેસ માંડીશ. હું હમણાં જ ફોજદાર પાસે જાઉં છું.'

એમ ને એમ, પાણી પણ પીધા વગર તે ગયા ફોજદારની ઑફિસે. ફોજદાર મૂંઝાયા. એક તરફ મહારાજાની ઇચ્છા, બીજી તરફ પ્રોફેસરની કાયદેસરની માગણી. એ કાળે તો રાજા જે ચીજ પર હાથ મૂકે તે ચીજ તેમને આપવી જ જોઇએ, ત્યાં આ એક સાડાત્રણ ટાંગાળી કૂતરીની તે શી વિસાત? ટેલીફોન પર ફોજદારે મહારાજાને વાત કરી. મહારાજાને લાગ્યું હશે કે આવી નાની વાતમાં તે આ માસ્તર શી

લપ કરે છે. તેમણે કહેવડાવ્યું કે કૂતરી સોંપી દો એટલે બધું પતી જશે. નાનાભાઇએ ટેલીફોન પર કહ્યું કે આપને કૂતરી જોઈતી હોય તો આપ મને સીધું કહી શકો છો, પણ આ ત્રણ બદનામના નોકરો આવીને મારા કૅમ્પાઉંડમાં ફાટ્યાફાટ્યા ફરે ને મારા છોકરાઓને ધમકાવે તે કેમ ચાલે? મહારાજાએ પોતાના માણસોને ધમકાવીને પાછા ખેંચી લીધા, એટલું જ નહિ પણ જ્યારે ખબર પડી કે આ કૂતરીને લઇ જવાથી છોકરાઓને ખૂબ દુઃખ થાય છે ત્યારે તેમણે તે કૂતરીને લઈ જવાનો વિચાર પણ માંડી વાળ્યો. નાનાભાઈ આ પ્રસંગના આવા અંતનો જશ મરહૂમ મહારાજાને આપે છે તે તેમને માટે યોગ્ય છે. તેઓ લખે છે કે આવા રાજ્યના વાતાવરણમાં જ દક્ષિણામૂર્તિ ફાલી શકે. તેની સાથે એ પણ ઉમેરવું જોઈએ કે નાનાભાઈ જેવી વ્યક્તિ હોય તો જ આ પ્રસંગનો આવો અંત આવે.

પટ્ટણી સાહેબ સાથેનો નાનાભાઇનો સંબંધ અનોખો જ હતો. અરધી રાતે પણ નાનાભાઈને માટે પટ્ટણી સાહેબના ઘરનાં બારણાં ખુલ્લાં રહેતાં. ભાવનગર રાજ્યમાં એક મહાન ક્રાંતિકારીને નિર્ભયપણે સંઘરવાની વેતરણ પટ્ટણી સાહેબે નાનાભાઈની સલાહથી કરી, અને આ રહસ્ય પણ તે બન્નેએ એક પવિત્ર રહસ્ય તરીકે ઠેઠ સુધી જાળવી રાખ્યું એ બહુ ઓછા માણસો જાણે છે.

રાજકારણના ઝંઝાવાતમાં રાષ્ટ્રીય ભાવના ને રાજકારણની પ્રવૃત્તિ વચ્ચેનો સૂક્ષ્મ ભેદ લક્ષમાં આવવો મુશ્કેલ બને છે. બારડોલીના લડતમાં દક્ષિણામૂર્તિના એક કાર્યકરે ઝુકાવ્યું, ત્યારે નાનાભાઈએ એ કાર્યકરને કહ્યું કે કાં તો તમે દક્ષિણામૂર્તિમાંથી છૂટા થાઓ ને કાં તો તમે પાછા કામે ચડી જાઓ. નાનાભાઈના આ પગલાએ ઠીકઠીક ગેરસમજ ફેલાવી. દેશી રાજ્યમાં રહીને નાનાભાઈનામાં પોષાએલી સલામતીની વૃત્તિએ આખરે દેખા દીધી, એવી છૂપી ચર્ચા પણ ચાલેલી. એક માત્ર મહાત્માજીએ નાનાભાઈના આ પગલાને પોતાની સંપૂર્ણ સંમતિની મહોર મારી હતી.

પણ ૧૯૩૦ની લડતનો ભૂંગિયો વાગ્યો ત્યારે આ જ નાનાભાઈ દક્ષિણામૂર્તિના નિયામકપદેથી રાજીનામું આપીને છૂટા થયા. તેઓ માત્ર નિયામક જ નહિ પણ સંસ્થાના આદ્ય સંસ્થાપક ને આજીવન સભ્ય હતા. લડતનું ભાવિ શું છે તેની કોઇને ખબર નહોતી. 'કાગડા કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ નહિ મૂકું' એવી ભીષણ-ગંભીર કાળવાણી ગાંધીજીએ ઉચ્ચારી હતી. અને તેનો પડઘો આખા હિન્દના વાતાવરણમાં ગાજતો હતો. નાનાભાઈ હજી પોતાની જીવલેણ માંદગીમાંથી તાજા જ ઊઠ્યા હતા. પોતાનાં બે બાળકોને મોતના ખોળામાં સુવાડીને, ને પતિની માંદગીની ચિંતામાં શરીર તથા મનથી ભાંગી ગએલી પત્નીને કેવળ ઈશ્વરને ભરોંસે સોંપીને જ્યારે નાનાભાઈ લડતમાં નીકળ્યા હશે ત્યારે પેલા નાનાભાઈમાં પડેલી સલામતીની વૃત્તિની ખોજમાં નીકળેલા લોકોને શું થયું હશે તેની ખબર નથી, પણ નાનાભાઈનાં પત્નીની માનસિક સ્થિતિની કલ્પના થઈ શકે તેમ છે. આ પ્રસંગના પોતાના હૃદયના ભાવો નાનાભાઈએ ક્યાંય પ્રગટ કર્યા નથી. માત્ર ધીર ગંભીર પગલે વિરમગામ જતી ગાડીમાં સૂતરના હાર ને કંકુના ચાંદલા સાથે સૌને પ્રણામ કરતા નાનાભાઈની ત્યારની મૂર્તિ અત્યારે પણ ઘણાના હૃદયમાં અંકાએલી હશે. ગાડી ઊપડવાનો વખત થઈ ગયો, સીટી વાગી, ગાર્ડની લીલી ઝંડી ફરકી, તો ય ગાડી કાં ઊપડતી નથી? બધાની નજર એકાએક સ્ટેશનના દરવાજા પર પડી અને ત્યાં અસાધારણ ઝડપથી આવતી મરહૂમ પટ્ટણી સાહેબની મૂર્તિ દેખાઇ. તેઓ નાનાભાઈ પાસે આવ્યા, તેમને હાર પહેરાવ્યો. નાનાભાઇએ નીચે ઊતરી તેમને નમન કર્યું. પટ્ટણી સાહેબે વાંસો થાબડ્યો, ગાડી ઊપડી.

આવું દૃશ્ય ભાવનગર રાજ્યમાં જ જોવા મળે!

'૩૦નો સ્વાતંત્ર્યસંગ્રામ ભારતીય ઇતિહાસનું એક અતિ ઉજ્જ્વળ પ્રકરણ લેખાશે. તેનું મહત્ત્વ કેવળ સ્વાતંત્ર્યસંગ્રામના એક મોરચા પૂરતું નથી, પણ ભારતીય પ્રજાજનનું એક અભૂતપૂર્વ દર્શન કરાવતો પ્રેરણાનો અમૃતકુંભ તે બની ગયો છે. જે પેઢી સ્વાતંત્ર્યસંગ્રામના એ દિવસો સાથે સૈનિક તરીકે કે પ્રેક્ષક તરીકે હજી પણ પ્રત્યક્ષ સંબંધથી જોડાએલી છે તે આ વાતનું સમર્થન કરી શકશે. મહાત્માજીના એક જાદુઈ સ્પર્શથી જાણે કે નવભારતનો પ્રાણ નવીન આકાંક્ષાઓથી અને એક તદ્દન નવીન જ દર્શનથી જાગી ઊઠ્યો હતો. અત્યાર સુધી ગાંધીવાદી વિચારસરણીમાં જેમની શ્રદ્ધા હતી તેવા કેટલા ય યુવાનો એમાંથી સામ્યવાદી વિચારસરણીના થયા, તો પણ તેમનામાં જે ઉત્સાહ, આત્મસમર્પણ, દીન પ્રત્યેની અનુકંપા વગેરે દેખાયા એ તો આ લડતનો જ પરિપાક હતો. એટલે ૧૯૩૦-'૩૨ની લડતમાં જેલનિવાસ કરીને બહાર આવેલા કેટલા યે નવલોહિયા જુવાનોએ પોતાના રાહ બદલ્યા; અને તે પછી પણ અનેક રંગ બદલનારા યુવાનો યે આપણને આજના રાજકીય ક્ષેત્રમાં જોવા મળે છે. પણ ૧૯૩૦ની એ લડતમાં સોનું અને કથીર, મૌલિક અને બનાવટી, સ્થિર અને અસ્થિર, સઘળું આપણા રાષ્ટ્રીય ફલક ઉપર સ્પષ્ટ થવા લાગ્યું.

નાનાભાઇને આ લડત અને તેના પરિણામે મળેલો જેલનિવાસ ગાંધીજીએ આપેલાં જીવનના નવાં મૂલ્યોને તપાસવાનો, તે પર ચિંતન કરવાનો ને તેને પરિણામે તે મૂલ્યો પ્રત્યેની સ્થિર નિષ્ઠા પ્રાપ્ત કરવાનો કાળ બની ગયો. અને અંતે પોતે સ્વીકારેલો સ્વધર્મ–કેળવણીનું ક્ષેત્ર–એ જ ઉત્તમ માર્ગ છે તે વિષેની તેમની નિષ્ઠા પણ પરિપક્વ બની. આ લડતને પરિણામે નાનાભાઈ જેવા અનેકે સહેલાઈથી પોતાની ગાડી રાજકીય ક્ષેત્રના પાટા પર ચડાવી દીધી હતી. લડત દરમિયાન તે વીરમગામ છાવણીના સરદાર તરીકે અત્યંત લોકપ્રિય બન્યા હતા; જેલમાં આજના અનેક રાજકીય નેતાઓના તે નિકટના મિત્ર બની શક્યા હતા એટલું જ નહિ, પણ કેટલા યે નેતાઓને પૂછવાઠેકાણું પણ બન્યા હતા. છતાં જેલમાંથી છૂટીને સીધા જ તે દક્ષિણામૂર્તિના ગૃહપતિપદના મેજ ઉપર આવીને બેસી ગયા ને છોકરાઓને ભોજનમાં રસોયા સાથે થતી તકરારોના નિવેડામાં એટલા જ રસથી લાગી ગયા. રાજકારણનો પણ એક કેફ ચડે તેવું એ કાળે વાતાવરણ હતું, રાજકીય નેતાઓની તે કાળે વધુમાં વધુ જરૂર પણ હતી, પરંતુ નાનાભાઈની નિષ્ઠા તો તેમના જીવનના મૂલ્યોના બહુ જ ઊંડા મૂળ દ્વારા પોષણ મેળવતી હતી.

આના જ અનુસંધાનમાં એક જૂનો પ્રસંગ ટાંકવો સુસંગત થશે. એક રાજ્યના દીવાને નાનાભાઇને તે રાજ્યના કુમાર વયના પાટવીના ખાનગી શિક્ષક તરીકેની જગ્યા સ્વીકારવા આગ્રહ કરેલો. દીવાને દલીલમાં કહેલું 'તમે આટલા બધા છોકરાઓ પર મહેનત કરો છો, પણ તેમાં પરિણામ બહુ જ અલ્પ મળવાનું. એને બદલે તમે તમારી આ ઉત્તમ શક્તિ માત્ર એક રાજકુંવર પર વાપરશો તો આખા રાજ્યમાં આ સંસ્કારો રેડવાનું કામ સહેલાઈથી થશે.' નાનાભાઇએ નમ્રતાપૂર્વક આ માગણી નકારી હતી ને જવાબમાં જણાવેલું કે 'મારા કે રાજ્યના દુર્ભાગ્યે એ જ રાજકુંવરને બીજા કુસંસ્કારો મળ્યા તો આખા રાજ્ય પર ભયંકર આફત ઉતારનાર પણ હું જ બનું ને? મારે તો મારી આ ઢબ જ સારી છે.' એવી જ રીતે એક રાજ્યના વિદ્યાઅધિકારી થવા માટેના પ્રસ્તાવનો પણ તેમણે અસ્વીકાર કરેલો. આ બધું તો જ બની શકે જો પોતાના ધ્યેય વિષેની, સ્વધર્મ વિષેની અને પરિસ્થિતિને સમગ્ર રીતે સમજી લેવાની એક મૌલિક સ્વયંપ્રજ્ઞા પ્રાપ્ત થઈ હોય.

નાનાભાઈની પચાસ વરસની એકધારી શિક્ષણસાધનાને કાળક્રમે બે ભાગમાં વહેંચી શકાય: એક ૧૯૧૦ થી ૧૯૩૭ અને બીજો ૧૯૩૭ થી ૧૯૬૦. સમયની દૃષ્ટિએ બંને કાળ લગભગ સરખા છે, પણ ૧૯૩૭ પછીના નાનાભાઈના જીવનમાં એક ઉચ્ચ શિક્ષકની પ્રતિભાનું કંઈક નવીન જ દર્શન થાય છે.

મહાત્માજીએ દેશ માટે જ્યારે નયી તાલીમનો વિચાર રજૂ કર્યો ત્યારે ભારતના શિક્ષણક્ષેત્રમાં ભારે મોટો ખળભળાટ થયો. દેશના પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રીઓ તરફથી આ વિચારને 'મિશ્ર આવકાર મળ્યો' એમ છાપાંશાહી ભાષામાં કહી શકાય. ગાંધીજી તરફ ભક્તિ ધરાવનાર વર્ગે આ વિચાર ગાંધીજી પાસેથી આવ્યો છે માટે સંપૂર્ણરીતે અપનાવી લીધો. કોંગ્રેસે પણ મોટે ભાગે ગાંધીજીની નેતાગીરી સાથે જોડાએલા આ તેમના એક 'છેલ્લા ઘેલા' (ધ લેઇટેસ્ટ ફૅડ)ને સ્વીકારી લેવાનું ઠરાવ્યું, પણ બહુ જ ઓછા શિક્ષણકારોએ આ વિચારને પોતાની કેળવણીની દૃષ્ટિની સરાણે ચડાવવાના પ્રયોગ કર્યો. આશીર્વાદ આપનાર, ને ટીકા કરનાર શિક્ષણશાસ્ત્રીઓ તો ઘણા હતા, પણ નાનાભાઈ તો ગાંધીજીના આ રાષ્ટ્રીય કેળવણીના તદ્દન નવીન વિચાર તથા યોજનાને એક શિક્ષકની નમ્રતા દૃઢતા ને કુનેહનું સંયોજન કરીને, જરા પણ ઢીલ કીધા વગર, ભાવનગરની આલેશાન મકાનોવાળી, કીર્તિનો કળશ ચડેલી, અનેક પ્રયોગોથી ને પ્રવૃત્તિઓથી ધગધગતી સંસ્થા છોડીને એક નાના ગામડા (આંબલા)માં જઈને બેસી ગયા.

આંબલા ગામના તેમના શરૂઆતના એ દિવસો એક વાર્તા જેવા રોમાંચક હતા. નાનાભાઈને હિંદુસ્તાનના ગામડાની કલ્પના કવિઓનાં કાવ્યોમાંથી જે મળી હોય તે જ હતી. નાનકડી નદી, મનોહર આંબાવાડિયું, ઠાકરદ્વારો, મંદિર, ભૂદ્ર કણબીઓ, વિનયભારે ઝૂકીઝૂકીને મીઠી મધઝરતી વાણી ઉચ્ચારતા ગરાશિયાઓ... આ બધું જોઈને આંબલા ગામમાં નાનાભાઈનું મન ઠર્યું. મરહૂમ પટ્ટણી સાહેબ—એટલે કે ભાવનગર રાજ્યના અધિકારીએ એ પણ ગામડાના ગઢમાં આવા એક ગાંધીના માણસને પેસવા દીધો. નાનાભાઈએ તો પહેલાં જ કહેલું કે 'હું આ અંધારામાં ભૂસકો મારું છું. હું અહીં શું કરીશ તેની મને ખબર નથી, કેમ કરીશ તેની મને આવડત નથી; પણ મને ઈશ્વર માર્ગ સુઝાડશે તેમ કરીશ. કૉલેજમાં ભણાવવાનું છોડીને દક્ષિણામૂર્તિમાં પડ્યો ત્યારે મને ક્યાં ખબર હતી કે મારું શું થશે?'—પંચાવન વર્ષની ઉમરે, એકલે પંડે એમણે ભાવનગર છોડીને આંબલાના એક નાનકડા ભાડાના મકાનમાં મુકામ કર્યો. અમે બધા જુવાન કાર્યકરો તે વખતે નાનાભાઈને અમારી શુભેચ્છાઓ આપવા તૈયાર હતા, પણ સાથે જવા કોઈ તૈયાર ન થયું! અમે રૂડી-રૂપાળી યોજનાઓ તૈયાર કરી. દક્ષિણામૂર્તિને શહેરમાંથી ઉપાડીને ગામડાના વાતાવરણમાં લઈ જવાની એક 'ભવ્ય યોજના' આ લેખના લેખકે કરેલી ને તે ઘણાને ગમેલી પણ ખરી. પણ નાનાભાઈએ તેમના લાક્ષણિક સ્મિત સાથે એ યોજનાને સાંભળેલી. આજે મને લાગે છે કે એ યોજના પેલા હજામોએ પોતાને ગામ વાવ ઉપાડી જવા માટે કરેલી યોજના જેવી જ હતી. સદ્ભાગ્યે અમે એ યોજનાનો અમલ ન કર્યો, નહિ તો ખરેખર 'વાવડી ચસકત!'

થોડા જ વખતમાં નાનાભાઈની આંખ સામે ગામડાંઓનું ખરું ચિત્ર ઊપસવા લાગ્યું. કાવ્ય સરી જવા લાગ્યું, વાસ્તવિકતા ખડી થવા લાગી. ગામડાંની નમ્રતા પાછળ છુપાએલી ખંધાઈ, આવકાર પાછળ છુપાએલો અવિશ્વાસ વગેરે ભાવો દેખાવા લાગ્યા. નાનાભાઈને માટે ગામડાનું આ તદ્દન નવીન જ દર્શન હતું. ગામડાના કોઈ પણ પ્રશ્નના ઉકેલમાં આંગળી જ મૂકવા ન દે એવી મજબૂત આગેવાનીની દીવાલ તેમની આડે આવીને ઊભી. સામાન્ય લોકોને મન આ સફેદ લૂગડાંવાળી વ્યક્તિ એક ભેદી પ્રશ્નાર્થ જેવી હતી: 'આને તો મોટા અમલદારો સાથે ભાઈબંધી છે ને તો ય અહીં શું કામ આવ્યો હશે?' ગાંધીજીની વિચારસરણીએ ગામડાંનું કામ કરતા સેવકોને મન પણ નાનાભાઈ ઓછા રહસ્યવાળા ન હતા: 'કદાચ રાજ્યે જ આમને ગામડાંમાં મૂક્યા હશે. ગામડાંમાં રાજ્ય સામે અસંતોષ ન થાય તેવી રીતે ગામલોકોને સમજાવવામાં રાજ્ય આ માણસનો ઉપયોગ કરશે.' વગેરે વગેરે શંકાઓનું વાતાવરણ પણ નાનાભાઈની આસપાસ વીંટળાએલું રહેતું. નાનાભાઈના કેટલા યે શહેરી મિત્રોએ આને નાનાભાઈનો એક સ્ટંટ જ માનેલો. કેટલાક મિત્રોએ તો ત્યાં સુધી શંકા બતાવેલી કે આંબલામાં થોડો વખત રહીને ભાવનગરની સંસ્થા બંધ થાય એટલે તેની માલમિલકત આંબલા ભેગી કરવાની આ પૂર્વતૈયારી પણ હોય! પણ નાનાભાઈએ જ્યારે એમ જાહેર કર્યું કે દક્ષિણામૂર્તિ સંસ્થાની મિલકતની એક પાઈ પણ મારે શિવનિર્માલ્ય છે ત્યારે આ શંકા ઉઠાવનાર શરમાયા. નાનાભાઈએ દક્ષિણામૂર્તિ પાસેથી આંબલા માટે માત્ર બે જ વસ્તુ માગી: એક તે સંસ્થાનું નામ અને બીજું દક્ષિણામૂર્તિદેવનું તૈલચિત્ર. નાનાભાઈને મન આંબલાની કેળવણીની પ્રવૃત્તિ એમની દક્ષિણામૂર્તિદેવની ઉપાસનાનો જ રાજમાર્ગ હતી.

ગ્રામદક્ષિણામૂર્તિના એ શરૂઆતના દિવસોની કથા તો એક સ્વતંત્ર લેખ માગી લે એવી છે. ત્યાંની શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વિકાસ કઈ રીતે થયો, તે શિક્ષણના વિષયમાં રસ ધરાવનાર માટે ખૂબ જ ઉપયોગી થઈ પડે એવી વાત છે. પણ અહીં આપણો હેતુ નાનાભાઈના વ્યક્તિત્વનું દર્શન કરવાનો હોઈ તે પૈકી કેટલાક પ્રસંગો જ રજૂ કરીશ.

નાનાભાઈ હવે દક્ષિણામૂર્તિના નિયામક મટીને ગ્રામદક્ષિણામૂર્તિના મુખ્ય મહેતાજી બન્યા હતા. સૌથી પહેલાં તેમણે ગામડાનાં નાનાં બાળકોની નિશાળ હાથમાં લીધી. પણ તેની સાથે જ હરિજન બાળકોનો સવાલ ઊભો થયો. ગામડાંના લોકોએ નાનાભાઈને સ્પષ્ટ સંભળાવી દીધું કે એ અમારા ગામમાં નહિ ચાલે. ઢેઢનાં છોકરાં અમારાં છોકરાં ભેગાં ભણે એ અમને ન પોસાય. હરિજનોએ પણ કહ્યું કે અમારે અમારાં છોકરાંને તમારી નિશાળમાં નથી ભણાવવાં. નાનાભાઈએ કહ્યું કે તમારી મરજી. લોકોએ નાનાભાઈ પાસેથી નિશાળ લઈને પાછી દરબારને સોંપી દીધી, એટલું જ નહિ પણ નાનાભાઈને ગામના બેચાર આગેવાનોએ કહ્યું 'નાનાભાઈ, તમે સારા માણસ છો એ વાત સાચી, પણ આ ગામમાં તમારું કામ નહિ. તમે હેરાન થશો ને અમને ય કરશો. એના કરતા જ્યાં હતા ત્યાં પાછા પહોંચી જાઓને! તમારે ત્યાં તો ભાવનગર રાજ જેવું રાજ દૂઝે છે! તમારે શી ખોટ છે કે અહીં અમારે ત્યાં આવ્યા છો? તમને એમ હોય તો અમે અમારાં ગાડાં જોડીને તમારો સામાન પાછો ભાવનગર ભેગો કરી દઈએ!'

નાનાભાઈએ નમ્રતાથી કહ્યું 'તમારે મારું કામ ન હોય તો કંઈ નહિ, પણ મારે તમારી સેવા કરવી છે તેનું કેમ? તમે મને જરા ય સગવડ નહિ આપો તો ય મને વાંધો નથી. અમે સાંકડેમોકળે પડ્યા રહેશું અને તમે જ્યારે કહેશો ત્યારે તમારું કામ અરધે વચને કરશું.'

એ જ ગામ થોડાં વર્ષો પછી વાજતેગાજતે હરિજનોનાં બાળકોને સામૈયું કરીને નિશાળમાં તેડી લાવ્યું, સાથે બેસીને ભોજન કર્યું. આજે એ જ ગામની પ્રાથમિક શાળામાં કેટલાં ય વરસોથી હરિજનોનાં બાળકો ને બીજાં બાળકો સાથે મળીને રાંધીને ખાય છે અને એ જ આગેવાનો અમારી સાથે પોતાનાં આ જૂનાં સંભારણાં ખોલીને હાસ્યની છોળો ઉડાડે છે.

નાનાભાઈ બહુ જ થોડા વખતમાં ગામડાંના દરદને પારખી ગયા. ગામડાંના લોકોની લુચ્ચાઈ, દોંગાઈ, અવિશ્વાસ, આ બધું કેવળ

તેમના તરફ દેશના બુદ્ધિશાળી વર્ગે સેવેલી ઉપેક્ષા, બેદરકારી ને તિરસ્કારમાંથી ઊભું થએલું છે. વસ્તુતઃ તે બધાંની નીચે એક ઊંડો સંસ્કારિતાની સામાન્ય સમજણનો, તત્ત્વને પારખવાની શક્તિનો પ્રવાહ પડેલો નાનાભાઇએ જોયો. વિદ્યાર્થીના માનસનો પરિચય કેળવીને પ્રાપ્ત થએલી દૃષ્ટિ તેમણે આ ગ્રામજનો પર નાખી. લોકકેળવણી એ તેમણે પોતાનો વિષય બનાવ્યો. રામાયણ, મહાભારત અને ખાસ કરીને ભાગવતના તેમના ઊંડા અભ્યાસે તેમને આ વખતે મદદ કરી. તેમણે પોતાનો આ જ્ઞાનભંડાર લોકો પાસે ખુલ્લો કર્યો. તેમણે ઠેરઠેર ભાગવતની પારાયણ શરૂ કરી. ૧૯૪૨–'૪૪ના આખરી સંગ્રામ વખતે મળેલા જેલ-નિવાસની નિરાંતનો લાભ લઇને તેમણે 'લોકભાગવત'નું પુસ્તક તૈયાર કર્યું. અનેક ગ્રામસેવકોને પણ આ ભાગવતની પારાયણના શ્રવણમાંથી લોકકેળવણીની નવા પ્રયોગોની ઝાંખી થવા લાગી. લોકકેળવણીનો જાણે કે તે તાલીમવર્ગ હતો.

પણ આ બધાની પાછળ તો એક કેળવણીકારની ધીરજ, ભારતીય સંસ્કૃતિના ઉચ્ચ તત્ત્વોનું અવગાહન, એક વાર્તાકારની અભિવ્યંજના, મનુષ્યમાં પડેલાં ઊર્ધ્વગામી તત્ત્વો પરની દૃઢ આસ્થા... જે નાનાભાઈમાં મૂળે પડ્યું હતું, તેનો જ વિસ્તાર જોવામાં આવે છે.

આંબલા ગામની ચોમેરના વિસ્તારમાં ચોર-ડાકુઓને છુપાવા માટેની અનુકૂળતા લાંબા વખતથી ચાલી આવતી હતી ને તેનો લાભ લેનારો વર્ગ પણ પૂરતો મળી રહેતો! ડુંગરાની ગાળીઓમાં, મોલ વખતે ખેતર-વાડીઓમાં, એકાંતમાં આવેલાં તીર્થસ્થળોમાં, જીનોમાં તથા દરબારોની ડેલીઓમાં આ લોકોને આશ્રય મળતો, રોટલા મળતા; ને તેજ સ્થળોમાં પાછી પોલીસોને પણ ઉતારા-પાણીની સગવડ મળતી! માત્ર એ બંને મહેમાનો એકીસાથે એક સ્થળે ભેગા ન થાય તે માટે પૂરી ચોકસાઈ રાખવામાં આવતી. સૌરાષ્ટ્રના બહારવટિયાઓની પરંપરામાં આ લોકોને મૂકવાની ભૂલ ન કરવી જોઇએ. આ તો બધા જેને સૌરાષ્ટ્રમાં 'ખાટસવાદિયા' કહેવામાં આવે છે તેવા હતા. પણ આ લોકોની હાજરી અને ગેરહાજરી બંને સામાન્ય લોકોમાં એક પ્રકારનો આતંક ફેલાવી દેતી હતી. સાંજ પછી ગામબહાર નીકળવું જોખમભરેલું લાગતું. રાતે વાડીમાં સૂવા જનાર સવારે પાછો સલામત આવે તેની કોઈ ખાતરી નહિ. આ સ્થિતિ અસહ્ય હતી, છતાં લોકો પેઢી દર પેઢી એ સહેતા આવતા હતા અને એનો કોઈ ઉપાય જ નથી એમ માનતા થઈ ગયા હતા. માલદાર લોકો નૈવેદ્ય ધરાવીને આ લોકોને રાજી કરતા હતા.

નાનાભાઇને માટે આ એક નવીન પ્રકારનો જ પડકાર હતો. અલબત્ત, સંસ્થા પર સીધી કોઈ જાતની આફત ન હતી; પણ સંસ્થા તો લોકોની સેવાનું જ એક સાધન હતું ગેમલ નામનો એક કોળી ધાડપાડુ આંબલાની આસપાસ ઘૂમતો હતો અને આંબલા ગામ પર તે ક્યારે ત્રાટકશે તે કંઈ કહેવાતું ન હતું. તેની ટોળીમાં માણસો તો બે જ હતા. પણ લોકોને મન ગેમલાનું નામ જ ત્રાસ ફેલાવવા માટે પૂરતું હતું. નાનાભાઇએ આ ગેમલાને તે કહે તે જગ્યાએ મળવા માટે કહેણ મોકલ્યું. પણ તેનો જવાબ ન મળ્યો. આખરે એક દિવસ ઊડતા સમાચાર મળ્યા કે ગેમલો આંબલાની સીમમાં છે ને આજે રાતે ગામ ભાંગવાની તૈયારી કરે છે. ગામમાં જવાનો રસ્તો સંસ્થા પાસેથી જ નીકળતો હતો. નાનાભાઇએ થોડીક જ ક્ષણોમાં નિર્ણય કરી લીધો. રાતે અંધારું થતાં જ ગામ જવાની સડક પર તેઓ ઊભા રહ્યા. ધાર્યા પ્રમાણે જ ગેમલ નીકળ્યો. નાનાભાઇએ તેને અટકાવ્યો. તેણે કહ્યું કે હું ગામમાં જઇને પાછી પાછો આવું છું. નાનાભાઈએ તેને કહ્યું કે ગામમાં જવું હોય તો પ[illegible]લાં અમને પૂરા કરીને પછી જઈ શકશો. ગેમલ અટક્યો, ઢીલો પડ્યો, પીગળ્યો. અમારી સાથે સંસ્થામાં આવ્યો, બેઠો. તેણે ખાધું. પોતાના પરાક્રમની વાતો કરી ને અમને વચન આપ્યું કે આંબલા ગામની આસપાસમાં ત્રણ ગામોમાં કે તેની સીમમાં કોઇના વાળ વાંકો નહિ થાય તેની ખાતરી આપું છું તેણે પોતાની સાથેના એક જુવાનને અમને સોંપ્યો ને કહ્યું કે આને આ ધંધામાંથી છોડાવી લો. મારું જીવતર તો હવે આમ જ પૂરું થવા દો. તે જુવાનને નાનાભાઇએ પોતાની પાસે રાખ્યો, પોલીસને સ્વાધીન કર્યો ને સજા ભોગવીને બહાર આવ્યા પછી આજે તે પ્રામાણિકપણે ધંધો કરે છે.

આ ઉપરાંત કાઠિયાવાડના ખેડૂતોનાં નાક કાપવાની પ્રવૃત્તિ ઉપાડનાર વીસા માંજરિયાની ટોળીના લોકોને પણ તેમની સંતાવાની બોડમાં જઇને સમજાવવામાં નાનાભાઈ હતા. એનું એટલું તો પરિણામ આવ્યું કે તેમણે એ નાક કાપવાનો કાર્યક્રમ તે પછી બંધ રાખ્યો.

પણ આ બધાં કામો તો કેળવણીનું કામ કરતાંકરતાં વચ્ચે આવતાં કામો હતાં. નાનાભાઈ લોકશાળાના વિદ્યાર્થીઓને વિજ્ઞાનનો વિષય શીખવવામાં પણ એટલો જ રસ લેતા. ગ્રામસેવક-તાલીમવર્ગો, જુદાજુદા નાનામોટા શિબિરો વગેરે પ્રવૃત્તિઓ એ જ નાનાભાઈની રસની પ્રવૃત્તિ હતી. આવા શિબિરોમાંથી જ અનેક નાનામોટા ગ્રામસેવકોને ગ્રામસેવાનો રંગ ચડતો ને તેઓ નાનાભાઈના એજંટો જેવા બની જતા. જ્યારે ભૂદાનની પ્રવૃત્તિ તેના પૂરજોશમાં હતી ત્યારે ઘણા લોકોએ નાનાભાઇને કહેલું 'અત્યારે આવી નયી તાલીમના બધી સંસ્થાઓએ પોતાની શૈક્ષણિક પ્રવૃત્તિ બંધ કરીને ભૂદાનના કામમાં લાગી જવું જોઇએ.' કેટલીએક સંસ્થાઓએ આ પ્રમાણે કરેલું પણ ખરું. નાનાભાઇએ તે વખતે કહેલું 'હું પણ મારી રીતે ભૂદાનની પ્રવૃત્તિના જ એક ભાગ જેવી પ્રવૃત્તિ કરી રહ્યો છું. યુદ્ધમાં પણ દારૂગોળાનાં કારખાનાં ચલાવવા પડે છે; ને તે યુદ્ધનો જ ભાગ ગણાય છે.' આ વાત કહેવી એ સહેલી વાત નથી. એની પાછળ ઉપર કહ્યું તેવું વર્ષોની સાધનાનું બળ હોવું જોઇએ છે.

આ જે ગ્રામદક્ષિણામૂર્તિ અનેક નાની મોટી શાખાઓમાં વિસ્તરેલું છે. એમાંથી જ ગામડાંના લોકો માટેની ઉચ્ચ વિદ્યાની યોજનાનો વિચાર તોંતેર વર્ષની ઉંમરે નાનાભાઇને આવ્યો. અને જાણેકે દક્ષિણામૂર્તિની સ્થાપનાના કામના ઉત્સાહથી નાનાભાઈ પોતાના જુવાન મિત્રોને પ્રેરણા આપતા આપતા એ નવા પ્રયોગ માટે સજ્જ થયા, ને જોતજોતાંમાં 'લોકભારતી' સંસ્થા એક વિચાર રૂપે તથા સંસ્થા રૂપે કેળવણીના ક્ષેત્રમાં જાણીતી થઈ ગઈ.

સૌરાષ્ટ્રના એકમ કાળે સ્વ. સરદાર પટેલના આગ્રહથી તેઓ શ્રી ઢેબરભાઈના હાથ નીચે સોરાષ્ટ્ર રાજ્યના કેળવણીપ્રધાન થયા ખરા; પણ એક જ વરસમાં તેમના જીવને એ સ્થળમાં અજંપો થવા લાગ્યો ને પોતાનાં બાળકો જેવા વિદ્યાર્થીઓ તથા શિક્ષકો વચ્ચે પાછા આવી ગયા. તેમ છતાં રાજ્યના પ્રધાનો સાથે તેમના એવા જ મીઠા, મૈત્રીભર્યા સંબંધો હજી ચાલુ રહ્યા છે. મહાત્માજી કહેતા કે સૌરાષ્ટ્ર રાજ્યના સૂત્રધારોને માટે નાનાભાઈનું સ્થાન વશિષ્ટ જેવું છે.

આ બધું છતાં નાનાભાઇએ હમેશાં પોતાની જાતને અને પોતાની પ્રવૃત્તિને એક 'કોડિયા' સ્વરૂપે જ ગણી છે. તેમણે શરૂ કરેલા માસિકનું નામ 'કોડિયું' તે એ જ વિચારનું પ્રતીક છે.

લેખની શરૂઆતમાં કહ્યું તેમ નાનાભાઇએ પ્રયત્નપૂર્વક પોતાની જાતને નાની રાખી છે. 'નાનાભાઈ' એ નામ તેમને મિત્રો તરફથી પ્રેમભાવે મળ્યું હોવા છતાં અણધારી રીતે તે તેમની જીવનસાધનાની ચાવી રૂપ બની ગયું છે. માટે જ એકવાર કાકાસાહેબે કહેલું કે નાનાભાઈ ભારતીય સંસ્કૃતિની કેળવણીની પરંપરાના આ યુગના આચાર્ય છે.

આ માસ(જુલાઇ)ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ દેશમાં સમય-ધોરણનું એકમ જાળવવા હિંદી સ્ટૅન્ડર્ડ ટાઇમ દાખલ કરાયો, ૧૯૦૫.
તા. ૭ શેરલૉક હોમ્સની રહસ્યકથાઓના સર્જક સર આથર કૉનન ડૉઈલનું અવસાન, ૧૯૩૦.
તા. ૧૧ ગુજરાતના જાણીતા કવિ ને સમાજસુધારક મલબારીનું સિમલામાં અવસાન, ૧૯૧૨.
તા. ૧૩ ફ્રાન્સની લોકક્રાંતિમાં બાસ્તિલના ગોઝારા કારાગૃહનો વિનાશ કરાયો, ૧૭૮૯.
તા. ૧૬ પ્રમાણુ ને વાસ્તવિકતાના આગ્રહી ચિત્રકાર સર જોશુઆ રેનોલ્ડ્ઝનો જન્મ, ૧૭૨૩.
તા. ૧૯ એડન જીતી લઈને ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ બ્રિટિશ હિંદનો વિસ્તાર વધાર્યો, ૧૮૯૯.
તા. ૨૨ બંધારણસભામાં સ્વતંત્ર ભારતના અશોકચક્રાંકિત ત્રિરંગી રાષ્ટ્રધ્વજનું નિર્માણ, ૧૯૪૭.
તા. ૨૮ રાજ્યલોભી ને ધર્મચુસ્ત ઔરંગઝેબે ઉદારવૃત્તિશીલ ભાઈ દારાનો વધ કર્યો, ૧૬૫૯.

વ્યક્તિવિશેષ: રેમ્બ્રાં



જેની ૩૫૦મી જયંતી ચાર વર્ષ પહેલાં જગતભરમાં ઊજવાઇ ગઇ એ, કલાને ક્ષેત્રે રેખા, શૈલી અને વિષય નિરૂપણમાં મહત્ત્વનું પ્રદાન કરી જનાર, 'છાયા-પ્રકાશના કીમિયાગર', અતુલ તસવીરકાર, અને એચિંગ-કલાના સ્વામી તરીકે પંકાએલા મહાન કલાકાર હરમિન્ઝ વાન રિન રેમ્બ્રાંનો જન્મ હૉલન્ડના લાઈડન નગરમાં, માનમોભો ધરાવતા મધ્યમ વર્ગના સુખી કુટુંબમાં થયો હતો. પિતા ગેરિટ્ઝને અનાજ દળવાની મોટી ચક્કી હતી. મા માયાળુ ને ભાવુક સ્ત્રી હતી. સાત ભાંડુઓમાં રેમ્બ્રાં સૌથી નાનો. અભ્યાસ માટે લૅટિન સ્કૂલમાં દાખલ થયા પછી તે વધુ ભણ્યો હોય તેમ જણાતું નથી. ચિત્રો દોરવાની તેની લગનીને કારણે પિતાએ તેને જૅકબ વાન સ્વાનેનબર્ગ નામના ચિત્રકારના હાથ નીચે મૂક્યો. તેના પાસે રેમ્બ્રાં ત્રણ વર્ષ ૧૬૨૩ સુધી ભણ્યો. પછી રોમમાં વર્ષો સુધી ચિત્રકામ કરી આવનાર પીટર લાસ્ટમન પાસે છ માસ ભણ્યો. તેનાં શરૂનાં ચિત્રોમાં એ લાસ્ટમનની અસર જણાય છે. ત્યારે કલાકારો માટે ફૅશનરૂપ બનેલી ઇટાલીની સફરે ગયા વિના લાઇડનમાં જ રહીને એ કળાકાર તરીકેની કીર્તિ કમાયો.

૧૬૩૧ના ઉત્તરાર્ધમાં તે આમ્સ્ટરડામ જઈ વસ્યો. અહીં તેને લ્યુવારડેન ગામના ધનવાન ન્યાયાધીશની પુત્રી સાસ્કિયાનો પ્રથમ પરિચય થયો, જેની સાથે ૧૬૩૪માં તે લગ્નગ્રંથિથી જોડાયો. સાસ્કિયા મોટો દાયજો ને રહેવા માટે વિશાળ ઘર લેતી આવેલી. તેણે રેમ્બ્રાંના જીવનને સુખ-પ્રેરણાથી ભરી દીધું. દરમ્યાન તેની કારકિર્દી ને જહોજલાલી વધતી ચાલી.

૧૬૩૨માં આમ્સ્ટરડામના સર્જનોના કહેવાથી તેણે કરેલું 'શરીરરચનાના પાઠ' પરનું ચિત્ર, એ શરીરરચના શાસ્ત્રવિષયક કળામાં પ્રથમ વાર પ્રાણ પૂરતા એક સનાતન સ્મારક સમું છે. હવે તેણે ઈસુ ખ્રિસ્તના જીવનપ્રસંગોનાં ચિત્રોની એક હારમાળા તૈયાર કરી, અને દૃશ્યચિત્રો ઉપર પણ હાથ અજમાવ્યો. ૧૬૪૧ના અરસામાં તેણે આમ્સ્ટરડામના સિવિક ગાર્ડને 'નાઈટ વૉચ' ચિત્ર બનાવી આપ્યું, જેમાં ક્રિયા-પ્રકાશની લીલાનું અદ્ભુત સંયોજન છે.

૧૬૪૨માં સાસ્કિયા, એક પુત્ર-સંતાન ટીટસને મૂકીને ક્ષયથી મૃત્યુ પામી. આથી રેમ્બ્રાંના જીવનમાં કરુણ ઉદાસીનતા પ્રવેશી. એનાં છાયા-પ્રકાશ હવે સદ્-અસદ્‌નાં પ્રતીક સમાં બની રહે છે. બાદ, નવા આવેલી કામવાળી બાઈ હેન્ડ્રિક્જે સ્ટૉફેલ્સ તેની જીવનસંગિની બની. આ એક દાયકા દરમ્યાન રેમ્બ્રાંની કલાની ગુણવત્તાની દુનિયાભરમાં નામના થઈ, તેનાં એચિંગની છાપોની ઉત્કૃષ્ટતાએ તો અવધિ કરી. હવે પુરાણી કલાત્મક વસ્તુઓનો તેણે મહામૂલો સંગ્રહ કરવા માંડ્યો.

પણ પચાસની ઊતરતી ઉંમરે તેનો હિનમાન ફર્યો. જીવનભર તે ઉડાઉ રહ્યો હતો. ૧૬૫૭માં તેનું વિશાળ મકાન ને બહુમૂલો કલાસંગ્રહ હરાજીમાં વેચાયાં. હવે સ્ટૉફેલ્સ ને ટીટસે આ કલાકૃતિઓની લે-વેચનો ધંધો શરૂ કર્યો. ત્યારે પણ તેની કલા તો અક્ષુણ્ણ ને ઉત્કૃષ્ટ રહી. ૧૬૫૪ ને '૬૦ની વચ્ચે મેસિનાના એક કલાપ્રેમી સજ્જન ઍન્ટોનિયો રફ્ફોને તેણે ત્રણ ચિત્રો 'હોમર', 'ઍરિસ્ટૉટલ' અને 'મહાન સિકંદર' દોરી આપ્યાં. આ પછી તેણે ઘણી જગનામી કલાકૃતિઓ સર્જી. ફુરસદને વખતે તે આપતસવીરો કરતો. તેના જેટલી આપતસવીરો કોઈ કલાકારે સર્જી નથી. છેલ્લી આપતસવીરમાં તે ઘણો વૃદ્ધ, માંદો ને નિવૃત્તિની સૂચક વિચિત્ર દૃષ્ટિવાળો જણાય છે.

લગભગ ૧૬૬૩માં સ્ટૉફેલ્સનું અને ત્યાર બાદ ટીટસનું પણ અવસાન થયું. એ દુઃખના આઘાત ખમતો તે ૧૬૬૯ની ૪થી ઑક્ટોબરે અવસાન પામ્યો. સ્ટૉફેલ્સથી થએલી કૉર્નેલિયા નામની એકમાત્ર પુત્રી તેની પછી જીવતી રહેલી.

રેમ્બ્રાંની કળામાં સંવેદન ને શક્તિનો આશ્ચર્યકારક સંયોગ સધાયો છે. તેનો 'ઈસુ' એ ચોપાસનાં ગરીબોનું પ્રતીક છે. તેનાં સર્વ ચિત્રોમાં રંગની અદ્ભુત સંવાદિતા યોજાઈ છે, અને છાયાના પ્રદેશમાં પ્રકાશની અસરોને કેન્દ્રિત કરતો તેનો સિદ્ધ પ્રયોગ તો કલાજગતને એક નવી જ શૈલી આપી ગયો છે.

પ્રસંગવિશેષ: નાઇલ નદીનું મૂળ શોધાયું, ૨૮મી જુલાઇ ૧૮૬૨

૪,૦૦૦ માઇલના પ્રલંબ પ્રવાહે વહેતા 'ઇજીપ્તની અન્નપૂર્ણા' નાઈલ નદીનું મૂળ શોધવા ૧૮૫૬માં અંગ્રેજ શોધસફરી જ્હૉન સ્પીક રિચાર્ડ બર્ટનની આગેવાની નીચે નીકળ્યો. એ વખતે આરબોએ તે માર્ગ બંધ કર્યો હોઈ તેમણે ઉત્તર તરફને એક બીજે માર્ગે ઝાંઝીબાર છોડ્યું. ૧૮૫૮ના જાન્યુઆરીમાં તેઓ ટાંગાન્યીકા સરોવર પર પહોંચ્યા ને જૂનમાં કાઝે મુકામે આવ્યા. દરમ્યાન રિચાર્ડ બીમાર પડતાં, તેની રજા લઈ સ્પીક એકલો ઉત્તર તરફ આગળ વધ્યો. જુલાઈની ૩૦મીએ તે એક નાની ખાડી પર આવ્યો, ત્યાંથી વળી આગળ જતાં ઑગસ્ટની ૩જીએ તેણે છેક ઉત્તરે ક્ષિતિજ તરફ વિસ્તરતો વિરાટ જલપ્રવાહ જોયો. આ જ ન્યાંઝા સરોવર, ને નાઈલ નદીનું મૂળ તે જ, એ વિશે હવે તેને શંકા રહી નહિ. ઑગસ્ટની ૨૫મીએ કાઝે મુકામે પાછા ફરીને તેણે બર્ટન આગળ પોતાની શોધ જાહેર કરી, પરંતુ બર્ટન તે કબૂલતો નહોતો.

રૉયલ જીઓગ્રાફિક સોસાએટીના પ્રમુખ સર રોડરિક મર્ચિસનનો સ્પીકને ટેકો હતો. આથી તેમના દિગ્દર્શન હેઠળ સ્પીક એકમાત્ર સાથી કૅપ્ટન (પછીથી કર્નલ) જે. એ. ગ્રાન્ટ સાથે ૧૮૬૦ના ઑક્ટોબર માસમાં ઝાંઝીબારથી ફરી શોધસફરે નીકળ્યો. ૧૮૬૧ની ૨૪મી જાન્યુઆરીએ તેઓ કાઝે પહોંચ્યા. અને ૧૮૬૧ના ઑક્ટોબરમાં ન્યાંઝા (હવે વિક્ટોરિયા ન્યાંઝા) સરોવરને નૈર્ઋત્ય ખૂણે તેઓ પહોંચ્યા. ત્યાંથી સરોવરને પશ્ચિમી કિનારે આગળ વધતાં સ્પીકે ૧૮૬૨ની ૧૬મી જાન્યુઆરીએ કાગેરા પાર કર્યું, ૧૯મી ફેબ્રુઆરીએ યુગાન્ડાના પાટનગરમાં પ્રવેશ્યો. પછી થોડા ભોમિયાની મદદ લઈ જુલાઈની ૨૮મીએ વિક્ટોરિયા ન્યાંઝા સરોવરના, નાઈલ નદીના બરાબર મૂળભાગ સુધી તે આવી પહોંચ્યો.

> કંચન તજવું સ્હેલ છે, સુલભ ત્રિયાનો નેહ,
> સ્તુતિ નિંદાને ત્યાગવાં, તુલસી દુર્લભ એહ.

સાત વર્ષ ઉપર ઑલિમ્પિક હરીફાઈમાં એક હંગેરિયન યુવાને પિસ્તોલથી નિશાન પાડવામાં વિજેતા નીવડયા પછી છ મહિને એક મોટર-અકસ્માતમાં જમણો જ હાથ કોણી આગળથી એણે ગુમાવ્યો. પણ એ આપત્તિ પર વિજય મેળવીને છ વર્ષ બાદ રોમમાં તે પોતાના ડાબા હાથથી પિસ્તોલ તાકીને હરીફાઇમાં જીતી ગયો.




અનેકાર્થી શબ્દ : દેન=શક્તિ, હિંમત, મહાઈ; બક્ષિસ, ભેટ; કરજ, ઋણ; આપવું તે; ગાય; બાળવું તે, અગ્નિસંસ્કાર, દહન.

કહેવતોના અર્થ: 'દીઠા દેવ ને પહોંચી જાત્રા'—કામ પતી ગયે માણસ પોતાને રસ્તે પડવાની ઉતાવળ કરે, સ્વાર્થ સરી ગયે માણસ કોઇને ત્યજી જાય, કોઈ માણસનું પોત પરખાઈ જાય ત્યારે, એમ જુદાજુદા સંદર્ભમાં વપરાતી આ કહેવતની વ્યંજના સચોટ છે.

એકથી નવ સુધીના બધા	૬૫
આંકડાને (એકએક વખત	૨૪
વાપરીને) એવા રૂપમાં ગો-	૮૯
ઠવો કે સરવાળો સો આવે.	૭
એક રીત આ બાજુએ આપી	૩
છે. બીજી તમે શોધી કાઢો.	૧
	૧૦૦

ઈ. પૂ. ૧૪૯૬થી આજ સુધીનાં ૩૪૨૯ વર્ષમાં દુનિયામાં ૩૧૨૦ વર્ષ લડાઈનાં ગયાં છે ને માત્ર ૨૯૧ વર્ષ સંપૂર્ણ શાંતિનાં ગયાં છે. ૧૯૧૯થી છેલ્લાં ૪૦ વર્ષમાં યે યુરોપમાં ૧૭ યુદ્ધો થયાં છે ને બાકીની દુનિયામાં ૯.

સાટીનના કપડાની અવળી બાજુએ જ અસ્ત્રી કરવી જોઇએ. જરા હવાએલું હોય ત્યારે અસ્ત્રી કરશો તો તેની મૂળ ચમક પણ રહેશે.



દક્ષિણ મિસરના ઘણા ભાગમાં એટલો ઓછો વરસાદ પડે છે કે બહાર ખુલ્લામાં મૂકેલો ચાનો કપ વરસાદના પાણીથી ભરાતાં (બાષ્પીભવન ન ગણતાં) ૯૦ વરસ લાગે!

ઝાડના થડની ગંડેરી કાપતાં જેટલાં કુંડાળાં તેમાં દેખાય તેટલાં વર્ષનું તે થયું ગણાય. તેમાં યે જે વર્ષમાં વરસાદ વધુ પડયો હોય તેનું કુંડાળું વધારે ઘેરાવો લે. આથી પ્રત્યેક વર્ષના વરસાદના પ્રમાણની પણ તેમાં નોંધ મળે છે.

ચોમાસામાં પાણી નીતરવા માટે છત્રીનો હાથો નીચેની બાજુએ રાખીને તમારામાંના કેટલા મૂકે છે? લગભગ કોઇ નહિ. પણ ખરી રીત એ જ છે. હાથો ઉપરની બાજુ રાખીને છેડો નીચે રાખવાથી પાણી સળિયાના મૂળમાં ચકરી આગળ જમા થાય છે અને તે ભાગ વહેલો કાટ ખાઈને બગડે છે તેમજ ત્યાંનું કપડું સડીને ફાટી જાય છે; પણ હાથો ઉપર છત્રી મૂકવાથી પાણી સળિયાના છેડા દ્વારા તરત નીતરી આવી, છત્રી કોઈપણ જાતના નુકસાન વિના વહેલી સુકાઇ જાય છે.

ગ્રામોફોનનું ગાંડપણ: ગ્રામોફોનની રેકર્ડના મધ્યબિંદુએ જે છિદ્ર હોય છે તેની બાજુમાં બીજું એક છિદ્ર પાડી તેમાં થાળીનો ખીલો ભરાવીને વગાડવી ચાલુ કરશો તો કંઇ ચિત્રવિચિત્ર જ ગવાતું સાંભળીને ખૂબ રમૂજ મળશે. શું ગવાય છે એ સાંભળતાં ભારે હસાહસ થશે. પણ આ પ્રયોગ નકામી રેકર્ડો પર જ કરવો; કેમકે રેકર્ડો એથી ખરાબ થાય છે.

ચોમાસામાં કપડા ઉપર પડેલા કાદવના ડાઘ બટેટાં બાફેલાં પાણી વડે સાફ કરવાથી નીકળી જશે. કરી જોજો.


> આ પાંચ લક્ષણોથી મૂર્ખ ઓળખાઇ જાય છે: ઓળખાણ વિનાનો વિશ્વાસ, સંબંધ વિનાની વાણી, કારણ વિનાનો ગુસ્સો, જિજ્ઞાસા વિનાની પૂછપરછ, પ્રગતિ વિનાનું પરિવર્તન.

સૉક્રેટિસ પાસે કોઈ શિષ્ય થવા આવતું ત્યારે તે તેને એક તળાવમાં નજર કરીને તેમાં શું દેખાય છે એ પૂછતો. તેના એક શિષ્યે તેને પૂછયું, 'આમ કરવાનું શું કારણ?'


'એ તો બહુ સાદી સીધી વાત છે. જેઓ તળાવમાં જોઇને એમ કહે છે કે અમે તેમાં માછલીઓ તરતી જોઇએ છીએ, તેમને હું તરત સ્વીકારી લઉં છું. પણ જેઓ તેમાં પોતાના ચહેરાનું પ્રતિબિંબ જ જુએ છે, તેઓને હું સ્વીકારતો નથી; કારણ કે તેઓ પોતાના અહં સિવાય બીજું કાંઈ દેખી શકતા જ નથી.'



આ મહિને બહાર પડેલી કાલિદાસ-સ્મારકટિકિટોમાંના રદીકરણની છાપમાં મેઘનાં વાદળનું આલેખન છે.



કલાકણિકા : બારણાપરના કૂંચી કાણાની આસપાસ માનવીએ કરેલા શોભનના, અંક ૪૬૬માં આપેલા નમૂનામાં ઉમેરો કરતી કલાકૃતિ.



હોડીઓ
એચિંગ · યજ્ઞેશ્વર શુક્લ

મુંબાઇ નજીક આવેલું વરસોવા નામનું માછીમારોનું ગામ તેની દરિયાકિનારાની રમણીયતાને લીધે સહેલાણીઓ, પરદેશી પ્રવાસીઓ, કલાકારો, ફોટોગ્રાફરો, ફિલ્મ લેનારાઓ આદિમાં ઘણું પ્રિય છે, અને ઘણા કલાકારો ત્યાંનાં સમુદ્ર-દશ્યો તથા માનવપાત્રોને પોતાની કૃતિમાં ઉતારવા લલચાયા છે. ઉપરના એચિંગમાં હોડીઓનો સમૂહ અને ક્ષિતિજ પરની તાડવૃક્ષોની હારમાળા એ મુખ્ય ચિત્ર-વિષયો છે. રેતાળ કિનારા પરનાં છીછરાં જળમાંનું હોડીઓનું પ્રતિબિંબ અને વેરવિખેર વાદળો કલાકારની પ્રેરણા માટે પૂરતાં હતાં.

શું ભારતમાં કે શું અમેરિકામાં પાણીકાંઠાની ભીની રેતી મળી કે બાળકો તેમાં રમવા બેસી જવાનાં જ. એ રીતે 'રેતીમાં રમતાં બાળકો'-નું આ ચિત્ર અમેરિકામાં અભ્યાસ થૈ ગએલા મુંબાઈના વિદ્યાર્થી વિનોદ જે. મોદીએ લીધેલું છે. આ જ રીતે રાણપુરના વિદ્યાર્થી ધનેશ શાહે લીધેલું, 'સાઈકલની મરામત'માં રત થઈ ગએલા અમેરિકન કુમારનું આ નીચેનું ચિત્ર પણ ત્યાં ગએલા ભારતીય વિદ્યાર્થીઓએ ઝડપેલાં એ દેશનાં જીવનચિત્રો પૈકીનું એક છે.





વિદેશી વિદ્યાર્થીઓ પર આવી રીતે પડેલી અમેરિકાની છાપ રજૂ કરતાં એમનાં ફોટો-ચિત્રોનું એક પ્રદર્શન હમણાં અમેરિકામાં યોજાયું હતું, જેમાં ૩૯ દેશોના ૭૪ વિદ્યાર્થીઓની કૃતિઓ રજૂ થઈ હતી. આ અંકની 'કલાવાર્તા'માં નિર્દેશેલાં ભારતીય જીવન ઝડપી ગએલા અમેરિકન કલાકારના પ્રદર્શનની સાથોસાથ એ જ પ્રકારના આ પ્રદર્શનની નોંધ પણ લેવી ઉચિત ગણીને, તેમાંથી ભારતના વિદ્યાર્થીઓની બે કૃતિઓ અહીં રજૂ કરી છે.